Vol. 41, No.6
October 2020
ISSN 2455 - 4162

# નવનીત સમર્પણ

Rs: 30

જીવન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક

@GujaratiBookz

VISIT…

BHAVAN'S BOOK UNIVERSITY

Just Released

# MOHANDAS KARAMCHAND GANDHI

150th Birth Anniversary Edition

MRINALINI SARABHAI



@Gujaratibookz

**an inspiring book for children!!!**

any child who picks up this marvellous book to read will be impelled to work for peace

₹ 150/-
Postage Extra

ISBN 978-81-7276-403-6

For copies, please contact:
BHARATIYA VIDYA BHAVAN Publication Division
505, Sane Guruji Marg, Gora Gandhi Compound, Tardeo, Mumbai 400 034
Ph.: 23530916/23514466/23519808 (Direct) Fax: 23520385
E-mail: pvsankarankutty@gmail.com or pvsankarankutty@bhavans.info
Website: www.bhavans.info
*Postage Extra

# અનહદ બાની

□ સુભાષ ભટ્ટ

જીવન એટલે પ્રથમથી અંતિમ શ્વાસ વચ્ચેનું પર્ફોમન્સ. જેમાં આપણી બુદ્ધિ અને મન જીવન-જગતના અંશો-ખંડો કર્યા કરે છે અને તેને સમજવાની અને પામવાની મથામણ અથાક કર્યા કરે છે. બાહ્ય જગત આ રીતે આછું-પાતળું સમજાય છે પણ આંતરજગત અને જીવનને અખંડતા, અવિભાજ્યતાથી સમજવાનું હોય છે. પદાર્થ અંશ-અંશમાં વ્યાખ્યાયીત થાય છે પણ ચૈતન્ય તો તેની સમગ્રતામાં જ આત્મસાત્ થાય છે.

સંબોધિ કે પ્રજ્ઞા એટલે :

ભેદની પાછળનું અભેદ, રૂપની અંદરનું અરૂપ અને બધા આકારોમાં ધબકવું-વિલસવું નિરાકાર પામવું, આવો તથાગતની એક અલૌકિક કથા સમજીએ.

તથાગત જ્યારે સંબોધિ પામ્યા ત્યારે બ્રહ્મા તેમને કહે છે, 'આખરે આપ પરમ જ્ઞાન પામી ગયા!' ત્યારે તથાગત તેમને કહે છે, 'હું? આ પ્રાપ્તિ મારી નથી. મારી સાથે આખું જગત-જીવન આ જ્ઞાન પામ્યું છે, મનુષ્ય અને પ્રાણીઓ, પંખીઓ અને વૃક્ષો, પર્વતો અને નદીઓ પણ આ જ્ઞાન પામ્યાં છે, આ બધાં જ એક સાથે મુક્તિ પામ્યાં છે. આ બધાં અવિભાજ્ય છે.'

અસ્તિત્વનું બધું પ્રાગટ્ય અને અભિવ્યક્તિ પાછળ એક જ ચેતના છે. બધી ક્રિયાઓ અને ક્રિયાપદો પાછળ એક જ ઊર્જા છે. તે માણસમાં બોલે છે અને વૃક્ષમાં ડોલે છે, ખેતરમાં ઊગે છે અને પંખીમાં ઊડે છે. એક જ વિદ્યુત શીતળતા અને ઉષ્ણતા આપે છે. અનંત બારીએથી દેખાતું આકાશ એક જ છે. પૂનમનો ચંદ્ર તેનાં અંતહિન પ્રતિબિંબો સર્જે છે પણ અંતતઃ તે એક છે. એક જ તાળીનો પડઘો બ્રહ્માંડભરમાં ફરી વળે, એક જ પગલું બધી દિશાઓ તરફ દોરી જાય...

બ્રહ્માંડ આખું વાદ્યકારો અસ્તિત્વ આખું એક સિમ્ફની...

❑❑❑

**आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।**

દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

# નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

**વર્ષ : ૪૧ અંકઃ ૬, ઓક્ટોબર ૨૦૨૦**

**સંસ્થાપકો :**
**કનૈયાલાલ મુનશી**
**શ્રીગોપાલ નેવટિયા**
**સમર્પણ : સ્થા. ૧૯૫૯**
**નવનીત : સ્થા. ૧૯૬૨**

સંપાદકઃ
**દીપક દોશી**

વરિષ્ઠ ઉપ-સંપાદક
**અનસૂયા સિંધાત્રા**

**પૃષ્ઠસજ્જા : યોગેશ પટેલ**

**પ્રકાશક :**
**પી. વી. શંકરનકુટ્ટી**

**કાર્યાલય :** ભારતીય વિદ્યા ભવન,
કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.
E-mail : deepsamarpan@yahoo.com
website : www.bhavans.info
**રવાનગી વિભાગ :**
૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬



૬
**મુનશીવાણી**

૭
**શબ્દમૂળની શોધ**
**ચીકુ**
હેમન્ત દવે

૮
**પ્રમુખના પત્રો**
સુરેન્દ્રલાલ ગિ. મહેતા

૧૦
**કાવ્યો :**
હરીશ મીનાશ્રુ, પારુલ ખખ્ખર, વિનોદ જોશી, વર્ષા દાસ, આશ્લેષ ત્રિવેદી, મનોહર ત્રિવેદી

૧૬
**આગંતુક : ઉત્તરાર્ધ-૧**
ધીરુબહેન પટેલ

૨૬
**વાવાઝોડાં કેમ અને ક્યાં?**
પરેશ ૨. વૈદ્ય

૩૩
**'સંગીત કક્ષ'ની મુલાકાત**
નમિતા દેવીદયાલ / અનુ.: મમતા

૩૯
**વિચાર અને સંવેદનના આશિક : મોહન દાંડીકર**
મનસુખ સલ્લા

૪૫
**જવાહર બક્ષી**
આરાધના ભટ્ટ


@Gujaratibookz

**૫૩**
**કવિ કાન્તની ખુરશી**
**મારાં ભાવનગરનાં સંસ્મરણો-૨૦**
પ્રવીણસિંહ ચાવડા

**૫૬**
**ગુલમહોર**
વર્ષા અડાલજા

**૬૩**
**ઇન ધ સર્વિસ ઓફ કૃષ્ણ**
સુધા ભટ્ટ

**૭૧**
**ચીનઃ વિજ્ઞાનની એક મહાસત્તાનાં લેખાંજોખાં**
દીપક જોશી

**૭૬**
**હિમાલૈ કી કાંખમેં!**
હસમુખ જોષી

**૮૩**
**મધુકર અનંત મેહેન્દળેની વિદાય**
હેમન્ત દવે

**૯૧**
**ડોગબેલ્ટ**
રાધિકા પટેલ

**૯૬**
**કેમ સખી ચીંધવો પવનને-૪૩**
અનિલ રમાનાથ જોશી

**૧૦૧**
**બ્રાહ્મણી**
અશોક મશરૂ

**૧૦૫**
**જવાબી સવાલ**
રજનીકુમાર પંડ્યા

**૧૦૯**
**જાતભાતના ડેઈઝ**
આનંદિતા રૈયાણી

**૧૧૩**
**ગમી ગયેલી વાર્તા**
**Amok**
શરીફા વીજળીવાળા

**૧૧૮**
**દરવાજાની ફ્રેમ**
ઉષા શેઠ

**૧૨૦**
**ગામની દાદી**
આશુતોષ આપટે / અનુ.: ઉષા શેઠ

**૧૩૧**
**તમારી દૃષ્ટિએ**

**૧૩૨**
**ભવન્સ વૃત્ત**

**૧૩૭**
**વોટ્સએપ**
સં. શરીફા વીજળીવાળા

**૧૩૮ : હાસ્યેન સમાપયેત્**

**આવરણ :** બ્રાહ્મણી : અશોક મશરૂ

@Gujaratibookz

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગ : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.

ભા. વિ. ભ. અમૃતમહોત્સવ

ક. મા. મુનશી ૧૨૫ વર્ષ

# મુનશીવાણી

## ભારતનું રાજ્યબંધારણ અને રાષ્ટ્રપતિ

**મારા નવયુવાન મિત્ર,**

છેલ્લાં પચીસ વર્ષો દરમિયાન સ્થળેસ્થળે ભવનની શાખાઓ વિસ્તરી છે. તેના સભ્યોમાં દેશના જાહેર જીવનનાં વિવિધ ક્ષેત્રોને આવરી લેતી વ્યક્તિઓનો સમાવેશ થાય છે. તેની સંસ્કૃત પરીક્ષાનાં કેન્દ્રોની સંખ્યા 400 ઉપર ગઈ છે. તેની સંસ્થાઓ દેશના વિવિધ ભાગોમાં સ્થાન પામી છે.

તેનાં પુસ્તકો અને પ્રકાશનો લોકોમાં વધુ ને વધુ આદર પામતાં રહ્યાં છે - વધુ ઘરોમાં વંચાતાં થયાં છે. તેનાં સંશોધનાત્મક પ્રકાશનોની પણ સર્વત્ર પ્રશંસા થાય છે. ''ભારતીય પ્રજાના ઇતિહાસ અને સંસ્કૃતિ''ને જગતવ્યાપી સ્વીકૃતિ સાંપડી છે.

અનેકવિધ સ્થળોએથી - કેટલીક વાર તો તદ્દન અણધાર્યાં સ્થળોએથી નાણાંસહાય મળતી રહી છેઃ દેશ અને પરદેશના જુદા જુદા ભાગોમાંથી નાની-મોટી રકમો મળતી જ રહી છે. ગુજરાતના સંત કવિ નરસિંહ મહેતા માફક મેં પણ શ્રીકૃષ્ણ પર હૂંડીઓ લખી છે અને હું સંત કે કવિ બેમાંથી કંઈ પણ ન હોવા છતાં કોઈ ને કોઈ શામળશા એ હૂંડીને સ્વીકારવા આવી પહોંચ્યા છે.

આજે આ સંઘર્ષના યુગમાં ભવન જીવનનાં વિવિધ ક્ષેત્રોના માનવીઓની મિલનભૂમિ બની રહ્યું છે. શૃંગેરી શારદાપીઠ અને કાંચીના શંકરાચાર્યો, રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને વડા પ્રધાન જેવા મહાનુભાવો, રાજાજી, સ્વ. ડો. રાજેન્દ્રપ્રસાદ અને સર સી. પી. રામસ્વામી આય્યર જેવા મુરબ્બીઓ, સુપ્રસિદ્ધ પ્રજાસેવકો શ્રી મોરારજી દેસાઈ, શ્રી કે. કામરાજ અને બીજા ઘણા, રાજ્યપાલો, મુખ્ય પ્રધાનો અને પ્રધાનો, સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિઓ તથા ન્યાયાધીશો અને ઉપકુલપતિઓ, આ સૌના આશીર્વાદ ભવનને સાંપડ્યા છે.

આ મહોત્સવ દરમિયાન મારું પણ ખૂબ ઉદારભાવે સન્માન કરાયું. આ બધાને હું પાત્ર છું એવો અહમ્ હું સેવતો નથી. ભવન તો ભારતીય નવજાગૃતિના ધસમસતા જુવાળનું પ્રતીક છે. અને હું આ જુવાળ દ્વારા ઉપર આવેલ છીપલું માત્ર છું. એને સાંપડેલ ઘાટ અને દિશા આ નવજાગૃતિમાં જીવનનું ઘડતર કરવાની શક્તિ સીંચનાર પ્રાચીન અને અર્વાચીન મહાપુરુષોને આભારી છે.

**[ક્રમશઃ]**

# ચીકુ

☐ હેમન્ત દવે

**ચી**કુ આમ તો મૂળે મધ્ય અમેરિકાનું પણ હવે આપણે ત્યાં સર્વત્ર જોવા મળતું ફળાઉ વૃક્ષ છે. એનાં ફળ અને વૃક્ષમાંથી નીકળતા ચીકણા સફેદ દ્રવને કારણે એમ નામ મળ્યું હોય એ સંભવિત છે. અહીં વાત એની નથી. ગુજરાતીમાં 'ચીકુ' 'મુન્નો/મુન્ની', 'ઢબૂ', 'ટેણી', 'ઢીંગુ' જેવું એક લાડનું નામ છે. હું દસમા ધોરણમાં ભણતો ત્યારે અમારા સમાજવિદ્યાના (ત્યારે એને સામાજિક વિજ્ઞાનનો 'મોભાદાર' દરજ્જો નહોતો મળ્યો) શિક્ષક મને મારી એ વિષયમાં થોડી આવડતને કારણે કોઈ પ્રશ્નનો જવાબ ન મળે ત્યારે 'બાળકો! ચીકુ ક્યાં ગયો?' એમ કહીને (હું શરમાળ સ્વભાવને કારણે પાછળની બાંકડે બેસતો અને મારી નાની, નાજુક કદકાઠીને કારણે દેખાતો નહીં માટે) ઉત્તર આપવા બોલાવતા. કાફ્કાની અમર કૃતિ *મેટમોર્ફોસિસ* ઉપરથી લખાયેલા લાભશંકર ઠાકરના નાટક વૃક્ષમાં નાની બાળાનું નામ 'ચકુ' છે તે ચકો/ચકી ઉપરથી ચકલીનું લાલિત્યવાચક રૂપ છે.

મુંબૈયા હિન્દીમાં અને એથી ફિલ્મોમાં પણ, 'ચિકના' શબ્દ (સામાન્ય રીતે સંબોધન વિભક્તિમાં 'ચિકને' તરીકે) આવે છે, જે હવે ગુજરાતીમાં પણ ચાલ્યો છે. એનો મૂળ અર્થ તો તરુણ, સામાન્ય રીતે ચા કે હોટેલમાં કામ કરતો કિશોર અથવા મર્દાના (અં. મેસ્ક્યુલિન) નહીં એવો સ્ત્રીસદૃશ (અં. એફિમિનેટ) પુરુષ થાય છે એમ મારી છાપ છે (આ છેલ્લા કારણે દાઢીમૂછ મુંડાવેલાને પણ 'ચિકનો' કહેવાય છે). તરુણી કે યુવતી માટે 'ચિકની' શબ્દ.

ગુજરાતી 'ચીકુ' અને આ 'ચિકના'નું મૂળ મને એક લાગે છે અને એ દ્રાવિડી ભાષાઓમાં છે. જેમ કે, મલયાલમમાં 'ચિક્કિણિ' એટલે કિશોરી કે યુવતી, કાનડી 'ચિક્ક'/'ચિગ' એટલે નાનું, નાનું બાળક, 'ચિક્કતન' એટલે 'બાલ્યાવસ્થા', 'યુવાવસ્થા', તેલુગુ 'ચિકિચિકિ' એટલે 'નાનું (કદ, વજન અને વય બન્ને અર્થમાં), વગેરે (સર. દ્રા. વ્યુ. કોશ 2495). પ્રાકૃતમાં 'નાનું'ના અર્થનો 'ચિક્ક' અને 'નજીવી વાત', 'નાખી દીધા જેવી વાત'ના અર્થનો શબ્દ 'ચિક્કા' છે ખરો (સર. ટર્નર 4781), પણ ત્યાં એનો બાળક, કિશોર, યુવાન એવો અર્થ નથી. ગોળ (કે વિકલ્પે ખાંડ)ના ઉકાળેલા રસમાંથી બનતી એક વાનગી માટેના 'ચિક્કી' શબ્દની વ્યુત્પત્તિ *સાર્થ જોડણીકોશ* આ પ્રાકૃત 'ચિક્ક'માંથી સૂચવી છે તે ચોખ્ખી ભૂલ છે. એ વિશે ફરી ક્યારેક.

❑❑❑

# પ્રમુખના પત્રો

## ક્ષમા વીરસ્ય ભૂષણમ

**અ**ન્યને ક્ષમા આપવાની અને ક્ષમા માગવાની સલાહ આપવી ખૂબ સરળ છે પણ એનું પાલન કરવું ખૂબ દુષ્કર છે. મનુષ્યની આદિમ વૃત્તિ ક્ષમા આપવાની નહીં બલકે વેર લેવાની છે. જો કે જીવનને એના સંપૂર્ણ સૌંદર્ય સાથે અનુભવવું હોય તો ક્ષમાશીલતા અને ભૂતકાળને ભૂલીને માફી આપવી એ અતિ આવશ્યક ગુણ છે.

વર્તમાનની દરેક ક્ષણના સાક્ષી બનીને આપણી આસપાસ વરસી રહેલી કૃપા-વર્ષાનો આનંદ ન લઈ શકીએ તો એનો અર્થ એ થાય કે આપણું સાક્ષી ચિત્ત ભૂતકાળની કોઈ ભયંકર દુર્ઘટનાના સકંજામાં કેદ છે. ભૂતકાળની ભૂલોને ભૂલી જવાથી આપણે જીવનને બહેતર સંદર્ભમાં જોઈ શકીએ છીએ અને આપણને અનુકૂળ જીવન, પ્રેમપૂર્વક જીવી શકીએ છીએ.

અહીં સ્પષ્ટતા જરૂરી છે કે કોઈને ક્ષમા આપવાથી, જરૂરી નથી કે એમણે તમારી પ્રત્યે આચરેલા દુર્વ્યવહારનું તમે સમર્થન કરો છો. ખરેખર તો એનો અર્થ માત્ર એટલો જ થાય કે તમારે મન વેરભાવનાને સંતોષવા કરતાં આંતરિક શાંતિનું મૂલ્ય વધારે છે. ક્ષમાપનાનો અર્થ એ નથી કે જે

@Gujaratibookz

બન્યું એનું સમર્થન કરવું પણ, એને પરહરીને એનાથી ઊંચે ઊઠવું. અહીં માત્ર અન્યોને ક્ષમા આપવાની વાત નથી, પોતાની જાતને સુધ્ધાં માફ કરીને સ્વયંનું સામર્થ્ય સિદ્ધ કરવાનું છે. ક્ષમાપનાની આ ઘટમાળમાં પ્રવેશ્યા બાદ વ્યક્તિ એક વિશેષ મોકળાશનો અનુભવ કરે છે.

ક્ષમાપના અંત:કરણપૂર્વકની નહીં હોય તો સાચી શાંતિ મળવી મુશ્કેલ છે. લોકો તમારી સાથે ખરાબ વર્તન કરે, તમારું અપમાન કરે કે અવજ્ઞા કરે એનો ક્રોધ જો તમે મનમાં રાખશો તો સંપૂર્ણપણે ખર્ચાઈ જશો. કોઈ વ્યક્તિ માટે તમારા મનમાં અણગમો હશે તો એની સાથેનું તમારું લાગણીનું તાદાત્મ્ય અમુક રીતે ઘણું શક્તિશાળી બની જશે. ધાતુ કરતાં પણ વિશેષ. આ અનુબંધમાંથી મુક્ત થવાનો એક માત્ર માર્ગ છે: ક્ષમાપના.

ભગવદ્ ગીતામાં અન્ય દૈવી સંપત્ સાથે ક્ષમાશીલતાનો પણ ઉલ્લેખ જોવા મળે છે. પોતાનાં અનુચિત વ્યવહાર, પ્રશ્નો, શંકાશીલ સ્વભાવ, અજ્ઞાન અને શ્રી કૃષ્ણના સાચા સ્વરૂપને ન ઓળખી શકવા બદલ અર્જુન વારંવાર શ્રી કૃષ્ણની ક્ષમા માગે છે. ભગવાન શ્રી કૃષ્ણ કરુણામય પ્રેમથી એનો પ્રતિભાવ આપે છે.

પોતાનાથી જાણતાં કે અજાણતાં થયેલાં દુષ્કૃત્ય માટે આપણે માફી માગી શકીએ છીએ. જૈનો પર્યુષણ પર્વ નિમિત્તે 'મિચ્છામી દુક્કડમ્' કહી ક્ષમાપના માગતા હોય છે. મારા દ્વારા થઈ ગયેલાં દુષ્કૃત્ય મિથ્યા થાઓ અને મને અંત:કરણપૂર્વક ક્ષમા કરજો એવો એનો ભાવ છે. સમૂહમાં મગાયેલી ક્ષમાપનાનો પ્રભાવ વ્યક્તિગત ક્ષમાપના કરતાં અનેકગણો વિશેષ હોય છે. ક્ષમાપના દ્વારા મનુષ્યની કરુણાનો વિસ્તાર થાય છે અને સમૂહ, સમાજ તેમજ આખા રાષ્ટ્રનો એમાં સમાવેશ થઈ શકે છે.

**સુરેન્દ્રલાલ ગિ. મહેતા**

## બે ગીત

☐ હરીશ મીનાશ્રુ

### ॥ જ્યોગ્રોફી ટીચરનું ગીત ॥

એટલાસ ખોલું ત્યાં પૃથ્વીનો ગપગોળો ગબડીને ઘૂમે બ્રહ્માંડમાં
જ્યોગ્રાફી ટીચરનું મન મારું નકશામાં, કીડીનું મન જેમ ખાંડમાં

સમદર સાતેય નરી પાણીની ધારણા
ને ભૂમિની ભ્રમણા નવખંડમાં
રેખા દોરો તો નદી નિર્જળ સમાય
અને બિંદુ સમાવે શહેર પંડમાં

સુખના અક્ષાંશ અને દુ:ખના રેખાંશ: ગયું જીવતર એળે આ કર્મકાંડમાં
એટલાસ ખોલું ત્યાં પૃથ્વીનો ગપગોળો ગબડીને ઘૂમે બ્રહ્માંડમાં

કંકરથી મુફલિસ છે મેરુ ને રંક દીસે
રજકણ કરતાં ય રાજધાની
એવા ઇતિહાસનાં તે કરવાં શાં મૂલ
જેમાં રાજા ને રાજપાટ ફાની

કુદરત રૂઠે તો નથી કરતી એ ભેદ કદી લગિરેક ભૂપમાં ને ભાંડમાં
એટલાસ ખોલું ત્યાં પૃથ્વીનો ગપગોળો ગબડીને ઘૂમે બ્રહ્માંડમાં

હનુમાને બાળેલી લંકા તે માપીએ તો
કાંઠાથી બે'ક તસુ છેટે
ત્યાંથી અવધપુરી ઓતરાદી વેંત એક
ટપકું બનીને આમ ભેટે

આનો ઉલ્લેખ નથી અમથો યે રામચરિતમાનસના એકે યે કાંડમાં
એટલાસ ખોલું ત્યાં પૃથ્વીનો ગપગોળો ગબડીને ઘૂમે બ્રહ્માંડમાં

@Gujaratibookz

॥ ૨ ॥

શરદ શશિયર દીપે રે
લીંપે સૂનમૂન એકલતા પરસાળ જો
અચરજ ટપકે ટીપે રે
છીપે તરત જ વાધે તરસ વિશાળ જો

ચાંદરણાંથી ચમકે રે
દમકે રે દશદિશ વળી ત્રૈકાળ જો
હરફ હોઠ પર ટમકે રે
ઠમકે જિહ્વા ચતુરંગી વાચાળ જો

કોયલ મરતી ઝૂરી રે
સ્ફૂરી મનમાં સૂની આંબાડાળ જો
ધરશે કેમ સબૂરી રે
ભૂરી શાહીને મળે ઢળકવા ઢાળ જો

સ્વરવ્યંજન ફડફડતા રે
અડતાંવેંત જ અધર બને પરવાળ જો
નક્ષત્રો દડદડતાં રે
જડતાં છંદે છીપલીને પેટાળ જો

પવન અડોઅડ પરિમળ રે
જળને વળગી હર્ષે જ્યમ શેવાળ જો
વરત્યાં મહુરત મંગળ રે
કાગળ ને લેખણના વેવિશાળ જો

જોખમ નમણું નાણી રે
પાણી પહેલાં સત્વર બાંધી પાળ જો
સપનાંની એંધાણી રે
પરમાણી લોચન મીંચ્યાં તતકાળ જો

શરમ મૂકી દઈ નેવે રે
સેવે જળનું સુખ કમળની નાળ જો
રતિ રસળે પરસેવે રે
એવે પ્રહરે ખંડિત મુગતામાળ જો

લયનું રેશમ હીર રે
સમીર શું ફરફરતું ઝાંઝરિયાળ જો
સરસ્વતીનાં ચીર રે
કબીર બેઠા વણે શબદની શાળ જો

## ગણિકાનું ગીત

☐ **પારુલ ખખ્ખર**

ખાલી ખિસ્સે આવી અહીંયાં પીડા-બીડા ધરવી નૈ
રાજ્જા, તારે આ દરવાજે રકઝક-બકઝક કરવી નૈ.

ના તારે કે ના મારે છે આગળ-પાછળ વાંસો
તારી જેમ જ મારી પાસે પેટ લખાવે જાસો
લાગણીઓની રદ્દી નોટો આ ધંધે વાપરવી નૈ
રાજ્જા, તારે આ દરવાજે રકઝક-બકઝક કરવી નૈ.

મારા જેવું ઝગમગ મારું ભલે નથી રજવાડું
આવી, બેસી, લ્હેર કરીને ચૂકવી દેવું ભાડું
'રાણી' 'રાણી' કહીને ખોટી હવા દિમાગે ભરવી નૈ
રાજ્જા, તારે આ દરવાજે રકઝક-બકઝક કરવી નૈ.

ચકલે બેઠેલી ચકલીનાં કરતા રામ રાખોપાં
ચકલી પૂજે સાત સતીને, ધરતી કંકુ ચોખા
આ ચકલીને નબળી જાણી જાળ-બાળ પાથરવી નૈ
રાજ્જા, તારે આ દરવાજે રકઝક-બકઝક કરવી નૈ.

@Gujaratibookz

## ચાર રચના

### ☐ વિનોદ જોશી

#### આ ગૂઢ શબ્દ

આ ગૂઢ શબ્દ ગમે છે ફરીથી સાંભળવા.
અભણ છું તેમ છતાં લાગતા મને હળવા.

જરાક ઝાડનેય ઓછું એક દિવસ આવ્યું,
કે એક લાડકી ખિસકોલી ન આવી મળવા;

મેં મારા હાથથી ઓરી દીધો સૂરજ સાંજે,
સવારે બેસી ગયો એ જ તો ઝાકળ દળવા;

એ ચોટ વીજળીથી વાગી માત્ર વાદળને,
પરંતુ પંડ આખા આભનું લાગ્યું કળવા;

કરચલી એટલે પડી ગઈ છે દરિયાને,
એક જુવાન નદીએ ના કહી દીધી ભળવા;

જ્યારે આવીશ ફરીથી હું તારી મેડીએ,
લાગશે સાંજ જલ્દી જલ્દી રાતમાં ઢળવા;

જે પરાણે ગઝલમાં બેસવા ધસી આવ્યો,
મેં રવાના કર્યો એ શબ્દ અન્યને છળવા;

આપી દીધી મને મશાલ મારા નરસિંહે,
આખેઆખો હવે હું લાગ્યો એનાથી બળવા.

@Gujaratibookz

#### મૂકી દે તંત હવે...

મૂકી દે તંત હવે મૂકી દે ફંદ; એમ તળિયાંને તાગવા જવાય નહીં,
પડછાયો પકડીને ચાલવાથી ઠેબું વાગે જ, એમાં બીજું કંઈ થાય નહીં...

નેવાંથી મોભારે ખિસકોલી જાય, નથી ચડતાં ભાળ્યાં કદીય પાણી,
ટહુકે જો કંઠ તો જ બોલાતાં વેણ, નથી વ્યંજનમાં ગોઠવાતી વાણી;

માછલીની આંખ હોય બંધ એવાં ટાણે કંઈ માપ તારા બાણનું કઢાય નહીં...

કીડી જો કૂંપળને ધક્કો મારે તો છેક મૂળિયાંને નીકળે સબાકો,
પંખી તો ઊડી જાય આઘાં પણ ડાળીએથી પાંદડાંનો તૂટે નહીં ટાંકો;

કહેવાતાં હોય જેને આંસુનાં પૂર એને ધોધમાર ટીપાં કહેવાય નહીં....

## સાંજ લગી બેસીને...

સાંજ લગી બેસીને કાઢી અજવાળાને અણી,
છેવટ બુઠ્ઠી ખરી પડી સૂરજની ઝીણી કણી...

સવારથી રોકેલું શમણું રાત પડી ત્યાં છલાંગ મારી દોડ્યું,
નીંદરના તંબૂમાં રેઢી જોઈ તિજોરી તડાક તાળું તોડ્યું;

ચૌદશના ચાંદાને અડધી રાતે ચૂંટી ખણી...

કલરવ ઓઢી ઝાડ એકલું રોજ સવારે નવી વારતા માંડે,
એક ડાળ પર અધીર ચકલી હજી મોરને જોતી ચોખા ખાંડે;

નવલખ તારા ખૂટ્યા, અંતે આંગળિયુંને ગણી...

છાનુંછપનું બોલી બોલી જીભ ચાખતી જાય અક્ષરો એંઠા,
તળિયાંઝાટક ઉલેચાઈને ખાલી ખડિયા શબરી માફક બેઠા;

અરથ ઉછીના પાછા દઈને સુવાંગ વાણી વણી...

@Gujaratibookz

## પરપોટો ઊંચકીને...

પરપોટા ઊંચકીને કેડ્ય વળી ગઈ,
હવે દરિયો લાવું તો કેમ લાવું?

વાદળ ઓઢીને સ્હેજ સૂતી ત્યાં ધોધમાર વરસાદે લઈ લીધો ભરડો,
વીજળી ઝબાક પડી પંડ્યમાં તો પડી ગયો સપનાને મીઠ્ઠો ઉઝરડો,

વહેમીલા વાયરાને વાત મળી ગઈ,
હવે અમથી આવું તો કેમ આવું?

નખની નમણાશ મારી એવી કે પાણીમાં પૂતળિયું કોતરાઈ જાતી,
પાંપણ ફરકે ને હવા બેઠી થઈ જાય પછી એનાથી હું જ ઓલવાતી,

ઝાકળ ઉલેચવામાં સાંજ ઢળી ગઈ,
હવે સૂરજ વાવું તો કેમ વાવું?

## ધરી

☐ વર્ષા દાસ

ઊભરાતાં કીડિયારાં જેવા દિલ્હીના રસ્તા!
શું આટલા બધા લોકો અહીં બહારથી આવેલા?
દિલ્હીની ધરતીએ એમને ક્યાં ક્યાં છુપાવેલા?
આ અસંખ્યોની સંખ્યા કોઈ જાણતું જ નહોતું,
નહોતા જાણતા કે દિલ્હીના ચક્રની ધરી તો એ જ છે!
એની પાસે આજે ઘર નથી, નોકરી નથી,
રોટલા નથી, પગરખાં નથી,
ને તોયે નીકળી પડ્યા છે, નાસી રહ્યા છે
એવી આશાએ કે રોગથી બચશું
તો રોટલો રળી લઈશું.

કેટલાક રસ્તામાં ઢળી પડ્યા,
કેટલાક ગામ પહોંચી ગયા,
વણજાર અવિરત ચાલતી રહી,
પહોંચ્યાં એવા વેરાનમાં કે ત્યાં પણ
છાપરું મળ્યું તો રોટલો નહિ,
માવતર મળ્યું તો ખાટલો નહિ.

ગાંધીજીનું તાવીજ ભુલાઈ ગયું,
આંખે પાટા બાંધીને,
કાનેથી કોઈનો હુકમ સાંભળીને
ઢંઢેરો પીટ્યો --કાલથી બધું જ બંધ!
ફરતાં ચકરડાં અચાનક અટકી ગયાં.
ધરીથી વિખૂટાં પડી ગયાં.
અંતિમ જનની ચિંતા કરનારા
અતીતની ક્ષિતિજ પર આથમી ગયા!

કીડીઓ વિનાનાં કીડિયારાં માટીમાં ભળી ગયાં.
હવે એમાંથી માણસો ઊભા થશે ખરા?
એ માટીમાંથી ઘર બંધાશે ખરાં?
ધરી વિનાનાં ધરાશાયી ચકરડાં...

## બે રચના

☐ આશ્લેષ ત્રિવેદી

**સાયુજ્ય**

(શિખરિણી- સોનેટ)

છલે નેત્રે લજ્જા, અધર ફરકે, પાય સ્થગિત,
ભૂજા ઝંખે, તારાં સપન છલકે આજ સહુમાં.
વહે શી તોફાની પ્રીત- સરિત કંઠાર તજીને
તને ભીંજી દેવા રુધિર ઊછળે કેવું રગમાં.

સરું ધીરે તારી નિકટ, હળવે બાહુ ગ્રહીને
કરે ઊંચી ગ્રીવા, કશુંક નીરખે આતુર દૃગે.
પછી આલિંગે તું, ઘટ... ઘટ... પીએ ઓષ્ટની સુધા,
ફરે અંગે અંગે મૃદુલ કર, શી ઝંકૃતિ ઊઠે!!

તને આશ્લેષું હું જ્યમ ફરી વળે વેલ થડને,
ઉરે તૃપ્તિ કેરો અપરિમિત અંભોધિ ઊછળે.
હૂંફાળા શ્વાસોનાં મધુવન મહીં સિક્ત બનીને
ડૂબે મારામાં તું મધુપ સમ કો' મુગ્ધ કમળે.

ક્યહીં ઊંડે ઊંડે વિલીન તુંય, હુંય તુજમય,
ક્ષણોમાં તો કેવાં ક્ષિતિજ તણીયે પાર ઉભય.

@Gujaratibookz

## નીકળી પડ્યાં...

(ગઝલ)

તારાં સપનના રસ્તે ચરણ નીકળી પડ્યાં,
દશ્યોને પેલે પાર  સ્મરણ નીકળી પડ્યાં.

વણબૂઝ પ્યાસ એની હવે બૂઝશે જરૂર,
તસવીર લૈને જળની હરણ નીકળી પડ્યાં.

સંબંધની લીલાશ પીળી સાવ થઈ ગઈ,
વૃક્ષોને  છોડી દૂર પરણ નીકળી પડ્યાં.

બંધિયાર રહીને એને સરોવર થવું 'તું ક્યાં,
રૂમઝૂમતી લૈને હોડી ઝરણ નીકળી પડ્યાં.

ઇચ્છાઓ રામબાણની લૈ મોક્ષ  પામવા
ઘેટાં- બનીને સોનવરણ નીકળી પડ્યાં.

## છાંયડાનો જવાબ

☐ મનોહર ત્રિવેદી

તોછડા આ તડકાએ છાંયડાને કીધું કે છોડી જો ઝાડવાની ઓથ
પાંદડાંએ સૂરજના તાપથી ઉગાર્યો તે એમાં તેં મારી શી મોથ?
છાંયડાએ હળવેથી પૂછ્યું કે જોર તારું
કિયા ખીલે બાંધ્યું છે, બોલ?
સાંજ પડ્યે રઘવાયો રઘવાયો થૈશ અને
ઝાડ કને માગીશ બખ્ખોલ
પીળુંપચ્ચ મુખ થાય રાતુંચટ્ટાકઃ જાણે મારી હો કો'કે અડબોથ?
અંધારે એકલુંઅટૂલું ના લાગે કે
રાતે ના પડવાનો ફેર
આઠે પહોર ઝૂલું ડાળીને સંગ
અને આઠે પહોર લીલાલહેર
ડુંગર ને સીમ-ગામ-રણમાં રઝળીને તારે થાકીને થાવાનું લોથ
ઊંચે અંકાશે મીટ માંડીએ તો કિરણો પણ
ભોંય ઉપર ચાંદરણાં પાથરે
ઓછું આવે ન મને આટલીક વાતે તે
શીતળતા ભરી અહીં વાયરે
આષાઢી બીજ, અખાત્રીજ : તમે, શ્રીગણેશ! જુદી શું માનો છો ચોથ?
પાંદડાંએ સૂરજના તાપથી ઉગાર્યો તે એમાં તેં મારી શી મોથ?

@GujaratiBookz

@Gujaratibookz

# આગંતુકઃ ઉત્તરાર્ધ-૧

☐ ધીરુબહેન પટેલ

## આગંતુકઃ પૂર્વાર્ધનો સારસંક્ષેપ

આગંતુકનો પૂર્વાર્ધ 'નવનીત સમર્પણ'માં આજથી ૨૬ વર્ષ પહેલાં એટલે કે જૂનથી નવેમ્બર ૧૯૯૪ સુધી હપ્તાવાર પ્રગટ થયો હતો. ત્યારે મુખ્ય નાયક ઈશાને

અનેક વાચકોને પોતાના પ્રેમથી પ્લાવિત કરી દીધા હતા. ગુરુ ઓમકારગિરિના દેહવિલય બાદ પ્રતાપગિરિની પ્રબળ ઇચ્છા ઉત્તરાધિકારી બનવાની, સત્તા અને ગુરુપદ સંભાળવાની હતી પણ ઈશાનની પ્રતિભા સામે એનો આ મનોરથ પૂરો થાય એમ ન હતો. બીજી બાજુ અધ્યાત્મમાં ઊંડા ઊતરેલા ઈશાન માટે સત્તા કે સ્થાનનું કોઈ મૂલ્ય ન હતું. ત્યાં સુધી કે પ્રતાપગિરિ સામે કોઈ આંગળી ન ચીંધે એ માટે ઈશાન ભગવાં ઉતારવા પણ તૈયાર થઈ ગયો. ઓમકારગિરિ ઈશાનના સ્નેહની ગહનતાને સમજતા હતા. અનેકવાર સમજાવીને કહેતા કે 'યે ખાક કા પૂતલા હૈ ઇસ પર અનુરાગ નહીં રખતે... દેખ બેટા! યે મોહ હૈ. છોડ દે ઈસે. ગંગાજીમેં ડાલ દે. તેરા ગુરુ યહાં બેઠા હૈ.' કહી ઈશાનની છાતીને સ્પર્શ કરતા. 'ભીતર દેખો, બહાર મત દેખના'નો ગુરુમંત્ર લઈ ઈશાન સંન્યાસ ત્યજી પોતાના વતન મુંબઈ આવવા નીકળે છે. મોટાભાઈ આશુતોષ અને અર્ણવ પોતપોતાના સંસારમાં રમમાણ છે. ઈશાનના આવવાથી તેમના જીવન અને મનમાં મોટી ઊથલપાથલ મચી જાય છે. ખાસ તો ઈશાન વારસો તો નહીં માગે એવો ભય અને પોતાના ઘરમાં એને માટે જગા કરી આપવાની નામરજી બન્ને પર હાવી થઈ જાય છે. એમની સાંસારિક લોલુપતાની સામે બિલકુલ અનાસક્ત એવા ઈશાનનું ચરિત્ર વાચકને દુન્યવી પરિબળો સામે આંતરિક ખોજમાં નીકળી પડેલા યાત્રીનું અત્યંત સૂક્ષ્મ છતાં પ્રતીતિકર અને હૃદયંગમ ચિત્ર ખડું કરી આપે છે.

વાચકને માત્ર કૃતિનો આનંદ નહીં પણ આંતરખોજના રસ્તે નીકળી પડેલા યાત્રીની સાચી અને સાહજિક યાત્રાનો સાચો અને સહજ પરિચય મળે છે. અસંગ ઈશાનની ભાવપ્રધાનતા કથાને સ્નેહસિક્ત રાખે છે. સાંસારિક બંધનો ફગાવીને સાધુ બનવું કષ્ટસાધ્ય છે, પણ સાધુપણાને ઉતારીને માત્ર આંતરખોજના રસ્તે અનાસક્ત થઈને ચાલવું વધુ મોટો પડકાર છે. આ પડકારમાંથી ધીરુબહેન ઈશાનના પાત્ર દ્વારા આપણને અનેક ઝંઝાવાતોનો શ્રદ્ધાપૂર્વક સામનો કરતાં કરતાં પાર ઉતારે છે. માત્ર નવલકથા ક્ષેત્રે જ નહીં પણ ભારતીય અધ્યાત્મક્ષેત્રે પણ આ નવલકથા ઉચ્ચ આસને બિરાજે છે. ધીરુબહેન અનેક શાસ્ત્રોના અધ્યયન બાદ લાધતું સૂક્ષ્મ જીવનદર્શન ઈશાન દ્વારા રજૂ કરે છે. ધીરુબહેન પટેલ જેટલાં કુશળ લેખિકા છે તેનાથી વિશેષ એક સાધિકા છે એનો પરિચય આ નવલકથા દ્વારા મળે છે. આગંતુક-પૂર્વાર્ધ માટે ધીરુબહેનને સાહિત્ય અકાદમી, દિલ્હી તરફથી ૨૦૦૧માં પુરસ્કૃત કરાયાં છે.

ઈશાનની અધૂરી યાત્રા ધીરુબહેને ૨૫ વર્ષ બાદ ફરી આરંભી છે. પૂર્વાર્ધમાં અંતે વૃંદાવનનો ઉલ્લેખ છે. ઉત્તરાર્ધની આ યાત્રા વૃંદાવનથી શરૂ થાય છે. વાચકોને આ નવલકથાનો ઉત્તરાર્ધ પણ અવશ્ય ગમશે. - સં.

# વૃંદાવન

ધડ્ ધડ્ ધડ્ ધડાક... ધનનન ધનનન... ટ્રેન એની મેળે દોડ્યે જતી હતી. ડબ્બાની લગભગ વચ્ચે બારી પાસે ઈશાન બેઠો હતો. નાનાં મોટાં ઝાડ અને ક્યાંક લીલાં તો ક્યાંક પીળાં ખેતરો એની સામેથી દોડ્યે આવતાં હતાં અને પળવારમાં અદૃશ્ય થઈ જતાં હતાં. કોઈક વાર વળી એકસરખા થાંભલાની વચ્ચેનાં દોરડાં પર પક્ષીઓ ઝૂલતાં હતાં. તેમના મનમાં કશા વિચાર આવતા હશે?.... શું કહ્યું હતું પેલા માણસે... શી ઉતાવળ છે? ફરી વાર જો મળી જાય તો ઈશાન એને ખભો પકડીને ઊભો રાખે અને કહે, ''ભાઈ! ઘણી ઉતાવળ છે. કંઈક પામવાનું હજુ બાકી છે અને કયો શ્વાસ છેલ્લો હશે તેની કંઈ ખબર નથી - ઉતાવળ કેમ ન હોય?''

વળી એને મનમાં ને મનમાં હસવું આવ્યું - ઉતાવળ તો આ ટ્રેનને છે - આ રેલગાડીને; જે એક દિવસ ઈશાનને હરદ્વારથી મુંબઈ લઈ આવી હતી અને આજે મુંબઈથી મથુરા લઈ જાય છે - ગોકુળ પહોંચવા માટે. પહોંચશે ખરું? પહોંચ્યા પછી પણ-

ઓચિંતું એને લાગ્યું કે કોઈ એની સામે તાકી રહ્યું છે. એ નજરમાં માત્ર માગણી નથી- કાકલૂદી છે. એને આશરો જોઈએ છે - એવો આશરો, જે કદાચ ઈશાન આપી શકે.

વિચારોનું આ આક્રમણ કદાચ સહી શકાત - એનું અસ્તિત્વ જ નકારી શકાત. પણ એવું તો ન બન્યું. ફરજપરસ્ત ટિકિટચેકરે બધા મુસાફરોની ચકાસણી શરૂ કરી દીધી અને એટલે જ સામેની બેઠકની નીચે પડેલાં ગાભાગોદડાંના એક વીંટામાંથી બે નાનકડી નિર્દોષ આંખો ઈશાનની સામે આશરાની અપેક્ષાએ તાકી રહી હતી.

આયે ખરું! એક નિરાશ્રિત શું બીજાને આશ્રય આપી શકે? પણ ઈશાન આ પ્રશ્નનો જવાબ શોધી રહે તે પહેલાં ટ્રેનના વફાદાર કર્મચારીએ સામેની બેઠકની નીચે સંતાઈ ગયેલા છોકરાને શોધી કાઢ્યો હતો અને બહાર નીકળવાની ફરજ પાડી હતી... થરથર ધ્રૂજતો એ દૂબળોપાતળો કંગાળ છોકરો આશાનિરાશાના અજબ મિશ્રણ સાથે આમતેમ આંખો ફેરવી રહ્યો હતો.

''આવા રખડતા છોકરાઓ જ તક મળતાં આપણો સામાન ચોરી જાય છે.'' એક તીણા નારીકંઠે જાહેર કર્યું અને ઘણા બધાએ એમાં ટાપસી પુરાવી.

''આહા - પોતાની પાસે જો થોડા પૈસા હોત તો આ બાળકને છોડાવી શકાત.'' ઈશાનના માનસિક સંવાદનું પહેલું વાક્ય હજી બીજાને નોતરે તે પહેલાં યાદ આવ્યું - ઇપ્સિતાએ પરાણે કંઈક હાથમાં પકડાવ્યું હતું. એનાથી

@Gujaratibooks

કદાચ આ છોકરાને છોડાવી શકાય...

સોદો બહુ સરળતાથી પતી ગયો ને પોતે જગ જીતી ગયો હોય એવા ઉમંગથી છોકરો ઈશાનના પગ પાસે બેસી ગયો. "ત્યાં નીચે શું કરવા? મારી પાસે બેસને!" કહી ઈશાને એને પાસે લીધો અને પૂછ્યું, "કંઈ ખાવું છે?"

ઓહો! શું એ છોકરાની આંખમાં ચમક? પણ પૂછ્યા પછી ઈશાન પસ્તાયો. પોતાની પાસે શું હતું તે આ બાળકને ખવડાવી શકાય? સદ્‌ભાગ્યે ગાડી કિચૂડાટ કરતી એક સ્ટેશને ઊભી રહી અને ઈશાને બીજા થોડા પૈસા ગજવામાંથી કાઢીને પ્લૅટફૉર્મ પર ઊભેલા શીંગચણાવાળાને આપ્યા. જે પડીકું મળ્યું તે છોકરાના હાથમાં ખોસી દઈને ઈશાન થોડી વારમાં ઝોલે ચડ્યો. ગાડીની યાંત્રિક ગતિ અને એકધારો અવાજ તે જાણે માનું હાલરડું!

ઊતરવાનું આવ્યું ત્યારે ઈશાન એના નજીવા સામાન સાથે સ્ફૂર્તિથી ઊતરી ગયો, પણ પ્લૅટફૉર્મની બહાર નીકળવાનું આવ્યું ત્યારે એણે જોયું કે પેલો છોકરો હજી એની સાથે જ છે. એને કંઈ પૂછવું કે ન પૂછવું એનો નિર્ણય ઈશાન કરી રહે તે પહેલાં છોકરો બોલ્યો, ''મેરા તો કોઈ નહીં - મૈં આપકે સાથ હી ચલૂંગા.''

''યહ તો બિલકુલ નામુમકિન હૈ.''

''ક્યૂં?''

''બોલ દિયાના?''

છોકરો હસી પડ્યો, ''આપને બોલ દિયા, મૈંને સૂન લિયા! મૈં તો આપકે સાથ હી ચલૂંગા.''

ઈશાન મૂંઝાઈ ગયો. જેમ જેમ એ સંસારથી વિમુખ થવા માગતો હતો તેમ તેમ સંસાર એની પાછળ પડતો હતો. એણે પોતાની જાતને હળવો ઠપકો દીધો. શી જરૂર હતી આ છોકરાને ટિકિટ કઢાવી આપવાની? આશાના મહેલનો પાયો ત્યાંથી જ નખાયો... હવે આ ચીટકશે. ચીટકશે શું, ચીટક્યો જ છે. શી રીતે છૂટવું એનાથી?

વાહ રે ઈશાનબાબા! આશ્રમથી છૂટ્યા, ભાઈઓના ઘરમાંથી છૂટ્યા, ઇપ્સિતાના ઘરમાંથી છૂટ્યા અને હવે આટલા અમથા છોકરડાથી મૂંઝાઈ ગયા? કંઈક વિચાર કરીને એણે સહેજ કરડાકીથી કહ્યું, ''વારુ, ચાલ! આ સામાન ઉપાડ.''

છોકરાએ હસતાં હસતાં સામાન ઉપાડી લીધો અને પોતાની જીતના આનંદમાં સહેજ તાલબદ્ધ પગલાં ઉપાડતાં ચાલવા માંડ્યું. મથુરાની ભીડમાંથી બહાર નીકળ્યા પછી ઈશાનને થયું, મેં તો કંઈ કહ્યું નથી. એ એની મેળે આવ્યો છે તો છો ને આવતો, ચાર ડગલાં સાથે ચાલવામાં ઓછી જ માયા બંધાઈ જવાની છે.

મૂંગા મૂંગા ઘણો બધો રસ્તો કાપ્યા પછી એક નાનકડા ઘાટ જેવું દેખાયું. નીચે પાણી વહેતું હતું, ઉપરના પથ્થરો પર બાઈઓ કપડાં ધોતી હતી. ક્યાંક

વળી બેડાં ભરી ભરીને એકબીજાંને માથે ચડાવાતાં હતાં. થોડેક દૂર કેટલાક પુરુષો બને એટલાં ઓછાં કપડાંમાં સજ્જ થઈને સ્નાનનો આનંદ લેતા હતા.

ઈશાનના શ્રમિત દેહને આ દૃશ્ય રૂડું લાગ્યું. એણે પણ પોતાની પોટકી નીચે ઉતારીને પેલા પરાણે અનુચર થયેલા છોકરાને કહ્યું, ''ઇસ્કો સંભાલના, મૈં સ્નાન કરકે આતા હૂં.'' છોકરાએ ડોકું ત્રણ-ચાર વાર જોરથી હલાવીને સંમતિ દર્શાવી  અને યમની બહેનને ખોળે પોતાનાં નાનાં અમથાં સુખદુ:ખની પોટલી સોંપીને બાહ્યાભ્યંતર સ્નાનથી ફરી પાછી શાંતિ ને નિર્મળતાની શોધમાં પડ્યો.

સંસ્કૃતને દેવભાષા કંઈ અમસ્તી કહી હશે? શ્લોકોના ઉચ્ચારથી જ પોતે કોઈ જુદા પ્રદેશમાં આવી ગયો છે એવું લાગતું હતું. અર્થ અને કાવ્યનો પ્રસાદ વળી સાવ જુદો. અડધા પોણા કલાકે પાછા ફરેલા ઈશાનને પોતાની ક્ષણિક અસ્વસ્થતા બદલ જાણે હસવું આવતું હતું. જ્યાં કપડાં વગેરે મૂકેલું હતું ત્યાં એક ભીના ધાબા સિવાય બીજું કશું જ ન દેખાતાં એ વિચારમાં પડ્યો. આમતેમ ફાંફાં મારતાં એને જોઈને એક સ્ત્રીએ કહ્યું, ''બાબા! વહ સબ આપકા બેટા લે ગયા!''

''બેટા? સંન્યાસીને વળી બેટાબેટી શાનાં!'' પણ તે જ ક્ષણે વિચાર આવ્યો, કદાચ પેલો ટ્રેનમાં સાંપડેલો બાળક જ કોઈ કંઈ ઉઠાવી ન જાય માટે સાથે લઈને આમતેમ ફરતો હશે. હમણાં આવશે. આ બાજુ ગયો હશે - પેલી બાજુ ગયો હશે.

પણ સૂર્યની ગતિ પશ્ચિમ તરફ ઢળવા લાગી ત્યારે એને નાછૂટકે કબૂલ કરવું પડ્યું. એ છોકરો જ બધું ઉઠાવી ગયો. એક નિ:શ્વાસ નાખીને ઈશાન ઊઠ્યો અને નદીને પ્રણામ કરીને વિચારવા લાગ્યો કે હવે શું કરવું જોઈએ?

ત્યાં થોડે દૂર હસાહસ સંભળાઈ. કોઈ સ્ત્રીએ ખૂબ હસતાં હસતાં કહ્યું, ''રતની! તેરે મૈકે સે આયા હૈ ક્યા?''

''શાયદ!'' જરાય વિચલિત થયા વગર પચાસ-પંચાવન વરસની સ્ત્રી ઈશાન પાસે આવી અને પૂરા હકથી બોલી, ''ચલો બાબા! સદાવ્રત બંધ હો જાએગા?''

''સદાવ્રત?''

''હાં, હાં,  મારવાડી શેઠ કા હૈ - તીન રોટી-સબ્જી પૂરા દિન મિલતી હૈ.''

''પર... મુઝે ઐસી કોઈ જરૂરત નહીં હૈ.'' ઈશાન બોલ્યો.

''આજ નહીં તો કલ - જરૂરત તો પડેગી હી બાબા? ચલો મેરે સાથ.''

એના કહેવામાં એવી આત્મીયતા હતી અને અધિકારનો રણકો હતો કે ઈશાન બીજું કંઈ બોલી ન શક્યો. મૂંગો મૂંગો એની સાથે ચાલવા લાગ્યો.

''વહ કૌન થા જો સબ કુછ ઉઠા કે લે ગયા?''

''વૈસે તો...'' ટૂંકમાં ટ્રેનમાં મળેલા છોકરાની વાત સંભળાવી.

રતનીએ એક નિસાસો નાખીને કહ્યું, ''પતા નહીં શ્યામસુંદર ભલે લોગોં કો ક્યૂં સતાતા હૈ - ચલિયે, જૈસી ઉનકી મર્જી.''

''મૈયા, આપ ક્યોં તકલીફ લે રહી હો? મૈં આપે હી ચલા જાઉંગા.'' ઈશાને કહ્યું.

''યહ તો મૈંને દેખ લિયા. અબ મેરે સાથ આઈએ, કલ સે જો ચાહો સો કરના.''

ઈશાન આગળ કંઈ ન બોલી શક્યો. રતનીની સાથે ગયો અને મારવાડી શેઠનું સદાવ્રત બંધ થઈ જાય તે પહેલાં બે રોટલી ખાઈ પણ લીધી. મનને ખૂણેખાંચરે લટકતા અહંનાં બાવાંજાળાં સાફ થઈ ગયાં.

આખરે એ હતો કોણ? ગૃહત્યાગ કરીને નીકળેલો એક યુવાન? વેદાંતી ગુરુનો પ્રિય શિષ્ય? લોકોએ હાથ જોડવા માંડ્યા હતા - એવો એક ચમત્કારી પુરુષ?

ગ્રંથોના અધ્યયનથી તે પોતાનો પૂર્ણ આત્મપરિચય તો પામી શકતો નથી. સદાવ્રતનું અન્ન ખાતાં હજુ મન કોચવાય છે. તેના પ્રયાસનો અંત ક્યારે આવશે તે જાણતો નથી. માત્ર એટલું જાણે છે કે આ ભવનો ફેરો સાવ નિષ્ફળ ન જાય એટલા માટે હર ઘડી સચેત રહેવું પડશે. કૃપા ક્યારે, કયા ખૂણેથી વરસશે તેની તો ખબર નથી, પણ તે વખતે ગાફેલ રહેવું નહીં પોસાય.

આ વૃંદાવન... આ વ્રજભૂમિ... આ યમુના - અહીં શું તેના અહંત્વ-મમત્વના મિનારા ઢળશે? આ સીધાસાદા ગામડિયા લોકો સાથે તે ભળી શકશે? એકાકાર થઈ શકશે... માત્ર થોડી પળો માટે નહીં, હંમેશ માટે?

લાગતું તો નથી. ઈશાન પોતાની અંદર રહેલા એક બીજા ઈશાનને પણ ઓળખે છે, જે જ્ઞાની છે - એ શું રાત દિવસનાં પૂજાપાઠ, ભજનકીર્તન અને સેવામાં જીવનની ઇતિશ્રી માની શકશે? સમજાતું નથી શા માટે એ આ વ્રજભૂમિમાં આવ્યો? અહીં એ શું ખોળે છે?

''બાબા! રાત કહાં રહોગે?'' રતનીએ પૂછ્યું

''યહીં કહીં સો જાઉંગા.''

''ઔર નદીમેં ગોતા લગા કર ભીગે કપડે સુખ જાય તબ તક બૈઠા રહૂંગા - યહી ન? ચલો બચપના છોડીએ! આજ તો મેરી ઝોપડી મેં હી રાત કાટની પડેગી. કલ જો ચાહો સો કર લેના.''

આની વાત સામે કોઈ દલીલ કરવી નકામી હતી. ઈશાન મૂંગેમૂંગો એની સાથે ચાલવા લાગ્યો. એ ધારતો હતો કે બીજી કશી પૂછપરછ થશે, પણ એવું કંઈ બન્યું નહીં. રતનીએ પહેલાં ધીમેધીમે અને પછી મન મૂકીને ગાવા માંડ્યું.

''મેરે શ્યામ! બતાઓ કબ

@Gujaratibookz

આઓગે?''

એનો કંઠ કેળવાયેલો હોય કે ન હોય, એમાં માધુર્ય હોય કે ન હોય, એક અજબ જેવી ઉત્કંઠા હતી, એક પિપાસા હતી... જો એનો શ્યામ ક્યાંય હોય તો એણે આ સ્ત્રીની સાચા દિલની આરત સાંભળવી જ પડે. જવાબ આપવો જ પડે. હાજર થવું જ પડે, વહેલે કે મોડે.

આવા વિચારોનું ઘમસાણ ઈશાનના મનમાં મચ્યું ત્યારે એને પૂરો ખ્યાલ નહોતો આવતો કે એ ક્યાં ઘસડાઈ રહ્યો છે. કદાચ એની જાણ બહાર એના દિલમાંથી પણ રતનીના મનનો પોકાર સંભળાતો હતો. આખરે એ પણ અહીં એવા જ કોઈને શોધવા નહોતો આવ્યો કે જેનાં ચરણમાં પોતાના આ નાનકડા અસ્તિત્વનું સંપૂર્ણ સમર્પણ થઈ શકે?

ઘણું ચાલ્યા પછી રતનીનું ઘર - એટલે કે એનું ઝૂંપડું આવ્યું. બહાર ફળિયામાં ખાટલી ઢાળીને એક વૃદ્ધજન બેઠા હતા. એમણે ફક્ત એટલું જ કહ્યું, ''રતની!''

''જી બાબુજી - યે નયે નયે આયે હૈં... આજ કી રાત યહાં કાટ લેં?''

''પૂછને કી બાત હૈ? આંગન તો ઇતના બડા હૈ - જા, એક દૂસરી ખટિયા લે આ.''

બસ, મામલો પતી ગયો. ઉપર તારામઢી રાત - નીચે નાનકડી ખાટલી અને બાજુમાં રતનીના સસરાનો સંગાથ. સવાર ક્યારે પડી તેની ખબર જ ન પડી ઈશાનને... સવારે વળી રતનીના ભરથારનો પરિચય થયો. ભોળોભટાક અને ત્રણ સંતાનોનો પિતા. એણે તો વળી એમ કહ્યું કે ઈશાનને જેટલા દિવસ રહેવું હોય એટલા દિવસ એણે અહીં જ રહેવું જોઈએ અને સદાવ્રત ભૂલી જઈને રતનીના હાથના રોટલા ખાવા જોઈએ. એને કોઈએ ટેકો ન આપ્યો પણ વિરોધ સુધ્ધાં ન કર્યો એટલેથી સંતોષ પામીને એ એના રોજિંદા કામે જતો રહ્યો.

જરા છેટે કૂવો હતો એમાંથી બે ડોલ પાણી કાઢીને ઈશાન નહાઈધોઈને પરવાર્યો અને દેવદર્શન માટે ઘરના બે ખમતીધર માણસોની રજા લઈને બહાર નીકળ્યો.

વળી પાછું એનું મન ચકડોળે ચડ્યું! આ ઈંટમાટીનાં કે આરસનાં મકાનોમાં કેદ થયેલી મૂર્તિઓ સાચે જ ભગવાન હશે? એમની સન્મુખ બેસીને પૂજાપાઠ કરવાથી કે માળા ફેરવવાથી કઈ જાતનું પુણ્ય મળતું હશે? એવું પુણ્ય ભેગું કર્યાથી જ મોક્ષ મળી જતો હશે?

અચાનક એના મનમાં એક શીળી વાયુલહરી પ્રસરી અને ગુરુનો અવાજ સંભળાયો - ''ગંગાનાં શીતળ નીરમાં અને હિમાદ્રિના બરફમાં તું શું શોધતો હતો ઈશાન? એ પણ આખરે તો જડ પદાર્થો જ નહોતા? ગ્રંથોમાં તું કોને શોધતો હતો? જો મંદિરોમાં કોઈ એ જ તત્ત્વને શોધે તો એની ટીકા કરીને તું તારું ચડિયાતાપણું સિદ્ધ કરવા માગે છે?''

ઈશાનને જવાબ ન જડ્યો, પણ એને એટલું તો સમજાયું કે એ ક્યાંક

@gujaratibooks

ભળતી કેડીએ જ પહોંચી ગયો છેઃ જે પરમ તત્ત્વની શોધમાં એ ઘરમાંથી બહાર નીકળી પડ્યો હતો અને પાછો આવ્યો ત્યારે એ ઘર જડ્યું જ નહોતું - એ તત્ત્વ હજી તેને લાધ્યું નથી. કોઈ કરતાં કોઈની ટીકા કરવાનો એને કશો જ અધિકાર સાંપડ્યો નથી - વળી એ તદ્દન નકામો છે. મળવાથીયે શું અને ન મળવાથીય શું?

એક મંદિરમાં કંઈક સમારકામ ચાલતું હતું. ઈશાનનાં હવે તો જરા ઝાંખાં પડી ગયેલાં છતાં ભગવા રંગનાં કપડાંની સદંતર ઉપેક્ષા કરતાં મુકાદમે કહ્યું, ''એ બાબા! જરા હાથ પૈર હિલાનેમેં ક્યા તકલીફ હોતી હૈ તુમ લોગોં કો? યહાં આઓ ઔર હાથ બઢાઓ.''

બે-ત્રણ કલાકની સખત મજૂરી કર્યા બાદ મુકાદમે ઈશાનના હાથમાં થોડાક સિક્કા મૂક્યા એ તરફ વિમાસણથી જોઈને ઈશાન બોલ્યો, ''ઈસકી કોઈ જરૂરત નહીં હૈ!''

''ક્યોં નહીં હૈ? મુફ્ત કી રોટિયાં તોડની અચ્છી લગતી હૈ ક્યા?''

ઈશાન કશો જવાબ શોધે તે પહેલાં મુકાદમે એના પછીના મજૂરને પૈસા આપવા માંડ્યા. અલબત્ત, એ એણે રાજીખુશીથી લઈ લીધા.

તો આ વાત હતી. પૂજનીય સંન્યાસીમાંથી એ એક સાધારણ મજૂર બની ગયો હતો અને કદાચ જ્યાં લગી આ બાજુ રહેવાનું થશે ત્યાં લગી એ એવો મજૂર જ રહેશે. આ જાતનું કામ કરવા નહીં ટેવાયેલા હાથની હથેળીઓ અને આંગળીઓ પર નાનાં મોટાં લાલ ચકામાં ઊપસી આવ્યાં હતાં તે પંપાળતાં ઈશાને વિચાર્યું, ''શું આટલા માટે એ અહીં આવ્યો હતો? શું એ એક નકામું ઘાસનું તણખલું હતો જે પાણીના પ્રત્યેક ઝપાટા સાથે ગતિ અને સ્થિતિના ફેરફારને વશ થઈ જાય?''

@Gujaratibookz

અહંકારના આ નવલ સ્વરૂપને પ્રગટતું જોતાં એ ખિન્ન થઈ ગયો. ક્યારે એ આ બધાથી મુક્ત થશે અને પોતાને પામશે?... એક નિસાસો નાખી ને એણે મુકાદમની સાચી વાત સ્વીકારી લીધી અને પૂછ્યું, ''કલ ભી આ જાઉં?''

''ક્યોં નહીં? કામ તો કમસે કમ પંદ્રહ દિન ચલેગા.''

''ઠીક હૈ.'' કહીને ઈશાને ત્યાંથી ચાલવા માંડ્યું. કશું રાંધવા કરવાનું તો ફાવે એવું નહોતું. શીંગચણા ખાઈને પાણી પી લેવાથી એક ટંકનું કામ તો પતી જ જાય.

નદીને કિનારે બેઠો બેઠો એ વિચારે ચડ્યો. કોને ખબર કેટલે દૂરથી આવતું હશે આ પાણી? કેટકેટલું જોયું હશે એણે બન્ને કિનારે? પણ એ કશું કહી શકશે તો નહીં. ઈશાનની ભાષા એ નથી જાણતું અને એની ભાષા ઈશાન નથી જાણતો છતાં બન્ને વચ્ચે કશુંક તો છે... બન્નેને સાંકળતી એક કડી... શું એ જ જીવન છે?

અચાનક ઈશાનની વિચારમાળા તૂટી ગઈ અને ચોતરફ મણકા વેરાઈ ગયા... ભફાંગ! થોડેક જ દૂર કોઈએ નદીમાં પડતું નાખ્યું હતું. ઈશાન ભલે ગૃહસ્થ ન હોય તે સંન્યાસી પણ ન હોય. એ એક માણસ તો હતો જ, એ સફાળો ઊઠ્યો અને જ્યાંથી અવાજ આવ્યો હતો ત્યાં જઈને તીક્ષ્ણ નજરે આમતેમ જોયું તો થોડેક છેટે જાંબલી-ગુલાબી વસ્ત્રો તણાતાં નજરે પડ્યાં. જરાય વિલંબ વિના એણે પાણીમાં પડતું નાખ્યું અને તણાતા જતા નારીદેહને કિનારે ખેંચી લાવ્યો. છ-સાત માણસો ભેગા થયા હતા. એમને પ્રસંગ પતી ગયા પછીનું કુતૂહલ પજવતું હતું એટલે એમણે અંદરોઅંદર વાતચીત સાથે ઈશાનને પણ પ્રશ્નો પૂછવા માંડ્યા.

ઈશાન પાસે તો એમના એકે પ્રશ્નનો ઉત્તર નહોતો. એ ખૂબ થાકી ગયો હતો અને કુશળ તરવૈયો હોવા છતાં એક ડૂબતા શરીરને પ્રવાહના વેગથી વિપરીત દિશામાં ખેંચી લાવીને કાંઠા પર નાખવાનું કામ પણ કંઈ સહેલું નહોતું.

એમાંના એકના મનની બારી વળી ઈશ્વર તરફ જરાતરા ખુલ્લી હશે એટલે એણે આ નાનકડી ટોળીના પ્રશ્નોની રંજાડ બંધ કરવા કહ્યું, ''અરે, યહ ક્યા લગાઈ હૈ? એક ભલા માનુસ કિસીકી જાન બચાતા હૈ ઉસકી સરાહના કરનેકી બજાય ઉસે પરેશાન કરતે હો?''

''અચ્છા? તો આપ ખુદ ક્યોં નહીં કૂદ પડે પાની મેં?''

''તૈરના આતા તો જરૂર કૂદ પડતા.''

એટલામાં બે પોલીસનાં દર્શન થયાં. એકે કહ્યું ''રામસિંહ! કિસી ડાક્ટર કો પકડ કે લે આ. યહ જિન્દા હૈ યા ગઈ કામસે વહ ભી તો દેખના પડેગા ના! ઔર તુમ- ગિલે કપડેવાલે, ચલો હમારે સાથ ચૌકી પર.''

''ક્યોં?''

''બડા સાબ બતાએંગે - ક્યોં? વહ તુમ્હારી ક્યા લગતી થી - પાની મેં ધકેલ દિયા યા તુમ્હારી વજહ સે ખુદ કૂદ પડી - દેખના તો પડેગા ન? ઔર દો તીન સાક્ષી ભી તો ચાહિયે...''

પરંતુ એનું પ્રવચન પૂરું થાય એ પહેલાં શાણા લોકોની મંડળી વીખરાઈ ગઈ હતી. એક નવરો માણસ તમાશો જોવાના શોખથી ઊભો હતો તે તૈયાર થયો એટલે પોલીસ ઈશાન અને સાક્ષીને લઈ ત્રિપુટી ચોકી તરફ ઊપડી.

ઈશાને જોયું કે રામસિંહ કોક હાથમાં નાની વિઝિટિંગ બૅગ અને ગળામાં સ્ટેથોસ્કોપવાળી વ્યક્તિને લઈને આવી રહ્યો છે એટલે એને પેલી બાઈની ચિંતા મટી અને એ કંઈક હળવે હૈયે ''બડાસા'બ'' પાસે જવા એની સાથેના પોલીસની ચાલ સાથે તાલ મેળવતો ચાલવા લાગ્યો.

સદ્‌ભાગ્યે બડાસા'બની ઑફિસ બહુ દૂર નહોતી, પણ ત્યાં પહોંચ્યા પછી - ''ઓહોહો - ઈશાનબાબા! તમે અહીં ક્યાંથી?'' બોલતાં બોલતાં ''બડાસા'બ'' પોતાની ખુરશીમાંથી ઊઠ્યા અને પાસે આવીને ઈશાનની ચરણરજ લેવા નીચે ઝૂક્યા.

આ કલ્પનાતીત દૃશ્ય જોઈને પેલો પોલીસ અને સાક્ષી સજ્જડ થઈ ગયા.

''ક્યારથી બિરાજો છો આપ અહીંયાં? ક્યાં રહેવાનું રાખ્યું છે બાબા? અને સાંભળી લો, આપને હું બીજે કશે રહેવા દેવાનો નથી. સરનામું આપો એટલે સામાન મગાવી લઈએ. એ લાલસિંહ! કુર્સી લાઓ, બાબા કબ સે ખડે હૈં - દિખતા નહીં?''

હવે માથે કેવી આફત આવી પડશે એના વિચાર માત્રથી ધ્રૂજતા લાલસિંહે ખુરશી ગોઠવી અને પેલા સાક્ષીને ઇશારાથી જ સૂચવ્યું કે જતો રહે.

''આપ તો-''

''હાં બાબા! હું વિક્રમ? આપના આશીર્વાદથી મારા ઘરમાં બધું આનંદમંગળ છે હવે. નિરંજનભાઈનો તો જેટલો પાડ માનું એટલો ઓછો. એણે જો તે દિવસે આપનાં દર્શન માટે અમને બધાને ન બોલાવ્યા હોત તો હજી અમે એની એ હાલતમાં સબડતા હોત...''

''દયા ઉપરવાળાની.''

''અને આપની, બાબા! - હવે દસેક મિનિટમાં હું અહીં જરા સમેટી લઉં પછી આપણે સાથે જ નીકળીએ તો ચાલશે? નહીંતર લાલસિંહ હમણાં જ મારે ઘેર લઈ જાય આપને! હું ફોનથી જાણ કરી દઉં.''

''અરે વિક્રમસિંહ, નિરાંતે પરવારો. આપણે સાથે જ જઈશું.''

''ઠીક, તો આપનો સામાન મગાવી લઈએ.''

''સામાન?'' ઈશાન મોકળે મને હસી પડ્યો. એના એ નિર્મળ હાસ્યમાં મુંબઈ છોડ્યા પછીના ઘણા બધા અનુભવો ધોવાઈ ગયા. રહ્યું માત્ર રતનીના કંઠનું આરતભર્યું ગાન. ''મેરે શ્યામ! બતાઓ કબ આઓગે?'' **[ક્રમશઃ]**

@Gujarati_boookz

# વાવાઝોડાં કેમ અને ક્યાં?

☐ ડૉ. પરેશ ર. વૈદ્ય

**આ** વર્ષે મે અને જૂન મહિનામાં લાગલગાટ બે વાવાઝોડાં આપણા દેશ પર આવ્યાં. એક 'અમ્ફાન' પૂર્વ ભારતમાં કલકત્તા નજીક સુંદરવનમાં તો બીજું મુંબઈ નજીક અલિબાગ ઉપર. લગોલગ બે મહિનામાં બે વાવાઝોડાંની આ વાત દસ વર્ષ પહેલાં અસાધારણ મનાઈ હોત પરંતુ ગયાં બે-ત્રણ વર્ષથી આ સામાન્ય છે. ગયા વર્ષે એક વર્ષમાં નાનાં મોટાં સાત વાવાઝોડાં સમુદ્રમાં ઊઠ્યાં હતાં. જોકે તેમાંથી કાંઠા સુધી ત્રણ જ પહોચ્યાં અને નુકસાન નહીંવત હતું.

વાવાઝોડાં વરસાદ જોડે સંકળાયેલાં છે તે ખરું પરંતુ એ ચોમાસાની ઘટના નથી. ચોમાસાં જેવી કોઈ ઋતુ ના હોય તેવા પ્રદેશોમાં પણ તે આવે છે. ભારતીય ઉપખંડમાં વાવાઝોડાં ચોમાસાંથી પહેલાં અથવા ચોમાસું પૂરું થાય તે પછી તુરંત આવે છે. જોકે આ નિયમમાં છેલ્લાં બેએક વર્ષથી અપવાદ દેખાયા છે, ચોમાસાની અધવચ્ચે પણ વાવાઝોડાં આવ્યાં. બાકી સાધારણપણે મે મહિનામાં અને પછી ઓક્ટોબર-નવેમ્બરમાં એ આવે છે. મોટાભાગનાં વાવાઝોડાં બંગાળના ઉપસાગરમાં જન્મે છે, અરબી સમુદ્રમાં ઓછી સંખ્યામાં અને ઓછી શક્તિવાળાં તોફાન આવે છે.

જેમ ચોમાસું દુનિયામાં અમુક સ્થળોએ જ છે, તે રીતે વાવાઝોડાં પણ અમુક ચોક્કસ વિસ્તારોમાં જ આવતાં જણાયાં છે. સાથેનાં ચિત્રોમાં આ ક્ષેત્રો જોઈ




@Gujaratibookz

શકાય છે. આપણા ઉપરાંત એ પૂર્વ એશિયાના દેશો (ફિલિપાઈન્સ વગેરે)માં દેખાય છે. ત્યાં એ પ્રશાંત મહાસાગર બાજુથી આવે છે. બીજો વિસ્તાર વેસ્ટ ઇન્ડિઝના ટાપુઓ છે, જ્યાં ક્યારેક તો આટલાંટિક સમુદ્રમાં ઊઠેલું તોફાન ધરતી પાર કરી પ્રશાંત સાગર તરફ જાય છે. દક્ષિણ ગોળાર્ધમાં ન્યુઝિલેન્ડ અને ઓસ્ટ્રેલિયા સુધી લટાર મારી આવે છે. કુદરતી પ્રક્રિયા એકની એક જ હોવા છતાં વિશ્વના જુદા જુદા પ્રદેશો એને જુદાં નામથી ઓળખે છે. ગુજરાતીમાં આપણે વાવાઝોડું કહીએ છીએ તેનું અહીં અંગ્રેજી નામ Cyclone (સાયક્લોન) છે. એવું જ તોફાન વેસ્ટ ઇન્ડિઝના ટાપુઓ ઉપર 'હરિકેન' કહેવાય અને જાપાનને કાંઠે ટાઈફૂન. આ બધાં વચ્ચે એક સામ્ય છે કે એ બધાં વિષુવવૃત્તની નજીકથી શરૂ થતાં હોય છે. પછી ભલે હજારો કિલોમીટરની યાત્રા કરી દૂરનાં સ્થળે પટકાતાં હોય અને ત્યાં વિનાશ વેરે.

**ઉત્પત્તિ સ્થાન :** આપણે જાણીએ છીએ કે ચોમાસામાં ભારતની ધરતી તરફ સમુદ્ર પરથી પવનો વાય છે. પરંતુ જયારે ચોમાસું નથી હોતું ત્યારે વિષુવવૃત્તની નજીક ઉત્તર ગોળાર્ધ અને દક્ષિણ ગોળાર્ધ, એમ બંને તરફથી પવનો સામસામા મળતા હોય છે. સમુદ્ર કે ધરતીની સપાટી નજીકના આ પવનો મિલન સ્થળે આવી, ત્યાંથી ઉપર જાય છે અને ઉપરના સ્તરે પોતપોતાના ગોળાર્ધની દિશામાં પાછા જાય છે. (ચિત્ર ૨) મિલનના આ સ્થળને આંતર વૃત્તીય મિલન પટ્ટો (Inter Tropical Convergence Zone ITCZ) કહે છે. આ પટ્ટો બરોબર વિષુવવૃત્ત ઉપર નહિ પરંતુ થોડો ઉત્તર કે દક્ષિણ તરફ હોય છે. ભારતીય ઉપખંડમાં એ થોડો ઉત્તર તરફ જ હોય છે. જહાજોના નાવિકો માટે આ અસ્થિરતાનુંય ક્ષેત્ર છે, એટલે એ લોકો આને 'ડોલડ્રમ' કહે છે. ઋતુ બદલાતી હોય ત્યારે પવનોની દિશા બદલવાની હોય છે. ત્યારે અહીં પવનો અસ્થિર થાય છે. તેવામાં જો અમુક સ્થળે પાણીનું ઉષ્ણતામાન આસપાસ કરતાંય વધી જાય તો ત્યાંની હવા વધુ ઝડપે ઉપર જાય છે. તો ત્યાં નાનો શો ઓછાં દબાણનો વિસ્તાર બને છે. તેને ભરવા ITCZ સિવાયની કોઈ ત્રીજી જ દિશામાંથી હવા ધસી આવે તો અસ્થિરતા નિર્માણ થાય છે. તે વખતે ITCZનો પટ્ટો વિષવવૃત્તની ઉપર જ હોય તો કંઈ નથી થતું, પરંતુ



ચિત્ર ૨

@Gujaratibooks




ચિત્ર 3

જો ઉત્તર કે દક્ષિણમાં પાંચ અંશ અક્ષાંશ જેટલો ખસી ચૂક્યો હોય તો ત્યાં પૃથ્વીની ધારે ભ્રમણનો વેગ ભાગ ભજવે છે. પૃથ્વી પ્રચંડ ગતિએ પશ્ચિમથી પૂર્વ તરફ ફરે છે. તેની અસર તેને સંલગ્ન વાતાવરણ પર પણ થાય જ. તેથી વિષુવવૃત્તથી ઉત્તર તરફ જતા પવનો જમણી તરફ વંકાય છે. તે જ ઘટના પેલી ધસી આવતી હવાની દિશાને મરડે છે અને ચક્રીય ગતિ શરૂ થઈ જાય છે. ગોળ ફરતી હવા ઉપર પણ જતી હોવાથી પાણીની સપાટી પર હવાનું દબાણ હજુય ઓછું કરે છે. તેથી વળી વર્તુળાકાર ગતિ વધે છે અને અસ્થિરતાનું 'વિષચક્ર' શરૂ થઈ જાય છે.

મધ્યમાં ઓછા દબાણવાળી આ પ્રણાલી ITCZના પટ્ટાથી વિખૂટી પડી એક સ્વતંત્ર ઘટના તરીકે ફરે છે. આ થઈ વાવાઝોડાંની શરૂઆત. ભૌતિકશાસ્ત્રના નિયમો મુજબ ઉત્તર ગોળાર્ધમાં આ ચક્ર ઘડિયાળના કાંટાથી વિરુદ્ધની દિશામાં ફરે છે (anticlockwise) અને દક્ષિણ ગોળાર્ધમાં ઘડિયાળની દિશામાં એક પંપની જેમ એ સમુદ્રની સપાટી પરની ભેજવાળી હવાને ઉપર ધકેલતું રહે છે, ઉપર જઈ ઠંડી થઈ એ હવાની ભેજનાં વાદળાં બનતાં રહે છે. કુદરતનો એ નિયમ છે કે ભેજવાળી હવા ઠંડી પડે ત્યારે પોતાની આંતરિક ઊર્જા બહાર ફેંકે છે અને એ ગરમીના કારણે હવાનો જથ્થો વધુને વધુ ઉપર જતો રહે છે. આ પ્રક્રિયામાં અહીં તો વળી વર્તુળાકાર ગતિ પણ છે. એટલે વાદળાંનો એક ઊંચો નળાકાર રચાય છે અને ઉપર પહોંચી વાદળાં બહાર તરફ ફેલાતાં રહે છે. ઉપગ્રહના ચિત્રમાં એ થાળી જેવું દેખાય છે. સમુદ્રથી એ 10-12 કિ.મી. ઉપર હોય છે અને એનો વ્યાસ 300-400 કિ.મી.ની હોઈ શકે.

@Gujaratibookz

**આંતરિક રચના :** સાથેના ચિત્ર (આકૃતિ-4)માં એક વાવાઝોડાનો ઊભો છેદ (એટલે કે આંતરિક રચના) બતાવ્યો છે. તેના કેન્દ્રમાં કંઈ નથી. ત્યાં ઊભા હો તો માથે ભૂરું આકાશ દેખાય. આ વાવાઝોડાની આંખ છે. તેનો પાંચથી વીસ કિ.મી.નો વ્યાસ હોઈ શકે. તે પછી મુખ્ય દીવાલ છે અને તેની બહાર, વાદળાંના તૂટક તૂટક નળાકારો છે. આ બધું ફરે છે અને 'ક્યુમુલો-નિમ્બસ' પ્રકારનાં વાદળાં નીચેનાં સ્થળોએ વરસાદ વરસાવતાં રહે છે.

આ આખી પ્રણાલી હટતી પણ રહે છે. જેમ ભમરડો ફરતો ફરતો હટતો રહે છે તેવું જ વાવાઝોડું પણ કરે છે. આ ગતિ ઠગારી છે. ક્યારેક રોજના 20-25 કિ.મી. ખસે તો ક્યારેક કલાકો સુધી એક જગ્યાએ ઊભી જઈ હવામાનશાસ્ત્રીઓ અને લોકોની ધીરજની પરીક્ષા લે છે. એનો ખસવાનો માર્ગ ધીરે ધીરે વૈજ્ઞાનિકોને સમજાવા લાગ્યો છે. એ ઉત્તર-પશ્ચિમ (વાયવ્ય) તરફ સામાન્ય રીતે જાય છે. પણ સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે ઉત્તર-પૂર્વ તરફ પણ જઈ શકે. બંગાળના ઉપસાગરમાં ખાસ કરીને એવું બને છે. અરબી સમુદ્રમાં 'નિસર્ગ' તોફાન આમ ઈશાન તરફ વળીને મુંબઈ નજીક આવ્યું તે અપવાદરૂપ છે. (બલકે નોંધાયેલા ઇતિહાસમાં મુંબઈ ઉપર વાવઝોડું આવ્યું નથી ને આવે તો શું થાય તે કલ્પના ડરાવનારી છે. ઉપગ્રહનાં ચિત્રો, સાદાં રડાર અને ડોપ્લર રડારની મદદથી તેના ઉપર નજર રખાય છે. આમ છતાં તે આગાહી કરતાં જુદા માર્ગે ચાલ્યું જાય તો આશ્ચર્ય નથી. કલાકે 200 કિ.મી. ઝડપે ફરતો ભમરડો માર્ગમાંથી થોડો હટી જાય અને સરવાળે જુદી જ જગ્યાએ પહોંચી જાય તે સમજાય તેવી વાત છે. (ચિત્ર-5)માં વાવાઝોડાંનો માર્ગ બતાવ્યો છે.

**વાવાઝોડાંનો માર્ગ :** બંગાળના ઉપસાગરનાં વાવાઝોડાં સામાન્ય રીતે અરબી સમુદ્રનાં વાવાઝોડાં કરતાં વધુ શક્તિશાળી હોય છે અને તે મુજબ તેનો માર્ગ પણ




ચિત્ર ૪

એકદમ નક્કી નથી. પરંતુ અરબી સમુદ્રનાં વાવાઝોડાંનો માર્ગ ભાખવો સરળ છે. એ વેરાવળ કાંઠે આવે તેવું જ મનાય છે. તાજેતરમાં મોટાભાગનાં વાવાઝોડાં ઓમાન તરફ વળી જાય છે. પૂર્વ કાંઠે તમિળનાડુમાં નાગાપટ્ટનમ્, આંધ્રમાં વિશાખાપટ્ટનમ્ અને ઓરિસામાં પારાદીપ અને જગન્નાથપુરીની આસપાસ પટકાય છે. તોફાનનો માર્ગ કેવો હશે તેનો આધાર ઠેકઠેકાણે સમુદ્ર તેને કેટલી ગરમ-ભેજવાળી હવા પૂરી પાડે છે તેના ઉપર છે. ગુજરાત તરફ આવતા સમુદ્રનાં પાણીનું ઉષ્ણતામાન ઓછું હોવાથી તેને મળતી ઊર્જા ઘટતી જાય છે. તેથી તેની ગતિ પણ ઘટે છે. પોતાનો વરસાદ એ સમુદ્રમાં જ ઠાલવી દે છે. ત્યારે એ પોતાની આંતરિક ગતિના કારણે ઓમાન તરફ વળી જાય છે. આથી ઊલટું, એક વાવાઝોડું ઓખા પાસેથી પૂર્વ તરફ વળી કચ્છના અખાતમાં ઘૂસેલું. તેનાં પાણીમાંથી નવી ઊર્જા લઈ એ કંડલા ઉપર ત્રાટક્યું હતું. ઇતિહાસમાં અગાઉ આવું ક્યારેય નહોતું બન્યું.

**જમીનને સ્પર્શ :** વાવાઝોડું ત્રાટકવું એટલે તેની આંખ સમુદ્ર છોડી જમીન પર દાખલ થવી. એનાથી થતો વિનાશ ત્રણ પ્રકારે થાય છે.

1. હવાની ગતિના કારણે. આંખની આસપાસના નળાકારની સામસામી દીવાલોમાં હવાની ગતિ પણ વિરુદ્ધ દિશામાં હોય છે. એકસોથી બસો કિલોમીટરની આ ગતિના કારણે ઝાડ ઊખડવાં તો સામાન્ય વાત છે, લોખંડના થાંભલા પણ મરડાઈ જાય છે.

વાયુ, નિસર્ગ અને ઓખીનો માર્ગ




ચિત્ર ૫

2. સમુદ્રનું પાણી ફેલાવાથી નળાકારના કેન્દ્રમાં સમુદ્રની હવા સતત ઉપર ખેંચાતી હોવાથી જેવું વાવાઝોડું જમીનને સ્પર્શે કે તેનું ઓછું દબાણ સમુદ્રનાં પાણીને જ ઊંચકીને કાંઠે ફેંકે છે. તેમાં યાંત્રિક શક્તિ હોવાથી નુકસાન થાય છે અને વધારામાં ખેતી અને રહેણાક ખારાં પાણીમાં ડૂબે છે.

3. પાણીનું પૂર. વાવાઝોડાનાં વાદળો ક્યુમ્યુલો નિમ્બસ પ્રકારનાં

@GujaratBook.xyz

છે, જે સહેલાઈથી વરસે છે. આંખની દીવાલમાં ભરપૂર પાણી હોય છે. જે વરસવાથી પૂર આવે છે. કેન્દ્રની બહારના વિસ્તારમાં પણ સારો વરસાદ થાય છે, જે અંતર પ્રમાણે ઘટતો જાય છે.

પવનની ઊર્જા ઝાડો અને ઇમારતો સાથે સંઘર્ષમાં ખપી જાય છે, સમુદ્રનો સંપર્ક કપાઈ જવાથી નવી ઊર્જા મળતી નથી. આમ ક્રમશઃ ચક્રવાત ઘટતો જઈ આગળની યાત્રા નીચા દબાણનાં ક્ષેત્ર (ડિપ્રેશન) તરીકે કરે છે અને માત્ર વરસાદ આવે છે. જે વાવાઝોડામાં કેન્દ્રનું દબાણ બહુ ઓછું હોય (જેમ કે મિલીબાર) તે નુકસાન તો કરે જ છે પણ દેશની અંદર લોબી યાત્રા કરે છે. બંગાળના ઉપસાગરનાં વાવાઝોડાંની અસર છેક રાજસ્થાન પહોંચ્યાના પણ દાખલા છે.

સાથેના કોષ્ટકમાં વાવાઝોડાંની તીવ્રતાનો તેમાંના પવનોની ગતિ જોડે સંબંધ બતાવ્યો છે. હવાના દબાણના આંકડા નથી બતાવ્યા પણ તે તીવ્રતા ઠરાવવામાં ભાગ લે છે.

**કોષ્ટક 6: વાવાઝોડાંની તીવ્રતા**

| **નામ** | **પવનની ઝડપ સામુદ્રિક માઈલ** | **(કલાકે) કિલોમીટર** |
|---|---|---|
| નીચા દબાણનું ક્ષેત્ર (ડિપ્રેશન) | 17 થી 27 | 31 થી 50 |
| અતિ નીચાં દબાણનું ક્ષેત્ર (Deep depression) | 28 થી 33 | 51 થી 62 |
| વાવાઝોડું (Cyclonic Storm) | 34 થી 47 | 63 થી 87 |
| તીવ્ર વાવાઝોડું (Severe Cyclonic Storm) | 48 થી 63 | 88 થી 116-5 |
| અતિ તીવ્ર વાવાઝોડું (Very Sever C.S.) | 64 થી 119 | 118 થી 221 |
| સુપર સાઈક્લોન | 120 થી વધારે | 222 થી વધારે |

*નોંધ: વાવાઝોડાંની આગાહી નાવિકો માટે બહુ અગત્યની છે. આથી પવનની ઝડપ સામુદ્રિક માઈલમાં બતાવવાનો રિવાજ છે. એક સામુદ્રિક માઈલ (નોટ) = 1.15 માઈલ = 1.85 કિલોમીટર.*

સામાન્ય રીતે આપણા સાગરોમાં ઉત્પન્ન થતાં વાવાઝોડાં કરતાં એટલાન્ટિક

@Gujaratibookz

## વૈશ્વિક ઉષ્મનૂની અસર

સામાન્ય રીતે અરબી સમુદ્ર કરતાં બંગાળના ઉપસાગરમાં વધારે સંખ્યામાં વાવાઝોડાં બને છે. વર્ષ 1891 થી 1990નાં એકસો વર્ષમાં પૂર્વ ભાગમાં 262 વાવાઝોડાં ઊઠ્યાં હતાં જ્યારે પશ્ચિમમાં (એટલે અરબી સમુદ્રમાં) 330. એટલે કે બેત્રણ વરસે એક. પરંતુ તે પછી પરિસ્થિતિ બદલાઈ છે. સરેરાશ વરસે એક વાવાઝોડું અરબી સમુદ્રમાં પણ આવવા લાગ્યું છે. બીજી વિશેષતા છે કે માત્ર મે અને ઓક્ટોબર-નવેમ્બરને બદલે વાવાઝોડાં ચોમાસાંની વચ્ચે પણ આવવાં લાગ્યાં છે. 2019માં કુલ 11 તોફાન ઊઠ્યાં, જેમાંથી ચાર અરબી સાગરમાં હતાં અને 7 બંગાળના ઉપસાગરમાં.

અને પ્રશાંત મહાસાગરનાં વાવાઝોડાં વધારે તીવ્ર હોય છે. 2005માં 'કેટરિના'ની ઝડપ 200 કિ.મી. કલાક હતી અને અમેરિકાનાં ન્યૂ ઓર્લિવન્સ રાજ્યને રગદોળી નાખ્યું હતું. ઇતિહાસમાં સૌથી પ્રબળ તોફાન 'હૈયાન' હતું, જે 315 કિ.મી.ની ઝડપે ફિલિપાઈન્સ પર ત્રાટકેલું.

**શૈતાનનાં નામો :** યમરાજના આ દૂતોને નામથી ઓળખવાની પ્રથા ભારતીય ઉપખંડમાં તાજેતરમાં જ આવી છે. પશ્ચિમના દેશોમાં પહેલાંથી છે. હિન્દ મહાસાગરનાં વાવાઝોડાં તે પહેલાં માત્ર શહેરનાં નામ અને વર્ષથી ઓળખાતાં. જેમ કે ઢાકા (1991), પારાદીપ (1999) વગેરે. હવે આ વિસ્તારના 13 દેશો પોતપોતાનાં પસંદગીનાં નામોની યાદી દિલ્હીમાં આવેલ પ્રાદેશિક હવામાન કેન્દ્ર (RSMC)ને આપે છે. વારાફરતી દેશો નામ ચૂંટે છે. હમણાંથી વાવાઝોડાંની સંખ્યા વધી હોવાથી નામોનો ભંડાર જલદી ખતમ થાય છે.

વાવાઝોડાંની બાબતે સંતોષની વાત એ છે કે એની આગાહી બહુ વહેલી અને વધુ સચોટ થવા લાગી છે. આંધ્ર અને ઓરિસાની સરકારોએ વાવાઝોડાં દરમિયાન લોકોને શરણ આપવાનાં 'શેલ્ટર' બનાવ્યાં છે. આગાહીનો લાભ લઈ પ્રજા આ સલામત સ્થળે આવી જાય છે. એક ઉદાહરણ તરીકે જુઓ તો 1999નાં વાવાઝોડાંમાં 9887 જાન ગયા હતા જ્યારે તેનાથી બીજા નંબરનાં વાવાઝોડાં ફાઈલીન અને ફણી (અનુક્રમે 2013 અને 2019)માં અનુક્રમે 45 અને 89 લોકોએ જ જાન ખોયા. આ રાહત પછી વૈજ્ઞાનિકોની આગાહી ક્યારેક આઘી પાછી થાય તો ટીકા કરવાપણું ન હોવું જોઈએ. બીજી તરફ અવકાશ વિજ્ઞાનનો આવો પ્રજાલક્ષી ઉપયોગ કરવાનું જેમને સૂઝ્યું તે ડો. વિક્રમ સારાભાઈને લાખો લોકોનાં વંદન. ❑❑❑

@Gujarallbooks

@Gujaratibookz

# 'સંગીત કક્ષ'ની મુલાકાત

☐ નમિતા દેવીદયાલ ☐ અનુ.: મમતા

[ભારતીય શાસ્ત્રીય સંગીતમાં જયપુર ઘરાના ઘણું પ્રસિદ્ધ છે. આ ઘરાનાના ખ્યાતનામ ગાયક અલ્લાદિયા ખાં તેમ જ તેમનાં શિષ્યા કેસરબાઈ ઘણી પ્રસિદ્ધિ પામ્યાં, જ્યારે કેસરબાઈનાં શિષ્યા ઢોંઢુતાઈ ગુમનામ રહ્યાં.

ઢોંઢુતાઈનાં શિષ્યા નમિતા દેવીદયાલે ('ટાઈમ્સ ઓફ ઇન્ડિયા'ના કળા-સમીક્ષક) ઢોંઢુતાઈની સંગીતનિષ્ઠા અને તેમના ચરિત્રને ઉજાગર કરતું પુસ્તક 'Music Room' અંગ્રેજીમાં લખ્યું છે. જેનો હિન્દી અનુવાદ 'संगीत कक्ष' (અનુવાદકઃ નીલાભ-પ્રતિષ્ઠિત કવિ, સમીક્ષક) નામે થયો છે. આ પુસ્તકના પહેલા ભાગ કેનેડી બ્રિજના બીજા અંશનો આ અનુવાદ મૂળ પ્રત અને હિન્દી અનુવાદ સામે રાખીને કર્યો છે. - મમતા]

પછીના અઠવાડિયે હું ફરી સંગીત શીખવા ઢોંઢુતાઈના ઘરે કેનેડી બ્રિજ ગઈ. તાઈએ શરૂઆતમાં મને ગાયકના વફાદાર સાથી એવા તાનપુરાને આંખો બંધ કરીને એકચિત્તે સાંભળવા કહ્યું. તાર પર પોતાની આંગળીઓ તાઈએ ફેરવી કે મંત્રમુગ્ધ કરી દેતી લયકારી ફેલાઈ ગઈ. આખા ઓરડામાં સંગીતમય શાંતિ છવાઈ ગઈ. એ સાથે જ આજુબાજુથી આવતા અન્ય અવાજો - પંખાની ઘર્‌ર ઘર્‌ર, ઘડિયાળની ટીક-ટીક, બહારથી આવતા ફેરિયાના અવાજ, બાળકોના અવાજ, આઈ (તાઈનાં મા)નાં ધીમાં નસકોરાં, રસોડામાંથી આવતો પ્રેશર કૂકરનો અવાજ - આ તમામ અવાજોને બાજુ પર રાખીને તાનપુરાએ પોતાનો સૂર ફેલાવી દીધો હતો. (સિતાર જેવું લાગતું આ વાજિંત્ર મને ઘણું રુચિર અને રહસ્યમય લાગ્યું. દર વખતે તેમાંથી માત્ર ચાર સૂર જ વાગતા.) પછી અમે જે ભાષા બોલતા કે સાંભળતા તે હતી માત્ર સંગીતની ભાષા.

મેં સરગમના પ્રથમ સ્વર 'સા'થી આરંભ કર્યો. પહેલા દિવસે મારા આશ્ચર્ય વચ્ચે તાઈએ મને માત્ર એ જ ખરજનો સૂર ગવડાવ્યો - 'સા' ભારતીય સંગીતની સરગમરૂપી ઇમારતનો એવો પાયો જે અપરિવર્તનશીલ, સ્થાયી, ભરોસાપાત્ર છે, જે અન્ય સૂરોના લગાવ તેમ જ ઊંચાઈ પ્રત્યે સાધકની માફક અડીખમ રહે છે. 'સા' પ્રથમ અને અંતિમ સૂરનો પાયો છે, એવું બિંદુ છે જ્યાંથી યાત્રા શરૂ થાય છે અને ફરી ત્યાં પહોંચીને પૂરી થાય છે. 'સા'ની સરહદો વચ્ચે જીવનના સર્વ ખેલ ખેલી શકાય. તમામ મનોસ્થિતિ પ્રદર્શિત કરી શકાય, અને દરેક વખતે આપણે પાછા ફરીને ત્યાં પહોંચીએ તો એક પૂર્ણતાનો ભાવ થાય- જાણે એક લાંબી યાત્રા કરીને ઘરે પાછા ફરીએ એવું.

'તારો પોતાનો 'સા' તાનપુરાના 'સા' સાથે ત્યાં સુધી મેળવ કે બન્ને એક થઈ જાય અને તેમાં કોઈ ભેદ ન રહે.' તાઈએ કહ્યું, 'સા' માં બધા સૂર આવી જાય છે, જેમ સફેદ પ્રકાશમાં મેઘધનુષના સાતેય રંગ.'

મારી ઉંમર અને ચંચળ સ્વભાવને ધ્યાનમાં લઈને અમે શીખવાનું અડધો કલાક વહેલાં પૂરું કર્યું. ઢોંઢુતાઈએ તાનપુરો તેના વિશ્રામસ્થાને દીવાલને અઢેલીને મૂકી દીધો. તાઈ રસોડા તરફ ચાલ્યાં. હું પણ એમની પાછળ-પાછળ ગઈ. રસોડું અંધારિયું હતું. માત્ર એક બારી હતી. તાઈએ રસોઈનો બધો સામાન એક સુઘડ કબાટમાં મૂકેલો હતો. તેમાંથી એમણે એક જૂની પિત્તળની તપેલી કાઢીને ધોઈ.

ઘરના બીજા ઓરડામાંથી ભારે શરીરવાળી એક સ્ત્રી આવી. જેના વાળ ચપ્પટ, સફેદ ને બોબ-કટ હતા. તેના શ્યામ ચહેરા પર સમસ્યાઓની કરચલીઓ હતી. એ મકાન-માલકણ હતી. જેની પાસેથી મારા ગુરુએ એક ઓરડો ભાડે લીધો હતો - રસોડું

અને બાથરૂમ વાપરવાના અધિકાર સાથે. તાઈએ માસી (મકાન-માલકણ) સાથે મારો પરિચય સ્નેહથી 'મારી નાની શિષ્યા' કહીને કરાવ્યો. માસીએ હસીને મારા તરફ હાથ લંબાવ્યો. અમે હસ્તધૂનન કર્યું. અને અમને બન્નેને આ પ્રકારના પશ્ચિમી અભિવાદનથી અટપટું લાગ્યું. તાઈએ મારે ચા પીવી છે કે નહીં એમ પૂછ્યું. મેં ના કહી. એમણે ચા બનાવતાં બનાવતાં વાત ચાલુ રાખી. હું સાંભળતી રહી.

'ચા' બનાવવી એ જીવનનો એક પદાર્થપાઠ છે' એમણે કહ્યું. 'તમને લાગે કે તમે ચા બનાવવા તપેલી ચૂલા પર મૂકી છે અને એમાં ચાની પત્તી નાખી દીધી છે. પણ જરા વિચારો કે કેવી રીતે બધું બનતું હોય છે. ખરેખર તો કોઈએ ચા (પત્તી) ઉગાડી છે, કોઈએ તેને ચૂંટી છે, કોઈ બિચારાએ તેને પેક કરી છે. કોઈએ ગાય દોહી છે અને અન્ય કોઈએ વળી શેરડી પીલી છે ત્યારે તેમાંથી ખાંડ બની છે, - અને ભલું થજો અગ્નિનું કે તમે પાણી ઉકાળી શકો છો. આમ તમે જે કર્યું એ તો ચા બનાવવાની આ આખી પ્રક્રિયામાં રતિભર ગણાય. આથી ક્યારેય નાહક અભિમાન કે ઘમંડ ન કરવું. કારણ કે જે કંઈ તમે પામી ગયા હો એમ લાગે છે એમાં કેટલીયે દૃશ્ય-અદૃશ્ય શક્તિઓનું

@Gujaratibookz

યોગદાન હોય છે. બરાબરને માસી?'

'સાચી વાત છે તાઈ. બધી જ ઈશ્વરના હાથની વાત છે.' માસીએ કહ્યું અને વરાળથી ઉદ્‌ભવેલા પરસેવાને સાડીના છેડાથી લૂછી નાખ્યો. તાઈ જરા હસ્યાં ને ચાના બે કપ ભર્યા પછી અમે ઓરડામાં આવ્યાં. આઈએ ધ્રૂજતા હાથે કપ પકડ્યો પણ ચા ફર્શ પર ઢોળાઈ ગઈ. આથી એમણે ડરતાં-ડરતાં અમારી સામે જોયું. 'તમે જરા ધ્યાન દઈને કેમ નથી કરતાં, આઈ?' તાઈ ગિન્નાયાં, 'હવે ક્યાં સુધી હું આ બધું સાફ કરી શકું? લાવો કપ મને આપી દો. દાઝી તો નથી ગયાં ને?' એમનો અવાજ નરમ પડ્યો અને ફર્શ સાફ કરવા પોતું લેવા ગયાં. માસી રસોડામાંથી આવ્યાં ને આઈને ચિંતા ન કરવા કહ્યું. આઈ ધીમે રહીને સૂઈ ગયાં ને દીવાલ તરફ મોં કરી દીધું.

હૃદયને સ્પર્શી જાય એવું એ દૃશ્ય હતું. એક નાનકડા ફ્લેટમાં ત્રણ સ્ત્રીઓ રહેતી હતી. ત્રણેય પોતપોતાનાં દુઃખ અને સંઘર્ષ સાથે, એકબીજાને સહાનુભૂતિ અને સંવેદના દ્વારા સહારો દેતી - એક સ્ત્રીનો ચહેરો જ તેનું દુઃખ જણાવી દે તેવો હતો. તેનો પતિ, જે તેના માટે એક અંધારિયો ફ્લેટ છોડીને દેવું કરીને મરી ગયો હશે. પેટનો ખાડો પૂરવા તેણે એક ઓરડો ભાડે આપવો પડ્યો હતો. - તો બીજી સ્ત્રી એ વાતે શરમ અને સંકોચ અનુભવી રહી હતી કે તેનું શરીર તેના દિમાગનો સાથ ધીરે ધીરે છોડી રહ્યું હતું. - ત્રીજી સ્ત્રી તણાવમાં જીવી રહી હતી. તે માનતી કે તેનો જન્મ વિશ્વને કળાની ભેટ આપવા થયો છે ને તેના જીવનનો ઉદ્દેશ હજૂ પૂરો થયો ન હતો. કારણ કે તેણે દવાઓ ખરીદવાની હતી, રસોઈ બનાવવાની હતી. તેની જિંદગી રોજબરોજનાં કામકાજ અને અલૌકિક કળા વચ્ચેનો સતત સંઘર્ષ હતી.

* * *

બે દિવસ પછી હું ફરી સંગીત કક્ષ ગઈ. મારા રમવા-કૂદવાનો સમય છીનવાઈ જવાથી હું ગુસ્સે હતી પણ આઈ, માસી અને એ ઢીંગલીઘરને ફરી જોવા માટે હું ઉત્સુક પણ હતી.

પછીના કેટલાક પાઠ એ જ પાયાનો સૂર 'સા'ની આગળ-પાછળ ચક્કર લગાવવામાં જ ગયા. માત્ર એક જ સ્વરને વારંવાર કોઈ મંત્ર જેમ લગાવવાથી એવું કહેવાય છે કે ગાયકને પોતાની અંદર ચાલતા-ભટકતા બધા જ અવાજોને ખાળવામાં મદદ મળે છે. એ શરીર, મન અને આત્માને એકાગ્ર કરીને સંતુલિત કરે છે. એ શ્વાસોચ્છ્વાસને નિયમિત કરે છે. મૂળ આ કારણે અમે ક્યારેય અન્ય છ સ્વરો સુધી ન પહોંચી શક્યાં. આ બધું સમજાવવા કરતાં તાઈએ એટલું જ કહ્યું કે આગળ વધતાં પહેલાં મારે 'સા'ને આત્મસાત્ કરવો પડશે.

સ્વરનો અંગ્રેજી પર્યાય 'નોટ' થાય છે. પણ પશ્ચિમી સંગીતની તુલનાએ હિંદુસ્તાની સંગીતનું અદકું મૂલ્ય છે.

@Gujaratibooks

એ ફક્ત સંગીતાત્મક આવર્તન નથી કે જે પિયાનો પર બટન દબાવવાથી કે તારને વિશિષ્ટ રીતે છેડવાથી થાય. એ કોઈ યાંત્રિક સ્વરસાધના નથી. એ તો એક એવી અભિવ્યક્તિ છે જે મનુષ્યના અંતરના ઊંડાણમાંથી નીકળે છે.

પશ્ચિમી તેમ જ ભારતીય સંગીતનું મૂળ વ્યાકરણ એ જ સાત સ્વર પર નિર્ભર છે. ભારતીય સંગીતના સા, રે, ગ, મ, પ, ધ, ની તથા યુરોપીય સંગીતના ડો, રે, મી, ફા, સો, લા, ટી એ સાત સ્વરોના ક્રમ બરાબર બંધ બેસે છે પણ જેમ-જેમ આપણે આ સ્વરોની સમજ કેળવીએ અને તેમાંથી ઉદ્‌ભવતા સંગીતના તંતુને ઉકેલીએ તેમ-તેમ બન્ને શૈલીમાં રહેલું અંતર સ્પષ્ટ થાય. બન્ને વચ્ચેનું આ અંતર પરસ્પર વિરોધી એવી વિચારધારાઓને પ્રતિબિંબિત કરે છે જે પશ્ચિમ અને પૂર્વને ઉજાગર કરે છે.

સંગીત વિશે પ્રાચીન પશ્ચિમી ધારણા એવી હતી કે એ ક્રમબદ્ધ સૂરીલા ધ્વનિઓની રચના હતી. એ એવી સરળ બાબતોને દર્શાવતી કે જેના આધાર પર વિશ્વનું નિર્માણ થયું અને એ આપણી જ્ઞાનેન્દ્રિય માટે બોધગમ્ય હતી. પશ્ચિમી સિદ્ધાંત બોધગમ્ય અને તાર્કિક વિચારોની આસપાસ નિર્મિત થયેલા છે જેને મનુષ્યની બુદ્ધિ જોઈ અને સમજી શકે છે તેમ જ તેનું પ્રમાણ પણ મેળવી શકે છે.

હિંદુસ્તાની સંગીત મૂળભૂત રીતે અલગ માન્યતા પર ટકેલું છે: કોઈ અદૃશ્ય શક્તિ છે જે સઘળાં માનવીય કર્મો અને વિચારની પૃષ્ઠભૂમિ છે. એ જ મનુષ્યની નિયતિ ઘડે છે અને એવી અસામાન્ય ઘટનાને સમજવામાં મદદરૂપ બને છે જે બુદ્ધિ કે તર્કથી સમજી શકાતી નથી. આ પ્રકારે હિંદુસ્તાની સંગીતના સ્વર, અલગ-અલગ ખાનાંઓમાં વહેંચાયેલા, છૂટાછવાયા કે કોઈ બંધનમાં કેદ હોય એવું અસ્તિત્વ નથી પણ એ સ્વરો સૂક્ષ્મ, પકડમાં ન આવે એવા સાતત્યથી જોડાયેલા હોય છે જેને મનુષ્યનો કાન મુશ્કેલીથી પકડી શકે કે પારખી શકે છે. આધ્યાત્મિક દૃષ્ટિએ વાસ્તવિકતાનો આ એવો અંશ છે કે જે અનુભવની પાર છે. બે સૂરોની વચ્ચે રહેલા આ સ્વરોને 'શ્રુતિ' કહે છે અને એ જ હિંદુસ્તાની સંગીતનો સાર છે.

બે સ્વરો વચ્ચે રહેલા અવકાશને ભરનારો અર્ધો કે પા ભાગનો સ્વર એ શ્રુતિ કહેવાય. પણ આ તો ઘણો અધૂરો અર્થ છે. શ્રુતિ અંગે બીજું ઘણું કહી શકાય. કેમ કે શ્રુતિ સ્વરોની વાસ્તવિકતાને બિલકુલ બદલી શકે છે. જેમ કે તમે કોઈ સ્વર પર કેવી રીતે પહોંચો છો એ જેટલું મહત્ત્વનું છે એટલો જ એ સ્વર પણ મહત્ત્વનો છે. તેના સુધી આરોહ કે અવરોહ દ્વારા પહોંચી શકાય અને તેની આજુબાજુના અપ્રગટ સ્વરોને બહેલાવતા પણ પહોંચી શકાય. કોઈ સંગીતકાર એ સ્વરને સીધો જ ઉઠાવે તો એથી તદ્દન ભિન્ન અનુભૂતિ પણ થાય.

@GujaratiBookz

આ પરથી એ સમજી શકાશે કે હિંદુસ્તાની સંગીત પાઠ્યપુસ્તક દ્વારા કેમ નથી શીખી શકાતું. ગુરુ જ સંગીત શીખવી શકે. ગુરુ જ સ્વરોની આ ઝીણવટને સમજાવી શકે અને શિષ્ય પાસે યોગ્ય રીતે ગવડાવી શકે, સ્વરને આત્મસાત્ કરવામાં તેની મદદ કરી શકે. કોઈ પણ લિખિત પાઠ એ કઈ રીતે સફળતાપૂર્વક સમજાવી શકે કે જે તમારે ધીમે ધીમે પ્રેમથી, નજાકતથી સ્વરને મનાવતાં - માન આપતાં તેની પાસે જવાનું છે ને શીખવાનું છે.

પ્રાચીન ધર્મગ્રંથ મૌખિક પરંપરા પ્રમાણે રચાતા. તેમાંનાં એકેક વાક્યને શબ્દ દ્વારા કંઠસ્થ કરવામાં આવતાં અને વારંવાર બોલીને તેનો પાઠ કરીને ભાવિ પેઢીને સંભળાવવામાં આવતાં જેથી એ ગ્રહણ કરી શકે. યોગવિદ્યા પણ એક પ્રાચીન અને ગોપનીય સાધનાપદ્ધતિ હતી. એ વિદ્યા પણ પાઠ્યપુસ્તકો દ્વારા નહીં પણ ગુરુ દ્વારા શિષ્યને શિખવાતી. હિંદુસ્તાની શાસ્ત્રીય સંગીતપરંપરા પણ એવી જ મૌખિક પરંપરા છે જ્યાં ગુરુ શ્રેષ્ઠ આદરણીય હોય છે.

જોકે શીખવા-શીખવવાની એક સીમા હોય છે. છેવટે તો સ્વરનાં તમામ રહસ્યો જાણવાં-શીખવાં એ શિષ્ય પર નિર્ભર છે. ગાયક પાસે સ્વરોની શુદ્ધતા જરૂર હોઈ શકે પણ એ કેટલો આગળ પહોંચી શકે એ કહી ન શકાય. જ્યારે શિષ્યને સ્વની સાચી અનુભૂતિ થાય ત્યારે તેનું સંગીત ખરેખર દીપી ઊઠે છે.

ગાયનને હંમેશાં ઈશ્વર સાથે જોડવામાં આવ્યું છે. ઇસ્લામી પુરાણકથા પ્રમાણે અલ્લાહે એમના ફરિશ્તાઓને કહ્યું કે તેઓ સંત હજરત આદમ અલેહોસ્સલામની માટીની મૂર્તિ બનાવે. ફરિશ્તાઓએ મૂર્તિ બનાવી. પરંતુ મૂર્તિમાં સંતના આત્માની પ્રાણપ્રતિષ્ઠા કરતી વખતે આત્મા વારંવાર બહાર આવી જતો. આખરે અલ્લાહે એમને મૂર્તિની અંદર બેસીને ગાવાનું કહ્યું. જેવું ગાયન શરૂ થયું કે સંતનો આત્મા મૂર્તિની અંદર સ્થિર થયો અને ફરિશ્તાઓએ તેને મૂર્તિમાં પ્રતિષ્ઠિત કરી દીધો. આજ કારણ છે કે તમામ માનવજીવ, પંખીઓ, પ્રાણીઓ, જીવજંતુ સઘળી પ્રકૃતિ સંગીત પસંદ કરે છે. કારણ કે એ બધાં માટીનાં બન્યાં છે.

સંગીતકારો પાસે સંગીતના ઉદ્ભવની પોતીકી વ્યાખ્યા છે. એમનો વિશ્વાસ છે કે બ્રહ્માંડમાં જીવ અવતરિત થયો એ પહેલાં જે તત્ત્વ અસ્તિત્વમાં હતું તે ૐનો નાદ હતો. જે એવી સાર્વભૌમ સત્તાનું સાકાર પ્રતિરૂપ છે જેને લોકો ઈશ્વર કહે છે. કદાચ આ જ કારણ છે કે જ્યારે સંગીતકાર સ્વરોનું ઉચ્ચારણ શુદ્ધત્તમ રૂપે કરે છે ત્યારે ગાયક અને તેને માણનાર/જાણનાર બન્નેને જે અનુભૂતિ થાય છે તે મંદિર, દેવળ કે મસ્જિદમાં શાંત ચિત્તે બેસતાં, જે દિવ્યપ્રકાશનો અનુભવ થાય એવી હોય છે.

❑❑❑

@Gujaratibookz

# વિચાર અને સંવેદનના આશિક : મોહન દાંડીકર



મોહનભાઈ દાંડીકર

☐ મનસુખ સલ્લા

મોહનભાઈ દાંડીકર વિશે મેં સૌ પ્રથમ જાણ્યું લોકશાળા ખડસલીમાં - કંઈક મુગ્ધતાથી, કંઈક આશ્ચર્યથી, કંઈક અહોભાવથી. કારણ કે તેમણે અને ધીરીબહેને આંતરજ્ઞાતીય પ્રેમલગ્ન કર્યાં. હું નવમા ધોરણમાં ભણું. (1959) નવલકથા-નવલિકામાં અમે જે વાંચ્યું હતું તે અમે જોઈ રહ્યા હતા. છ દાયકા પહેલાંનો એ સમાજ હતો. જ્ઞાતિઓ પ્રબળ હતી.

મોહનભાઈ લોકભારતીના પ્રથમ જૂથના સ્નાતક. પણ કેવળ ડિગ્રીનો તેમનો હેતુ નહોતો. તેઓ તો વાદળી (sponge) જેવું હૈયું અને બુદ્ધિ લઈને લોકભારતીમાં આવ્યા હતા. તેમણે એવું અને એટલું ગ્રહણ કર્યું કે જીવનભર એ ભાથું ખૂટ્યું નહીં. (જન્મ તા. 9-11-1932) લોકભારતીના ગુરુજનો અનેક રીતે અસામાન્ય એટલે મોહનભાઈ તેમનો મહિમા કરતાં થાકે નહીં. મનુભાઈ પંચોળી કે મૂળશંકરભાઈ ભટ્ટનાં વ્યાખ્યાનો હોય તો તેઓ કેવળ સાંભળે નહીં. એ વિચારોને દિવસો સુધી વાગોળે. માઈધાર સંસ્થામાં 'પ્લેટો, રુસો અને ગાંધીજીનો શિક્ષણ વિચાર' વિશે દર્શકનાં ત્રણ વ્યાખ્યાનો હતાં. સાવરકુંડલાથી મોહનભાઈ પોતાની સાથે પાંચ શિક્ષકોને લઈને આવેલા. શ્રોતાઓ તો માંડ વીસેક - પણ જિજ્ઞાસુ અને અધિકારી. દર્શક વરસ્યા હતા. અને સૌથી વધુ પ્રશ્નો મોહનભાઈએ પૂછ્યા હતા.

લોકભારતી અને દર્શક પાસેથી મોહનભાઈની સૌથી મોટી પ્રાપ્તિ હતી વિચારદીક્ષાની. વિચાર માટેનો પ્રેમ, વિચાર માટેની ધખના. વિચાર ગૂંગળાતો

@GujaratiBooks

હોય તો તેઓ વેદના અનુભવે અને દેશ કે દુનિયામાં કોઈક ખૂણે કોઈ વિચાર માટે ઝઝૂમતું હોય તો તેમનું હૈયું ઓવારણાં લે. દૂરદરાજ કોઈ માણસાઈનો દીવો પ્રગટાવે અને પ્રકાશ પથરાય મોહનભાઈના હૈયામાં. કેવળ રાજી ન થાય, વાત કરીને ન અટકે, પણ એને વિશે લખે કે અન્ય ભાષામાં સરસ લખાણ હોય તો ગુજરાતીમાં અનુવાદ કરીને અનેક જાણ્યા-અજાણ્યા સુધી એ વિચાર, વ્યક્તિ કે ઘટનાને પહોંચાડે. ત્યારે જ એમને જંપ વળે. આ વિચારપ્રીતિ તેમની પાસે લખાવે. વ્યાખ્યાનો ગોઠવાવે, અનુવાદ કરાવે, ખેંચાઈને પણ પુસ્તકરૂપે પ્રગટ કરાવે. સહકાર્યકરોને એમાં વધુ પડતું લાગે, ધૂન લાગે. મોહનભાઈને એ શ્વાસોશ્વાસ જેવું લાગે.

લલ્લુભાઈ શેઠ માટે તેમને બાપ કરતાંય સવાયો આદર. વાંધો પડ્યો અને કુંડલા છોડ્યું. નવસારી નજીક ખરવાણ ગામે વિદ્યાલયના આચાર્ય થયા. એવા નાના ગામમાં બે દિવસનું જ્ઞાનસત્ર યોજ્યું. દર્શક, પેટલીકર, બાબુભાઈ જ. પટેલ તકલીફો ભોગવીને પણ ખરવાણ આવ્યા. પ્રસન્ન થયા અને વક્તવ્યોથી સૌને પ્રસન્ન કર્યા. લલ્લુભાઈએ બોલાવ્યા તો પાછા કુંડલા આવ્યા. કહેતા, 'લડવું હોય તો સામે લલ્લુભાઈ જેવા હોવા જોઈએ.' પછી ક્યાંય એનો ઓછાયો ન દેખાયો. નિવૃત્તિ સુધી સાવરકુંડલામાં શિક્ષક તરીકે રહ્યા. તેમના કેન્દ્રમાં તો વિદ્યાર્થી અને વિદ્યા. મોહનભાઈ એટલે વાતાવરણ. એકાદ ખૂણે બેસીને લખે-વાંચે એવા શિક્ષક નહીં. આખા કુંડલા તાલુકાના અને અમરેલી સુધીના જિજ્ઞાસુઓ માટે શિક્ષણ, સાહિત્ય, સંસ્કૃતિનાં વ્યાખ્યાનોની સરિતા વહેવડાવી. લલ્લુભાઈ શેઠની હૂંફ અને ઘેલાણી ટ્રસ્ટની આર્થિક સહાયથી તેઓ પેટલીકર, યશવંત શુક્લ, દર્શક, મોરારિબાપુ, નારાયણ દેસાઈ, સ્વામી સચ્ચિદાનંદજી, રતુભાઈ અદાણી, ગુણવંત શાહ, રઘુવીર ચૌધરી, વિનોદ ભટ્ટને કુંડલા લાવી શક્યા. એ વ્યાખ્યાનમાળાઓ આકર્ષણરૂપ બની રહી. કાયમી સંભારણું બની રહી. એમ કહેવામાં અતિશયોક્તિ નથી કે આ સૌ વક્તાઓ મોહનભાઈ સાથેના સંબંધને કારણે કુંડલા આવવા રાજી થયા હતા.

મોહનભાઈ આ માટે રાતદિવસ એક કરે. સાવરકુંડલા રેલવેસ્ટેશને સ્વાગતથી લઈને વિદાય સુધી તેઓ દરેક બાબતમાં સક્રિય હોય. એમાં નિવાસ, ભોજન, વ્યાખ્યાનખંડ, પ્રશ્નોત્તરી, ટેઈપ કરવું - બધાંમાં તેઓ યુવાનના તરવરાટથી તરબોળ હોય. વ્યાખ્યાનના મુદ્દાઓની દિવસો સુધી ચર્ચા ચાલે. તેઓ તૃપ્ત હોય કે કુંડલા સુધી આવા વક્તાઓને લાવી શકાયા. ત્યારે વ્યાખ્યાનો ટેઈપરેકોર્ડરમાં ઊતરતાં. તેઓ રાત ઉજાગરા કરીને ધ્વનિરૂપે હોય એને લેખિત સ્વરૂપ

@Gujaratibookz

મોહનભાઈ અને પત્ની ધીરજબહેન

@Gujaratibook2

આપે, તેની પુસ્તિકાઓ પ્રગટ કરાવે. એક શિક્ષક પોતાના શહેર માટે શું કરી શકે એનું આ ઊજળું દૃષ્ટાંત છે.

નિવૃત્તિ પછી કુંડલામાં રહેવાનો આગ્રહ થયો, પરંતુ લલ્લુભાઈ અને જયંતભાઈ દાણી વગરના કુંડલામાં ઘણો ફેર પડી ગયો હતો. તેમણે વતન દાંડીમાં પલાંઠી વાળી. પછી મુખ્યત્વે લેખન અને અનુવાદમાં પ્રવૃત્ત રહ્યા. શરીર ઘસાયું, આંખો નબળી પડી. થોડા દિવસ પહેલાં ફોનમાં કહેતા હતા, 'આંખમાં પાણી આવ્યાં કરે છે, પણ લખવા-વાંચવાનું ચાલે છે.' છેલ્લે સુધી સવારે વહેલા ઊઠવું, ટેબલ સામે બેસી જવું, અનુવાદ કે લેખનનું કામ કરવું એ અખંડ ક્રમ રહ્યો. કલમના સિપાહી બની રહ્યા. એમનાં 77 પુસ્તકો પ્રગટ થયાં છે. (3 પુસ્તકો પ્રકાશાધીન છે.)

તેમની જિજ્ઞાસા વણથાક. મહત્ત્વનાં બધાં સામયિકો વાંચે, પ્રતિભાવ પણ આપે. ફોનમાં નિરાંતે વાત કરે. એમનો ફોન પંદર મિનિટથી ઓછો ભાગ્યે જ હોય. ગુજરાતમાં, દેશ-વિદેશમાં ગાંધીજી કે મનુષ્યત્વને ઉજાગર કરતું જાણે તો એની વાત કરતાં રાજીરાજી થાય. ઉત્સાહથી ઉભરાતા હોય - સંતાનનાં લગ્ન વખતે બાપ પણ એટલો નહીં, હરખાતો હોય. વાતની વચ્ચે આવા ઉદ્‌ગારો આવ્યા કરે - 'અદ્‌ભુત', 'બહુ સરસ', 'કહેવું પડે', 'મસ્ત', 'આ તો નવી જ વાત.'

છએક મહિના પહેલાં મને નર્મદચંદ્રક મળ્યો. તેમને ખબર પડી, ખૂબ રાજી થયા. બધો યશ તેમણે લોકભારતીને આપ્યો. તેમણે કહેલું, 'હું દાંડીનો, ક્યાંય દૂરના ખૂણાનો, તમે નેસડી જેવા ધૂળિયા ગામના, આપણને ઘડ્યા તો લોકભારતીએ. એના શિક્ષકો કેવા મહાન! કેવા દૃષ્ટિવાળા? કેવા વત્સલ?... આપણું આખું જીવન બદલાઈ ગયું. અને એક સાથે કેટલા બધા મોટા શિક્ષકો?... આપણે તો ધન્ય થઈ ગયા... એ એવા મોટા છે કે એમની સરખામણી જ ન થઈ શકે. સૌ પોતપોતાની રીતે મહાન એમની પાસે રહેવાનું મળ્યું એ કાંઈ જેવું તેવું સદ્‌ભાગ્ય નથી. અદ્‌ભુત!'

એમની નજર ચોતરફ રહેતી. કોઈનું વક્તવ્ય, કોઈનો લેખ- જેમાં લોકશાહી મૂલ્યો માટેનો આગ્રહ હોય, માનવીય ગૌરવની વાત હોય, સહન કરનારાની પડખે કોઈ ઊભું રહ્યું હોય તો એ એમને કાળજે બેસી જાય. એને વિશે લખવા કે અનુવાદ કરી ગુજરાતીમાં ઉતારવા પ્રવૃત્ત થતા. તેઓ રહી ન શકતા. જાણે આ પ્રભુદીધું કામ ન હોય!- એ ચીપકો આંદોલન હોય. જે.પી.ની મૂવમેન્ટ હોય, ઇંદિરાજી અને કટોકટી હોય, જનતા સરકારમાં આશા જાગી અને તૂટી પડી હોય, સાંપ્રદાયિકતાનું ગાંડપણ હોય, શિક્ષણનું બજારૂ સ્વરૂપ હોય, ગાંધીજીની દરરોજ હત્યા થતી હોય અને ગાંધીજીને જીવંત રાખવા દેશ-દુનિયામાં પ્રયત્નો થતા હોય - આ સઘળા મોહનભાઈને હૈયે વલોવાટ જગવતા. તેમને માટે આ સમાચાર નહોતા, નિસ્બત હતી.

જીવનના ઉત્તરાર્ધમાં તેમની અનુવાદક તરીકેની ઇમેજ મુખ્ય બની. શું જમ્યા કે શું પહેર્યું એ તેમને માટે ગૌણ હતું. (તેઓ કાયમ ખાદીના સફેદ ઝભ્ભા -લેંઘામાં જ દેખાયા છે.) સત્તાના અહંકારનાં દુષ્પરિણામો તેમને ખળભળાવી દેતાં. કોઈનુંય શોષણ, કોઈનેય થતો અન્યાય તેમને પોતાનો લાગે એ હદે તેમની સંવેદનશીલતા વિકસિત હતી. એટલે અનુવાદ માટે પસંદ કરેલાં લેખકો કે કૃતિઓમાં એ પસંદગી જોઈ શકાય. અનુવાદક મોહનભાઈનું વિશિષ્ટ પ્રદાન છે - કેવળ શબ્દાંતર નહીં, મૂળનું સૌંદર્ય ગુજરાતીમાં ઊતરે એ માટેનો આગ્રહ રાખતા. સ્વામી આનંદ કહેતા તેમ 'ફોદો કે ગાંઠ વગરનું ગદ્ય.' અસ્પષ્ટ કે લંગડાતી વાક્યરચના મોહનભાઈના અનુવાદમાં જોવા નહીં મળે. એથી ગુજરાતી ભાષાના અગ્રગણ્ય અનુવાદકોની હરોળમાં મોહનભાઈ ગૌરવભેર બેસી શક્યા છે.

ગુજરાતીમાં સઆદત હસન મન્ટોને વાચકો સુધી સૌ પ્રથમ પહોંચાડનાર મોહનભાઈ હતા. મન્ટો માટે તેઓ કહેતા, 'કમાલ છે આ માણસ! સાહિત્યકારો અને કોર્ટ આવી રીતે પાછળ પડી ગયાં હોય તો બીજો લેખક ભાંગી પડે, પણ મન્ટો અણનમ યોદ્ધો છે.'

@GujaratiBooks

ગાંધીસ્મૃતિ ટ્રસ્ટ દ્વારા 'સંક્ષિપ્ત પહેલો ગિરમીટીયો'ના લોકાર્પણમાં. ડાબેથી રતિલાલ બોરીસાગર, પ્રસન્નવદન મહેતા, પૂ. મોરારિબાપુ, મોહનભાઈ, માધવ રામાનુજ, ....., જયંતિભાઈ અંધીરીયા

ગિરિરાજ કિશોરની 'પહલા ગિરમીટિયા' દળદાર નવલકથા છે. તેઓ પૂરા જાગ્રત કે ગાંધીજીને ગુજરાતીમાં ઉતારતા પૂરો ન્યાય મળવો જોઈએ. કોઈ શબ્દપ્રયોગ કે રૂઢિપ્રયોગ કે કહેવત કે વિશિષ્ટ વાક્ય પ્રયોગ માટે તેઓ તપાસે, મથે, ગુજરાતીનું સ્વાભાવિક રૂપ આપે. મૂળ લખાણ ગુજરાતીમાં લખાયું હોય એવો અનુભવ કરાવે. મન્ટો, દલિત કૌર, કમલેશ્વર કે નાસિરા શર્માની કૃતિઓ તો સાહિત્યિક ગદ્યવાળી. પ્રાદેશિક છાંટ અને વાતાવરણવાળી. પણ તેઓ અનુવાદમાં આરપાર નીકળ્યા છે. મૂળનાં રસ, પ્રભાવ અને સંવેદન ગુજરાતીમાં અક્ષુણ્ણપણે ઊતર્યાં છે. એક રીતે આવી કૃતિઓ એ મોહનભાઈની કસોટી અને તપ બંને છે. પરંતુ તેમની નિષ્ઠા બધાં વિઘ્નો ઓળંગાવી દે છે. 'પહેલો ગિરમીટિયો' માટે તેમને સાહિત્ય અકાદમી, દિલ્હીનું અનુવાદ પારિતોષિક અપાયું એ એમના શબ્દકર્મ અને અનુવાદકર્મનું ઉચિત ગૌરવ છે.

વળી મૂળ લેખકો સાથે તેમનો અંતરંગ ઘનિષ્ટ સંબંધ બંધાઈ જતો. જાણે પરિવારના સદસ્ય બની જતા. દલિપ કૌરને લખેલા પત્રમાં તેમણે સહજ 'બહેન' સંબોધન કર્યું. અને પત્રના અંતમાં 'આપકા ભાઈ મોહન દાંડીકર' લખ્યું. તો દલિપ કૌરે અનુભવ્યું કે, 'મારો ભાઈ તો મેં ગુમાવ્યો છે, પણ જેમને હું સગાભાઈ ગણી શકું એવા મોહનભાઈ મને મળ્યા. 'મારી ખોટ પુરાઈ ગઈ.' ભાવકો લેખકોની લેખનપ્રક્રિયાથી અવગત થાય માટે ગિરિરાજ કિશોર અને નાસિરા શર્માને અમદાવાદ પણ બોલાવેલાં. સાચું કહીએ તો લોકભારતીનો અને ખાસ તો દર્શકનો 'ભાંગ્યાના ભેરુ થવું, અન્યાય સાંખી ન

@Gurjarbhoomi

લેવો' એ વારસો મોહનભાઈએ શબ્દના સાથથી અવિરામપણે જાળવ્યો.

મિત્રોમાંથી કોઈના પુસ્તકને અવોર્ડ કે પુરસ્કાર મળે તો જાણે પોતે પુરસ્કારાયા હોય એટલા રાજી થાય. પુસ્તકની નકલ ન મળી હોય તો ઠપકો પણ આપે, 'યાર, તમારું પુસ્તક મોકલો. મારે તો વાંચવું જોઈએને?' ફોનમાં પ્રત્યક્ષ મળ્યા હોય એમ પારદર્શક રીતે વાત કરે. કોઈએ ગાંધીજી કે વિનોબા વિશે નાસમજથી લખ્યું હોય, દર્શક વિશે ગેરસમજ કરી હોય, કોઈની બેવડી નીતિ દેખાતી હોય, મોટા કટારલેખકે મૂળ આધાર કે હકીકત તપાસ્યા વિના લખ્યું હોય તો મોહનભાઈ તેમને પત્ર લખે જ. સાચી વિગતો જણાવે. સંકોચ વિના જણાવે. કટારલેખકને ન ગમે તો એ એની મરજી. એક કટારલેખકે ગાંધીવાદીઓ વિશે સૌને એક છાબડામાં મૂકીને સાગમટે લખ્યું તો એમણે પત્ર લખ્યો. કટારલેખક ખજવાળની જેમ લખતા રહ્યા તો એમની સાથેનો ફોન કે પત્રવ્યવહારનો સંબંધ બંધ કરી દીધો. તેઓ પ્રત્યક્ષ વ્યવહારનો ખૂબ ઋજુ અને વિવેકી, પરંતુ વિચારના ક્ષેત્રમાં, મૂલ્યાંકનના ત્રાજવામાં ભળતું ભાળે તો અતિ દૃઢતાથી વર્તે.

તેમની પ્રત્યક્ષ મુસાફરી ઘટી, દાંડીમાં સ્થિર થયા, પણ ઉમળકો, ઉત્સાહ અને નિસ્બત અખંડ રહ્યાં. થોડાં વર્ષો પહેલાં વલસાડથી પાછા વળતાં હું તેમને મળવા દાંડી ગયેલો. તેઓ અને ધીરીબહેન રાજીરાજી. પોતાની દિનચર્યા હોંશપૂર્વક વર્ણવી. અંગોની ક્ષમતા ઘટી એનો જરાય વસવસો નહીં. પોતે જે લખી શક્યા કે અનુવાદરૂપે ઉતારી શક્યા એનો તેમને ભરપૂર સંતોષ હતો. વિચારપ્રેમ અને સહન કરનાર પ્રત્યેની સંવેદનાએ તેમને શરીરની મર્યાદાઓથી ઉપર ઊઠવાનું બળ આપ્યું હતું. દૂર દાંડીમાં તેઓ અને ધીરીબહેન જ હોય (સંતાનો કાર્યસ્થળે હોય) પણ તેમને એકલું ન લાગતું. ફોન યા કલમ તેમના નિત્યસંગાથી બની રહ્યાં. વિદ્યાગુરુ ફાઉન્ડેશને 2015માં તેમનું ગૌરવ કર્યું ત્યારે તેમણે મને ફોનમાં કહેલું, 'સલ્લાભાઈ, આપણે આપણું કામ કરતા રહેવાનું. પુરસ્કાર મળે એ ગમે જ. પણ મૂળ વાત કામ નહીં છોડવાનું. એ આપણા હાથમાં છે.'

મોહનભાઈએ હાથમાં હતું તે પૂરી નિષ્ઠાથી કર્યું, સાતત્યથી કર્યું, શારીરિક મર્યાદાઓ પછી પણ કર્યું. એમનો વિચારનો અને કર્મનો વારસો પુત્રી પારુલે વિકસાવ્યો છે એનો તેમને ભરપૂર સંતોષ હતો. મૃત્યુના બેત્રણ દિવસ પહેલાં સુધી તેઓ લેખનમાં સક્રિય રહ્યા હતા. આ વિચારપ્રીતિએ, સાહિત્યપ્રીતિએ અને શબ્દ-ઉપાસનાએ મોહનભાઈ દાંડીકરને નવી અને સાચી ઓળખ અપાવી છે. આવા શબ્દસેવીઓ હોય એ જ તે ભાષાની પરમ સાર્થકતા છે. (અવસાન : 21.8.2020).

❑❑❑

@Gujaratibookz

# જવાહર બક્ષી

☐ આરાધના ભટ્ટ

*ગુજરાતનો ગઢ ગિરનાર અનેક દંતકથાઓનું અને અનેક દંતકથારૂપ વ્યક્તિત્વોનું જન્મસ્થળ છે. જવાહર બક્ષી ગિરનારી વાણીનું સત્ત્વ ઝીલનાર આપણી ભાષાના અગ્રેસર શાયર છે. પ્રમાણમાં ઓછું સર્જન આપનારા આ સર્જકે છપ્પા, દોહા, કુંડળી, આખ્યાન, ગીત, ભજન જેવાં પરંપરિત સ્વરૂપોના ઢાળ અને લયને અર્વાચીન ગઝલમાં*

*પ્રયોજીને આગવો સર્જનાત્મક ઉન્મેષ પ્રગટ કર્યો. મુશાયરાઓમાં ગેરહાજર રહેનાર આ શાયરની શુદ્ધ કવિતાએ એમને અનેક પારિતોષિકો પ્રાપ્ત કરાવ્યાં છે. ૧૯૯૮થી ૨૦૦૨ દરમ્યાન પ્રગટ થયેલા કાવ્યસંગ્રહો પૈકી એમના 'તારાપણાના શહેરમાં' સંગ્રહને નર્મદચંદ્રક એનાયત થયો છે. મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીએ એમને 'જીવન ગૌરવ પુરસ્કાર' એનાયત કર્યો છે. એ ઉપરાંત 'તારાપણાના શહેરમાં' પુસ્તકને શ્રેષ્ઠ કાવ્યસંગ્રહ તરીકેનો પુરસ્કાર ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય અકાદમીએ આપ્યો. ગઝલ ક્ષેત્રે એમણે કરેલા પ્રદાન બદલ એમને 'કલાપિ એવોર્ડ' પ્રાપ્ત થયો છે. એચ.એમ.વી. અને સારેગામા દ્વારા પ્રસિદ્ધ 'તારો વિયોગ', યુનિવર્સલ મ્યુઝિકનું 'તારા શહેરમાં' અને ટાઈમ્સ મ્યુઝિકનું 'ગઝલ રુહાની'- એમની સ્વરબદ્ધ ગઝલોનાં આલ્બમ છે, જેને માતબર ગુજરાતી કાંઠોએ સ્વર આપ્યા છે. જૂનાગઢના એમના સંસ્કારે એમને નરસિંહની કવિતામાં આધ્યાત્મનો અભ્યાસ કરવા પ્રેર્યા અને એ વિષયક શોધનિબંધ રજૂ કરી એમણે વીર નર્મદ યુનિવર્સિટીની પીએચ.ડીની પદવી મેળવી. આ શોધનિબંધ પાછળથી પુસ્તકાકારે પ્રગટ થયો અને હવે એક જ વર્ષમાં એની બીજી આવૃત્તિ થવા જઈ રહી છે. એમનો વ્યવસાય એકાઉન્ટન્સીનો રહ્યો અને ૧૦ વર્ષના સ્વિત્ઝરલેન્ડ નિવાસ દરમ્યાન ગુરુ શ્રી મહેશ યોગિનું સાંનિધ્ય અને સેવા કરવાની તક એમને સાંપડ્યાં. એમની સાથેનો આ સંવાદ 'ગુણથી ગુણાતીત' અને 'પરથી પરાત્પર'ના આ નિરંતર યાત્રિનો પરિચય બની રહેશે.*

*પ્રશ્ન: જવાહરભાઈ, આપનો જન્મ જૂનાગઢમાં મહાશિવરાત્રીના દિવસે, ભારત સ્વતંત્ર થયું એ વર્ષમાં. આપનાં બાળપણ અને ઉછેર વિશે જાણવાનું કુતૂહલ છે. આપે નાનપણમાં પિતાને ગુમાવ્યા એટલે જીવન સંઘર્ષપૂર્ણ રહ્યું હશે.*

ઉ.: પહેલાં એક ભૂમિકા હું સ્પષ્ટ કરી દઉં, કેમ કે જીવનનું રહસ્ય એ અસ્તિત્વનાં અનેક સ્તર પર રોમાંચક રીતે પમાતું હોય છે. એક વાર ધ્યાનમાં મને મારા પાછલા જન્મના અનુભવ થતા હતા, ત્યારે મેં મારા ગુરુ મહર્ષિ મહેશ યોગીને પૂછ્યું તો એમણે એમ કહ્યું કે એ આપણું ઓછું વિકસિત સ્તર હતું, અત્યારે જે છે તેમાં પાછા આવી જાઓ અને એ જૂનામાં રમમાણ નહીં રહો. પણ આપણે તો કવિહૃદય હતા, એટલે મેં તો મારી આખ્યાન-ગઝલમાં લખ્યું પણ છે કે ''ડગલે-પગલે જાણ્યાં-અણજાણ્યાં સ્મરણોના

મઘમઘ મેળા.
મેળે મેળે અટક્યા ભટક્યા ભૂલ્યાના કંઈ
જલસા માંડ્યા.''

તો આ જલસાઓ માંડવાની નાનપણથી

વૃત્તિ છે. પહેલી વાત એ છે કે જેમ ગીતામાં કહ્યું છે કે 'શુચિનામ્ શ્રીમતામ્ ગેહે યોગભ્રષ્ટોભિ જાયતે.' જે લોકો પુનર્જન્મમાં માનતા નથી એ લોકો માટે આ વાત નકામી છે. આપણા પાછલા જીવનની અંતિમ ક્ષણે જે આપણી દિશા, આપણી ભૂમિકા અને મનનો ભાવ હોય છે એ પ્રમાણે એ થતું હોય છે. પણ જૂનાગઢના મારા પર એટલા બધા ઉપકાર છે કે એ ઉપકાર હું જિંદગીમાં ચૂકવી શકવાનો નથી. એ ગિરનાર, ગીરના જંગલનું વાતાવરણ. એક તરફથી નાગર કુળમાં જન્મ, અને બીજી તરફ એ જમાનામાં આપણે જેને લોકવરણ કહેતા એવા મારા મિત્રો, એટલે હું એમ કહી શકું કે મને લોકસંસ્કૃતિ અને ભદ્ર સંસ્કૃતિનું ઉત્તમ તત્ત્વ મળ્યું. તે ઉપરાંત ત્યાં મિલન નામની સંસ્થા ચાલતી હતી, જેમાં તે વખતે તખ્તસિંહ પરમાર જેવા પ્રબુદ્ધ આચાર્ય અને પિંગળસિંહ ગઢવી જેવા લોકસાહિત્યના મર્મજ્ઞ, તે ઉપરાંત મકરંદભાઈ, 'ઘાયલ', એ બધા આવે અને મનુભાઈ ત્રિવેદી હતા. મારી સાથે સહાધ્યાયીઓમાં હતા રાજેન્દ્ર શુક્લ, મનોજ ખંડેરિયા, શ્યામ સાધુ, વીરુ પુરોહિત. તો એ ત્યાંનું એક પાસું હતું. એ ઉપરાંત ત્યાં અઘોરી, ખાખીથી લઈને તાંત્રિકો મળતા. શિવરાત્રીના મેળામાં અમે જતા ત્યારે હું એ બધા પાસે જતો. જૂનાગઢમાં એક તો પ્રાકૃતિક સૌન્દર્ય એટલું બધું હતું, એ જ રીતે માનવમૂલ્યો, માનવસંઘર્ષો. હું છ બહેનોમાં ઉછરેલો. મારા પિતાનું મૃત્યુ, મારી મોટી બહેન, મારી નાની બહેન, એ ઉપરાંત મારા માસા, કાકી, ફૂવા ગયાં. નાનપણમાં આપણને મૃતદેહ પાસે લઈ જાય, બધા રડતા હોય અને આપણે પૂછીએ કે ક્યાં લઈ જાય છે તો કહે કે ભગવાનને ઘરે લઈ જાય છે. ત્યારે ભગવાન પર આક્રોશ આવે કે આપણા બધા માણસોને લઈ જાય છે અને પાછા મોકલતો નથી. એટલે મૃત્યુ વિશે મારું કુતૂહલ ઉત્કટ થઈ ગયું- કે મૃત્યુ પછી શું છે? મારી ચેતનામાં ક્ષણભંગુરતાની પુષ્ટિ થઈ ગઈ. મારા પિતાનું ખૂન થયેલું, જેની વાત હું અત્યારે કરવા નથી માગતો. એ ડિસ્ટ્રિક્ટ જજ હતા. એ આખી કશ્મકશ હતી. એ મારા યૌવનમાં અને આજે પણ મારી સાથે છે.

*પ્રશ્ન: સાહિત્ય પ્રત્યે લગાવ તો નાનપણથી હતો, વાતાવરણ પણ હતું. છતાં અભ્યાસ આપે એકાઉન્ટન્સીનો કર્યો. આંકડા અને શબ્દનો મેળ ક્યાંથી થઈ ગયો?*

એવું છે કે ભગવાને ઉરતંત્રની સાથે બુદ્ધિ પણ આપેલી. નાનપણથી મારો એક અંગત વિચાર હતો. સંસ્કૃત કવિઓએ ધન, યશ એ બધાંને પણ કવિતાનાં પ્રયોજન તરીકે ગણાવ્યાં છે, પણ મેં નક્કી કરેલું કે મારું અધ્યાત્મ

કે મારા સાહિત્યમાં કોઈપણ ધંધાકીય પરિમાણ ન હોવું જોઈએ. તો મને થયું કે નિર્વાહ કેવી રીતે કરવો? અમારે ત્યાં જૂનાગઢમાં બે પુસ્તકાલય હતાં. હું ખૂબ વાંચતો. સાતમા ધોરણમાં મારા ૯૬-૯૭ ટકા માર્ક આવેલા. મને એમ થયેલું કે આ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનો ધંધો એવો છે કે કંપની ચાલુ થાય તે પહેલાંથી માંડીને તે બંધ થઈ જાય પછી એની જરૂર પડે છે. એટલે મને થયું કે જીવનનિર્વાહ માટે આ ધંધો ઉત્તમ છે. મારું ગણિત બહુ સારું હતું. ગુજરાત બોર્ડમાં મેં મેટ્રિકની પરીક્ષા આપી ત્યારે ગણિતમાં મારા ૧૦૦માંથી ૯૮ માર્ક હતા, અને એને કારણે મને સીડનહેમ કોલેજ જેવી ઉત્તમ કોલેજમાં પ્રવેશ મળી ગયો. એટલે સી.એ. મેં માત્ર જીવનનિર્વાહના ખપ પૂરતું રાખ્યું છે. જ્યારે હું મહેશ યોગી સાથે હતો ત્યારે ૧૧૩ દેશોમાં ૧૧૫ કેન્દ્રો હતાં. એને માટે, આ એકાઉન્ટન્સીને કારણે ઘણું કામ થયું. એમાં હું નિમિત્ત બન્યો. હવે છેલ્લાં પાંત્રીસ વર્ષથી સી.એ.નું કોઈ કામ હું કરતો નથી.

*પ્રશ્ન: આપે ઘણું લખ્યું, પણ પ્રગટ ઘણું ઓછું કર્યું. આવું કેમ?*

પહેલી વાત એ છે કે મેં જે કંઈ લખ્યું એ મારું છે એમ હું માનતો નથી. છતાં 'મારો શેર' કે 'મારી ગઝલ' એવું વ્યવહારમાં બોલવું પડે. પણ મારી જે આધ્યાત્મિક યાત્રા હતી એ જ મારી સર્જનની યાત્રા- મર્યાદામાં અનંતતાને પામવાની. જે ભાવ હોય એને ધીમે ધીમે સૂક્ષ્મતર સુધી જવા દેવો. મેં બળવંતરાય ઠાકોરની વિચારપ્રધાન કવિતાનો પણ ઘણો અભ્યાસ કરેલો. જો એ જીવતા હોત તો મારી અનેક કવિતાને એ વિચારપ્રધાન ગઝલો ગણતે પણ ખરા. કારણકે એમાં મેં એટલું બધું કામ કર્યું છે કે ગુજરાતના વિદ્વાનોને તો એ જોવાનો પણ સમય નથી. એટલું ચોક્કસ કે મેં ક્યારેય કશું સામેથી છપાવવા મોકલ્યું નથી. હું એવું માનતો કે તંત્રી જો સારા હોય તો એ એનું ઉત્તરદાયિત્વ છે કે એ સામેથી સારી રચનાઓ શોધે. અને હું જ્યારે ૧૯૬૪માં ૧૭ વર્ષની ઉંમરે મુંબઈ આવ્યો ત્યારે નક્કી કરેલું કે મુશાયરામાં જવું નહીં અને છપાવવું નહીં. જૂનાગઢમાં મળતા એમ મુંબઈમાં પણ અમે દર અઠવાડિયે બધા સાહિત્યકારો મળતા. એમાં હરીન્દ્ર દવે, સુરેશ દલાલ એ લોકો આવતા અને એ લોકોએ ખૂબ આગ્રહ કરીને મારી પાસે છપાવ્યું. પહેલી વાર હું મરીઝના અવસાન વખતે એક મુશાયરામાં ગયેલો, તે પહેલાં મુંબઈ આવ્યા પછી મેં પચાસેક મુશાયરામાં જવાનાં આમંત્રણ નકારેલાં. અહીં મુંબઈમાં એક શેઠિયા કલ્ચર હતું, એનો મને સખત વિરોધ હતો. કોમર્શિયલ મુશાયરામાં આજ સુધી હું ગયો નથી. એટલે છપાવવાનું,

@GujaratiBooks

જવાહરભાઈ સાથે પત્ની દક્ષા, દીકરી પૂજા, જમાઈ જાગ્રત અને પૌત્ર કબીર

@Gujaratibookz

બધા સમક્ષ રજૂ કરવાનું એ બધું કરવું જ જોઈએ એવું મને કદી લાગતું નથી.

*પ્રશ્ન: ગઝલ-સર્જનની વાત કરીએ. ગઝલનું સર્જન કેટલી હદે ચૈતસિક, કેટલી હદે બૌદ્ધિક પ્રક્રિયા છે? આપની પંક્તિઓ છે 'શક્યતાઓમાં સળગ્યા કર્યો, શબ્દ સાથેની રમત મોંઘી પડી'.*

હા, એ વાત ખરી. મેં આખું જીવન સમર્પિત કરી દીધું. મેં મારા સી.એ.નાં ૧-૨ વર્ષ તો માત્ર ગઝલ લખવા માટે વધાર્યાં. કારણકે હું એમ માનતો કે પ્રારબ્ધમાં છે એ કોઈ ઝૂંટવી શકવાનું નથી અને પરમાત્માએ મારી એટલી કાળજી રાખી છે કે મને આવતી કાલની રોટલીની કોઈ ચિંતા નથી. પણ બંને હોય છે- કવિતા એ ચેતનાની કળા છે, આમ તો એ આત્માની કળા છે. આમાં સાહિત્યના અને દર્શનના એટલા બધા સિદ્ધાંતો છે કે બહુ ખૂલીને વાત કરવી મુશ્કેલ છે. પણ એક મૃત વ્યક્તિ છે એ બોલી શકતી નથી, એટલે કે ચૈતન્ય હોય ત્યારે જ અભિવ્યક્તિનો આખો વ્યાપાર થતો હોય છે. લેખન-સર્જન એ મારે માટે એક આધ્યાત્મિક પ્રક્રિયા છે, એટલે મેં જેમ બને એમ સ્ફુરણા, પ્રેરણા કે મારી પ્રતિભા ઉપર ધ્યાન રાખેલું. જોકે એમાં કચરો પણ આવી શકે. એટલે પોલિશ તો કરવું

જ પડે. બધા સ્વીકારે છે કે કવિતાનું બાહ્ય કલેવર એ બુદ્ધિથી જ ઘડાય છે. છંદ સાચો છે કે નહીં, શબ્દનું ઔચિત્ય એ બધું જોવું જ પડે. મેં મમ્મટથી લઈને પાશ્ચત્ય વિચારકોને પણ વાંચેલા છે. ગઝલનું એવું છે કે એમાં રદીફ-કાફિયાનું બંધન છે, છંદનું બંધન છે અને એના અલંકારો છે. આજે એવું થાય છે કે ભરતનાટ્યમ જેવા નૃત્યને તમે ડિસ્કો સાથે સરખાવી ન શકો. એનું પોતાનું એક લાલિત્ય છે, એનું પોતાનું એક શાસ્ત્ર છે, એના પોતાના અભિવ્યક્તિનાં અનેક રહસ્યો છે. એટલે ગઝલનું હુસ્ને-ખયાલ, એટલે કે કલ્પનાનું સૌન્દર્ય હોય છે, અલંકારશાસ્ત્ર હોય છે, એના લયની આખી કમાલ હોય છે. એનું લાઘવ એ એક બહુ મોટો પડકાર છે. જો મારી ગઝલ કોઈ ધ્યાનથી જુએ તો મારી પહેલાં એ જાતની અભિવ્યક્તિ કોઈએ કરી જ ન હોય. કારણકે મને કોઈ છપાવવાનો કે પ્રસિદ્ધિનો મોહ નહોતો, ખાલી અંદરથી એવું હતું કે કંઈક કરવું જેનાથી આપણને આનંદ આવે અને ચીલાચાલુ ન હોય. એટલે ઉર્દૂનાં શબ્દો અને પ્રતીકો- જામ, બુલબુલ, ચમન, પયમાના, એ બધાંનો ત્યાગ કરેલો. જૂનાગઢમાં જ હું, રાજેન્દ્ર અને મનોજ- અમે ત્રણ જણે નક્કી કરેલું કે આ બધું આપણે કાઢી નાખવું. ગઝલનો સૌથી મોટો પડકાર એ એના સ્વરૂપની જે જડતા છે એમાં સાહજિકતા લાવવાનો. એમાં સ્વયંસ્ફૂરણા હોય અને એની સાથે બ.ક.ઠાની વિચારપ્રધાન કવિતા હોય. એ માટે તમારી પાસે પર્યાય બાહુલ્ય હોવું જોઈએ, તમારું પોતાનું એક દર્શન હોવું જોઈએ. તો આ બધું હું જૂનાગઢથી જ લઈને આવેલો. એટલે શૂન્ય પાલનપુરી, મરીઝ, સૈફ એ બધાને એટલી બધી નવાઈ લાગી કે આ ૧૭-૧૮ વર્ષનો છોકરો આટલું બધું કેવી રીતે જાણે છે. ૧૨ વર્ષે જૂનાગઢના નાગરમંડળમાં પહેલી વાર મેં કાવ્યપઠન કરેલું. પછી મુંબઈ આવ્યો ત્યારે ત્યાં મને જે માહોલ મળ્યો તેમાંથી મને થયું કે કામ કરવું તો આ એક સ્વરૂપમાં જ. જેમ બ.ક.ઠાએ એક સોનેટ શોધ્યું. પણ મેં ગીતો પણ લખ્યાં, 'પરપોટાના કિલ્લા' પુસ્તકમાં મારી રુબાઈ છે, મુક્તક છે, અછાંદસ છે, ત્રિપદી છે. ત્રિપાદ કુંડળનો તો મેં આખો કાવ્યપ્રકાર આપ્યો છે, જે પહેલાં વિશ્વ-સાહિત્યમાં ક્યાંય નહોતો. પણ મારો આશય એ રહ્યો છે કે ગઝલના સ્વરૂપમાં બને એટલી શુદ્ધ કવિતા અને બને એટલી જાતની કવિતા આપવી.

*પ્રશ્ન: ગઝલના પારંપરિક સ્વરૂપ સાથે આપે અનેક પ્રયોગો પણ કર્યા. ગઝલમાં આપ તળપદના લય, તળપદનું ભાવજગત લઈ આવ્યા. વિષય-વૈવિધ્ય, છંદ-વૈવિધ્ય, પણ તમારી ગઝલોમાં છે.*

જૂનાગઢમાં મારો પહેલો સંગ

લોકસાહિત્યનો હતો. દિવાળીબહેન ભીલ મારા ઘેર આવતાં, પ્રાણલાલ વ્યાસ મારા ફળિયામાં રહેતા હતા. કાનજી ભુતા બારોટ, હેમુ ગઢવી વગેરેને સાંભળવા અમે જતા. એનો ખાસ કરીને જે છંદવૈભવ છે, ભલે એને ડિંગળ કહેવામાં આવે છે. જ્યારે મેં ગઝલ લખવાનું શરૂ કર્યું ત્યારે મને એની સ્વરૂપજડતા બહુ નડતી હતી. અને બધા જ એ ઘરેડમાં લખતા હતા. એટલે મને થયું કે આપણા જે તળપદી પ્રકારો છે એમાં પણ પ્રાસ જાળવીને લખી શકાય છે. એટલે દોહા-ગઝલ, ભજન-ગઝલ, આખ્યાન-ગઝલ, ગીત-ગઝલ મેં લખી. એવી જ રીતે રંગતાળીની ગરબી ગઝલ છે. સિતાંશુ યશશ્ચંદ્ર સાથે મુંબઈ ટીવીના પહેલા મુશાયરામાં મેં ઝેન ગઝલ રજૂ કરેલી:

'બેઠો'તો વૃક્ષ નીચે, હવે ભોગવાઉં રે.
ખિસકોલીના અવાજમાં ખેંચાતો જાઉં રે.'

પરંપરાના લોકો આ સ્વીકારતા નહોતા. પણ એમાં કવિતાના જે ઘટકો છે – ભાવ, કલ્પન, નાદ, શબ્દ, વિચાર, અધ્યાત્મ, દર્શન એ બધું મને એમ લાગતું હતું કે ગઝલની સ્વરૂપજડતાને કારણે નહીં આવી શકે. મારી આખ્યાન ગઝલ ૫૦૦ કલાકની મહેનતે મેં લખી તો 'દશે દિશાઓ'વાળી ગઝલ આખેઆખી અનાયાસની ગઝલ છે, જેને ઉર્દૂમાં 'આમદ'ની ગઝલ કહે છે. હું તમને આખ્યાન ગઝલનો એક દાખલો આપું- ક્ષણભંગુરતામાં અનંતતાને પામવાની જે યાત્રા છે, આખ્યાનમાં જેને મુખબંધ કહેવાય છે એને ગઝલમાં અમે મત્લા કહીએ છીએ. તો,

'ભગ્ન સમયની સોય ઉપર એને મળવાના
પાયા બાંધ્યા,
જાત ફનાની સાવ અણી પર પરપોટાના
કિલ્લા બાંધ્યા.'

એટલે પરપોટાને દૃઢ કરીને એના પર કિલ્લો બનાવ્યો. એમાં દસ શેર છે અને જ્યારે તમે ફ્યુઝન કરો છો ત્યારે એ ગઝલની ગઝલ અને આખ્યાનનું આખ્યાન લાગવું જોઈએ.

*પ્રશ્ન: આપે ભજન-ગઝલની વાત કરી એટલે મને આપની પંક્તિઓ "એવો તે કંઈ ઘાટ જીવનને દીધો જી, પરપોટામાં કેદ પવનને કીધો જી" યાદ આવે છે.*

હા, એ મારું પોતાનું દર્શન છે, આખું બ્રહ્માંડ એક જ sourceથી બનેલું છે. હવે તો ક્વોન્ટમ મિકેનિક્સ પણ ત્યાં સુધી પહોંચી ગયું છે. હું જ્યારે ફિલોસોફીનો વિચાર કરું ત્યારે મને એ વાત સમજાય છે કે આ પૃથ્વી પરનું આપણું માનવજીવન છે એ જો આકસ્મિક હોય તો એકીસાથે કરોડો અકસ્માતો સર્જાય તો જ એ શક્ય બને. એટલે સર્જનની પાછળ કોઈ બુદ્ધિ કામ કરે છે, એને આપણે માયા કહીએ કે લીલા કહીએ છીએ. પણ એ

@Gujarathouz

સર્જનશક્તિનો આખો આનંદ છે એ આનંદ જીવનમાં, કવિતામાં, વ્યવહારમાં લેવો એ જ મનુષ્ય જીવનનો એક જલસો છે. એ નિત્યનૂતન છે. હું જ્યારે મારો સ્મૃતિગ્રંથ લખીશ ત્યારે લોકોને ખ્યાલ આવશે કે કેટલા વળાંકોમાંથી હું પસાર થયો છું અને છતાં એનો મને જે આનંદ મળ્યો છે એ અદ્‌ભુત છે, એ વર્ણવી શકાય એમ જ નથી.

*પ્રશ્ન: આપની અનેક ગઝલો સ્વરબદ્ધ થઈ છે. પોતાની રચનાઓ જ્યારે સ્વરબદ્ધ થાય ત્યારે એના સર્જક તરીકે આપ એ સ્વરાંકનોને કઈ રીતે મૂલવો?*

કવિતા એક વસ્તુ છે. ઘણા લોકો આમાં પણ બળવંતરાયને ટાંકે છે, પણ એ લોકો ભૂલી જાય છે કે બળવંતરાયે સંગીત ઉપર એક નિબંધ લખ્યો છે અને એમાં એમણે લખ્યું છે કે સંગીત એ સાહિત્ય કરતાં વધારે ઊંચી કળા છે, અવ્યક્તને વ્યક્ત કરવાનું સંગીતનું જે પરિમાણ છે, નાદનો-સ્વરનો જે વ્યાપ છે એ અદ્‌ભુત છે. એટલે કવિતા અલગ છે. એક વાર કવિતા લખાય પછી એ વાચકની થઈ જાય છે, સંભળાવીએ ત્યારે એ શ્રોતાની થઈ જાય છે. મને મૌખિક પરંપરા માટે એટલું બધું માન હતું કે માત્ર એનું માન રાખવા જ હું મુશાયરામાં જતો. સંગીતકારોની કળા છે એ શબ્દને સૂરમાં ઢાળવાની કળા છે. ખયાલ ગાયકી ધ્રુપદમાંથી વિકસી, એમાં રાગની આખી વિભાવના અને મૂડ બાંધવો, દરેક ગાયકની અભિવ્યક્તિ જુદી હોય છે અને કળાકાર જ્યારે એમાં રમમાણ થઈ જાય છે ત્યારે ભાવ પ્રગટ કરવાની એક ક્ષમતા આવે છે. પુરુષોત્તમ ઉપાધ્યાય, આસિત દેસાઈ, ઉદય મજમુદાર, રજત ધોળકિયા, આલાપ દેસાઈ એ બધાએ મારી અનેક ગઝલો સ્વરબદ્ધ કરી છે. મારું પહેલું આલ્બમ નીનુ મજમુદારે કરેલું. અને મેં એમને કહ્યું કે આપણે બનારસી ઠૂમરી અંગની ગઝલનું સ્વરાંકન બનાવીએ અને મને ખ્યાલ હતો કે કૌમુદીબહેન સિદ્ધેશ્વરી દેવી પાસે તાલીમ લેતાં હતાં. બીજું પુરુષોત્તમે મારી એક પાત્ર-ગઝલ હતી એ કરી, રૂપજીવિનીની ગઝલ.

'એક અણસારનો પડદો છે ને ઘર ખુલ્લું છે,
રોજ બત્તીનો સમય છે ને અંધારું છે'.

એને માટે મેં સૂચન કરેલું કે બાગેશ્રી-અભોગીમાં એને મુજરાનો ઠાઠ આપીને કરીએ. એમાં સુલતાન ખાનની સારંગી લઈએ. આલાપ દેસાઈનું જે 'ગઝલ રુહાની' આલ્બમ છે એ મારી બિલકુલ જાણ બહાર, એમણે એવું નક્કી કર્યું કે જવાહરભાઈના શબ્દો એટલા બધા પ્રભાવશાળી છે કે એમાં આપણે સંગીત સૌથી ઓછું નાખવું. એટલે એમણે એ કાવ્ય-સંગીતની પરંપરામાં કામ કર્યું.

**[અનુસંધાન પૃ. 122]**

# કવિ કાન્તની ખુરશી

## (મારાં ભાવનગરનાં સંસ્મરણો)

☐ પ્રવીણસિંહ ચાવડા

### ૨૦. કોર્ટ ચાલુ આહે

@Gujaratibooks

તે સમયે હું ગુજરાત માધ્યમિક શિક્ષણબોર્ડમાં સેક્રેટરીની જગ્યા પર હતો. આ કેસ માટે લગભગ દર મહિને ભાવનગર જવું પડતું. દરેક વખતે મુદત પડે. આ ચક્ર દોઢ-બે વર્ષ સુધી ચાલ્યું. ઓફિસ છોડીને આમ, એક નાનકડા કામ માટે દિવસ બગાડવો પરવડે નહીં, પણ કોર્ટ એટલે કોર્ટ. મારે કારણે કેસમાં વિલંબ થાય તે પણ હું ઇચ્છતો નહોતો, તેથી એકેવાર મેં મુદત માટે માગણી કરી નહીં.

વહેલી સવારે નીકળવું, ઊઘડતી કોર્ટે હાજર થવું, સરકારી વકીલને એમની નાનકડી ઓફિસમાં મળવું (મને યાદ છે ત્યાં સુધી એમનું નામ પાટડિયા હતું અને સતત તેઓ શરદીની ફરિયાદ કરતા રહેતા), કોર્ટરૂમમાં છેલ્લી હરોળમાં ખુરશી શોધીને બેસી રહેવું બે-ત્રણ-ચાર કલાક.

ક્યારેક તો પહોંચતાંની સાથે જાણ થાય – આજે શો બંધ છે!

પ્રામાણિકતા ખાતર અહીં મારે કબૂલાત કરવી જોઈએ કે એકંદરે આ અનુભવ મારે માટે કંટાળાભર્યો નહોતો. સાથે બે-ત્રણ પુસ્તકો અને પાણીની બોટલ હોય. લગભગ બગોદરા પહોંચીએ ત્યારે સૂર્યોદય થાય. એકાદ-બે પાનાં વાંચો, પાણીની ઘૂંટડી ભરો, બારી બહાર જુઓ. વરવાળા, ધંધૂકા, વલ્લભીપુર. ભાલપ્રદેશની પ્રકૃતિની વિશિષ્ટ છટાઓ.

કોર્ટરૂમમાં તો છટાઓની અનંતતા

આપણી પહેલાં અનેક કેસ આવે. થોડું સમજાય, વધારે ન સમજાય. લીલા જોયા કરો. ખોળામાં ચોપડી તો હોય જ. સ્કૂલમાં ભણતો ત્યારે પણ મને છેલ્લી, બારી પાસેની બેન્ચ જ અનુકૂળ આવતી. ગણિતની નાનકડી ચોપડીની વચ્ચે દળદાર નવલકથા સંતાડીને વાંચવી અને છતાં પકડાઈ જવું નહીં - વિદ્યાર્થી અવસ્થામાં પ્રાપ્ત કરેલી આ સિદ્ધિ મને કોર્ટરૂમમાં તરતો રાખતી.

બે પક્ષના વકીલો વચ્ચે કંઈક સમજૂતી હતી, કોઈને કોઈ બહાને મુદત પડતી. હું આ રમત સમજતો નહોતો એવું નહોતું. બચાવ પક્ષના વકીલ સીનિયર અને બાહોશ હતા. એકવાર એમણે કોર્ટની લોબીમાં મારી સમક્ષ નિખાલસતાથી કહ્યું હતું - જજમેન્ટ શું આવશે તે નક્કી જ છે, આને ઘેર બેસવાનો વારો આવશે. હાલ સસ્પેન્શન પર છે તેથી સસ્પેન્શન એલાવન્સ મળતું રહે છે.

એટલું કે એનાં છોકરાં ભૂખે ન મરે.

એક મુદતે કોર્ટમાં ગયો ત્યારે જોયું કે ખુરશીમાં નવા જજસાહેબ હતા. યુવાન અને ઉત્સાહી. મિજાજ પણ સ્વતંત્ર, કાર્યશૈલી આગવી. અમારો કેસ આવ્યો (અગાઉથી કેસનો અભ્યાસ કરી લીધો હશે એવું લાગ્યું) ત્યારે બંને પક્ષના વકીલોને તતડાવી નાખ્યા - આ અધિકારી એમની ઓફિસનું જવાબદારીનું કામ છોડીને દરેક મુદતે હાજર થાય છે. સરકારી વાહનનો ઉપયોગ થાય છે. પેટ્રોલના પૈસા તમારા ખિસ્સામાંથી નથી આવતા...

ટૂંકમાં, તેજ ઘડીએ મને કઠેડામાં ઊભો કર્યો. બંને વકીલોની દશા ઠોઠ નિશાળિયા જેવી થઈ, કારણ કે એમની આ માટે તૈયારી જ નહોતી. થોડા પ્રશ્નો જજે સીધા મને જ પૂછ્યા. જે બિલમાં મારી સહી હતી તે મેં ઓળખી બતાવી.

દસ-પંદર મિનિટમાં કોર્ટની બહાર. પ્રકરણ સમાપ્ત.

*

'પ્રકરણ સમાપ્ત' એમ લખ્યું તે અમસ્તું નહીં, મારા લખાણમાં ખરેખર મેં આ પ્રકરણ અહીં પૂરું કર્યું હતું. તે પછી બીજાં દસેક પ્રકરણ લખાયાં.

હવે જે લખાશે તે પાછળથી કરેલો ઉમેરો છે.

એકવાર વિચાર આવ્યો કે સાક્ષી તરીકેનું કર્તવ્ય બજાવી હું કોર્ટમાંથી બહાર નીકળ્યો, પણ કેસ તો ચાલુ હતો. અંતે ફેંસલો શો આવશે તે વિશે કોઈને, બચાવપક્ષના વકીલને પણ, દ્વિધા નહોતી, આ સાચું, છતાં હકીકતમાં શું બન્યું તે જાણી લેવું જોઈએ.

મેં વિજય શાહને ફોન કર્યો.

વિજયભાઈ મારા સમયમાં ભાવનગર ઓફિસમાં સીનિયર કલાર્ક હતા. પાછળથી, શૈક્ષણિક લાયકાતના આધારે સીધી ભરતીમાં વર્ગ-૧ના

@Gujaratibooks

અધિકારી બન્યા હતા. નિવૃત્તિ પછી અમદાવાદમાં રહે છે.

આ કેસ અંગે પૂછ્યું તો કહે, 'આપને ખબર નથી, સાહેબ?'

'ના.'

'એ તો નિર્દોષ છૂટી ગયો હતો.'

'નિર્દોષ?'

વિજયભાઈના કહેવા પ્રમાણે, ભીતર જે કંઈ રમતો ખેલાઈ હોય તે, અક્ષરો એના હતા અને સહી એની હતી તે સાબિત થઈ શક્યું નહીં. આરોપી નિર્દોષ છૂટી ગયો હતો એટલું જ નહીં, એને નોકરી પર હાજર કરવામાં આવ્યો હતો અને સસ્પેન્શનના સમયગાળાનો બાકીનો પગાર પણ એને મળ્યો હતો.

વિજયભાઈ સાથેની વાતચીત પૂરી થઈ, મેં એમનો આભાર માન્યો.

પછી નિરાંતે હસ્યો.

ઉચાપત, ફોજદારી કેસ, કોર્ટમાં મારે ભજવવો પડેલો પાઠ - આ બધું લખાયું તે એક પૂર્વધારણા સાથે : કાયદાએ એનું કામ કર્યું હશે, ગુનેગારને સજા મળી હશે અને એને નોકરીમાંથી પાણીચું આપવામાં આવ્યું હશે.

પરંતુ, પરિણામ તો સાવ ઊંધું જ આવ્યું હતું!

અંગ્રેજીમાં એક શબ્દ છેઃ debunking, આપણા સંદર્ભમાં એનો તળપદો અનુવાદ થાય! 'ઉલાળિયું.'

હસી લીધું.

પછી, સ્મરણકથાના લેખક સામે પ્રશ્ન આવ્યોઃ નવા પ્રાપ્ત થયેલા જ્ઞાનના પ્રકાશમાં, અગાઉ ભોળપણથી લખાયેલા લખાણનું કરવું શું?

એને રદ કરવું? ઉચાપતવાળા સમગ્ર કિસ્સાનો આ સ્મરણકથામાં સમાવેશ કરવો તે અનિવાર્ય નથી. એને દૂર કરવામાં આવે તો ગાબડું પડવાનું નથી.

કે પછી, અંતને નજર સમક્ષ રાખીને, જરૂર જણાય ત્યાં સુધારા કરવા નવેસરથી લખવું?

વધારે મૂંઝવે, ક્ષોભનો અનુભવ કરાવે તેવો ભાગ છે કોર્ટ કમ્પાઉન્ડમાં આરોપી તથા તેની પત્ની સાથે થતી મુલાકાતોનો, જેને 'માનવીય તત્ત્વ' એવું ભવ્ય નામ આપવામાં આવ્યું છે.

હું કરુણાનો સાગર બની જતો!

અંતને ધ્યાનમાં લેવામાં આવે તો લખાણનો એ ભાગ હાસ્યાસ્પદ બની જાય છે. એને કાપી નાખવામાં આવે તો-

લાંબી અવઢવ વગર નિર્ણય કર્યો કે, જે છે અને જેવું છે અને તેવું રહેવા દેવું.

એણે ખોટું કર્યું હતું, ગુનેગાર હતો, પરંતુ જુવાન માણસની નોકરી જાય તો કુટુંબ નિરાધાર બની જાય. મારી સહાનુભૂતિ કતલખાને જતાં પશુ (Sacrificial Lamb) પ્રત્યે હતી.

જે તે વખતનું તે સત્ય હતું, આગળપાછળની ઘટનાઓથી તે અસત્ય બની જતું નથી.

**[ક્રમશઃ]**

@Gujaratibookz

# ગુલમહોર

☐ વર્ષા અડાલજા

@Gujaratibookz

**વ**હેલી સવારે અનિલાની આંખ ખૂલી ગઈ, હંમેશની જેમ. પછી તરત ઊઠી ગઈ.

બારી પાસે જઈ પડદો ખોલતાં જ ગુલમહોરે હસીને કેસરછાંટણાં કરતાં એ ભીંજાઈ. બારીની સામેના રસ્તાની ધારે ઊભેલાં બે દ્વારપાળ જેવાં વૃક્ષો, ગુલમહોર અને આમ્રવૃક્ષ. ઉનાળાનું ઝરમર વરસતું સોનેરી તેજ પીને બન્ને રસ રંગથી તરબતર હતાં.

અને હા, પોતે પણ. હજી થોડો સમય આ વૈભવ અકબંધ રહેશે. ગુલમહોરનાં ઝગમગતાં કેસરી ફૂલોનો મુગટ અને આંબા પર આ લૂમેઝૂમે લટકતી લીલીછમ શાખ. પછી વરસતા વરસાદમાં આ કેસરી ફૂલો વહી જશે અને રસ્તા પર પથરાશે કેસરિયા પટકૂળ. બાળકો પથ્થર મારી કેરીઓ તોડી જશે તો પણ આંબો રહેશે નિસ્પૃહ અને સ્થિર.

અને પ્રકૃતિનાં આ સર્જન અને વિસર્જનની લીલાની એ સાક્ષી.

બસ, આ ઊગતા પ્રભાતનો મુઠ્ઠીભર સમય એનો અંગત. સાવ પોતીકો. પોતાના આ ધબકતા હૃદય જેવો. આ નાની બારીમાંથી એ રોજ જુએ છે અનંત આકાશનો ભૂરો ઘુમ્મટ, ઊઘડતા પ્રભાતનો આ મૃદુ ઉજાસ, પંખીઓનો મધુર કલરવ, એમની ઊંચી ઉડાન.. જાણે આ નાનકડી બારીમાંથી દેખાતું વિશાળ વિશ્વ એને નામે લખાયેલી અંગત વિરાસત. એક ચુંબન હવામાં એ તરતું મૂકતી.

પછી બારી તરફ પીઠ કરી એ રસોડામાં જતી, જાણે સંસારમાં ફરી ગૃહપ્રવેશ. પતિ તુષાર, બાળકો આરવ અને ચુટકી. એમનો બ્રેકફાસ્ટ... લંચબોક્સ... હોમવર્ક... સ્કૂલ.... તુષારની કેટકેટલી બૂમ... શું નું શું?

છેલ્લે બાય બાય કહેતાં બારણું બંધ. ચાનો કપ અને તુષારે ફગાવી દીધેલું અખબાર લઈ હાશ કહેતાં બેસતી. પછી વિરાંગનાની જેમ કમ્મર કસતી. હવે ઘર એના હિસ્સાનો ભાગ માગતું. વેરણછેરણ ઘરને ગોઠવતી. અસંખ્ય ઝીણાં ઝીણાં કામ પૂણીના તારની જેમ કંતાતાં એને વીંટળાતાં જતાં. જાણે એ સ્વયં વટસાવિત્રીનું વૃક્ષ!

ડોરબેલ રણકી ઊઠી. અનિલા ઝબકી. ઉતાવળે બારણું ખોલવા ગઈ. દૂધની થેલી હતી પણ ન અખબાર કે ગારબેજને લેવા આવેલો વોચમેન. કેમ મોડું થયું હશે? એ તુષારને ઉઠાડવા ગઈ. આમેય તુષાર ઊંઘણશી. હજી આરવ પણ ઊઠ્યો નહોતો. હે ભગવાન! આજે બધાને મોડું થશે. તુષાર હાથપગ ફેલાવી ભર ઊંઘમાં હતો.

''તુષાર...''

એની નિંદરના ગઢમાંથી એક કાંકરીય ન ખરી. લે! આને કંઈ પડી છે!

''તુ...ષા...ર''

આરવ બગાસું ખાતો આવ્યો,

''પ્લીઝ મોમ, અમને ઊંઘવા દે, તુંય લંબાવી દે.''

''બેટા આજે રવિવાર નથી, મોડું થશે.''

આરવ હસી પડ્યો,

''ભૂલી ગઈને! આઈ ન્યુ''

''પણ શું?''

''મમ્મી, લોકડાઉન છે આજથી. સ્કૂલ, ઓફિસ બધું બંધ. પંદર દિવસ લહેર.''

@Gujarabookz

આરવ ખુશ થતો દોડી ગયો. તુષારે એને ખેંચી લીધી, "મારી ગુલમહોર તો તું અનુ. તું સાચે જ ભૂલી ગઈ હતી કોરોનાને? આખી દુનિયામાં ઢોલ નગારાં વાગે છે...''

"હા ભાઈ હા. અમારું હાઉસવાઈફનું બ્રેઈન રોબોટની જેમ પ્રોગ્રામ્ડ હોય છે તુષાર. ઘરનાં કામ... રસોઈ... બાળકો... અરે! આખો સંસાર ફીડ કરેલો હોય છે, સમજે પતિદેવ!''

તુષારની પર એ ઢળી પડી. પ્રેમની ઉષ્મામાં એ પીગળતી રહી.

* * *

''અનુ, આજકા બ્રેકફાસ્ટકા મેનુ ક્યા હૈ?''

રસોડામાંથી પરસેવે રેબઝેબ અનિલા બહાર આવી પંખા નીચે ઊભી રહી.

"એક આ ગરમી! રોજ રોજ નવું નવું શું બનાવું?''

ચુટકી ઠાવકાઈથી બોલી, "મમ્મી, મને હોટ ચીઝ ટોસ્ટ.''

આરવ, તુષાર ચેસ રમવામાં મશગૂલ હતા, "મોમ મને નો ચીઝ, પોટેટો ટોસ્ટ''

અનિલા સહુને જોતી ઊભી રહી, "અને મને કોઈએ પૂછ્યું નહીં, અનુ તું શું ખાશે?''

તુષાર હસી પડ્યો, "લે! તને શું પૂછવાનું? તું પોતે કિચનક્વીન! ક્યું બચ્ચોં!''

તાળી દેતાં સહુ હસી પડ્યાં.

અનિલાને થયું લીલાંછમ ઘાસના મેદાનમાં દોડતાં એક ઝીણી ફાંસ પગમાં પેસી ગઈ. પતિ, બાળકોને જોતાં એ સ્વસ્થ થઈ. મારો આ રૂડો રૂપાળો સંસાર. હોઠ પર આછો મલકાટ આવ્યો. ચાલ અનુ, વોશિંગ મશીનમાં કપડાં પડ્યાં છે, શાક સમારવાનું છે, બે દિવસથી બાથરૂમ નથી ધોયો. હવે લોકડાઉન ખૂલવાને ક્યાં વાર છે! અનલોક થશે કે યેશુબાઈ કામ પર આવી જશે.

રસોડામાં જતાં એ અટકી અને બેડરૂમની બારી સામે ઊભી રહી ગઈ. મોડી સવારના રસ્તાઓ સૂના હતા. ગુલમહોર અને આમ્રવૃક્ષ જાણે ઉદાસ, માણસો વિના ઝૂરી રહ્યાં હતાં. સોરી દોસ્ત, આજકાલ તમારી ખબર પૂછવાનો સમય નથી મળતો. તમે શૂરવીર છો, વાયરસનો ડર નથી! જુઓ, અમે તો ઘરમાં બંદીવાન છીએ. બસ, હવે થોડા દિવસ પછી મુક્તિ.

રસોડામાં જઈ કૂકર મૂક્યું. શાક સમાર્યું. મોબાઈલમાં ગમતું ગીત મૂક્યું.

પંછી બનુ ઊડતી ફીરું મસ્ત ગગનમેં
આજ મૈં આઝાદ હૂં દુનિયા કે ચમનમેં

કૂકરની સીટીમાં ગીતનો અવાજ દબાઈ ગયો.

કોલેજમાં એ હતી ત્યારે નરગીસ એની ફેવરિટ હિરોઈન. એની ફ્રેન્ડ નમિતા તો રાજ પાછળ પાગલ.

લો, બટેટા બફાઈ ગયા હતા. ઝટ છાલ ઉતારી મેશ કર્યા. આ પોટેટો

ટોસ્ટ... નમિતાને રાજ કપૂરને મળવું જ હતું... ચીઝ ક્યાં મૂક્યું છે!... ખમણીયે નથી મળતી... લહેરાતો, ઝૂમતો સ્વર ગાઈ રહ્યો હતો,

આ જા સનમ મધુર ચાંદનીમેં હમ તુમ મિલે તો....

હા, આ ફિલ્મ તુષાર સાથે જોયેલી પહેલી ફિલ્મ. અંધારામાં એણે હાથ ચૂમી લીધેલો.

એક આ ગરમી! તુષાર ટીવી પર કોરોના માટે સરકાર શું સેફ્ટી મેઝર્સ લઈ રહી છે તે સાંભળતો હતો તે થોડું સંભળાતું હતું... પોટેટો ટોસ્ટમાં મસાલો કર્યો, લો, એય ખલાસ થવા આવ્યો... પછી નમિતા તો આર. કે. સ્ટુડિયો પહોંચી જ ગઈ હતી. એનેય આગ્રહ કરેલો, ચાલ અનુ, ઘરે નહીં કહેવાનું. નહીં આવે? તું સાવ બીકણ છો...

હાશ બ્રેડ છે. ભલું થજો પાડોશી પ્રવીણભાઈનું. પોતાને માટે લાવ્યા ને મારે માટે પણ. કેટલું ઘરનું કામ કરે છે! આ લોકડાઉનમાં ચીજો કેટલી મોંઘી થઈ છે!... ટ્રે પાછી ક્યાં... આ રહી.

ચીઝ ટોસ્ટ... પોટેટો ટોસ્ટ... તુષારના બટેટા-પૌંઆ... એક ગીત એને ક્યાંનું ક્યાં લઈ ગયું! હા, મેજિક. નમિતા તો સ્ટુડિયો પહોંચી પણ ગઈ અને રાજ કપૂર સાથે ફોટો પડાઈ આવેલી. રોજ કોલેજમાં બધાને બતાવતી...

"અ... નુ..."

એ ટ્રે લઈ બહાર આવી. ચેસની ગેમ જામી હતી, ચુટકીએ કાગળ, રંગ બધાથી ડાઈનિંગ ટેબલ ભરી દીધેલું. એ ચિડાઈ ગઈ, "તમે બધાં મને બૂમો પાડો છો અને તમે જ ટેબલ સેટ નથી કર્યું? ક્યાં મૂકું?"

તુષારે આળસ મરડી, "નીચે મૂકી દેને!"

"પછી સાફ કોણ કરશે?"

"દેખા જાયેગા. તું પણ!"

હાથપગમાં ખાલી ચડી ગઈ હોય એમ અનિલાને ઝણઝણાટી થઈ આવી.

"દેખા જાયેગા! પછી મારે જ દેખવાનું છેને! તમને કોઈને ખાવાપીવામાંથી, ચેસમાંથી, ફિલ્મોમાંથી ટાઈમ મળે છે?"

આરવે અનિલાના હાથમાંથી ટ્રે લઈને ટેબલ પર વસ્તુઓ આમતેમ ખસેડી ટ્રે મૂકી.

"કમઓન બુફે બ્રેકફાસ્ટ."

ત્યાં અનિલાનું ધ્યાન ઘડિયાળ તરફ જતાં એ હાંફળી ફાંફળી થઈ ગઈ. ઉતાવળે માસ્ક પહેર્યો.

"અરે! ક્યાં ચાલી?"

આજે ગલીમાં શાકભાજીની વાન આવવાની છે. લાઈન થઈ જશે."

થેલો, પાકિટ લેતાં ચંપલ પહેરી રીતસર દોડી. ચુટકી રડી પડી, "મમ્મીને ભૂખ ન લાગે પપ્પા?"

"અરે હમણાં આવશે."

તુષારે બટેટા-પૌંઆનો ચમચો મોંમાં મૂક્યો એ સાથે બોલી પડ્યો,

"આમાં તો લીંબું જ નથી! એમાં શું

@Gujaratibookz

તમારું પ્રિય સામયિક

નવનીત સમર્પણ

હવે ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ

તમારાં કોમ્પ્યુટર, લેપટોપ, નોટબુક, ટેબ્લેટ કે અન્ય ગેજેટ ઉપર વાંચો

* * *

હમણાં જ ક્લિક કરો

www.navneetsamarpan.com

અને **માણો**

ઉત્તમ, આનંદદાયક

અર્થસભર વાચનનો રસથાળ

એક વર્ષનું લવાજમ

ડાઉનલોડ - રૂ. 220

રીડિંગ - રૂ. 120

અનુકૂળતાઓ:

ગમે ત્યાંથી, ગમે ત્યારે, પાનું ફેરવો, એકસાથે પાનાં જુઓ, પાનાનું કદ મોટું કરી વાંચો


મજા આવે!''

આરવના હાથમાં ટોસ્ટ રહી ગયો, એ પપ્પાને મોં બગાડી ખાતાં જોઈ રહ્યો.

* * *

વેજિટેબલ વાન સામે કુંડાળાં દોરેલાં હતાં, સોશિયલ ડિસ્ટન્સ માટે. અનિલા પહોંચી ત્યારે એનો છઠ્ઠો નંબર હતો. અરે રામ! આમાં ક્યારે મારો નંબર લાગશે! ખૂબ ગરમી થતી હતી. ત્યાં ગળામાં પહેરેલો મોબાઈલ રણક્યો, સ્ક્રીન પર નામ ઝબક્યું: 'નમિતા.'

"હાય નિક્કી!''

"અનુ! ફોન કેમ નથી કરતી?''

અનુએ જોયું, હાશ,બે જણા લાઈનમાંથી ગયા.

"તું શું કરે છે નિક્કી?''

"ડાર્લિંગ અનુડી બીઝી એઝ એવર, પણ તું અત્યારે વરજીની બાહોમેં! હાય મૈં મર જાવાં, બેડરૂમમાં છો ને! યુ નોટી!''

પરસેવો લૂછતાં અનિલા ઊંચીનીચી થઈ જોતી હતી, લે! કાંદા બટેટા ખલાસ!

"અહા.. શું તું પણ નિક્કી..''

''ક્યૂં, સાજન કી બાહોંમે ડિસ્ટર્બ કીયા? તને લહેર છે. તને હતું કે વરજી મને ચોવીસ કલાક પ્રેમ કરે રાઈટ! તો કર પ્રેમ. લોકડાઉન ચાલુ રહેશે.''

હાય! હાય! તુષાર હજી ઘરમાં જ રહેશે અને છોકરાંઓને સ્કૂલ... શું હિસાબ છે? હેં! ૮૦૦ રૂપિયા!

"બાય સ્વીટહાર્ટ મારે ઝૂમ પર

@GujaratiBookz

ઓફિસમાં મિટિંગ છે, બાય.''

અનુ થેલો ખેંચતી લિફ્ટને બદલે દાદર ચડી ઘરે આવી. લિફ્ટ સેનેટાઈઝ હશે કે નહીં કોને ખબર! બારણું હજી ખુલ્લું જ હતું. ઘર અસ્તવ્યસ્ત. તુષાર ફિલ્મ જોતો હતો, ચુટકીએ ડ્રોઈંગબુકનાં પાનાં ફાડ્યાં હતાં.

આખું દૃશ્ય છાતી પર ચડી બેઠું હોય એમ એ હાંફી ગઈ. તીખા સ્વરે બોલી પડી,

"તુષાર...''

"ઓહ, આવી ગઈ અનુ! લીંબું મળ્યાં? એના વિના મજા નથી આવતી.''

અનુને જોરથી કોઈ વસ્તુ જમીન પર ફેંકવાનું મન થઈ ગયું. આરવે બારણું બંધ કર્યું. ચુટકી લટકાથી બોલી,

''હેં ભાઈ! ડોર ખુલ્લું હોય તો કોરોના ઘરમાં ઘૂસી જાય? એ કોરોના કેવો હોય? મારે જોવો છે.''

"તું ટીવી પર રોજ જુએ છેને!''

"કેવું ફાઈન લાલ ફૂલ છે નહીં! પણ ક્યાં છે?''

તુષારે કંટાળાથી કહ્યું, "સ્ટોપ ઇટ ચુટકી.''

અનિલાનું માથું ધમધમતું હતું. કંઈ બોલવા જાય ત્યાં આરવ હાથ પકડી રસોડામાં ખેંચી ગયો અને ઠંડું પાણી આપ્યું.

"તું કેટલી ટાયર્ડ છે! થોડી વાર બેસી જા.''

અનિલા એક ઘૂંટડે ઠંડું પાણી પી ગઈ. ઓહ! તોય છાતીમાં આ બળતરા કેમ શમતી નથી!

* * *

"અનુ! આજે સાદાં દાળભાત, શાક...''

"મેં રેસ્ટોરન્ટ નથી ખોલી તુષાર.''

તુષારના અવાજમાં કડવાશની છાંટ ભળી ગઈ. "એમાં આમ વડચકું ભરવાનું?''

અનિલા પતિના બદલાતા ભાવોને જોઈ રહી.

''ના, હકીકત કહું છું. દાળ, કઠોળ બધું ખૂટવા આવ્યું છે, લખી આપું છું ઓનલાઈન ઓર્ડર કરી દો... કેમ આમ જુઓ છો?''

"હું... એટલે... કે...''

"સાંભળી રહી છું.''

"મારી કંપનીએ એકાઉન્ટમાં પગાર જમા નથી કરાવ્યો. ગયે મહિને પણ... હાફ સેલેરી...'' એનો અવાજ તરડાયો.

"અને તમે મને આજે કહો છો? તો આ રોજ આ ઓનલાઈન શોપિંગ... વિચાર ન કર્યો કે રોજનો ખર્ચો ક્યાંથી કરીશું? હજી ક્યાં સુધી આ પરિસ્થિતિ રહેશે કોને ખબર!''

"વોટ ડુ યુ મીન રોજ ઓનલાઈન શોપિંગ! ટીશર્ટ્સ... ચેસ... બુક્સ... જોઈતી વસ્તુ હતી અને તારી બેનને તેં ૫૦૦૦ રૂપિયાની બેડશીટ ગિફ્ટ આપી...''

અનિલાને પતિ પર ધસી પડવાનું

@Gujaratibookz

મન થઈ આવ્યું, "તમારી જેમ દોસ્તારો પાછળ નથી ઉડાવતી ને ઇરિસ્પોન્સિબલ.''

તુષારનો હોઠ વંકાઈ ગયો, "હું ઇરિસ્પોન્સિબલ! હું ઘર ચલાવું છું, સમજી!''

અનિલાને ખડખડાટ હસી પડવાનું મન થઈ આવ્યું,

"શું! તમે ઘર ચલાવો છો? પત્નીના હાથમાં પૈસા મૂકવાથી ઘર નથી ચાલતું સાહેબ. દિવસરાત સંસારનો ચીચોડો મેં ચલાવ્યો છે. તમે અમારા માટે કર્યું શું?''

બન્ને એકમેકને તાકતાં, માપતાં ઊભા હતાં, ભેખડ પર તોળાઈ રહેલા પથ્થરની જેમ.

"અભિમાન રહેવા દે. મારી બાની જીદ હતી તને વહુ બનાવવાની. તને ગરબા ગાતી જોઈ.

અનિલા સ્તબ્ધ બની ગઈ. વાવાઝોડામાં ઘરમાંથી એક પછી એક ઈંટ પડતી જાય અને એ જીવતી દટાતી હોય એમ ગૂંગળાઈ ગઈ.

''એટલે? તમે બાને ખાતર મને પરણ્યા? આપણે સાથે ગાળેલા દિવસો. એ રાત્રીઓ. એ બધું એમ જ, પ્રેમ વિના... અને આ બાળકો! એટલે, તમે મને કદી ચાહી જ નથી?''

લગ્નના આ ભયાનક સત્યે એને આરપાર વીંધી નાખી. તુષાર અકળાયો. ઓ નો! ક્યાંથી ક્યાં વાત જતી હતી!

"એવું નથી પણ તું બાળકોને વચ્ચે ન લાવ.''

"કેમ નહીં? એમને મેં જણ્યાં છે, ઉછેર્યાં છે. ચુટકી ચાર તાવમાં બેભાન હતી ત્યારે તમે ફોન સાઈલન્ટ રાખી ક્લબમાં ફ્રેન્ડ્ઝ સાથે..''

તુષાર ધસી ગયો, હાથ તોળાયો અને લટકી પડ્યો. માસ્ક પહેર્યા વિના એ બહાર નીકળી ગયો. બારણું ધડામ્ પછડાયું

ચુટકી ડરી ગઈ, ''ભાઈ પપ્પા-મમ્મી ફાઈટ કરે છે?''

"ના. વરસાદ પડે છે, ઠંડી લાગે છે ને! ઓઢાડી દઉં હોં!''

* * *

આખી રાત ધીમી ધારે વરસાદ વરસતો રહ્યો.

પલંગની કિનારીએ સૂતેલી અનિલા આંખમાં ઉજાગરો લઈને ઊઠી ગઈ, બારી પાસે જઈ પડદો ખોલ્યો. નાની બારીમાંથી દેખાતું એનું પોતીકું વિશ્વ સદ્યસ્નાતા ગૃહિણી જેવું સુંદર લાગી રહ્યું હતું. એ અનિમેષ નયને જોઈ રહી. ગુલમહોરનાં કેસરી ફૂલો નિર્જન રસ્તા પર પથરાઈ ગયાં હતાં. પવનમાં આંબાની ડાળીઓ ઝૂલી રહી હતી. હળવો સ્પર્શ થયો. જોયું તો આરવ.

''ઇટ લુક્સ સો બ્યુટીફૂલ નહીં મમ્મી!''

મા-દીકરો રસ્તે વહી જતી કેસરી નદીને નીરખી રહ્યાં.

❑❑❑

@Gujaratibookz

# ઇન ધ સર્વિસ ઓફ કૃષ્ણ

## ઈલસ્ટ્રેટિંગ ધ લાઇવ્ઝ ઓફ એઇટીફોર વૈષ્ણવાઝ ફ્રેમ અ 1702 મેન્યુસ્ક્રિપ્ટ

– અમિલિયા બચરાચ




પ્રસ્તાવના

☐ સુધા ભટ્ટ

@Gujaratibookz

કોઈ પણ દેશની પ્રગતિના પરિપ્રેક્ષ્યમાં તેની સંસ્કૃતિ અને તેના સંસ્કારનો બહુ મોટો ફાળો રહેલો નોંધાયો છે. સદીઓથી આ બે શબ્દોએ અને એની અસરોએ જે-તે દેશની કાયા ઘડી છે. ભારતની જ વાત કરીએ તો આપણી પ્રાચીન સંસ્કૃતિની ધરોહરને કારણે જ, પૂર્વજોને લીધે જ આપણા સંસ્કાર જળવાઈ શક્યા છે. આ બે શબ્દો તો જાણે મહાકાય ઘૂઘવતા પ્રપાતો. તેમાંથી પ્રગટ્યાં ધર્મ, આધ્યાત્મિકતા, સાહિત્ય, જ્ઞાનવિજ્ઞાન, સંગીત, કળા, નૃત્ય, નાટ્યાદિનાં રૂપમાં ખળખળ વહેતાં, કલનાદ કરતાં અસંખ્ય ઝરણાં. વળી એ ઝરણાં ઊછળકૂદ કરતાં, ભૂમિગત થતાં, નદીઓ સ્વરૂપે સર સર સરવા લાગ્યાં અને આપણા મનોજગતની ધરા પુષ્ટ થઈ ખીલી ઊઠી. જનસમુદાયને માટે એ તો એક એવો અનુપમ અવસર અનુભવાયો કે રોજિંદા જીવનની ઘટમાળમાં, ભૌતિક સુખ પાછળની આંધળી દોડમાં, સ્વાર્થના અગ્નિમાં શેકાતા જીવ ઉપર કોઈએ શીતળ લેપ ન લગાડ્યો હોય! સમયાંતરે આ દેશને ઉપનિષદો, વેદો, પુરાણો, મહાકાવ્યો ગ્રંથ સ્વરૂપે મળ્યાં જે આપણે માટે મોંઘેરા અસબાબ સાબિત થયા. આપણું એ સઘળુંય સાહિત્ય સ્વયમ્ સંપૂર્ણ છે જેમાં ધર્મ-માનવધર્મ સહિતની છડી પોકારાઈ છે. એમાં વાર્તા, કથા, શ્લોક,

ગીત ઉપરાંત સાંગિતિક વારસો પણ છે. હા, એ બધામાંથી નીતરે છે જીવનની નીતિ-રીતિ અને અલબત્ત, વિશિષ્ટ ચરિત્રો અને સંદેશાઓ, સમાજને મળ્યા અનેક આચાર્યો, ધર્મગુરુઓ, આદર્શ માનવધર્મના પ્રહરીઓ - જેમણે ભારતની પ્રજાને પ્રભુ સાથે, તેમના સિદ્ધાંત સાથે, તેમના કર્મ અને તેમની લીલા સાથે સંધાન કરાવી આપ્યું.

સમયે સમયે, યુગે યુગે આપણને રાહ ચીંધનાર મશાલચીઓ મળ્યા છે જેમણે કેટલાંક સબળ માધ્યમો વડે ચોક્કસ જનસમૂહને જાગ્રત કરી અલૌકિક આનંદ તરફ ડગ માંડવા પ્રેરિત કર્યા છે - પરમ શક્તિનો પરિચય કરાવ્યો છે અને તેમના હૃદયમાં અખૂટ શ્રદ્ધાના નિરૂપણ માટે તેઓ નિમિત્ત પણ બન્યા છે. અહીં, એક અગત્યની વાત. આવા પરિવર્તનમૂલક પ્રસંગો ભારતમાં અનેક સ્થળોએ, અનેકવાર, અનેક ધર્મોનાં માધ્યમથી ઊભા થયા છે. પણ આજે આપણે એમાંના એક ધર્મના એક સંપ્રદાયના સર્જનાત્મક વિશ્વની વાતના વહાણે ચડી તેમાં ઊંડા ઊતરવું છે અને એક અલભ્ય, અમૂલ્ય ગ્રંથથી ગરિમા માણવા માટેનો પ્રવાસ અને પ્રયાસ કરવો છે.

શ્રી વલ્લભાચાર્યજી

યાદ છે? જર્મન વિદ્વાન ગેટે મહાકવિ કાલિદાસના અભિજ્ઞાન શાકુંતલમ્ - સંસ્કૃત ભાષાના ગ્રંથને પોતાના શિરે પધરાવી ખુશીથી ઝૂમી ઊઠેલા અને આપણી આદિ ભાષા - મૂળ આર્યોની ભાષા સંસ્કૃતનું વૈશ્વિક ગૌરવ કર્યું હતું? એ જ રીતે ઓહાયો - અમેરિકાના ઓબાર્લિન કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર મેડમ અમિલિયા બચરાચને ભારતના વિવિધ ધર્મો, તેના પંથ અને તેને લગતા પ્રાચીન ગ્રંથોના સાહિત્યમાં એટલા માટે રસ પડ્યો કે તેઓ ઓહાયોમાં દક્ષિણ એશિયન ધર્મ અને તેના આનુષંગિક મુદ્દાઓને ભણાવે છે. ઉત્તર ભારતની વ્રજભાષાના ભક્તિ સાહિત્યમાં તેમને વિશેષ રસ રુચિ છે, એને લગતા એમનાં ખાસ સંશોધન, અભ્યાસ અને લગાવને લીધે વૈષ્ણવ ધર્મના પુષ્ટિમાર્ગમાં તેઓ ખંતથી ખૂંપ્યાં. અનેક વિદ્વાનો, ગુરુજનો, આચાર્યો અને કળાવિદોને મળવા તેમણે ભારતમાં ઘણા પ્રવાસો કર્યા અને અમદાવાદમાં તેઓ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત વરિષ્ઠ ચિત્રકાર શ્રી અમિત અંબાલાલના સંપર્કમાં આવ્યાં.

શ્રી અમિતભાઈ પાસે શ્રી સંવત 1758 અર્થાત્ A. D.

1702 (વૈશાખ વદ 17 - રવિવાર) એટલે કે અઢારમી સદીની એક હસ્તપ્રત છે જે વ્રજભાષામાં ગદ્યમાં લખાયેલી 'चौरासी वैष्णवनकी वार्ता' છે. એક અન્ય મત મુજબ - શૈલીને અનુસરતા આ હસ્તપ્રત ઓગણીસમી સદીના પૂર્વાર્ધની પણ હોઈ શકે. આ એક અદ્વિતીય વર્ણન કથા છે. એના જેવું સાહિત્ય એ પહેલાં પ્રાપ્ત થયું જ નથી. મૂળ હસ્તપ્રતના 616 folios (વીંટા) હતા. એમાંના 499 વીંટા ચોર્યાસી વૈષ્ણવોની વાર્તાના હતા. દરેકનું કદ 33 સે.મી. x 19.5 સે.મી. હતું. અન્ય હિસ્સો ''નિજ વાર્તા''નો છે. ચોર્યાસી વૈષ્ણવોવાળા ગ્રંથને અંતે પુષ્પિકા (માહિતી) છે. એ મુજબ આ ગ્રંથના ગૂઢાર્થને વૈષ્ણવોની સમજ સારુ તેમના શ્રેય માટે ખોલીને મૂકવામાં આવેલો.

હવે અમિલિયાની આંખો આ ખજાનો જોઈને વિસ્ફારિત ન થાય તો જ નવાઈ. એમની સંશોધક દૃષ્ટિ, સાહિત્ય અને લલિતકળા પ્રત્યેનો તેમનો પક્ષપાત કામે ચડી ગયાં. જેમ જેમ તેઓ આ હસ્તપ્રતમાંથી પસાર થતાં ગયાં તેમ તેમ એ વાર્તાઓ અને અંદર મુકાયેલાં 85 ચિત્રોનો આંતર સંબંધ સમજતાં ગયાં. અમિતભાઈનો સહકાર, તેમના જ્ઞાનનું ઊંડાણ અને ઊંચાઈ - બન્નેને પામીને પુષ્ટિમાર્ગના ઇતિહાસ અને મર્મ પ્રત્યે તેમના મનમાં પ્રકાશ રેલાતો ગયો. મૂળ હસ્તપ્રતને જોઈ-સમજી તેમાંની કેટલીક

શ્રી નાથજી

વાર્તાઓને અંગ્રેજીમાં ઢાળવાનો તેમનો સંકલ્પ દૃઢ થતો ગયો. શ્રમ અને પ્રેમના સંયુક્ત આવિર્ભાવથી સાકાર થયું તેમનું સંશોધન અને ભાષાંતર. એમાં ભાવ ઉમેરાયો એટલે થયો ભાવાનુવાદ અને લિપ્યંતર. સાંપ્રત અંગ્રેજી વાચકોને ધ્યાને રાખીને તેમણે હિંદી-વ્રજ ભાષાની જાણીતી સુગંધને સાચવી લીધી છે.

ચોર્યાસી વૈષ્ણવોની વાર્તાઓમાંથી પસંદ કરેલી સત્તાવીસ વાર્તાઓનું અનુસર્જન અમિલિયાએ ગ્રંથ સમાન દીસતા સુંદર પુસ્તકમાં ઢાળ્યું છે જેમાં ભારતીય ભાષા અને સંસ્કૃતિનું સન્માન તેમણે સુપેરે સાચવ્યું છે. પુસ્તકનું શીર્ષક છેઃ

In the service of Krishna
Illustrating the Lives of Eighty-

@GujaratiBookz

Four Vaishnavas from a 1702 Manuscript.

હિંદી-વ્રજ ભાષાના આ સાહિત્યને અમિલિયાએ સહજ-સરળ અંગ્રેજી ભાષામાં રસળતું કરવાનો પ્રયત્ન કરતાં કહ્યું કે ''અંગ્રેજીમાં આ પુસ્તકના વાચકને સમર્પણ ભાવનાવાળા પુષ્ટિમાર્ગી હિંદુત્ત્વનો ખ્યાલ હોય કે ન હોય તે સર્વને એ પહોંચે એ માટે આ કામ કર્યું છે. આ ભાવાનુવાદ મૂળ પાઠના હાર્દને લઈને ચાલવા માટે છે.''

ખરેખર, આ પુસ્તકનું અંગ્રેજી પણ આપણને આપણી ભાષા જેવું પોતીકું જ લાગે છે કારણ કે લેખિકાએ એમાં ઝીણામાં ઝીણી વિગતોને સાવધાનીપૂર્વક નિરૂપી છે. જરૂર પડ્યે કેટલીક અનાવશ્યક બાબતોને પડતી મૂકી, તેનું સંક્ષિપ્તિકરણ કર્યું છે. તો વળી ક્યાંક કોઈ સુશોભન ઉમેર્યું છે. સંસ્કૃત શબ્દો અને તેનાં મૂળની ચર્ચા તેમણે વર્તમાન સંસ્કૃત વિદ્વાનો સાથે કરીને અંગ્રેજીમાં શબ્દાન્તે મૂકાતા 'a' (અ) સ્વરને કાઢી નાખ્યો છે. ઉદાહરણ તરીકે Puran, Vraj Maharaj આદિનો પ્રયોગ કર્યો છે - નહિ કે પુરાણા, વ્રજા મહારાજા ઇત્યાદિ. આ પ્રકાશન માટે અમિલિયાએ પુષ્ટિમાર્ગના વારસાને બરકરાર રાખતા ગોસ્વામીજીઓની સલાહ લીધી છે. નિષ્ણાત વાર્તાકારોની મદદથી તેઓ કૃતકૃત્ય થયાં છે. અમિત અંબાલાલના અંગત સંગ્રહને ઉલેચતાં તેમને આ વાર્તાઓની મૂળ પ્રત અને ચિત્રો મળ્યાં અને તેની શૈલી સાથેના આંતર-સંબંધથી તેઓ અવગત થયાં. વ્રજયાત્રાની 'ગાઈડબુક્સ' પણ તેમની રાહબર બની. અમિતભાઈના 'આમુખ' સાથે મેપિન પબ્લિશિંગે આ પુસ્તક બહાર પાડ્યું છે.

ચોર્યાસી વૈષ્ણવો કોણ હતા - એમની વાર્તાઓ કઈ રીતે થઈ, અહીં જે ચિત્રો છે તે ક્યાંથી આવ્યાં એ સંદર્ભો મેળવવા એક ટૂંકી યાત્રા કરીશું? 'બ્રહ્મા-વિષ્ણુ-મહેશ'થી તો સૌ કોઈ વિદિત છે. વળી, વિષ્ણુના દશાવતારમાં આઠમો અવતાર કૃષ્ણનો દર્શાવ્યો છે. ભગવદ્‌ગોમંડળ પ્રમાણે 'વૈષ્ણવ'ની અર્થચ્છાયા અનેકવિધ છે. વિષ્ણુનો ઉપાસક તે વૈષ્ણવ. ભગવદ્‌ગીતામાં કૃષ્ણના વિરાટ સ્વરૂપને પગલે વાસુદેવની ભક્તિ શરૂ થઈ. એ વૈષ્ણવધર્મ મધ્યયુગ પહેલાંનો અસ્તિત્વમાં હતો. એના જ એક માર્ગ-સંપ્રદાય તરીકે 1497-1531 એ.ડી. દરમિયાન આચાર્ય શ્રી વલ્લભાચાર્યજીએ પુષ્ટિ સંપ્રદાયની સ્થાપના કરી. ભગવદ્‌ગોમંડળ 'પુષ્ટિ'ના અનેક અર્થ આપે છે એમાં 'કૃષ્ણકૃપા' અહીં અનુરૂપ લાગે છે. પોષણ, વૃદ્ધિ, સમર્થન આદિ અન્ય અર્થ પણ છે. ભગવાનની બાર શક્તિમાંની એક તે પુષ્ટિ. શ્રી વલ્લભાચાર્યજીએ ઠાકોરજીના બાળસ્વરૂપને બહાલી આપી અને પ્રેમલક્ષણા ભક્તિની લહેર પણ એ જ સમયે શરૂ થઈ. મેવાડના શ્રીનાથજીમાં

@GujaratiBookz



મૂળ પ્રત



પૂરણમલ જેનવાલની વાર્તા

આઠ વર્ષના શ્રી કૃષ્ણની ઝાંખી છે જેમને દિવ્ય જીવાત્મા કહેવાયા. એમને સર્વે પ્રકારની સેવા અર્પણ થાય. પુષ્ટિમાર્ગમાં સેવા એટલે કીર્તન, ભોગ, શૃંગાર, આઠે સમાનાં દર્શન, પદ અને ધોળ. તિલકાયત ગોસ્વામીજી પોતાને કૃષ્ણને પ્યારી ગોપી માની માધુર્યભાવ અનુભવે છે.

પુષ્ટિમાર્ગમાં સેવા આધારિત વિવિધ શૈલીનાં ચિત્રો થયાં છે. ઉત્સવોને અનુરૂપ વસ્ત્રાભૂષણ અને શૃંગારવાળા શ્રીનાથજીનાં ચિત્રો પણ બહુ જ લોકપ્રિય બન્યાં છે. પૂજ્ય ગોસ્વામીજીઓનાં પંચ્યાસીથી પણ વધુ રૂપચિત્રો પ્રાપ્ત થયાં છે. કૃષ્ણ સાથેનાં અવિનાભાવિસંબંધની એ પુષ્ટિ કરે છે. ચિત્રોનાં પાત્રો કમળનયનવાળાં, ભવ્ય મુદ્રાઓવાળાં અને સુંદર વસ્ત્રોવાળાં છે. શ્રી કૃષ્ણલીલાનાં ચિત્રોમાં 'લેન્ડસ્કેપ' અગત્યનાં છે. જેમાં ગામડું, નદી, તળાવ, ટાંકા, પર્વતો, વન-ઉપવન, કદંબઝુંડ, ખજૂરી ભાવકોને મૂળ સ્વરૂપે ત્યાં ઉપસ્થિત હોવાની અનુભૂતિ કરાવતાં. મહાપ્રભુજી શ્રી વલ્લભાચાર્યજીએ વાર્તા સાહિત્યમાં આ બધું નીતિકથા કે ટુચકા તરીકે સહજ વણી લીધું છે. એમના સુપુત્ર અને અનુયાયી વિઠ્ઠલનાથજીના પણ જીવનની વાતો પ્રસિદ્ધ થઈ છે. હવેલીમાં હોય તેવા લીલા-સ્વરૂપોના ભાવનું પણ ચોર્યાસી વૈષ્ણવોની વાર્તામાં નિરૂપણ મળે છે. આ સિવાય પુષ્ટિમાર્ગના અન્ય શિષ્યોની વાર્તા, તેમનું ચરિત્ર પ્રસંગો સહિત આ વાર્તાઓમાં માણવા મળે છે.

ચોર્યાસી વૈષ્ણવની વાર્તાઓના સંકલન સંદર્ભે થોડા મતભેદ છે. વિદ્વાન ગોસ્વામીશ્રી ગોકુલનાથજીના નામ પર બહુધા રસિકો સહમત થાય છે. શ્રી હરિરાયજી પ્રણિત વાર્તાઓના ભાવપ્રકાશ વૈષ્ણવોને માટે સંતચરિત્રો જાણવા માટેનું અગત્યનું સાધન બની રહે છે. ચોર્યાસી લાખ યોનિમાં જે દૈવી જીવો તરીકે ઓળખાયા તેમને મુક્તિ અપાવવા સારું ચોર્યાસી વૈષ્ણવોને પસંદ કરાયા. તેમના ચોર્યાસી પ્રકારો નોંધાયા છે. રાજસી, તામસી, સાત્ત્વિક, નિર્ગુણ વગેરે. આમાંથી નિર્ગુણ અંતરંગ રહેલા ચોર્યાસી વૈષ્ણવોનો અહીં ઉલ્લેખ છે. શ્રી આચાર્યજી-વલ્લભાચાર્યજીનાં બાર અંગો સ્વરૂપાત્મકે. એ પ્રત્યેક અંગમાં સાત-સાત ધર્મો છેઃ ઐશ્વર્ય, યશ, વીર્ય, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય અને સાતમો 'એકધર્મી' આમ, બાર સતા ચોર્યાસી થયા અને તેથી ચોર્યાસી વૈષ્ણવોને આચાર્યજીએ પસંદ કર્યા. વ્રજમાં ચોર્યાસી કોશમાં જે જીવ લીલા-સંબંધી ઓળખાયા તેમને પ્રાપ્ત કરાવવા અર્થે અલૌકિક ચોર્યાસી વૈષ્ણવો પ્રતિનિધિ સ્વરૂપે આચાર્યજીએ ઓળખાવ્યા. એ સૌએ સંતની કક્ષા પ્રાપ્ત કરી અને એમાં ચરિત્રોની ગાથા લોકપ્રિય બની. વૈષ્ણવધર્મનાં તત્ત્વો, પુષ્ટિમાર્ગની મરજાદ (મર્યાદા), સેવા-પદ્ધતિ, બ્રહ્મસંબંધનું તાત્પર્ય, અલૌકિક માનવોનું ધરતી પર વિચરણ, પ્રકૃતિનાં અંગો અને આ બધાંયને સાંકળતી ભોગ, શણગાર, પિછવાઈ, ચિત્રો આદિ કળાઓ ભેગી થઈ તેમાંથી જે સાર નિષ્પન્ન થયો તે સર્વેનો ઉલ્લેખ જુદા જુદા સંદર્ભે અને સ્વરૂપે આ વાર્તાઓમાં થયો છે. આમ, વાચક વ્રજભાષાનો, ગુજરાતી ભાષાનો કે અંગ્રેજી ભાષાનો - કોઈ પણ હોય - આ સઘળા મુદ્દા તેને વાર્તાને સમજવા માટે ઘણા ઉપયોગી થશે તેવી આશા સહેજે રાખી શકાય.

પ્રેમ કામદેવ

આ પુસ્તકની સત્તાવીસ વાર્તાઓમાંથી કેટલીક વાર્તાઓના અંશને પ્રારંભિક પરિચય પૂરતા વાગોળીએ. સાથે સાથે મનમાં ચિત્રોનો અનુબંધ પણ બેસાડીએ તો છસો વર્ષ પહેલાંના આર્ષદ્રષ્ટા ગુરુઓનો શ્રમ સાર્થક થાય અને આ સાહિત્યને હૃદય સરસું ચાંપનાર પરદેશી લેખિકા અમિલિયાને પણ તેના સંશોધન

@GujaratiBook

માટે સંતોષ થાય.

શ્રી. હરિરાયજી આ વાર્તાસંગ્રહના સંપાદક છે. તેમણે દરેક વાતને 'ભાવપ્રકાશ' એટલે સારગ્રહણથી શણગારી છે. તેમનું ચિત્ર પણ અહીં છે. ચિત્રો સ્વયમ્ અહીં વાર્તા કહે છે માટે પુષ્ટિમાર્ગની એ દૃશ્યકળા છે જે એક જાદૂઈ વિશ્વ સર્જે છે. આ ચિત્રો રાજસ્થાની કળાશૈલીનાં છે. પાત્રોની અણિયાળી આંખો - તીણાં નાક તેમની ઓળખ છે. 'ઈન ધ સર્વિસ ઓફ કૃષ્ણ' પુસ્તકના મુખપૃષ્ઠ પર કૃષ્ણ નિત્યલીલાનો પ્રસંગ છે. આસપાસ ભક્તો અને ઘરેલુ સ્વરૂપની ભવ્યતા જણાય છે. આ ચિત્રમાં કૃષ્ણ ડાબી બાજુ જોતાં દેખાય છે. 'પૂંછરી ઈન વ્રજ' ચિત્રમાં કૃષ્ણ ગોપગોપીઓ સાથે ખાવાનું વહેંચી લેતા જણાય છે. રાજસ્થાનની સરહદે ગોવર્ધન પર્વતની પશ્ચિમે એ દૃષ્ટિગોચર થાય છે.

તુલસાંની વાર્તા

પદ્મનાભદાસની વાર્તામાં કથાકાર મથુરાનાથજીના વિશાળ સ્વરૂપની શોધનું વર્ણન છે. યમુના નદીના કાંઠા પર જ્યારે વિનાશ વેરાયો ત્યારે મથુરાનાથજીનું સ્વરૂપ છતું થયું હતું. શ્રી વલ્લભાચાર્યજીની વિનંતીને કારણે એમનું સેવ્ય સ્વરૂપ છતું થયું અને તેઓ આચાર્યજીના ખોળામાં બિરાજ્યા. જ્યારે પદ્મનાભદાસ એ સ્વરૂપને પ્રાપ્ત કરવા ધૈર્યપૂર્વક ઊભેલા દેખાય છે.

પૂરણમલ જૈનવાલની વાર્તામાં કલાકારે પશ્ચાદ્‌ભૂમાં શ્રીનાથજીના શ્વેત મંદિરને દર્શાવ્યું છે. ગર્ભગૃહમાં થતી પ્રવૃત્તિઓ તેમાં દર્શાવાઈ છે. આ સૌથી મોટું ચિત્ર હસ્તપ્રતમાં મુકાયું છે.

'દમલા'ના લાડ નામે જેમને આચાર્યજી સંબોધતા એ દામોદરદાસ હરસાનીએ પોતાની ગોદમાં મસ્તક મૂકીને પોઢેલા આચાર્યજીને ખલેલ ન પહોંચે માટે સાક્ષાત્ શ્રી ગોવર્ધનધરજીને નિકટ આવતાં રોકી લીધા હતા.

જ્ઞાતિપ્રથા અને એનાં બંધનોનો ઉલ્લેખ જેમાં છે એ 'બેટી તુલસાં' સેવક પદ્મનાભદાસની દીકરી છે. આગંતુક વૈષ્ણવે એમને ત્યાં પ્રસાદ ગ્રહણ ન કર્યો એનો એમને રંજ રહી ગયો હતો.

શેઠ પુરુષોત્તમદાસની વાર્તામાં આ નાયકને આચાર્યજીનાં દર્શનની અભિલાષા થઈ. ગુરુજી પૃથ્વીની તેમની પ્રથમ પરિક્રમા કરીને કાશી પધાર્યા ત્યારે શેઠને મણિકર્ણિકા ઘાટે શ્રી આચાર્યજીનાં દર્શન થયાં. તેમણે

@Gujaratibookz

દક્ષિણના રાજા કૃષ્ણદેવની સભામાં માયાવાદનું ખંડન કર્યું તેને કારણે શેઠને અતિ આનંદ થયો.

ઓરિસાના એક ગામ સિંહનંદથી પધારેલાં એક ક્ષત્રિયાણીનાં બાળવિવાહ થયેલાં. થોડા સમયમાં જ વૈધવ્ય આવતાં તેઓ પિયરે રહેવા ગયાં પરંતુ ભાઈ-ભાભી સાથે વૈમનસ્ય થતાં તેઓ મહિયર છોડી ચાલી નીકળ્યાં અને સદ્‌ભાગ્યે તેમનો ભેટો આચાર્યશ્રી વલ્લભાચાર્યજી સાથે થયો. ગુરુજીએ તેમને નવનીતપ્રિયાજીનું સ્વરૂપ સોંપ્યું અને શ્રીકૃષ્ણ સાથેના તેમના દૈવી-આધિદૈવિક સંબંધોનો આરંભ થયો. એ અંગેનું ચિત્ર પણ પુસ્તકમાં મુકાયું છે. કૃષ્ણ સ્વયમ્‌ ક્ષત્રિયાણી પાસે બાળસ્વરૂપે જઈ લાડથી તેમની પાસે ખાવાનું માગતા.

લેખિકાની સરળ છતાં રચનાત્મક ભાષાની પકડને કારણે વાર્તાઓ હૃદયંગમ બની છે. પ્રસંગ નિરૂપણ અને ભાવપ્રકાશની રજૂઆત વાર્તાઓને વધુ ભાવવાહી સ્વરૂપ આપે છે. અંતે બિબ્લિઓગ્રાફી (પુષ્પિકા) વધુ સ્પષ્ટતા માટે મદદરૂપ બને છે. રંગીન મોટા કદનાં વિગતવાર ચિત્રો અને મૂળ લિપિના કેટલાક નમૂનાઓ પુસ્તકમાં પ્રાણ પૂરે છે. બહેન અમિલિયા તો અભિનંદનને પાત્ર છે જ પણ અહીં ફરીથી શ્રી અમિત અંબાલાલને એટલા માટે બિરદાવીએ કે આ આખાય પ્રકલ્પ પાછળના પ્રેરણાસ્રોત તેઓ જ છે. એમનાં ઝીણાં નિરીક્ષણો અને તેમની સટીક વાતો વાચકોને આ વાર્તાઓ વાંચવાનું નોતરું આપે છે. સંત ચરિત્રનાં પાત્રો આ વાર્તાઓ થકી જીવંત થઈ શક્યાં છે અને તેનો મેળ મૂળ વ્રજભાષાની પ્રત સાથે બંધ બેસે છે તે અહોભાગ્ય આપણાં!

❑❑❑

@Gujaratibooks


## 'નવનીત સમર્પણ' લવાજમના દર

| | | | | | |
|---|---|---|---|---|---|
| છૂટક અંક | - | રૂ. 30 | વિશેષ અંક | - | રૂ. 40 |
| એક વર્ષ | - | રૂ. 300 | વિદેશમાં દરિયાઈ માર્ગે | - | રૂ. 1500 |
| બે વર્ષ | - | રૂ. 580 | હવાઈ માર્ગે | - | રૂ. 2600 |
| ત્રણ વર્ષ | - | રૂ. 850 | | | |
| પાંચ વર્ષ | - | રૂ. 1400 | | | |
| દસ વર્ષ | - | રૂ. 2800 | | | |

ઓનલાઈન લવાજમ ભરવાની એકદમ આસાન સેવાનો લાભ લેવા...
http://www.bhavans.info/periodical/pay_online.asp

# ચીન : વિજ્ઞાનની એક મહાસત્તાનાં લેખાંજોખાં

@Gujaratibookz

☐ દીપક જોશી

**તા**જેતરમાં જુદાં જુદાં કારણોસર વિશ્વનું ધ્યાન ચીન પર કેન્દ્રિત થયું છે. ચીનની વધતી જતી શક્તિએ અમેરિકાને પણ પડકાર ફેંક્યો હોવાનું દેખાય છે. વિજ્ઞાન, ટેક્નોલોજી અને ઇજનેરી કૌશલ્યનાં ક્ષેત્રો - જેને આપણે સંયુક્ત રીતે 'વિજ્ઞાન' તરીકે ઓળખીએ છીએ - તેમાં પણ ચીન મહાસત્તા હોવાનું પુરવાર થયું છે. આ ક્ષેત્રોમાં એકાદ દસકાથી વધી રહેલા ચીનના પ્રભુત્વ પાછળ પણ એક અજેય સત્તા બનવાની મહેચ્છા હોવાનું મનાય છે.

વિજ્ઞાનક્ષેત્રે આગેકૂચ કરતા ચીનની અસરો બીજા દેશોના આર્થિક વિકાસ, ઉદ્યમશીલતા અને નવા જ્ઞાનના સર્જન સુધી વિસ્તરી છે. ટીકાકારો આ પરિસ્થિતિને વૈશ્વિક વિજ્ઞાન માટે ભયજનક ગણાવે છે. "The 'China Threat' and the Future of Global Science" જેવાં શીર્ષક ધરાવતા લેખોની સંખ્યા વધી છે. કોઈ પણ દેશ વિજ્ઞાનને પોતાના એજન્ડામાં કેટલું મહત્ત્વ આપે છે? અને તેનાં પરિણામો શું છે? તે સમજવા તે ક્ષેત્ર માટેનો વાર્ષિક ખર્ચ,

પ્રસિદ્ધ થતાં રિસર્ચ પેપર્સની સંખ્યા, કાર્યરત માનવબળ, પેટન્ટસ્ અને મેળવેલ સિદ્ધિઓ ઉપયોગી છે.

વિવિધ માપદંડો આધારિત Nature Index - 2020નાં તારણો પ્રમાણે વિજ્ઞાનનાં સંશોધનક્ષેત્રે ચાઈનિઝ એકેડેમી ઓફ સાયન્સિસ પ્રથમ છે. બીજું સ્થાન મેળવતી હાર્વર્ડ યુનિવર્સિટીને તેના કરતાં અડધા જ અંક પ્રાપ્ત થયા છે. પ્રથમ દસમાં ૮મો અને ૧૦મો ક્રમ પણ ચીનની યુનિવર્સિટીને મળ્યો છે. નેચરલ સાયન્સિઝનાં સંશોધનમાં અમેરિકા પ્રથમ ક્રમે અને ચીન બીજા ક્રમે છે. બેજિંગની ધી યુનિવર્સિટી ઓફ ચાઈનિઝ એકેડેમી ઓફ સાયન્સિઝ (UCAS) વિશ્વની સૌથી ઝડપથી ઉદય પામતી સંસ્થા છે. આ યાદીની પ્રથમ દસ સંસ્થાઓમાં બધી જ ચીનની છે. આવી જ પ્રથમ ૫૦ યુનિવર્સિટીઓમાં ૪૫ ક્રમાંકિત કોલોરાડો સ્ટેટ યુનિવર્સિટી સિવાયની બધીજ સંસ્થાઓ ચીનની છે. અમેરિકાના નેશનલ સાયન્સ ફાઉન્ડેશન (N.S.F.) પ્રમાણે ૨૦૦૦થી ૨૦૧૭ દરમિયાન રિસર્ચ અને ડેવેલેપમેન્ટના ક્ષેત્રે અમેરિકાનો ખર્ચ વાર્ષિક ૪.૩%ના દરે અને ચીનનો ખર્ચ વાર્ષિક ૧૭%ના દરે વધ્યો છે. ૨૦૧૯ના વર્ષમાં અમેરિકાએ R & D પાછળ ૫૮૧ બિલિયન ડોલર, ચીને ૫૧૯ બિલિયન ડોલર અને ભારતે ૯૪ બિલિયન ડોલરનો ખર્ચ કર્યો હતો. દર બે વર્ષે પ્રસિદ્ધ થતા 'સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ ઇન્ડિકેટર્સ રિપોર્ટ' પ્રમાણે હવે અમેરિકા તે ક્ષેત્રનું બિનહરીફ નેતા રહ્યું નથી અને ચીન સ્પર્ધામાં બહુ પાછળ નથી.

વિજ્ઞાનનાં શિક્ષણ-સંશોધન પાછળ વધુ ખર્ચ કરવાથી ચીનમાં ચાઈનિઝ એકેડેમી ઓફ સાયન્સિસ (C.A.S.) અને તે હેઠળની ૧૨૦ જેટલી સંસ્થાઓ ઉપરાંત મહત્ત્વનાં શહેરોમાં વિશ્વસ્તરની સ્વતંત્ર સંસ્થાઓ વિકસી છે. ૧૯૯૦માં ૧૧૬ યુનિવર્સિટીઓને વિશ્વકક્ષાની સંસ્થાઓ બનાવવા માટે પસંદ કરવામાં આવી હતી. ત્યારબાદ એક અન્ય કાર્યક્રમ અંતર્ગત તે પૈકીની ૩૯ યુનિવર્સિટીઓનાં શિક્ષણ-સંશોધનની ગુણવત્તા વિશ્વની ઉત્તમ યુનિવર્સિટીઓની સમકક્ષ બનાવવાનું ચીને નક્કી કર્યું છે.

એક અંદાજ પ્રમાણે વિશ્વમાં કાર્યરત ૭૦ લાખ કરતાં વધારે સંશોધકો પૈકી ચીનમાં ૧૭ લાખ, અમેરિકામાં ૭ લાખ અને ભારતમાં ૩.૫ લાખ હશે. ચીનના પ્રયત્નોનું પરિણામ એ પણ આવ્યું છે કે વધુ અભ્યાસ માટે અમેરિકા કે યુરોપ ગયેલા વૈજ્ઞાનિકો પરત આવ્યા છે. અન્ય દેશોના નાગરિક હોય તેવા વૈજ્ઞાનિકોને પણ ચીન પૂરતી સગવડો, પગાર અને સંશોધન માટે ખાસ ગ્રાન્ટ ફાળવે છે. સ્થાનિક મેન્ડેરીન ભાષાની જાણકારી ન ધરાવતા સંશોધકો માટે ટોચની સંસ્થાઓનું વાતાવરણ મૈત્રીપૂર્ણ

@GujaratiBookz

છે. ૨૦૧૭માં અમેરિકામાંથી ૧૦,૦૦૦ અને યુરોપમાંથી ૫,૦૦૦ જેટલા તજજ્ઞો ચીનમાં સ્થાયી થયા હતા, જેમાં મોટાભાગના ચીની મૂળના હતા. આવા અભિગમે ચીનના વિજ્ઞાનનો વિશ્વસ્તરના વિજ્ઞાન સાથેનો સમન્વય શક્ય બનાવ્યો છે. ચીનની સંશોધન-સંસ્થાઓ માટે વિશ્વના અગ્રણી વૈજ્ઞાનિકો સાથે સહયોગ કરવામાં સરળતા ઊભી થઈ છે.

વિશ્વનાં અગ્રણી સામયિકોમાં ચીની વૈજ્ઞાનિકોનાં રિસર્ચ પેપર્સની સંખ્યા વિજ્ઞાનની દુનિયા ઝડપથી બદલાતી હોવાની સાબિતી છે. એક સર્વે પ્રમાણે ૨૦૧૬માં ચીન દ્વારા ૪,૨૬,૦૦૦ જ્યારે અમેરિકા દ્વારા ૪,૦૯,૦૦૦ જેટલા સંશોધનલેખો પ્રસિદ્ધ થયા હતા. ભારત ૧,૧૦,૦૦૦ના પ્રદાન સાથે ત્રીજા ક્રમે હતું. આ મસમોટી સંખ્યાની સાથે નબળી ગુણવત્તાની સમસ્યા સંકળાયેલી છે. ૨૦૧૭ના એક અહેવાલ પ્રમાણે સંશોધન-સામયિકો દ્વારા પાછા ખેંચી લેવા પડેલા લેખોમાંથી ૫૦% લેખોના લેખકો ચીનના હતા. જે માટેનાં મુખ્ય કારણો પ્રસિદ્ધિ માટે અપનાવાતી ભ્રષ્ટ રીતિરસમો છે. ભૂતિયા લેખકોએ લખેલા, ઉઠાંતરી કરાયેલ સામગ્રી ધરાવતાં સંશોધનપત્રોને વરિષ્ઠ તજજ્ઞો પાસે સમીક્ષા કરાવી લેવાની વ્યવસ્થા પણ આબાદ ગોઠવી શકાય છે. અંગ્રેજીમાં પ્રસિદ્ધ થતાં અગ્રણી સામયિકોમાં એક લેખ છપાવવા 1600 ડોલરથી શરૂ કરી 26,000 ડોલરની દલાલી અપાય છે. છપામણીના આ કાળા બજારનું મુખ્ય કારણ સરકારની રોકડ પુરસ્કાર આપવાની નીતિ હતી. પુરસ્કારની રકમ જે તે સામયિકની પ્રતિષ્ઠા અને તેના 'ઇમ્પેક્ટ ફેક્ટર' ઉપર આધારિત હતી. ગેરરીતિ આચરનારાઓને શિક્ષા કરવાના નિર્ણય સાથે ફેબ્રુઆરી-૨૦૨૦થી રોકડ પુરસ્કારની નીતિ ચીને બંધ કરી છે. વધુમાં માત્ર છપાયેલાં સંશોધનપત્રોના આધારે જ વૈજ્ઞાનિકોની નિમણૂક, બઢતી કે ગ્રાન્ટ નહીં આપવાના આદેશો કરવાની પણ ફરજ પાડી છે.

ચીનની પ્રગતિના આંકડાઓથી પ્રભાવિત થયા વિના અનિવાર્યપણે પુછાતો પ્રશ્ન છે: How much of the future is being invented in Chinese labs? ૨૦૧૯માં ચીન દ્વારા આંતરરાષ્ટ્રીય પેટન્ટસ્ મેળવવા ૫૮,૯૯૦, અમેરિકા દ્વારા ૫૭,૮૪૦ અને જાપાને ૫૨,૬૬૦ અરજીઓ રજૂ કરેલ. આમ, વ્યવહારુ ઉપયોગમાં આવી શકે તેવાં સંશોધનો અને શોધોમાં ચીન આગેવાન બની ચૂક્યું છે.

* કોષોના ક્લોનિંગથી આફ્રિકન લંગૂરનાં જોડકાંને પ્રયોગશાળામાં જ ઉત્પન્ન કરતાં ૨૦૧૮માં ખળભળાટ મચ્યો હતો. કારણ કે મનુષ્યની નજીક ગણાતાં પ્રાણીઓ અંગેનાં આવાં સંશોધનો કેટલાક દેશોમાં તો પ્રતિબંધિત છે. ૨૦૧૫માં ચીનમાં માનવ-ભ્રૂણ પર

@GujaratiBookz

વિશ્વમાં સૌપ્રથમ gene-editingથી જનીનોની મરામતનો પ્રયોગ થયો ત્યારે નીતિશાસ્ત્રીઓએ વિરોધ કરેલો. અગ્રગણ્ય સામયિકોએ તો તે સંશોધન પ્રસિદ્ધ કરવાનો ઇન્કાર કરેલો.

* બેજિંગની જિનોમિક્સ ઇન્સ્ટિટ્યૂટ ખાતે વિશ્વનું સૌથી મોટું જીન સિક્વન્સિંગ સેન્ટર છે. ચાઈના નેશનલ જીન બેંક તેના પ્રકારની દુનિયાની સૌથી મોટી બેંક છે. ત્યાં ૩૦ કરોડ લોકોના DNA એકઠાં કરી ચોક્કસ જનીનોની મરામત દ્વારા વ્યક્તિગત સારવાર હાથ ધરાશે.

* પૃથ્વીથી સૌથી દૂરના સ્થળે ચંદ્ર પર ૨૦૧૯માં સૌપ્રથમ 'સોફ્ટ લેન્ડિંગ' કરનાર યાન ચીનનું હતું. પ્રવાસનના હેતુસર ૨૦૩૦માં સમાનવ અવકાશયાન મોકલવાનું ચીનની ખાનગી કંપનીનું આયોજન છે. તિયાનવેન-૧ નામનું સંપૂર્ણ સ્વદેશી મંગળ મિશન પણ ચીને રવાના કર્યું છે.

* વિશ્વનું સૌથી મોટું ગોળાકાર રેડિયો ટેલિસ્કોપ પણ ચીને બનાવ્યું છે. તે પરગ્રહ પર જીવનની શક્યતા ચકાસવા સૂર્યની ગ્રહમાળાથી પણ દૂરના અંતરેથી મળતાં સિગ્નલ્સ પારખી શકે છે.

* ૨૦૧૮માં એન્ક્રિપ્શન - ગુપ્ત કોડ - થી સુરક્ષિત માહિતી સેટેલાઈટ મારફતે ચીને વિયેના મોકલી હતી. 'ક્વોન્ટમ ઇન્ટરનેટ'ના ઉપયોગનો તે પ્રથમ સફળ પ્રયોગ ગણાય છે.

* ન્યુક્લિયર ફ્યુઝન ટેક્નોલોજીના ઉપયોગથી ટોકામેક નામનો 'કૃત્રિમ સૂર્ય' કાર્યરત થતાં ૧૨ સૂર્યો જેટલી એટલે કે ૩૬૦ મિલિયન ફેરનહીટ ઉષ્ણતામાન જેટલી શક્તિ ઉત્પન્ન કરાશે.

* ૫૮ જેટલાં ન્યુક્લિયર રિએક્ટર્સ ટૂંક સમયમાં એક સાથે કાર્યરત થતાં ચીન અણુઊર્જામાંથી સૌથી વધુ વીજળી પેદા કરતો દેશ બનશે. ચીનમાં વિકસી રહેલ વેનેડિયમ-ફ્લો બેટરી વીજળીનો છ ગણી વધારે ક્ષમતાથી સંગ્રહ કરવામાં ઉપયોગી થશે.

* ૧૦૦ કિ.મી. લાંબી લુપ આકારની ટનલ ધરાવતું Particle Accelerator ચીન બાંધી રહ્યું છે. આ યંત્ર આગળ ૨૭ કિ.મી. લાંબું યુરોપનું Collider વામણું સાબિત થશે. આ સંરચના પાર્ટિકલ ફિઝિક્સના ક્ષેત્રે ક્રાંતિ આણશે.

મહત્ત્વનાં ક્ષેત્રોની ઉપરોક્ત સિદ્ધિઓ ચીનના શાસકો અને સંશોધકોની મહત્ત્વાકાંક્ષા અને સાહસનાં પ્રતીક છે. બીજા વિશ્વયુદ્ધ પછીનાં 'બીગ સાયન્સ'નાં લગભગ ૪૦ વર્ષો માનવસભ્યતાના ઇતિહાસનો એક સૌથી સફળ સમય હતો. અમેરિકા અને યુરોપના દેશો આ સફળતામાં સામેલ હતા. વિચારોની સ્વતંત્રતાના વાતાવરણે દેશ-વિદેશની શ્રેષ્ઠ પ્રતિભાઓને તે દેશોએ આકર્ષી હતી. ચીને વિદેશમાં કાર્યરત વૈજ્ઞાનિકોને આકર્ષવા Thousand Talents પ્રોગ્રામ ઘડેલો. યુરોપમાં સ્થાયી થયેલ કેટલાક વિખ્યાત ચીની વૈજ્ઞાનિકો પરત પણ

@Gujaratibooks

ફર્યા છે. પરંતુ અમેરિકામાં સ્થાયી થયેલ ટોચના ચીની વૈજ્ઞાનિકોને વધારે પગાર-ગ્રાન્ટ-સગવડો આકર્ષી શક્યાં નથી. ચીની સંસ્થાઓમાં ટૂંકા સમયની નિમણૂક મેળવનાર સંશોધકોએ અમેરિકાની પિતૃ-સંસ્થાઓની શોધો ચોરી લીધાના આરોપો પુરવાર થતાં તે કાર્યક્રમ બંધ કરવો પડ્યો છે. અમેરિકામાં કામ કરતાં ચીની વૈજ્ઞાનિકો સામે છેલ્લાં બે વર્ષથી બૌદ્ધિક સંપદાની ચોરી અને જાસૂસીના આરોપોસર થયેલ તપાસોને કારણે ઘણાએ રાજીનામાં આપ્યાં છે કે બરતરફ પણ થયા છે.

અમેરિકા-યુરોપને પહોંચી વળવા ઉતાવળા બનેલા ચીનમાં સ્વતંત્ર દૃષ્ટિકોણ, અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય અને માહિતીનાં આદાન-પ્રદાન ઉપર નિયંત્રણો છે. ચીને પશ્ચિમના વિચારો અને અભિગમો સ્વીકાર્યા છે પરંતુ આદર્શો અને આલોચનાને આવકારવાનો ઇરાદો જણાતો નથી. કોવિડ-૧૯ બીમારીની જાણકારી આપવાનો પ્રયત્ન કરનાર વુહાનના સ્વ. ડો. લી વેન લિયાંગ સાથેના વ્યવહારે ત્યાંના બૌદ્ધિકોમાં અસંતોષ ઊભો કર્યો છે. આઈનેસ્ટ નામની અણુશક્તિક્ષેત્રે કાર્યરત સંસ્થાના ૯૦ વૈજ્ઞાનિકોએ એક સાથે રાજીનામાં આપી દેવાની ઘટના પણ નોંધાઈ છે. તે અંગેનું એક કારણ સામ્યવાદી પક્ષના નેતાઓનું નિયંત્રણ અને મનમાની હોવાના અહેવાલ છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીક્ષેત્રનો ચીનનો ઊંડીને આંખે વળગતો વિકાસ મહદ્અંશે 'Top Down Approach'નું પરિણામ છે. તેમાં પાયાનાં સંશોધનોને ઝાઝું સ્થાન જણાતું નથી. ફિઝિયોલોજી અને મેડિસિનનું ૨૦૧૫નું નોબલ પારિતોષિક મેળવનાર મહિલા વૈજ્ઞાનિક તુ યુયુ સિવાય ચીનમાં જ કાર્યરત હોય તેવા કોઈ વૈજ્ઞાનિકને તે પારિતોષિક પ્રાપ્ત થયું નથી. Techno Nationalismના આવા વાતાવરણમાં સમગ્ર માનવજાતને ઉપકારક નીવડે તેવાં નવોન્મેષો અને નૂતન જ્ઞાનનાં સર્જનની આશા કોણ રાખી શકે?

❑❑❑

પૃથ્વી ઉપર સૌથી વધુ ક્રૂરતા પ્રાણીઓ પર આચરાય છે.
તેઓ યુદ્ધનું એલાન કરતાં નથી,
તેઓ પાસે કોઈ શસ્ત્ર નથી,
તેઓ મનુષ્યોનો વિનાશ કરતાં નથી, કે નથી કોઈ ધર્મ અંગીકાર કરાવતાં.
એમનો જો કોઈ ગુનો હોય તો તે માત્ર એમનું હોવું.

**- અજ્ઞાત**

# હિમાલૈ કી કાંખમેં!

અપૂર્વ હિમશિખરોનાં સાંનિધ્યમાં

@Gujaratibookz

☐ હસમુખ જોષી

'લેકિન આપ પૈદલ ક્યોં ચલ રહે હો?'

ફરીવાર આ પ્રશ્ન પુછાયો ! લગભગ આઠ જેટલી ગાયો સાથે ચાલી રહેલા હિમાલયના એ ગોવાળને તો ચાલ્યા વગર છૂટકો ન હતો, પણ અમારા જેવા પ્રવાસી કોઈ કારણ વગર શા માટે કેડીએ ચાલતા હશે એ વાતનું તેને આશ્ચર્ય હતું. જૂનો સમય હોત તો આવી નવાઈ કોઈને લાગી ન હોત કેમ કે ગંગોત્રીની આ પ્રસિદ્ધ યાત્રાકેડી હતી, પણ ધસમસતાં વાહનોનાં યુગમાં કોઈ ચાલીને શા માટે યાત્રા કરે એ તેની સમજમાં નહોતું આવતું.

મેં પ્રથમવાર તો કહ્યું હતું કે, અમે તો હિમાલયની આ હવા માણવા ચાલી રહ્યા છીએ. આ સાદી વાત તેના મગજમાં બરાબર બેઠી નહીં હોય એટલે તેણે થોડીવાર પછી ફરી પ્રશ્ન દોહરાવ્યો.

મેં તેને થોડું વિગતે સમજાવ્યું કે, આ ગંગા, આ પહાડો, ગામડાંઓ, આ વૃક્ષો અને પંખીઓ જોવાં અને તેમની વચ્ચે થોડો સમય વિતાવવા માટે અમે ચાલી રહ્યા છીએ. આવું બધું અમારા વતનમાં નથી હોતું. આનાથી એના ભોળા

કુતૂહલનું સમાધાન તો નહીં જ થયું હોય પણ પછી અમારી વચ્ચે સારી દોસ્તી બંધાઈ અને ખુલ્લા દિલથી વાતો કરતા થયા. તેની દલીલો સાંભળી અમને રમૂજ થતી.

હું અને મારો મિત્ર ગંગાના કિનારે કિનારે ગંગોત્રી ભણી પદયાત્રા કરી રહ્યા હતા. ઉત્તરકાશી વટાવ્યા પછી આ ગોવાળ સાથે થયો હતો. ત્રણ દિવસ સુધી અમે તેની ગાયો સાથે જ મુસાફરી કરી. એ પણ અમારી જેમ જ સડકે નહીં પણ જૂની ક્ષતવિક્ષત પગદંડી પર જ ચાલતો હતો. તેની પાસે એક નાનો થેલો, છત્રી અને લાકડી એટલો જ સામાન હતો. એક જૂનું સ્વેટર તેણે સતત પહેરેલું રાખ્યું હતું.

'કહાં જા રહે હો ભૈયા?' મેં પૂછ્યું.

'સુખી ડાંડા કે પાર મેદાન હૈ વહાં'.

રસ્તામાં સુખીનો મોટો પહાડ આવતો હતો. પહાડને એ લોકો ડાંડા કહે. તેની ઉપર થઈને એક બે બુગ્યાલ એટલે કે ઘાસનાં મેદાનો તરફ જવાય છે. ઉનાળામાં પશુપાલકો આવાં મેદાનોમાં જઈને રહે છે એ જાણતો હોવાથી તેની વાત તરત સમજાઈ ગઈ.

'કહાં સે આ રહે હો?'

'સિમલી ગાંવ સે, યે બહોત દૂર હૈ.'

મને યાદ આવ્યું, સિમલી ગામ અગાઉના એક ટ્રેક વેળા વચ્ચે આવ્યું હતું. મેં તેને વિગતો કહીને ઠીક ઠીક વિસ્મિત કરી દીધો. (તેને કેમ સમજાવવું કે હું સવાયો ગઢવાલી હતો!) તે સિમલી

@GujaratiBookz

ગઢવાલી ગોપાળ ભૂપિન્દરસિંહ



હિમાલયની ગોદમાં એક અનુપમ દૃશ્ય

ગામમાં નહીં પણ સિમલી અને સિંગોટ ગામની વચ્ચે એક જગ્યાએ આવેલ માલધારી વસાહતમાં રહેતો હતો. આ બન્ને ગામો ઉત્તરકાશી નજીક પહાડોમાં આવેલાં છે.

'ત્યાં ગાયોને ચરવાનું નથી મળતું?'

'નહીં, યે જગા ડાંડાકી કાંખમેં હૈ, ગરમીયોંમેં હમેં મેદાનોમેં જાના હિ પડતા.'

ગઢવાલી ભાષામાં કેટલાક શબ્દો આબાદ જૂની ગુજરાતી ભાષાને મળતા જોવા મળે છે. આપણે ત્યાં પણ પહેલા કાંખ એટલે કે બગલ શબ્દ વપરાતો હતો.

તેની પાસેથી ઘણી વિગતો જાણવા મળી. તેની પત્ની ઘેર રહી નાનકડું ખેતર સંભાળતી હતી, મોટી પુત્રી પરણાવીને સાસરે વળાવી હતી અને સત્તર વરસનો પુત્ર એક સંબંધી સાથે દિલ્હીમાં રહી કોઈને ત્યાં ઘરઘાટી તરીકે કામ કરતો હતો! પોતે ક્યારેય દિલ્હી ગયો ન હતો પણ તેની વાતોમાં આશા ટપકતી હતી કે થોડાં વરસોમાં એ પણ દિલ્હી જઈને રહેશે!

ક્યાં આ દેવતાઈ ભૂમિ અને ક્યાં દિલ્હીની ભીડ, પ્રદૂષણ અને સતત ચાલતી દોડધામ? પણ ખાસ નવાઈ ન લાગી. પલાયન નામનો એક શાપ આ સ્વર્ગીય પ્રદેશ પર ઊતરી આવ્યો છે એ હકીકત સ્વીકારવી પડે એમ છે. ગામડાંઓ ઉજ્જડ થઈ રહ્યાં છે, નવી પેઢીના યુવાનોને ખેતી કે પશુપાલન ગમતું નથી. શહેરની ઝૂંપડપટ્ટીમાં ભલે રહેવું પડે પણ પર્વતોની રળિયામણી પણ અભાવોથી ભરેલી ગોદમાં તો નહીં જ! ચીડ, દેવદારનાં જંગલોમાંથી વહેતા સ્ફૂર્તિદાયક પવનનું તેમને મન કોઈ મૂલ્ય નથી રહ્યું. પર્વતો પરથી ઊતરતાં નિર્મળ ઝરણાં તેમને આકર્ષી

@Gujaratibookz

શકતાં નથી. તેઓને કલ્પના પણ નથી કે કેવી પરીકથાના પ્રદેશ જેવી આ પ્રાકૃતિક દોલત તેમને અનાયાસે જ વારસામાં મળી છે. શહેરોની સમૃદ્ધિનો લોભાવનારો પણ છેતરામણો રંગ દરેકની આંખમાં જોવા મળે છે!

મેં પોતે અનેક દુર્ગમ ટ્રેક વખતે એવાં ઘણાં ગામડાં અને વસ્તીઓ જોયાં છે કે જ્યાં હવે ભાગ્યે કોઈ માણસ જોવા મળે, જે હોય તે ઘરડા લોકો જ હોય. ભાંગવાની અણી પર આવેલાં મકાનો અને વેરાન થઈ ગયેલાં ખેતરો. ચો તરફ સૂનકાર. મન ગમગીનીથી ભરાઈ જાય પણ શહેરો તરફનો ધસારો એક લાંબી વિચારણા માગી લે એવો છે. રોજગારીનો મોટો પ્રશ્ન તો ખરો જ, સાથે લોકોની માનસિકતા પણ એવી થઈ ગઈ છે કે તેઓ હવે પહાડી જીવનની હાડમારી વધારે ભોગવવા તૈયાર નથી. પલાયનનો પ્રશ્ન દિવસે દિવસે ગંભીર થતો જાય છે.

એક સુંદર પુરાણી પગદંડી ઉપર અમે ચાલી રહ્યા હતા. નીચે ખીણમાં ગંગાનાં નિર્મળ પાણી વહી રહ્યાં હતાં. એપ્રિલનો સમય હતો અને હજુ ઉપરના પહાડોમાં બરફ ઓગળવાનું શરૂ ન થયું હોવાથી નદીમાં ઓછું પણ એકદમ સ્વચ્છ પાણી વહેતું હતું. અમારી અને ગંગાની વચ્ચે ગંગોત્રી સડક દેખાતી હતી પણ હજુ યાત્રા ચાલુ થવાને વાર હોવાથી ભાગ્યે કોઈ વાહન ત્યાં જોવા મળતું. રસ્તામાં ઝરણાં ઓળંગવાનાં થતાં ત્યાં અમારો ગોપાળ ગાયોની 'તીસ' છિપાવવા ઊભો રહેતો. થોડા થોડા કલાકે એકાદ સારું ચરિયાણ આવે ત્યારે એ ગાયોને ચરવાનો સમય આપતો. સાથે નાનાં વાછરું પણ હતાં એટલે સફર સાવ ધીમે ચાલતી હતી. અમારે પણ કોઈ ઉતાવળ ન હતી. હિમાલયની અનુભૂતિ સાથે આ હિમાલયપુત્રની વાતો સાંભળવાની ભારે મજા આવતી હતી. પહાડી જીવનની અનેક રસપ્રદ વાતો તેની પાસેથી સમજવા મળતી હતી. અમારે બપોરે ભોજન માટે સડક પર વસેલા કોઈને કોઈ ગામ સુધી ઊતરવું પડતું. તેને સાથે આવવા આગ્રહ કરતા પણ એ પોતાની ગાયો છોડીને આવી ન શકતો, તેને ડર હતો કે ક્યાંય ગાયો કોઈના ખેતરમાં જઈ નુકસાન કરે. એ જાતે જ થેલામાંથી લોટ કાઢીને રોટી બનાવતો અને એકાદ ગાય દોહીને દૂધ સાથે ખાતો. ક્યારેક 'ભૂજ્જી'(ભાજી) પણ બનાવે. અમે તેને માટે ખાદ્ય સામગ્રી લાવતા તેને પણ આનંદથી ન્યાય આપતો. અમારી વચ્ચે જાણે વરસો જૂની મૈત્રી હતી!

સાથે ગાયો હોવાથી તેને માટે કોઈ ગામડામાં રાત રોકાવું શક્ય ન હતું, જંગલમાં પહાડની ભેખડો આડે જ રાત વિતાવવી પડતી. અમે ગામડાના કોઈ ઘરમાં આશરો શોધતા. વહેલી સવારે ગામ છોડીને જંગલમાં પ્રવેશતાં જ તેનો હસતો ચહેરો જોવા મળતો. દૂરથી જ

@GujaratiBooks

ઊંડી ખીણમાં વહેતી ભાગીરથી ગંગા

એ હાથ હલાવીને અમારું સ્વાગત કરતો.

ખેતરોમાં હજુ ઘઉં અને સરસવનો પાક લહેરાતો હતો. પહાડો વચ્ચે એ નાનાં નાનાં પગથિયાં જેવાં ખેતરો એવું સુંદર સંયોજન રચે કે બસ જોતા જ રહીએ. દૂર ઉત્તરમાં હિમભર્યાં પવિત્ર શિખરો ઊભાં હતાં. તેમના સાંનિધ્યમાં ચાલવું એ અવર્ણનીય લહાવો હતો.. લગભગ રોજ થોડો ઘણો વરસાદ આવી જ જતો. તે છત્રી ખોલતો અને અમે રેઈનકોટમાં ઢબુરાતા.

એક સાંજે અમે પહાડોની કેડે વસેલા નાના એવા ગંગનાણી ગામે પહોંચ્યા. ખૂબ નીચે ગંગાનો પાવન પ્રવાહ વહેતો હતો. તેની સામે પાર સડક અને ગરમ પાણીનું પ્રસિદ્ધ ઝરણું દેખાતું હતું. વાહન માર્ગે જનાર પ્રવાસી ત્યાં થોભતા હોવાથી ત્યાં સારી એવી વસ્તી વસી હોવાથી ગામ કરતાં પણ કંઈક વધારે ચહલપહલ જોઈ શકાતી હતી! ઊંચાઈ પરથી એ બધું રમકડાં જેવું દેખાતું હતું. હિમાલયની વિશાળતા એટલે દરેક પરિબળ ભવ્ય અને વિરાટ જ હોય. આપણી જાત સાવ વામણી લાગે પણ જો તેની સાથે તાદાત્મ્ય સાધી શકાય તો આપણે પણ એ વિશાળતાનો એક અંશ હોવાની અનુભૂતિ થાય!

સુખીના પહાડની ચડાઈ હવે દૂર ન હતી. ગોપાળનો સાથ હવે એક દિવસ જ રહેવાનો હતો. વળતા દિવસે તો અમે સુખી પાર કરી જવાના હતા. તે ગામ પાર કરીને આગળ ગયો અને અમે ગામમાં રાત્રી રોકાણ કર્યું.

વહેલી સવારે પહાડ ઊતરીને ગંગાની

સામે પાર ગયા અને ગરમ પાણીમાં ધરાઈને સ્નાન કર્યું. રોજ રોજ ગંગાનાં કે કોઈ ઝરણાનાં હિમ જેવાં પાણીમાં નહાઈ નહાઈને કઠણ થયેલાં અમારાં અંગો કંઈક નરમ થયાં ! પરત ગંગનાણી આવ્યા ત્યારે ઉત્તરની હિમક્ષેણી પર સૂર્યોદયનો સોનેરી રંગ પથરાયો હતો. જાણે કોઈ અપાર્થિવ દુનિયામાં હોઈએ એવું વિસ્મય એ દૃશ્યો જોઈને થાય. રોજ રોજ જુઓ છતાં એની કાવ્યમયતા ક્યારેય ઓછી થતી નથી.

ગંગનાણી ગામ કંઈ રોડથી બહુ દૂર તો ન હતું અને જીપ માર્ગ તો ત્યાં પહોંચી ગયો હતો છતાં એ ગામમાં હજુ ઘણું જૂનુંપુરાણું સૌંદર્ય સચવાયું હતું. પહાડી શૈલીનાં મકાનો અને તેના સ્લેટિયા પથ્થરની છિપરો ઢાંકેલાં છાપરાં તરત જ નજર ખેંચી લે. અમારા આગમને ગામમાં ભારે કુતૂહલ ઊભું કર્યું હતું, કેમ કે ગંગોત્રીની પદયાત્રા કરનારા તો ઘણા લોકો હોય છે પણ એ બધા લગભગ સડકે ચાલનારા હોય. જૂની યાત્રાકેડી પકડીને ચાલનારા ભાગ્યે કોઈ હશે ! એ ઐતિહાસિક કહેવાય એવી પગદંડીઓ હવે તો ભૂંસાઈ જવા આવી છે. કેટલીક જગ્યાએ એ મુખ્ય સડકને મળી જઈ વિસ્મૃત પણ થઈ ગઈ છે. અમારે પણ આગળ જતાં સડકે જ ચાલવું પડ્યું હતું.

ગામ છોડીને થોડીવારમાં જ ખેતરો વટાવીને સુંદર ચીડવનમાં પ્રવેશ કર્યો. અહીં એક જગ્યાએ અમારો ગોવાળ રાહ જોતો બેઠો હતો. અમને આવેલા જોઈ તેનું મોં મલકી ઊઠ્યું, હાથ લાંબો કરીને એક ઝાડી બતાવી અને બોલ્યો,

'વહાં એક લંમપૂંછડિયા થા, આપને દેર કર દી, વો ચલા ગયા'

તેનો લંમપૂંછડિયો એટલે હિમાલયનું એક પ્રસિદ્ધ પંખી (રેડ બીલ બ્લ્યુ મેગપાઈ). ચાર દિવસથી અમે સાથે જ મુસાફરી કરતા હોવાથી તે મારા અનેક શોખ જાણી ગયો હતો. પંખીઓ પાછળ હું જે રીતે પાગલ થતો એ જોઈને તે ભારે નવાઈ પામતો. પંખી જોવાનો પણ શોખ હોય એ તેની સમજ બહાર હતું, હિમાલયનાં પંખીઓ વિશે તો હું તેના કરતાં વધારે જાણતો હોઈશ પણ તેની પાસેથી કેટલાંક પંખીનાં સ્થાનિક નામો સાંભળવાની મજા આવતી.

તેનો આનંદ બે વસ્તુઓમાં સમાયેલો હતો, જ્યાં ગાયોને ચરવાનું ઠેકાણું આવે ત્યાં બેસીને ચા બનાવવી અને પછી થેલામાંથી નાનો હૂકો કાઢીને ગડગડાવવો!

મેં તેને દૂધ વિશે પૂછેલું કે, ઊંચે મેદાનમાં હો ત્યારે આટલું બધું દૂધનું શું કરો? તેનો જવાબ હતો કે, અમે આ દૂધનું 'ચીઝ' અને ઘી બનાવીએ, વેપારીઓ આવી લઈ જાય. તેણે ખરેખર ચીઝ શબ્દ વાપર્યો હતો. જો કે તેનું ચીઝ એટલે આપણે જેને માવો કહીએ તે! ખૂબ ઊંચાઈ પર આવેલા બુગ્યાલોમાં ઉનાળામાં પણ વાતાવરણ એકદમ ઠંડું

@Gujaratibookz

હોય એટલે દૂધ જલદી બગડવાની શક્યતા નહીં. ત્યાં બીજા માલધારીઓ પણ હોય અને ઘી તેમજ માવો બનાવવા માટે એ બધા વચ્ચે સહિયારાં વાસણો હોય છે. સમય સમય પર નીચેનાં શહેરોમાંથી વેપારીઓ આવીને તેમનો માલ ખરીદી લે. માવાનો ઉપયોગ ગામ કે શહેરના કંદોઈઓ મીઠાઈ બનાવવામાં કરે છે. અહીં જેવું શુદ્ધ ઘી આપણા મેદાની પ્રદેશમાં શોધ્યું ન મળે.

આગળ જતાં લોહારીનાગ પાસે અમારી પગદંડી છેક ગંગાના કિનારા સુધી નીચે ઊતરી આવી અને સડકમાં મળી ગઈ. હવે સુખી પહાડની તળેટી સુધી સડકે જ ચાલવાનું હતું. અહીં એક ઝૂંપડીમાં કામચલાઉ ભોજનાલય હતું ત્યાં ગોપાળ અમારી સાથે છેલ્લીવાર જમ્યો. અહીં ગામ કે ખેતી ન હોવાથી તેને ગાયો ઉપર નજર રાખવી પડે એમ ન હતું.

પછી સુખીની જબરી ચડાઈ આવી. અમે ફરી પગદંડી પકડી પણ તેણે કહ્યું કે એ પગદંડી એટલી તૂટીફૂટી ગઈ છે કે ત્યાં ગાયોને તકલીફ પડશે એટલે તેણે તો સડકે જ ચાલવું પડશે. અમે ઉપર મળવાનો વાયદો કર્યો અને છૂટા પડ્યા. કેડી ખરેખર ખસ્તાહાલ હતી. અમે લગભગ બે કલાકના આરોહણ પછી ઉપર આવેલા સુખી ગામે પહોંચ્યા અને ત્યાં રોડ કાંઠે આવેલ એક ઘરના પ્રાંગણમાં બેસીને ગોપાળની રાહ જોઈ. ધાર્યું હોત તો અહીંથી નીચે ઊતરાણ ચાલુ કરી શક્યા હોત પણ મળવાનો વાયદો હતો અને અમારા રસ્તા અહીંથી જુદા પડતા હતા.

એ આવ્યો ત્યારે સાંજ ઢળવા આવી હતી. કાયમ માટે છૂટા પડવાનો પ્રસંગ આવ્યો. મેં તેને થોડી રોકડ રકમ, કેટલીક દવાઓ અને મારી હેટ મિત્રતાની નિશાની તરીકે ભેટમાં આપી. રસ્તામાં તે હેટનાં ખૂબ વખાણ કરતો. તેને એ ગમતી હતી. તેની આંખોમાં આવેલાં ઝળઝળિયાં જોઈ શકાયાં.

પછી છૂટા પડ્યા. તેણે ક્યારેક તેના ગામ આવવાનું નિમંત્રણ આપ્યું. એ પશ્ચિમ દિશામાં ઉપર ચડતી કેડી પકડી ચાલ્યો અને અમે ઈશાન ભણી ઊતરતી પગદંડીએ ઝાલા ગામ ભણી પ્રયાણ કર્યું. ઉત્તરનાં હિમશિખરો પર સંધ્યાની સોનેરી આભા પથરાઈ હતી પણ દક્ષિણ ભણી કાળો ભમ્મર મેઘ ઘેરાઈ રહ્યો હતો. ભૂપિન્દરસિંહ હંમેશાં યાદ રહેશે.

❑❑❑

''જો આપણે મુક્ત હોઈએ તો જવાબદાર બનવું પડે અને જો આપણે જવાબદાર ન હોઈએ તો મુક્ત નથી. આપણે એક સાથે બન્ને ન હોઈ શકીએ.''

**- ફ્લ્ટન શીન**

@Gujaratibookz

# મધુકર અનંત મેહેન્દળેની વિદાય

☐ હેમન્ત દવે

18 ઓગસ્ટ 2020ના રોજ 103 વર્ષનું પૂર્ણાધિક આયુષ્ય ભોગવી વૃદ્ધાવસ્થાને કારણે મધુકર અનંત મેહેન્દળેના ક્ષરદેહે આ પૃથ્વી ઉપરથી વિદાય લીધી. રામકૃષ્ણ ગોપાળ ભાંડારકરથી આરંભાયેલી, પાંડુરંગ દામોદર ગુણે, વિષ્ણુ સીતારામ સુકથનકર, શ્રીપાદ કૃષ્ણ બેલવલકર સરખા ઉત્તમ વિદ્વાનોથી પોષાયેલી, અને હવે દુર્ભાગ્યે સુકાવા આવેલી મહારાષ્ટ્રના સંસ્કૃત સારસ્વતોની તેજસ્વી અર્વાચીન પંડિત-પરંપરાના મેહેન્દળે અંતિમ પ્રતિનિધિ હતા.[1]

એમનો જન્મ મધ્યપ્રદેશના ખંડવા જિલ્લાના (હવે નર્મદા ઉપરના

[1] એની સામે માધવ દેશપાંડે અને અશોક અકલૂજકર જેવા વિદેશવાસી મરાઠી વિદ્વાનોનું કાર્યક્ષેત્ર તેમજ એમનાં લખાણો બન્ને પ્રમાણમાં ખાસાં સીમિત છે. અને બીજું, એ બન્ને પણ હવે નિવૃત્ત થઈ ચૂક્યા છે.

ઇન્દિરાસાગર બંધને કારણે ડૂબમાં ગયેલા) હરસૂદ ગામે 14 ફેબ્રુઆરી 1918ના રોજ થયેલો. પિતા અનંત અને માતા સત્યભામાનું તેઓ પાંચમું સંતાન. આપણા વડોદરામાં ગુજરાતી માધ્યમમાં એમણે છઠ્ઠા ધોરણ સુધીનો અભ્યાસ કર્યો અને ત્યારબાદ વડોદરા કોલેજમાંથી એમણે બી.એ.ની પદવી પ્રથમ વર્ગમાં પ્રથમ આવીને મેળવી. મુંબઈની વિલ્સન કોલેજમાંથી એમ.એ. કર્યા પછી પુણેની વિશ્વપ્રસિદ્ધ ડેક્કન કોલેજમાં ભાષાવિજ્ઞાન વિભાગમાં પીએચ.ડી. નિમિત્તે એમણે સુમિત્ર મંગેશ કત્રેના માર્ગદર્શન હેઠળ આભિલેખિક પ્રાકૃત ભાષાઓનું ઐતિહાસિક અધ્યયન કર્યું (*હિસ્ટોરિકલ ગ્રેમર અવ ઇન્સ્ક્રિપ્શનલ પ્રાકૃત્સ*, 1943, પ્રકાશિત 1948).[2] *અશોકન ઇન્સ્ક્રિપ્શનઝ ઇન ઇન્ડિયા* (ભારતમાં અશોકના અભિલેખો) એ શોધનિબંધમાં એમણે અભિલેખોનો વ્યાકરણીય અભ્યાસ રજૂ કર્યો અને એ માટે એમને પંડિત ભગવાનલાલ ઇન્દ્રજી સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયેલો (1943). *નિરુક્ત* ઉપરના એમના પૂર્વપ્રકાશિત લેખોને સમાવતા બે લઘુગ્રંથો *નિરુક્ત નોટ્સ* એ વિષયના અભ્યાસીઓને જાણીતા છે (1965, 1978). *સમ એસ્પેક્ટ્સ અવ ઇન્ડો-એરિઅન લિંગ્વિસ્ટિક્સ* એ એમનું પ્રતિષ્ઠિત વિલ્સન ફિલ લોજિકલ વ્યાખ્યાનમાળામાં આપેલાં વ્યાખ્યાનોનું પુસ્તક છે (1963).[3] સ્વયં પારસી ન હોય એવા ભારતના સ્વલ્પ ભાષાવિજ્ઞાનીઓ અવેસ્તા ભાષાનું ઊંડું જ્ઞાન ધરાવે છે અને મેહેન્દળે એમાંના એક હતા. એમણે *ગાથા જરથુશ્ત્રાચ્યા આણિ યસ્ન હપ્તઞહાઇતિ* નામે અવેસ્તાની કેટલીક ગાથાઓનો મરાઠી ભાષામાં અનુવાદ કરેલો (1995). એ સિવાય અવેસ્તાની ભાષા વિશે આંતરરાષ્ટ્રીય સ્તરનાં પ્રતિષ્ઠિત સામયિકોમાં કુડીબંધ લેખો લખેલા. નિવૃત્તિ પછી તેઓ મહાભારતના અધ્યયન તરફ વળ્યા અને પરિણામે એ મહાકૃતિના એકાધિક મહત્ત્વપૂર્ણ અભ્યાસો આપણને એમની પાસેથી મળ્યા, જેમાં મહાભારતની સાંસ્કૃતિક સૂચિના સંપાદનનું (અદ્યાપિ અપૂર્ણ) ભગીરથ કાર્ય પણ સામેલ છે (*કલ્ચરલ ઇન્ડેક્સ અવ ધ મહાભારત*, બે ગ્રંથ). પ્રથમ ગ્રંથમાં પશુ-પંખી, શસ્ત્રાસ્ત્ર, વિવિધ (સાહિત્ય) કૃતિઓ, કાળગણના,

[2] સિદ્ધેશ્વર વર્મા જેવા દુરારાધ્ય વિવેચકે એમના ગ્રંથની પ્રશંસા કરતાં નોંધેલું કે, 'For the first time in the history of Indian Linguistics, it is this work which represents Linguistics under two entirely new perspectives simultaneously, viz.'horizontal' comparisions and space-time treatment' (1947: 320, મૂળ ભાર).

[3] એના કડક વિવેચન માટે જુઓ જોર્જ કાર્ડોના (1972).

ગ્રહનક્ષત્રાદિ, તીર્થ, નદી, પર્વત, અરણ્ય, ઇત્યાદિની વર્ણનાત્મક સૂચિ છે જ્યારે બીજા ગ્રંથમાં આશ્રમોનાં નામ, ભૌગોલિક પ્રદેશો અને દ્વીપો, ત્યાં વસતી વિવિધ પ્રજાઓની માત્ર વર્ણનાત્મક સૂચિ એમ કહેવા-લખવાથી અથવા સહસ્ર પૃષ્ઠમાં ઝીણા અક્ષરમાં મુદ્રિત એ ગ્રંથો પર દૃષ્ટિક્ષેપ કરવાથી પણ એ કામ કેવું કઠણ હતું/છે એનો અંદેશો આવવો શક્ય નથી. મહાભારત જેવી મહાભારત કૃતિમાં આવતાં વ્યષ્ટિનામોને લગતાં દોઢ લાખ ઉપરનાં કાર્ડ જોવાં, એમના મૂળ સંદર્ભ ફરી તપાસવા, એના આધારે અધિકરણો લખવાં અને સંપાદિત કરવાં એ કેવું વિકટ કાર્ય છે એની માત્ર કલ્પના જ કરી શકાય. સૂચિના બીજા ગ્રંથની ટૂંકી પ્રસ્તાવનામાં તેઓ આ લખે છે, 'It took me nearly ten years to complete this Volume [Two]. The reason for this long period is that I was working all along singlehanded and my energies in later years were slowly dwindling'. અને આ દસ વર્ષ એટલે એમના આયુષ્યના નવમા દાયકાનાં દસ વર્ષ.

*प्राचीन भारतः समाज आणि संस्कृति* એ એમનું પાંચસો ઉપરાંત પૃષ્ઠોમાં વિસ્તરેલાં મુખ્યત્વે મહાભારતને લગતાં મરાઠી લખાણોનું પુસ્તક છે (2001). એમાં દ્રૌપદીનાં વસ્ત્રો ખરેખર સભામાં ખેંચાયાં હતાં કે કેમ, ભીષ્મની શરશય્યા તે સામાન્ય રીતે ચિત્રોમાં દર્શાવાય છે તે રીતે હતી કે અન્યથા, વગેરે જેવા પ્રશ્નોની ચર્ચા સાથે બાબાસાહેબ આંબેડકરનાં રામાયણસંબંધી અને વિનોબા ભાવેનાં ગીતા-ઉપનિષદોને લગતાં લખાણોની મર્મગામી ચિકિત્સા પણ સાંપડે છે. એમનું છેવટનું સ્વતંત્ર પુસ્તક એટલે *वेदार्थ निर्णयाचा इतिहास* (2006).[4] બ્રાહ્મણગ્રંથોની રચના થઈ ત્યારથી માંડીને વેદોની નિગૂઢ વાણીનો ખરેખરો અર્થ શો એની મીમાંસા થતી આવી છે. આ ચર્ચા ત્રણ સહસ્રાબ્દીઓમાં વિસ્તરેલા બ્રાહ્મણગ્રંથોમાં, *નિરુક્ત*માં, મીમાંસાંદર્શનમાં, તેમજ ઉદ્‌ગીથ, સાયણાચાર્ય જેવા સમર્થ ટીકાકારોના વેદો ઉપરનાં ભાષ્યમાં આપણે જોઈ શકીએ છીએ. ભારતમાં યુરોપિયન પ્રજાના આગમન પછી એમના ભારતીય સંસ્કૃતિવિષયક અભ્યાસોથી વેદનાં અર્થઘટનનો એક નવો અધ્યાય શરૂ થયો. પાશ્ચાત્ય વિદ્વાનો અને એમની સંશોધનપદ્ધતિ દ્વારા પ્રભાવિત ભારતીય અભ્યાસીઓએ કરેલા અધ્યયનોનો ટૂંકો આલેખ આ પુસ્તકનો વિષય છે. પશ્ચિમના વૈદિક-વિદ્યાતપમાં સિંહફાળો જર્મન અને ફ્રેંચ વિદ્વાનોનો છે. આ વિદ્વાનોએ લખેલાં

[4] એના સંક્ષિપ્ત અને સવિગત અવલોકન માટે જુઓ હેમન્ત દવે (2017, 2019). આ લખાણમાંની કેટલીક સામગ્રી એ અવલોકનોમાં અગાઉ આવી ગઈ છે.

પુસ્તકો અને લેખોમાંના બહુ ઓછાં અંગ્રેજી ભાષામાં અનૂદિત થયાં છે. એ ઉપરથી આ ગ્રંથની ઉપયોગિતા સ્વયંસ્પષ્ટ છે.

જૂની પરંપરાના મોટા ભાગના સંસ્કૃતજ્ઞ મરાઠી વિદ્વાનો ફ્રેન્ચ અને જર્મન બન્ને ભાષા સુપેરે જાણતા. વાસુદેવ ગોપાલ પરાંજપે એમાંના એક. એમણે જ્યૂલ બ્લોકના ફ્રેન્ચ ભાષામાં લિખિત મરાઠી ભાષાનાં અધ્યયનનો અને આબેલ બેર્જેઁના ઋગ્વેદિક ધર્મ ઉપરના ફ્રેન્ચ ગ્રંથનો અંગ્રેજી અનુવાદ કરેલો. ત્યાર પછી ઓલ્ડેનબેર્કના ખૂબ મહત્ત્વના જર્મન પુસ્તક 'ઋગ્વેદના છંદ અને પાઠવિષયક ઉપોદ્‌ઘાત'ના અનુવાદનું કામ એમણે હાથ પર લીધું. દુર્ભાગ્યે પ્રથમ પ્રકરણનો અનુવાદ કર્યા બાદ એમનું અવસાન થયું. આચાર્ય વિ. પ્ર. લિમયેના કહેવાથી એ અનુવાદ મેહેન્દળેએ પૂર્ણ કર્યો. એ સિવાય એસ્ટેલરના ઋગ્વેદ વિશેના વિચારોની તલસ્પર્શી સમીક્ષા એમના મનનીય લઘુગ્રંથ *ઋગ્વેદસંહિતાકાર આણિ ફાધર એસ્ટેલર*માં સાંપડે છે.

તેઓ 1951માં ડેક્કન કોલેજમાં સંસ્કૃતના અધ્યાપક તરીકે જોડાયા. કોલેજમાં જ ચાલતા પ્રકલ્પ *એન એનસાઇક્લપીડિક ડિક્શનરી અવ સંસ્કૃત લેંગ્વિજ*ના સહસંપાદક તરીકે પણ એમણે કામ કરેલું. એમણે મુખ્યત્વે અભિલેખોમાં પ્રયુક્ત સંસ્કૃત શબ્દોની નોંધ કરવાનું અને એમાં આવેલા અર્થપરિવર્તનને તપાસવાનું મહત્કાર્ય કર્યું. આ અભિલેખો મુખ્યત્વે *એપિગ્રાફિઆ ઇન્ડિકા*ના ગ્રંથોમાં પ્રકાશિત થતા. એમાં અભિલેખોની વાચના, અનુવાદ, પુરાલિપિશાસ્ત્રીય અને વ્યાકરણીય નોંધો, એનું ઐતિહાસિક મહત્ત્વ, ઇત્યાદિને લગતા સંશોધનલેખો પ્રગટ થતા. સાહિત્ય કરતાં એનું મહત્ત્વ એ રીતે કે અભિલેખોના સમય સામાન્ય રીતે નિશ્ચિત હોય અને જેવી અનિશ્ચિતતા કાલિદાસના કે શૂદ્રકના કે વિશાખદત્તના સમય અંગે હોય તેવી એમાં ન હોય. ઐતિહાસિક ક્રમે શબ્દોના વિકાસને આલેખતા સંસ્કૃત-કોશ માટે આવા અભિલેખોની અગત્ય જેટલી આંકીએ તેટલી ઓછી.

ગુજરાત અને ગુજરાતી સાથે એમને ખાસ ઋણાનુબંધ હતો. એમનું પ્રારંભિક અધ્યયન ગુજરાતી માધ્યમમાં થયેલું એ તો આપણે જોઈ ગયા. નવસારીની એક સમયે ખૂબ જાણીતી ગાર્ડા કોલેજમાં એમણે પ્રારંભિક વર્ષોમાં સંસ્કૃતનું અધ્યાપન કરાવેલું. આ કોલેજમાં એમણે એમના સહકર્મી અને અવેસ્તા-પહલવીના પ્રકાંડ વિદ્વાન પ્રાધ્યાપક દસ્તુર હોરમઝ્‌દિયાર મિર્ઝા[5] પાસે

[5] 'ડો. મધુકર અનંત મેહેન્દળે ડોક્યુમેન્ટરી'માં એમનું નામ Dastoor Dr. Homizia Mirza એમ પટ્ટીમાં આવે છે તે ભૂલ છે.

અવેસ્તાનો અભ્યાસ કર્યો. મરાઠી પ્રજાની અસ્મિતાની સભાનતા જોતાં આપણને આશ્ચર્ય થાય પણ એમનો અભિનંદન-ગ્રંથ ગુજરાતી વિદ્વાનોના હાથે આવ્યો, મધુસૂદન ઢાંકી અને જિતેન્દ્ર શાહે *મકરંદ* નામે એ ગ્રંથ સંપાદિત કરેલો (પ્રકાશન-વર્ષ નથી, પણ સંભવતઃ 2000). એમના વિવિધ વિષયોને લગતા અંગ્રેજી લેખોનો સંચય પણ ઉક્ત બે વિદ્વાનોના પ્રયત્ને જ લાલભાઈ દલપતભાઈ ભારતીય વિદ્યામંદિર તરફથી *મધુવિદ્યા* નામે પ્રકાશિત થયો (2001). *સંસ્કૃતિ*, *ઉદ્દેશ* અને *ભાષાવિમર્શ* જેવાં ગુજરાતી સામયિકોમાં પણ તેઓ પ્રસંગોપાત્ત લેખો લખતા. જેમ કે, *સંસ્કૃતિ*માં એમણે નરસિંહ મહેતાના વૈષ્ણવજનમાં આવતા 'કાછ' શબ્દ ઉપર પ્રકાશ પાડતો લેખ લખેલો અને એની વ્યુત્પત્તિ જેમ સત્ય > સચ્ચ > સાચ તેમ કૃત્ય > કચ્ચ > કાચ ઉપરથી બતાવેલી[6] અને સૂચવ્યું કે પાછળથી કાર્ય એ અર્થનો 'કાચ' શબ્દ ન સમજાતાં એનું 'કાછ' એવું પરિવર્તન થયું હશે (1972). હરિવલ્લભ ભાયાણી સંપાદિત ભાષાશાસ્ત્રના એકમાત્ર ગુજરાતી સામયિક *ભાષાવિમર્શ*માં એમણે સંસ્કૃત पूजा અને અપભ્રંશ उव्विट्ठ શબ્દની વ્યુત્પત્તિની ચર્ચા કરેલી તથા શાન્તિલાલ આચાર્યના *હાલારી બોલી* ગ્રંથની સમીક્ષા કરેલી. *ઉદ્દેશ*ના એક અંકમાં એમણે વેદનું ઉપબૃંહણ ઇતિહાસ અને પુરાણો વડે કરવું (इतिहासपुराणाभ्यां वेदं समुपबृंहयेत्) એ મહાભારતના પ્રખ્યાત વિધાન (1.1.204) વિશે સ્પષ્ટતા કરી કે અહીં વેદનો અર્થ ઋગ્વેદાદિ વેદ નથી પણ મહાભારત જ છે. કેમ કે, એ પછીના શ્લોકમાં જ કહ્યું છે કે कार्ष्ण वेदमिम् એટલે કે કૃષ્ણ (દ્વૈપાયન વ્યાસ) વિરચિત વેદ, અર્થાત મહાભારતનો સ્પષ્ટ નિર્દેશ આવે જ છે (2001). મુનિ જિનવિજયજીના અભિનંદન-ગ્રંથમાં એમણે આપણા રાષ્ટ્રીય મુદ્રાલેખ सत्यमेव जयते ઉપર ગુજરાતીમાં લેખ કરેલો. આ લેખ એના અંગ્રેજી અને મરાઠી અવતારમાં જાણીતો છે (1961). સામાન્ય રીતે सत्यमेव जयतेનો અનુવાદ 'સત્યનો જ વિજય થાય છે' એમ કરાય છે, અને એ ખોટો જરાય નથી. ત્યાં એનો અર્થ (ઋષિ અથવા તો સાધક) સત્યને મેળવે છે, અનૃત એટલે કે અસત્યને નહીં એમ છે. અને ત્યાં 'સત્ય'નો અર્થ લૌકિક અર્થનું 'સત્ય' નથી પણ 'બ્રહ્મ' છે. અલબત્ત, સ્વતંત્ર રીતે, સંદર્ભથી વિખૂટું પાડીને એ વાક્યનો 'સત્યનો જ વિજય થાય છે' એવો અર્થ અવશ્ય

[6] કે. કા. શાસ્ત્રીએ *કુમાર*માં 'કાછ'નું અર્થઘટન 'કચ્છ એટલે લંગોટ' ઉપરથી કર્યું ત્યારે એના વાજબી રૂપે નરોત્તમ પલાણે 'વાચકો લખે છે'માં મેહેન્દળેના નામનિર્દેશ વિના *સંસ્કૃતિ* જુલાઈ 1972માં એની ચર્ચા થયાનું લખેલું (*કુમાર*, ડિસેમ્બર 1974, પૃ. 392).

કરી શકાય.[7] એ ઉપરાંત એમણે આપણે આગળ જોયેલા શાંતિલાલ આચાર્યના પુસ્તકની ગુજરાતી સમીક્ષા સિવાય કા. બ. વ્યાસ સંપાદિત *કાન્ડદેપ્રબંધ*, છો. ર. નાયકના *ગુજરાતી પર અરબી-ફારસીની અસર*, રઘુવીર ચૌધરીના *હિન્દી-ગુજરાતી ધાતુકોશ* જેવા ગ્રંથોનાં અવલોકનો અંગ્રેજી સામયિકોમાં કરી એમને વ્યાપક દૃષ્ટિક્ષેત્રમાં લાવવા પ્રયત્ન કરેલો.

માતૃભાષા મરાઠી ઉપરાંત ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત, વૈદિક, પ્રાકૃત, અવેસ્તા, ઉપરાંત તેઓ ફ્રેંચ અને જર્મન બન્ને ભાષા ઉપર અસૂયાપ્રેરક પ્રભુત્વ ધરાવતા હતા. દસ જેટલી ભાષાઓના સ્વામી છતાં એમની મરાઠીમાં ભાગ્યે કોઈ અંગ્રેજી શબ્દ આવે. પુણેથી ટિળક મહારાષ્ટ્ર વિદ્યાપીઠમાં આવેલા વૈદિક સંશોધન મંડળમાં દર શુક્રવારે તેઓ અવેસ્તા ભાષા નિઃશુલ્ક શીખવતા. શીખનારાઓની સંખ્યા તો નાની જ રહેતી પણ એ પોતે તો પોતાના વર્ગ માટે સંપૂર્ણ તૈયારી કરીને જ આવતા. ભાગ્યલતા પાટસકર કહે છે કે તેઓ કોઈ વૈદિક શબ્દ કદાપિ પણ સ્વરાઘાત વિના લખતા નહીં, અને એ લખતી વેળા તેઓ ક્યારેય વિમાસણમાં પડતા નહીં, ભૂલ પડવાનો તો સંભવ જ નહોતો.

પ્રકાંડ પાંડિત્ય છતાં પંડિતાઈનો સહેજે ભાર વિનાનું એમનું વ્યક્તિત્વ કોઈને પણ પ્રભાવિત કરનારું હતું. એમના ઉદાત્ત વ્યક્તિત્વ વિશેના એક-બે પ્રસંગ જોઈએ. અત્યંત સાલસ અને મૃદુભાષી વ્યક્તિત્વના સ્વલ્પ પરિચયમાં મને આવવાનું જુદા જુદા પ્રસંગોએ સૌભાગ્ય મળેલું. 2001માં અમે યોજેલી 'ડોયન્ઝ અવ ડેક્કન કોલેજ' વ્યાખ્યાનમાળામાં એમને એમના ગુરુ સુમિત્ર મંગેશ કત્રે વિશે વ્યાખ્યાન આપવાનું આમંત્રણ આપવા ગયા ત્યારે એમણે આયોજકોની વયને ધ્યાનમાં ન લેતાં તરત જ એ સ્વીકારી લીધેલું અને બહુ ઉમળકાથી

[7] મને એમ સ્મરણમાં આવે છે કે આપણે ત્યાં બ. ક. ઠાકોરે આ વિશે એમની લાક્ષણિક ઢબે ટીકા કરી હતી કે મુદ્રાલેખમાં એ મંત્ર લેવો હોય તો સત્યમેવ જયતેને સ્થાને સત્યમેવ જયતિ જોઈએ અથવા તો મૂળમાં એનો અર્થ 'સત્યનો જ વિજય થાય છે' એવો નથી કે એવું કાંઈ (સંદર્ભ હાથવગો થઈ શક્યો નથી, કોઈના ધ્યાનમાં હોય તો જણાવવા વિનંતી). મેહેન્દળેના ઉક્ત લેખ પછી આપણા અવગણાયેલા વિદ્વાન ઉમાકાન્ત પ્રે. શાહે એક નાની નોંધમાં એનો અર્થ 'સત્યનો જ વિજય થાય છે' એમ જ થાય અને કરવો જોઈએ એવો પ્રતિવાદ કરેલો (1962). આડવાતઃ શ્રી. કૃ. બેલવલકર ડેક્કન કોલેજમાં બ. ક. ઠાકોરના વિદ્યાર્થી હતા અને એમણે એમના ગુરુને પોતાનું એક પુસ્તક ભેટમાં પણ આપેલું. નિરંજન ભગતે આ પ્રસંગ બેલવલકર કોણ હતા એની સ્પષ્ટતા કર્યા વિના પ્રો. બ. ક. ઠાકોર *અધ્યયન-ગ્રંથ*માં આલેખ્યો છે.

અને અપાર સ્નેહાદર સાથે એ વ્યાખ્યાન આપેલું. રા. ના. દાંડેકરના અવસાન નિમિત્તે યોજાયેલી શોકસભામાં એમણે આવી પોતાનાં એમની સાથેનાં સંસ્મરણો તાજાં કરેલાં.

આમ તો આપણે બધા એકમેકના ઋણી હોઈએ જ છીએ, પણ ઉદારચિત્તે એનો સ્વીકાર કરવાની પ્રેરણા મળે માટે એમનું એક ઉદાહરણ ટાંકું. ભાંડારકર પ્રાચ્યવિદ્યા મંદિરના ગ્રંથપાલ સતીશ સાંગલેએ તેઓ જે વિષય ઉપર કામ કરતા હતા એને લગતા એક સંદર્ભ વિશે એમનું ધ્યાન દોરેલું. જ્યારે એ લેખ પ્રકાશિત થયો ત્યારે એ સંદર્ભ અને એ સંદર્ભ સંપડાવનાર ગ્રંથપાલનો ઋણસ્વીકાર બન્ને એમાં હતા, અગત્યની વાત એ છે કે પ્રકાશકે સાંગલેનું નામ ન લખવા માટે સૂચવેલું પણ મેહેન્દળેએ આગ્રહ સેવ્યો કે એમણે સંદર્ભ સંપડાવ્યો છે માટે એમનું નામ તો આવવું જ જોઈએ, અને એ આવ્યું.

એમણે 1941માં ચાંદ્રસેનીય કાયસ્થ પ્રભુ જ્ઞાતિનાં કુસુમ પરળીકર સાથે આંતરજાતીય લગ્ન કરેલાં. કુટુંબનો તો પ્રચંડ વિરોધ. એટલે સુધી કે લગ્નની આમંત્રણ પત્રિકામાં એમનાં નામ આવે એ માટે પણ રાજી નહીં. એટલે એમણે પોતાના નામે જ આમંત્રણ છપાવ્યું અને લખ્યું કે 14 ડિસેમ્બર 1941ના રોજ સવારે કુસુમ સાથે વૈદિક પદ્ધતિએ લગ્ન કરવાનું મેં રાખ્યું છે માટે એ મંગળપ્રસંગે આપ સહકુટુંબ આવી ઉપકૃત કરશો, ઇત્યાદિ, લિ. મધુકર અનંત મેહેન્દળે.

અંગ્રેજી રાજમાં ભણેલા કેટલાક વિદ્વાનોની જેમ એમની ઉપર પણ સ્વતંત્રતાના આંદોલનનો અને ગાંધીજીનો ઊંડો પ્રભાવ પડેલો. રામચંદ્ર નારાયણ દાંડેકરની જેમ તેઓ પણ માથે ગાંધી ટોપી સાથે ખાદીનાં વસ્ત્રો પહેરતા. એમનાં પત્ની પણ ખાદીની જ સાડી ધારણ કરતાં.

આપણે ત્યાં સન્માન આપવામાં લાયક વ્યક્તિની વરણી તો ભાગ્યે જ થતી હોય છે અથવા એ એટલાં મોડાં અપાય

@Gujaratilexicon

છે કે એનો કોઈ (જો કશો હોય તો) અર્થ રહેતો નથી. મેહેન્દળેના કિસ્સામાં આ સવિશેષ સાચું છે. જો કે, એમના જેવા સાચા સરસ્વતી-ઉપાસકને ભાગ્યે એની પરવા હોય. ત્રણ વર્ષ પૂર્વે એમને સાહિત્ય અકાદમીનું ભાષાસન્માન મળેલું. અલબત્ત એથી એમનું તો નહીં પણ એ ભાષાસન્માનનું અવશ્ય માન વધ્યું. 1996માં મુંબઈની એશિયાટિક સોસાયટીએ એમને પાંડુરંગ વામન કાણે સુવર્ણચંદ્રક એનાયત કરેલો. પ્રાકૃતના એમના અભ્યાસ માટે એમને હેમચંદ્રાચાર્ય એવોર્ડ અપાયેલો (2006).

તેઓ તરવાના અને કસરતના ખાસ શોખીન હતા. એમના સુદીર્ઘ નિરામય આયુષ્યનું શ્રેય તેઓ યુવાવસ્થામાં કરેલા વ્યાયામને આપતા.

આવા ઋષિતુલ્ય વિદ્વાન આ દેશમાં ફરી ફરીને જન્મે એવી અભ્યર્થના સાથે એમને હાર્દિક નિવાપાંજલિ.

**સંદર્ભ :**


દવે, હેમન્ત. 2017. વેદાર્થનિર્ણયના ઇતિહાસલેખનનો પ્રશસ્ય પ્રયત્ન. મધુકર અનંત મેહેન્દળે, *વેદાર્થનિર્ણયાચા ઇતિહાસનું* અવલોકન. રમણ સોની (સંપા.), *અવલોકન-વિશ્વ*, પૃ. 284-288. વડોદરા: પ્રત્યક્ષ પ્રકાશન.

—. 2019. વેદાર્થનિર્ણયના ઇતિહાસ-લેખનનો પ્રશસ્ય પ્રયત્ન. મધુકર અનંત મેહેન્દળે, *વેદાર્થનિર્ણયાચા ઇતિહાસનું* અવલોકન. *સ્વાધ્યાય* 54: 117-125.

મેહેન્દળે, મ. અ. 1972. વાચ, કાછ, મન નિર્મળ રાખે. *संस्कृति* 26 (7) = જુલાઈ 1972. પૃ. 219-220.

—. 1978-ક. પૂજાની વ્યુત્પત્તિ. *ભાષાવિમર્શ* 1 (3): 172-176.

—. 1978-ખ. શાન્તિલાલ આચાર્ય, *હાલારી બોલી*નું અવલોકન. *ભાષાવિમર્શ* 1 (4): 210-212.

—. 1979. અપભ્રંશ उव्विट्ठની વ્યુત્પત્તિ વિશે. *ભાષાવિમર્શ* 2 (1): 24-25.

—. 2001. इतिहासपुराणाभ्यां वेदं समुपबृंहयेत्. *ઉદ્દેશ* 12 (1): 1-2. Cardona, George. 1972. Review of M. A. Mehendale, *Some Aspects of Indo-Aryan Linguistics. Language* 4[8] (1): 171-179.

Shah, U. P. A further note on—Satyam eva jayate nānṛtam.

Journal of Oriental Institute 11: 440-442.

Varma, Siddheshwar. 1947. Review of M. A. Mehendale, Historical

*Grammar of Inscriptional Prakrits. Annals of the Bhandarkar*

*Oriental Research Institute* 28: 320-325.

https://www.youtube.com/watch?v=kyc81oAE5qI. મધુકર અનંત મેહેન્દળેનાં જીવન અને કાર્ય વિશે દસ્તાવેજી ફિલ્મ.


❑❑❑

@Gujaratibookz



@GujaratiBookz

# ડોગબેલ્ટ

☐ રાધિકા પટેલ

દરવાજો ખોલતાં જ રીધમ એક ધબકારો ચૂકી ગઈ. પોતે સામે ઊભેલી એ જાજરમાન સ્ત્રીને આવકારે એ પહેલાં જ એક નાનકડું કૂતરું એટલે કે ગોલી રીધમ તરફ રીતસરનું ધસી આવ્યું અને એને વહાલ કરવા લાગ્યું.

આ બધું જોઈને એ જાજરમાન સ્ત્રી એટલે કે સોનિયાનો ચહેરો ફિક્કો પડી ગયો. એના ચહેરાના હાવભાવ તરત જ ઉકેલીને રીધમ સ્વસ્થ થઈ ગઈ અને સોનિયાને અંદર આવવા આવકાર આપ્યો. અંદર પ્રવેશતાં જ સોનિયાની નજર ઘરમાં બધે ફરી વળી. પછી, સોફા પર બેસી ત્યાં સ્થિર થઈ. પોતાની સામે ખુરશીમાં બેસેલી રીધમને ગોલી હજી સુધી વળગેલું હતું. સોનિયાને ખૂબ ચીડ ચડી અને ગોલીને "ગોલી... કમ હિયર!" આદેશ આપ્યો. ગોલી કંઈક અંશે ગભરાઈને સોનિયાની બાજુમાં નીચે શાંત થઈને બેસી ગયું. રીધમ અંદર જઈ ટ્રેમાં પાણીનો ગ્લાસ લઈને આવી. સોનિયા હજુ સુધી એના ઘરને બારીકાઈથી જોઈ રહેલી. ઘર આમ જુઓ તો બિસ્માર હાલતમાં હતું. દીવાલો પરથી પોપડી ઉખડેલી હતી પણ, ઉજાસ સારો હતો. પડદા જૂના હતા પણ મેલા જરાય નહોતા. એક પાટ પર સાવ ઘસાઈ ગયેલી, પણ ઊજળી ચાદર હતી. એક ખુરશી જેના પર કદાચ રીધમ વાંચતી હશે. કોઈ પુસ્તક ત્યાં પડેલું હતું. સાવ નાનકડા રૂમને રીધમે ખૂબ સુંદર રીતે સજાવેલો. નાનકડી બાલ્કનીમાં ઘણાં ફૂલછોડ સાથે એક નાનકડી લાઈબ્રેરી પણ હતી. ઘરની સ્વચ્છતાએ સોનિયાની આંખમાં ઈર્ષા આંજી દીધી. પોતે પહેરેલા બધા હીરાના દાગીના અને મોંઘાંદાટ વસ્ત્રો સામે રીધમની સાદગી મંદ સ્મિત કરતી હતી. સામે ખુરશીમાં બેઠેલી રીધમના હવામાં ફરફરતા ખુલ્લા વાળની લટ સોનિયાની આંખમાં આવીને ખૂંચતી હતી. સોનિયાએ પાણી પીધું, સ્વસ્થ થઈને વાત શરૂ કરી.

: ''અહીં, એકલી જ રહે છે?'' રીધમે ''હા'' કહી ખાલી ડોકું ધુણાવ્યું.

આગળ કશું બોલે એ પહેલાં જ સોનિયાએ, ''હા, સારું જ ને સિંગલ ઇન્ડિપેન્ડન્ટ. મન ફાવે એમ રહી શકાય. બરાબરને?''

રીધમે કશી પ્રતિક્રિયા આપી નહિ. આંખો ઢાળીને બેસી રહી. સોનિયાએ વળી ઉમેર્યું...

: ''તારાં પેરેન્ટ્સ સારાં કહેવાય નહિ?- તને આમ એકલી રહેવા અલાઉ કરે છે?''

: ''એક્ચ્યુલી મારા પિતા હયાત નથી.'' રીધમ ગંભીર થઈ ગઈ.

: ''ઓહ, આઈ એમ સોરી. શું થયું હતું એમને?''

રીધમ કશું જ બોલી નહિ. સોનિયાએ ફરી પૂછ્યું

: ''મમ્મી ક્યાં છે અત્યારે? એ તારી સાથે નથી રહેતાં... કે પછી તને નથી ગમતું?'' રીધમે કશો જ જવાબ આપ્યો નહિ. થોડીવાર મૌન છવાયેલું રહ્યું.

: ''બધું કામ જાતે જ કરે છે? ઘણું સ્વચ્છ લાગે છે બધું?''

: ''ના, આમ તો જોબ ચાલુ હતી ત્યાં

@Gujaratibookz

સુધી ગીતાબેન આવતાં હતાં. હવે, જાતે જ." ગીતાબેનનું નામ પડતાં જ સોનિયા જરા ચમકી. ''અને હા, જોબ બંધ છે એટલે જાતે જ કરવું પડે. સેવિંગ્સ પણ થાય એ બહાને..!!"

રીધમે સોનિયાની સામે જોયું. સોનિયાએ, "ગોલી...કમ હિયર." કહી પોતાની ચોરનજરને બીજી તરફ વાળી લીધી.

થોડીવાર આમતેમ જોયા પછી સોનિયાએ ફરી વાત શરૂ કરી...

: ''ઘર હવે નવો રંગ માગે છે નહિ?'' સોનિયાએ દીવાલો તરફ ઇશારો કરી વાત જરા બીજી તરફ વાળી.

: ''હા, મને પણ એવું લાગે છે." રીધમે સંમતિસૂચક જવાબ આપ્યો.

: ''પણ , જૂનો રંગ ઊતરે નહિ ત્યાં સુધી નવો કઈ રીતે ચડે?''

પોતાની તરફ ફરી સરકી આવેલા ગોલીના માથા પર હાથ ફેરવતાં ફેરવતાં એણે ફક્ત "હં..." કર્યું.

સોનિયાએ જોયું કે રીધમ કોઈ વાતનો ખાસ રિસ્પોન્સ નથી આપતી કે રિએક્ટ નથી કરતી.

સોનિયાએ ટેબલ પર પડેલું મેગેઝિન ઉઠાવ્યું, આમતેમ ફેરવી પાછું ટેબલ પર મૂક્યું.

: ''ખરી બાઈ છે નહિ? પરિણીત પુરુષ સાથે લફરું કરે છે અને પાછી પોતાનો બચાવ કરે છે...!!"

: ''જી...હું સમજી નહિ?"

: ''અરે, હું તો આ આર્ટિકલની વાત કરું છું."

રીધમે આ ચાબખાનો કશો જ જવાબ આપ્યો નહિ. ફક્ત મૌન ધરીને બેસી રહી. ગોલીના માથા પર હાથ ફેરવતી રહી.

રીધમની સ્વસ્થતા જોઈ સોનિયાની અકળામણ વધી. ગોલીને ફરી પોતાની તરફ આવવા આદેશ કર્યો. ગોલી ફરી સોનિયા પાસે આવીને બેસી ગયું.

: ''ચા પીશો તમે?'' જવાબની રાહ જોયા વિના જ રીધમ કિચનમાં ગઈ.

થોડી નર્વસ તો હતી જ. અનેક વિચારો ઘેરી વળ્યા. પોતે ક્યાં નહોતી જાણતી કે સોનિયા અહીં કેમ આવી છે. અંદરથી તો ઘણું તૂટીફૂટી ગયું હતું. વેરવિખેર.. પણ... ક્યાં સુધી? નીરવ શાંતિમાં પાણી ભરેલા પાત્રમાં એક પાણીનું ટીપું મધુર અવાજ સર્જે એવા જ અવાજ સાથે મોબાઈલમાં એક મેસેજ આવીને પડ્યો. મોબાઈલ સ્ક્રીન પર મૂકેલા એ કવરફોટા સામે જોઈ રહી. પોતાનો મોસ્ટ ફેવરિટ પીક આદિત્ય સાથેનો. એ જ પીકને લઈને આદિત્યએ એની સાથે ઝઘડો કરેલો. ફેસબુક પર અપલોડ કરવા બદલ. એણે કિચનની બાલ્કનીમાં આવેલા ફુદીનાના છોડમાંથી તાજાં પાન તોડવાં બારી બહાર હાથ લંબાવ્યો. નાનપણમાં પોતાના ઘેર આવતા માળીકાકાની એ કટકટ કરતી

@Gujaratibooks

કાતર યાદ આવી. છોડઝાડની બુઠ્ઠી ડાળીઓ કાપી નાખતી, ને પછી બધું ફરી લીલુંછમ. ફુદીનાવાળી ચાની સુગંધ આખા ઘરમાં ફેલાવા લાગી. ચાની સુગંધ એના પર માદક અસર કરતી.

ફુદીનાવાળી ચા... આદિત્ય... આદિત્ય... ચા... અને બીજું પણ ઘણું બધું. પણ, ત્યાં જ પેલી કાતર: 'કટકટ... કટકટ...!!' રીધમ ચાની સુગંધને ખંખેરી ટટ્ટાર થઈ. મોબાઈલમાંથી અને ફેસબુકમાંથી પીક ડિલીટ કર્યું. શ્વાસ ખેંચીને બહાર કાઢ્યો. ખુલ્લા વાળ પર ક્લિપ ભરાવી પ્રતિબદ્ધ થઈ. હાથમાં ચાની ટ્રે લઈ બહાર આવી.

રીધમે સોનિયાને કપમાં ચા ધરી અને ગોલીને એનું ફેવરિટ ફૂડ એક બાઉલમાં નાખીને આપ્યું.

: ''ચા સારી બનાવી લે છે તું.'' ચાની ચુસ્કી લઈ સોનિયા બોલી.

: ''હું જમવાનું પણ સારું બનાવું છું... જરૂરથી આવજો કદીક.'' અત્યાર સુધી ફક્ત હા હોંકારા ભણતી રીધમ પાસેથી વળતો જવાબ સાંભળી સોનિયાને જરા ધક્કો લાગ્યો.

: ''આઈ નો. એટલે જ તો આદિત્ય...'' કહી રીધમ પર બરાબર નિશાન તાક્યું.

: ''એમ પણ, અમે વેજિટેરિયન યુ નો, પ્યોર વેજેટેરિયન... દાલચાવલ-સબ્ઝી રોટીમાં ચિકન જેવી મજા કદાચ નહીં હોય. બરાબરને?'' સોનિયાએ ટકોર કરી.

: ''હું પણ પ્યોર વેજિટેરિયન છું. તમને ખબર જ હશે.'' રીધમના જવાબથી સોનિયા વધુ અકળાઈ.

: ''હા, પણ મારી દાળમાં કદાચ તડકો ઓછો લાગતો હશે એટલે જ...'' સોનિયાએ વેધક નજરથી રીધમની વાતનો છેદ ઉડાડી દીધો. થોડીવાર ફરી શાંતિ...

: ''લગ્ન વિષે કોઈ વિચાર કર્યો કે નહિ?'' ચાનો કપ નીચે મૂકી સોનિયાએ ફરી મમરો મૂક્યો.

: ''એટલે હું સમજી નહિ?''

: ''આઈ મીન 30-32ની ઉંમર ઓછી નથી.'' રીધમ કશું બોલી નહિ.

: ''મારા ધ્યાનમાં છે એક ઠેકાણું. હા,બે બાળકો છે. પણ, મોટા અને સમજુ છે. સુખસગવડ સારી છે. એટલે એટલીસ્ટ તારો મનીપ્રોબ્લેમ સોલ્વ થઈ જશે.'' સોનિયા આટલું બોલીને રીધમ સામે એના જવાબની જાણે રાહ જોતી હોય એમ જોવા લાગી.

: ''મારી આટલી ચિંતા કરવા બદલ તમારી આભારી છું.'' કહી સોનિયાની વાત નાજુકાઈથી પતાવી.

: ''બીજી જોબ મળી કે નહિ?''

: ''મળી જશે.'' રીધમ હવે કોન્ફિડન્સથી બોલી.

: ''હા, મળી તો જશે. નવી જોબમાં કદાચ સેલરી વધુ મળે. પણ, આદિત્ય જેવો હેન્ડસમ બોસ થોડો મળશે?'' સોનિયાએ રીતસરનો ચાબખો માર્યો.

: ''મળશે... કેમ નહિ મળે? કદાચ

@Gujarati.Junkz

આ વખતે તો અનમેરિડ પણ મળી જાય?'' રીધમે હળવું હસીને જવાબ આપ્યો.

રીધમના બેફિકરાઈભર્યા જવાબથી સોનિયા ફરી અકળાઈ, ''ગોલી... નાવ ઇટ્સ ઇનફ.'' અને ગોલી પાસેથી બાઉલ લઈને દૂર મૂકી દીધો. ગોલી ચુપચાપ બેસી રહ્યું. ફરી શાંતિ છવાઈ ગઈ.

વારંવાર રીધમ તરફ સરકી જતા ગોલીને હવે સોનિયાએ પોતાની સાવ બાજુમાં પકડીને બેસાડી દીધું, ''ઓહ... માય બેબી... બુરા લગા?'' અને એના પર હાથ ફેરવવાનું ચાલુ કર્યું. પછી, રીધમ તરફ જોઈને બોલી...

: ''હું ગોલીને ગુસ્સો કરું એ ના ગમે તો પણ, ડિસિપ્લિન ઇઝ ડિસિપ્લિન. મારા ઘરમાં એ ફોલો કરવી જ પડે બધાએ.'' સોનિયાએ પોતાનો રુઆબ બતાવવાનું શરૂ કર્યું. ''મારા ઘરમાં કશું જ આમતેમ ના ચાલે. યુ નો, ગોલી આમ તો અમારી સાથે અમારા ઘરમાં જ રહે છે પણ, એને હળવું થવું હોય ત્યારે આઈ મીન છી, પી ઓર એટસેટ્રા... યુ નો... ત્યારે એ ચુપચાપ બહાર સરકી જાય. કામ પતાવીને ફરી પાછું ઘરમાં. અને આ બધું મારી જાણમાં હોય છે!!'' સોનિયાએ ધસમસતો પ્રહાર કર્યો અને ઊભી થઈ ગઈ. ગોલીને ફરી છુટ્ટો મૂક્યો. રીધમ પાસે બોલવા લાયક કશું જ હતું નહિ.

હવે, વાત અસહ્ય બની ગઈ હતી. રીધમ પણ ઊભી થઈ ગઈ. તરત જ બાજુના પોતાના બેડરૂમમાં ગઈ અને એક કેરીબેગ લઈને પાછી આવી. એમાં રહેલો કેટલોક પરચૂરણ સામાન સોનિયાને ધરી અને કહ્યું : ''હવે, તમે જઈ શકો છો.''

સોનિયાએ પેપરબેગ ખોલીને જોયું તો એમાં આદિત્યનો કેટલોક સામાન હતો. સોનિયા પેપરબેગ લઈને ચાલવા લાગી.

ત્યાં જ રીધમે પાછળથી અટકાવી, ''એક મિનિટ.'' સોનિયાના હાથમાં એક ડોગબેલ્ટ આપીને કહ્યું

: ''આ તમને કામ લાગશે. જેથી કરી...!'' સોનિયાની સામે જોઈ વાક્ય અધૂરું છોડ્યું. સોનિયા સમસમી ગઈ. ઉતાવળે ચાલવા લાગી. પાછળથી રીધમના શબ્દો એના કાનમાં આવી અથડાયા.

: ''અને હા, ફરીવાર આવો તો સોસાયટીના નાકે શાંતાબેન સાથે વાત કરી જતાં ના રહેતાં. ઘેર ચોક્કસ આવજો.''

સોનિયા સડસડાટ દાદર ઊતરી ગઈ.

❑❑❑

'જીવનમાં સફળ થવા માટે માત્ર બે ચીજ જરૂરી છે: અજ્ઞાન અને આત્મવિશ્વાસ.'

**- માર્ક ટ્વેન**

@Gujaratibookz

સદાશિવ તિનઈકર

# કેમ સખી ચીંધવો પવનને-૪૩

@Gujaratibookz

□ અનિલ રમાનાથ જોશી

**એ**ક દિવસ અમારી ઓફિસમાં સર્ક્યુલર આવ્યો કે મહાપાલિકાના કમિશનર સદાશિવ તિનઈકર મુલાકાતે આવવાના છે. ભાષા વિકાસનું કામ કેવું ચાલે છે તે જોવા માટે જ આવશે. તારીખ અને સમય નક્કી થઈ ગયો. આ સર્ક્યુલરથી અમારી આખી ઓફિસ આળસ મરડીને બેઠી થઈ ગઈ. સાફ સફાઈ થવા લાગી, કર્મચારીઓ ટાઈમસર આવવા લાગ્યા. સુપ્રિન્ટેન્ડન્ટે સ્ટાફ મિટિંગ લીધી. કોણે શું કામ કર્યું છે એની યાદીઓ શરૂ થઈ ગઈ. એ વખતે મને વિખ્યાત મરાઠી વ્યંગકાર પી. એલ. દેશપાંડેએ મહાપાલિકા વિષે જે નિરીક્ષણ કર્યું છે તે યાદ આવી ગયું, "મહાપાલિકા એ જગન્નાથનો રથ છે. એ રથને ખેંચનારા બહુ થોડા છે પણ એ રથને હાથ અડાડીને ચાલનારી કર્મચારીઓની વિરાટ ફોજ છે." હું કોઈ કર્મચારી નહોતો. માત્ર સલાહકાર હતો. મારી નોકરી કોન્ટ્રેક્ટ પર હતી. ૧૨૦૦ રૂપિયા દર મહિને મળતા હતા. કેઝ્યુઅલ રજા સિવાય મને કોઈ રજા મળતી નહીં. કોન્ટ્રેક્ટ ગમે ત્યારે રદ થઈ શકતો હતો. અસલામતી મારો પડછાયો બની ગઈ હતી. મારી ગર્લફ્રેન્ડ હતી. એકવાર પન્નાબેન અધ્વર્યુને વાત વાતમાં કહ્યું હતું, "મારો કોન્ટ્રેક્ટ રદ થયો છે એનો પત્ર મને આજે મળે તો

હું એ જ પત્ર ઉપર ગ્રાન્ટરોડ સ્ટેશન ઉપર મળતાં ભજિયાં મૂકીને ખાઉં.'' નફિકરાઈથી હું બોલી તો જતો પણ અંદરથી સાવ તૂટી જતો હતો. મારા કરતાં મારી નોકરીની સલામતીનું ટેન્શન પન્નાબેનને વધારે રહેતું હતું. આખરે કમિશનર તિનઈકરની વિઝિટનો દિવસ આવી પહોંચ્યો. હવે દશ્ય બદલાય છે.

કમિશનર સવારે દસ વાગ્યે આવવાના હતા. અમારો આખો સ્ટાફ આઠ વાગ્યે હાજર થઈ ગયો છે. ઓફિસ છણછણ છીંકુ આવે એવી ચોખ્ખીચણાક થઈ ગઈ છે. લાઈબ્રેરીમાં બધું ડિસપ્લે થઈ ચૂક્યું છે. બરાબર દસના ટકોરે કમિશનર તિનઈકરની ગાડી આવે છે. સિનિયર ઓફિસરો દરવાજે પુષ્પગુચ્છ આપીને સ્વાગત કરે છે. બીજા મારા જેવા કર્મચારીઓ પોતપોતાના ટેબલ ઉપર બેસીને કામ કરી રહ્યા છે એવો સીન ઊભો થઈ ગયો છે. કમિશનર લાઈબ્રેરીમાં આવે છે. બધા સ્ટાફને લાઈબ્રેરીમાં બોલાવે છે. સહુની ઓળખાણ કરાવવામાં આવે છે. મારી ઓળખાણ કરાવતાં પન્નાબેન કહે છે, ''આ અનિલ જોશી , અમારી ભાષાના મોટા કવિ છે. દસ વર્ષથી કોન્ટ્રેક્ટ પર સલાહકાર તરીકે કામ કરે છે.'' આ સાંભળીને તિનઈકરની આંખો ચમકી, ''દસ વર્ષથી કોન્ટ્રેક્ટ પર? આ તો બહુ ખોટું કહેવાય. શોષણ કહેવાય. તમારે રજૂઆત કરવી જોઈએ. કવિ સલામત રહેવો જોઈએ.''

આ સાંભળીને મારી આંખના ખૂણા સહેજ ભરાઈ આવ્યા. એ પછી તિનઈકર સાહેબે મને પૂછ્યું: ''કામ બરાબર ચાલે છે?'' મેં થોથવાતા અવાજે કહ્યું: ''સાહેબ, કાંઈ કામ થતું જ નથી. શિક્ષકોને તાલીમ આપવાનો કોઈ અર્થ નથી. શિક્ષકો તાલીમ લેવા અહીં આવે અને નિશાળમાં બાળકો રખડે એ બરાબર નથી. તાલીમ લેવા આવતા શિક્ષકોનો વર્ગ ખાલી પડે એ ઉચિત નથી લાગતું.''

વિઝિટ પૂરી કરીને તિનઈકર સાહેબ જતા રહ્યા. ફરી પાછો હું રાબેતા મુજબ થઈ ગયો. એ પછી હરીન્દ્ર દવે મને મળી ગયા. મેં એમને કમિશનરની મુલાકાત વિષે વાત કરી. હરીન્દ્ર મારી નોકરીની અસલામતી વિષે જાણતા હતા. ગોંડલમાં ભાઈ પાસે જતા હતા પણ ભાઈ વિષે બહુ વાચાળ નહોતા. ભાઈ અખબારના તંત્રીને તરત કહી દેતા: ''મારા વિષે છાપામાં એક અક્ષર પણ લખતા નહિ.'' એ પછી હરીન્દ્ર માત્ર ભાઈ વિષે એક ગીત લખીને અટકી ગયા. એ ગીતની શરૂઆતની પંક્તિ હતી : ''મને મારગે મળ્યા'તા શ્યામ, કોણ માનશે...'' એ પછી મને નોકરીમાં સ્થિરતા મળે એ માટે મરાઠી, હિન્દી અને ઉર્દૂ સર્જકો સાથે મિટિંગ કરીને એક પત્ર કમિશનરને લખ્યો. જેમાં ધર્મવીર ભારતી, મંગેશ પાડગાંવકર, માધવ ગડકરી (મરાઠી લોકસત્તાના તંત્રી), અલી સરદાર જાફરી, સલમા સિદ્દીકી જેવા અનેક નામવંત સર્જકોએ સહી

@Gujaratibook2

# 'નવનીત-સમર્પણ'માં જાહેરખબર

જીવન, સંસ્કાર અને સાહિત્યના સામયિક તરીકે 'નવનીત સમર્પણ' શુભ અને સુંદર વિચારોનો પ્રસાર કરે છે તે આપ સૌ જાણો છો. ભારતીય સંસ્કૃતિનાં શાશ્વત મૂલ્યોના જતન-સંવર્ધન સાથે જીવનના આધુનિક પ્રવાહોનું સન્માન કરતા આ સામયિકમાં જાહેરખબર મોકલી આ ઉમદા કાર્યમાં સહભાગી થઈ શકો છો.

**જાહેરખબરના દર આ પ્રમાણે છે:**

**જાહેરખબરના દર**

| | |
|---|---|
| આખું પાનું (Colour) | રૂ. 9,000/- |
| આખું પાનું B/W | રૂ. 5,000/- |
| અડધું પાનું (Colour) | રૂ. 5,000/- |
| અડધું પાનું B/W | રૂ. 3,000/- |
| બીજું/ત્રીજું મુખપૃષ્ઠ (4 Colours) | રૂ. 11,000/- |
| પાછલું મુખપૃષ્ઠ | રૂ. 12,000/- |

**અન્ય વિગતો :**

**આખું પાનું**

કુલ સાઈઝ 19.5 સે.મી. X 13.5 સે.મી.
પ્રિન્ટ એરિયા 15.5 સે.મી. X 10.5 સે.મી.

**અડધું પાનું**

આડું પાનું 8.0 સે.મી. X 10.5 સે.મી.
ઊભું પાનું 15.5 સે.મી. X 5 સે.મી.
બ્રોમાઈડ, આર્ટપુલ, આર્ટવર્ક B/W
જા.ખ. માટે 4 કલરની
(રંગીન જા.ખ. માટે), સી.ડી.
છાપકામ: કાગળની જાત ઉપર

કરીને હાથોહાથ કમિશનર તિનઈકરને પહોંચાડ્યો. આ બધું થયું એના સાક્ષી જન્મભૂમિના પૂર્તિતંત્રી તરુબેન કજારિયા છે. દિવસો વીતતા ગયા. એક દિવસ મારી ઓફિસમાં કમિશનરનો મારા માટે ફોન આવ્યો. મારા ટેબલ ઉપર ફોન નહોતો એટલે સીધો મારા બોસ ઉપર ફોન ગયો. મારા બોસ એકદમ દોડતા આવ્યા. કહે : "કમિશનર સાહેબનો ફોન છે." મેં ફોન હાથમાં લીધો સામેથી તિનઈકર સાહેબ બોલ્યા : "આ રવિવારે તમે મારા બંગલે આવો, આપણે સાથે લંચ લઈશું." મારા આશ્ચર્યનો કોઈ પાર રહ્યો નહિ. મારી ઓફિસમાં સહુ પૂછવા લાગ્યા: "કમિશનર સાહેબે શું કહ્યું? કમિશનર સાહેબે શું કહ્યું?" મેં માત્ર એટલું જ કીધું : "રવિવારે તિનઈકર સાહેબે એમના બંગલે લંચ માટે બોલાવ્યો છે." મને સમજાતું જ નહોતું કે કઈ અદશ્ય શક્તિ મારી આટલી બધી કાળજી રાખે છે? આપણને કાંઈ ના સમજાય એ જ કૃપા હોય છે. મને નિદા ફાઝલીનો એક શેર યાદ આવ્યો, "સોચ - સમજવાલે કો થોડી નાદાની દે મૌલા" બસ આટલી જ વાત. હવે દશ્ય બદલાય છે.

રવિવારે વહેલી સવારે હું વહેલો જાગી ગયો. થોડીવાર સાવ સૂનમૂન બેસી રહ્યો. કોઈ વિચાર પણ દિમાગમાં નહોતો. એવું લાગતું કે બધા વિચારો જાણે મારા દિમાગમાં પંખીની જેમ ઊડતાં હું જોઈ રહ્યો છું. હું તૈયાર થઈને ખાર રેલવે

@Gujaratibookz

સ્ટેશન પર જાઉં છું. ગ્રાન્ટ રોડ સ્ટેશને ઊતરીને પગે ચાલીને અલ્ટમાઉન્ટ રોડ પર આવેલા કમિશનરના બંગલે પહોંચું છું. મને ચોકીદાર ના રોકે એટલા માટે ખુદ તિનઈકર સાહેબ જ દરવાજે ઊભા હતા. હું બંગલામાં પ્રવેશું છું. બંગલો બહુ ભવ્ય હતો. બંગલામાં પ્રવેશતાં જ તિનઈકર સાહેબે બે લીલાં નારિયેળ પોતાના બંગલામાં પડેલાં જોયાં. તિનઈકર સાહેબે તરત ચોકીદારને બોલાવીને કહ્યું, "આ બે નારિયેળ બાજુના બંગલાની નારિયેળી ઉપરથી આપણા બંગલામાં પડ્યાં છે. જા, બાજુના બંગલે જઈને આપી આવ." હું તો આખું દૃશ્ય જોઈને ચકિત થઈ ગયો. એક નાની ઘટનાથી માનવીની મોટાઈનાં દર્શન થઈ જાય છે. એ પછી અમે સાથે લંચ લીધું. ઘણી વાતો થઈ. મેં કીધું, ''સાહેબ, આપણી નિશાળોમાં તદ્દન ગરીબ બાળકો ભણવા આવે છે. નિશાળોની હાલત સારી નથી. આ માટે આપણે એવું ના કરી શકીએ કે મોટા કોર્પોરેટ આપણી નિશાળને દત્તક લઈને પ્રાઇવેટ નિશાળ જેવી જ બનાવી દે? સાહેબ, આપણા મુંબઈમાં જેટલાં બસસ્ટોપ છે તેના પર કોઈ સંસ્કૃત સુભાષિત અથવા કોઈ સારી કાવ્યપંક્તિ મોટા અક્ષરે મૂકીએ તો આવતાં-જતાં મુસાફરોને નજરે પડે તો એ વિચારતો થશે. શિક્ષણ તો સતત ચાલતી પ્રક્રિયા છે. એરપોર્ટમાં પણ સારાં ક્વોટેશન કે સંસ્કૃત સુભાષિતો મૂકીએ તો?" મારી વાત સાંભળીને સાહેબની આંખો ચમકી. સાહેબ કહે : "તમારી વાત બહુ સાચી છે. પરંતુ બસસ્ટોપ ઉપર મુકાતી જાહેરખબરોથી કોર્પોરેશનને આવક થાય છે. છતાં તમે મને એક પ્રપોઝલ મૂકો તો મુંબઈના અમુક વિસ્તારોમાં પોએટ્સ કોર્નર કે જહાંગીર આર્ટ ગેલેરીની ફૂટપાથ પર કંઈક કરી શકીએ." લગભગ ત્રણ કલાક સુધી કમિશનર સાહેબ સાથે રહ્યો ત્યારે મને એવું ફિલ થયું કે ''ઇન્સાન કી ખુશબો આતી હૈ.'' તિનકરસાહેબની વિદાય લઈને હું જવા નીકળતો હતો ત્યાં સાહેબને એક ફોન આવ્યો. ફોન પૂરો કરીને સાહેબ મને કહે : "એચ.ડી. એફ.સી.માંથી હસમુખભાઈનો ફોન હતો (એચ. ટી. પારેખ). એમની ઇચ્છા કોઈ મ્યુનિસિપલ નિશાળ દત્તક લેવાની છે. તો તમે તાબડતોબ હસમુખભાઈને મળજો. તમે મ્યુનિસિપલ સર્વિસમાં એબ્સોર્બ થઈ જશો. જો કે શિવસેના સાથે મારે બારમો ચંદ્રમા છે છતાં વાંધો નહીં આવે. એ ક્ષણે મેં તિનઈકર સાહેબને કીધું : ''સાહેબ, જિંદગી પણ ક્યાં કાયમી છે? સહુને કોન્ટ્રેક્ટ પર જ મળી છે." તિનઈકર સહેજ હસ્યા અને મારા વાંહામાં પ્રેમથી ધબ્બો મારીને મને વિદાય આપી.

અહીં દૃશ્ય બદલાય છે. એપ્રિલ અને મે મહિનાનો સખત તાપ પડી રહ્યો છે. હું વરલી મ્યુનિસિપલ નિશાળની મુલાકાતે જાઉં છું. ત્યાં બાળકો સાથે વર્ગમાં થોડીક વાતો કરીને બસ પકડીને સીધો ઘેર

@Gujaratibooks

પહોંચું છું. આગલે દિવસે બુદ્ધપૂર્ણિમાની રજા છે. બરાબર એપ્રિલ મહિનાની પહેલી તારીખે મને ઓર્ડર મળે છે કે મારી નિમણૂક લેંગ્વેજ ઓફિસર તરીકે કરવામાં આવે છે. હવે હું કાયમી થયો એનો આનંદ છે. મને કોલેજના લેક્ચરરનો ગ્રેડ આપાયો છે, એટલે આર્થિક સલામતી મળી ગઈ છે. મારી પાસે માત્ર બી.એ.ની જ ડિગ્રી હોવા છતાં મને આવો કાયમી હોદ્દો મળ્યો ત્યારે હું ફ્લેશબેકમાં જઈને એટલું જોઉં છું કે ચિનુ મોદીના આગ્રહથી મેં સાહિત્ય પરિષદમાં અધિકરણ લેખક તરીકે જોડાવાની અરજી કરી હતી એના જવાબમાં પરિષદે કીધું કે તમારી પાસે એમ.એ. પીએચ.ડીની ડિગ્રી નથી એટલે તમે અધિકરણ લેખક તરીકે માન્ય નથી. મુંબઈ અને અમદાવાદ વચ્ચેનો આ તફાવત છે. અમદાવાદથી હું બચી ગયો. મને એબ્સોર્બ કરવાની પ્રક્રિયામાં મારી ડિગ્રીનો ટેક્નિકલ પ્રશ્ન આવ્યો. વાત બાલાસાહેબ ઠાકરે સુધી પહોંચી ગઈ. બાલાસાહેબ ઠાકરેએ તાબડતોબમાં પ્રતિભાવ આપતાં કહ્યું : ''મરાઠીઓ પાસે સરસ્વતી છે અને ગુજરાતી પાસે લક્ષ્મી છે. કવિ પાસે ભલે કોઈ ડિગ્રી ન હોય એ કવિ છે, એ જ મોટી ડિગ્રી છે." મને થયું કે આવું મુંબઈ અને મહારાષ્ટ્રમાં જ બની શકે. અહીં ફરી દશ્ય બદલાય છે.

નોકરીમાં કાયમી થયા પછી બરાબર બુદ્ધપૂર્ણિમાની રાતે મને ભયંકર રોડ અકસ્માત થાય છે. એક ટ્રક મને ફંગોળીને સડસડાટ ચાલ્યો જાય છે. હું લોહી નીતરતી હાલતમાં બેભાન પડ્યો છું. મધરાતનો સમય છે. મને સાયન હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. મારી હાલત ગંભીર છે એવા ન્યુઝ અખબાર અને ટેલિવિઝનમાં આવી ગયા. હું તો હજી બેભાન પડ્યો છું. શાયર સૂર્યભાનુ ગુપ્ત, પન્ના અધ્વર્યુ અને મારી બેટર હાફ ભારતી મારા બેભાન દેહને જોઈ રહ્યાં છે. કાંતિ મડિયા સાયન હોસ્પિટલની લોબીમાં છાપું પાથરીને સૂતા છે. આવી બધી વાતો હું ભાનમાં આવ્યા પછી સૂર્યભાનુએ મને કહી ત્યારે મને ખબર પડી. હું ભાનમાં આવ્યા પછી એકાએક તિનઈકર સાહેબ મારી ખબર કાઢવા દોડી આવ્યા. હું બેભાન હતો ત્યારે મોરારિ બાપુ પણ આવી ગયા એમ સૂર્યભાનુ કહે છે. તિનઈકર સાહેબ મારી બેડ પાસે આવ્યા ત્યારે મેં એમને કહ્યું; ''સાહેબ, હું તમને કહેતો હતો ને કે જિંદગી કાયમી નથી, જિંદગી કોન્ટ્રેક્ટ પર મળી છે. એનો પરચો થઈ ગયો.'' પણ તિનઈકર સાહેબે મને અદ્‌ભુત જવાબ આપ્યો : "અનિલ, મેં તો તમને કાયમી કરવાની માત્ર એક પ્રપોઝલ ઈશ્વર પાસે મૂકી હતી એ પ્રપોઝલ તમને બચાવીને ઈશ્વરે મંજૂર કરી દીધી છે." હું ચૂપચાપ પડી રહ્યો. "સઈ, મેં તો પાણીમાં ગાંઠ પડી જોઈ..." એ ગીત મેં સાયનની હોસ્પિટલમાં પડ્યાં પડ્યાં લખ્યું હતું.

**[ક્રમશઃ]**

@Gujaratibooks

ચિત્રાંકન

# બ્રાહ્મણી

@Gujaratibookz

☐ અશોક મશરૂ

**એ**પ્રિલ મહિનાની સવારે ચા સાથે ઉદાસીભર્યા સમાચાર પીરસતા અખબારમાં મગ્ન હતો. એકાએક એક હરકતથી મારામાં ખુશીની લહેર ફરી વળી. ઘર બહારથી એક બુલંદ મીઠો જાણીતો ચહકાટ કાને અથડાયો. દોડીને જોયું તો તાર પર સોહામણી બ્રાહ્મણી કાબર આ વર્ષે પણ પધારી હતી સજોડે.

આમ દેખાવડી તો છે, સાથે સાથે ઠાઠ પણ ખરો. રંગો ઝગમગતા નહીં પણ ગમી જાય. પાછળ રાખોડી-બદામી રંગ તો આગળ ગળાથી પેટ સુધી સોનેરી-બદામી પીછાંની ઝાલર શોભે, મસ્તકે શ્યામ કલગીનાં પીછાં પ્રસંગોપાત્ત પ્રસારે અને સંકેલે. ચાંચ આગળ પીળી અને મૂળમાં નીલરંગી, જાણે રંગથી તાજી જ રંગી હોય તેવી ચમકતી, દૂરથી દેખાઈ જાય. ઓહ... અને આંખ તો એવી સુંદર જાણે જડેલું શ્વેત મોતી, પાછી વચોવચ કાળી બિંદી. આ ચપળ તોફાની આંખ જ એનું જીવંત આકર્ષક વ્યક્તિત્વ.

આ બહેનબાની લાંબી ચોટલી અંગ્રેજોને શિખા ધરાવતા બ્રાહ્મણોની યાદ અપાવતી, તેથી આ કાબરનું અંગ્રેજી નામ પણ પડ્યું Brahmini. સતત બોલતી રહેતી માથું ખાતી છોકરીથી ચિડાઈને બોલાઈ જવાય, “આ કાબરને કોક લઈ જાવ” તે ઉપનામ આપણી બ્રાહ્મણી પરથી નહીં પણ તેની

સ્ટારો બ્રાહ્મણી

મોટી બહેન કાબરની બોલી પરથી, જે ફક્ત કર્કશ સૂરો જ છેડે છે.

ઉનાળે આગમન વેળા તે બોલકી હોય. તેનો બોલ જેવો સંભળાય કે તરત તેની પ્રવૃત્તિ જોવા બારણું ખોલું. શરૂઆતમાં વંશઉછેર હેતુસર પોતાનું ક્ષેત્ર સ્થાપિત કરવા તાન મારે. તાર પર બેસી જ્યારે તેના ક્ષેત્રનું એલાન કરે ત્યારે જોવા જેવી હોય. છાતી થોડી આગળ ખેંચી ફરકતી કાળી ચોટલીવાળું મસ્તક આકાશ તરફ તાકે. પીછાંની ઝાલર એવી ફુલાવે કે એક એક પીછાં ગણી લ્યો. (જુઓ મુખપૃષ્ઠ) તીખા સૂરોની ઝડી વચ્ચે વચ્ચે એવો મીઠો ટહુકો મૂકી દે કે તમે ફીદા. એક દિવસ

@Gujaratibookz

માળામાંથી બહાર નીકળતી બ્રાહ્મણી

મધમીઠા સૂરો સાંભળી થયું આ વળી નવું કયું પક્ષી આવ્યું? બાલ્કનીમાં જઈ દૂરબીનથી જોયું તો બ્રાહ્મણી જોડું તાર પર પ્રણય ક્રીડામાં મસ્ત થઈ બોલતું હતું.

ગત વર્ષની જગ્યાએ જ સામેના મકાનમાં ઇલેક્ટ્રિક મીટર ઉપરની સલામત બખોલમાં માળો બનાવવાનો શરૂ કર્યો. પ્લાસ્ટિકનો ટુકડો, સળી વગેરે સામગ્રી ત્યાં લઈ જવા માંડી. આવનજાવન વેળા સામે પેરાપેટ કે તાર પર બેસી થોડું લલકારે તો ખરી જ. થોડા દિવસ પછી તો શાંત થઈ ગઈ કેમકે હવે ઈંડાં સેવવાં શરૂ કર્યાં.

એક દિવસ સવારે તાર પર ચાંચમાં જીવડું પકડી બેઠેલી જોઈ. તરત જ માળામાં જતી રહી ને સેકંડમાં તો બહાર નીકળી ગઈ. આ બચ્ચાંના જન્મના શુભ સમાચારનો સંકેત. બન્ને માબાપે જોરશોરથી દૂર ઊડી ઊડી જીવડાં શોધી લાવવાનું કાર્ય હાથ ધર્યું. ક્યારેક બન્ને સાથે ચાંચમાં ભરીને લાવે. એક બહાર નીકળે પછી બીજું ખવડાવવા જાય. થોડી નવરાશે બન્ને સાથે તાર પર બેસી ચાંચ શરીરે દરેક જગ્યાએ ઘાલી પીછાં સાફ કરે. પછી ધીમું બોલી એક સાથે એક દિશામાં સજોડે ઉડાન ભરે ફરી જીવડાં લાવવા. ખોરાકમાં લવાતી જીવાતમાં વિવિધતા કંસારી, ફૂદાં, પતંગિયાં, ઇયળ, મકોડા તો ક્યારેક નાની ગરોળી પણ. થોડી ગરમી વધે એટલે કમ્પાઉંડ વોલ ઉપર ઊતરી, ઠીકરાંમાંથી નિરાંતે નજાકતથી પાણી પીવે. બ્રાહ્મણીને પાડોશમાં બાજુના ત્રીજા ઘરમાં કમ્પાઉંડ વોલ પર વારંવાર જતાં જોઉં. પછી સંશોધન કરતાં ખ્યાલ આવ્યો કે

@Gujaratibooks

બચ્ચાંને ખવડાવતી બ્રાહ્મણી

તેઓ ત્યાં ભાવનગરી ગાંઠિયા રાખે તે આ બહેનબાને બહુ ભાવે અને બચ્ચાંને પણ ક્યારેક ખવડાવે. આ ગાંઠિયા પક્ષીનો કુદરતી ખોરાક નથી તેથી ન પીરસવા પાડોશીને સમજાવ્યું પણ વ્યર્થ.

એક સવારે તેના ઊંચા સતત સૂરો સાંભળી બહાર જોયું તો બિલાડી સામાન પર ચડી તેના દર સુધી ઊંચી થઈ પહોંચવા પ્રયત્ન કરતી હતી. અને બ્રાહ્મણી દૂરથી તેને ડરાવવા બોલતી હતી. આમ તો કુદરતી પ્રક્રિયામાં ખલેલ ન પહોંચાડાય પરંતુ થયું બિલાડી તો ગમે ત્યાંથી ખોરાક મેળવી લેશે. ખાસ બ્રાહ્મણી સહવાસની પ્રીતિ બંધાયેલ તેથી મેં બિલાડીને ભગાડી. શકરો જ્યારે થાંભલે બેઠો હોય તે વેળા જીવડાં લઈને આવે અને ઊંચે બેસી સતત બોલે પણ તેની હાજરીમાં સલામતી માટે માળામાં ન જાય. તે દર જોઈ જાયતો? જોડી સિવાયની બીજી બ્રાહ્મણી કે મોટી કાબર આજુબાજુ જેવી ફરકે કે તરત પાછળ પડી ચાંચ મારી ભગાડે. માળા પાસેના તાર તો જાણે પોતીકી જાગીર. બીજી કાબર, બુલબુલ કે પોપટ બેસે તો ગમે ત્યાંથી પ્રગટ થઈ સેલારો મારી ઉડાડે.

સ્વચ્છતા તો તેની ગળથૂથીમાં. બચ્ચાંને ખવડાવી માળામાંથી બહાર નીકળતી વેળા બચ્ચાંની ચરકની નાની ગોળીઓ (Pellets) ચાંચમાં લઈ દૂર ફેંકી આવે. પરંતુ એક વાર મેં કંઈક મોટું જોયું. તાર પર બેઠી અને નીચે ફેંક્યું. તે માળામાં મરેલું તેનું બચ્ચું હતું. તપાસ્યું તો કોઈ ઈજા ન હતી, કદાચ કોઈ ઝેરી ખોરાકની અસર હોય. પાછી દરમાં જીવાત લઈ જતાં જોઈ નિરાંત થઈ કે બીજું બચ્ચું હજુ અંદર સલામત છે.

શાળાએ પ્રથમવાર બાળક જતું હોય તેવો અગત્યનો દિવસ આવી ગયો. બ્રાહ્મણીને જીવાત લઈને માળામાં જવાને બદલે તે બોરસલીમાં જતાં જોઈ. બચ્ચું માળા બહાર પ્રથમવાર ઉડાન ભરી ત્યાં વૃક્ષની ઘટામાં છુપાયેલ. બચ્ચું ટૂંકી ઉડાન ભરી જગ્યા બદલતું હતું, સાથે સાથે ધીમે બોલે એટલે માબાપ ખવડાવવા આવે. પછી સાંજે તો તાર ઉપર ખુલ્લામાં બ્રાહ્મણીને સજોડે બચ્ચાની ચાંચમાં જીવાત ખવડાવતાં નિહાળ્યું. બ્રાહ્મણી કુટુંબ સાથે નિહાળી ખુશ થઈ ગયો.

આમ પ્રથમ બાળઉછેર પૂર્ણ થયું. બે દિવસ પછી તાર પર બેસી પોકારવા લાગીને મને થયું આ બીજીવાર જરૂર ઈંડાં મૂકશે અને આ સંનિષ્ઠ જોડકાએ બીજીવાર પણ સલામત બચ્ચાં ઉછેર્યાં. હોંશીલા, સમર્પિત અને વફાદારીના જાણે સમ લીધા હોય તેવી આ પ્રેમીબેલડીએ ત્રીજી વાર સંસાર શરૂ કર્યો છે. હાલ મારી નજર સામે જ તે મીઠું ટહુકી બચ્ચાને ખવડાવવા ગઈ. મનોમન સફળ ઉછેરની શુભેચ્છા આપી. સાથે સાથે આવતા ઉનાળાના તેના ફરી આગમન આશા ગાંઠે બાંધી.

❑❑❑

@Gujaratibooks



# જવાબી સવાલ

@Gujaratibookz

☐ રજનીકુમાર પંડ્યા

'હવે તો કોઈ જૂનાં ટાઈપરાઈટર વાપરતું નથી કે એવી જાતના ટાઈપિસ્ટને કોઈ નોકરીએ બી રાખતું નથી.'

આ મંતવ્ય કાસમભાઈનું છે. હવે એમની ઉંમર એંસી વર્ષની થઈ, એટલે હવે એ જે કંઈ બોલતા તે 'નોનસેન્સ' ગણાતું. વીસ વર્ષની ઉંમરે એ જે કંઈ આવું અભિપ્રાયશાળી બોલતા તે 'બકવાસ' ગણાતું. પંદર વર્ષની ઉંમરે કાસમ બોલતો તે 'છોકરમત' ગણાતું. દસ વર્ષની ઉંમરે બાળ-કાસમ માત્ર સાંભળવાનું ને સાંભળતાં સાંભળતાં ભમરડો ફેરવવાનું રાખતા. એક હરફેય કાઢતા નહીં.

બસ, આથી નીચેનાં પગથિયા ઊતરવાંની જરૂર નથી.

પણ ઉંમરના હજુ ઉપરના પગથિયે કાસમદાદો, કદાચ બેઠો હશે ને બોલશે તો એ 'સબક' ગણાશે. 'સબક'ની મુશ્કેલી એ છે કે જબરદસ્ત ઉપયોગી ચીજ હોવા છતાં જ્યારે એનું વપરાશટાણું વીતી ચૂક્યું હોય છે ત્યારે જ શીખવા મળે છે. કાસમદાદાનાં તકદીર પણ એવાં જ છે.

'જિંદગી આખી ટાઈપિસ્ટના ટાઈપિસ્ટ જ કેમ રહ્યા કાસમદાદા?'

'સિર્ફ છોટી મોટી ગલતીયાં નડી, બચ્ચા.'

માન મેળવવાનો આ એક જ પ્રપંચ હતો. લોકોને 'બચ્ચા' યા 'બચ્ચી' કહેવાના, પછી ભલેને સામેનું માણસ સિત્તેરની આળેગાળે હોય, ને એની આંગળીએ એના બચ્ચાનું બચ્ચું વળગ્યું હોય. કાસમભાઈ એકદા બેંતાલીસના હતા, ને એ.એમ.ટી.એસની ઘણેણાટ બસમાં એક વાર એક જુવાનિયા સાથે મારામારી લગી વાત પહોંચી હતી. સામેવાળા શા'જાદાનો હાથ ઉપાડવાની બસ તૈયારી જ, ત્યાં કાસમભાઈથી બોલાઈ ગયું : 'બચ્ચા, ગાર્યું આપતા તો મને બી આવડે છે પણ...' એમણે સામેનાનાં ઉગામેલાં સ્નાયુબદ્ધ બાવડાં સામે જોઈને જુમલો પૂરો ના કર્યો ત્યાં તો સામેવાળો ઝંખવાઈ ગયો. મૂળમાંથી ખડી ગયો હોય એમ હાથ હેઠે પાડી દીધો. બોલ્યો : 'બુઝર્ગ છો એટલે જવા દઉં છું.'

એ પછી તો બેંતાલીસ વર્ષના 'બુઝર્ગ' કાસમમીયાંને બેસવાની જગ્યા પણ મળી અને ઊતરનારો કદાચ પોતાના નક્કી કરેલા સ્ટોપ કરતાં એક સ્ટોપ વહેલો ઊતરી ગયો. 'બચ્ચા' શબ્દની આ કમાલ!

કાસમભાઈની થિયરી સાચી હતી કે, ખરાબ અક્ષરોના સિતમમાંથી બચવાને વાસ્તે જ ટાઈપરાઈટરની શોધ થઈ છે. છતાં ખરાબ અક્ષરે લખેલા ચેક જો ચલાવી લો છો તો એકાદી ભૂલવાળા ટાઈપિસ્ટને કેમ ચલાવી ન લો? પણ કાસમભાઈને જિંદગીભર નાની નાની ટાઈપિંગની ગફલતો માટે 'મેમો મળતા રહ્યા. મિસિસ રોહિણીને માટે ચાર-છ વાર 'હી' ટાઈપ થઈ ગયું તો શું એમને એ પછી મૂછનો દોરો ફૂટ્યો? ઉપરી અધિકારી બલવંતસિંહને માટે 'શી' લખાઈ ગયું તે શું એના મસલ્સ ઓગળી ગયા? પણ તોય, જુઓને, આવી આવી ભૂલો થતી ગઈ અને તેથી બઢતી ન મળી તે ન જ મળી.

'ને આમ ચીભડાના ચોરને ફાંસીની સજા થાય છે, બચ્ચા!'

'સાચી વાત છે. કાસમદાદા, મારે બી એક વાર એવું થયું હતું, પણ એમાં બન્યું હતું એવું કે.'

બોલતાં બોલતાં બચુભાઈ ગંભીર થઈ ગયા. પાંસઠ વરસે સિકલ પર અમસ્તાય ચાસ પડવા માંડ્યા હોય એમાં વળી ગંભીર થઈ જઈએ ત્યારે વધુ ઊંડા ના લાગે?

'તમારે વળી શું થયેલું, બચ્ચા?'

'મારી જિંદગી બી એક અજબ કહાણી છે. કાસમદાદા' બચુભાઈ ગંભીરતામાં ગમગીની ઘોળીને બોલ્યા: 'તમે જેમ ક્યાંક ટાઈપિસ્ટ તરીકે નોકરીમાં દાખલ થયા ને ટાઈપિસ્ટ તરીકે જ પેન્શન પર ઊતર્યા એમ હું

@Gujaratibooks

પણ ટીચર તરીકે જ ભરતી થયો, ને ટીચર તરીકે જ રિટાયર્ડ થયો. બોલો!'

'ટીચરમાં તો અમસ્તાય આગળ જવાના ચાનસ શું હોય, બચ્ચા?'

'ટીચરલાઈનની તો અરે, વાત મા કરો. ટીચરમાંથી, રેડિયોમાં જવાય, દૂરદર્શનમાં જવાય, અરે, છાપામાં જવાય. ગાડી ખટાક ખટ ખટાક ખટ આગળની આગળ દોડી જાય. બોલો,ગાડી કોઈ દિ' પાછું વાળીને જુએ છે? જોયું કોઈ દિ? આગળની આગળ જ દોડી જાય છેને!'

'હા' કાસમદાદા હજારો ફૂટ દૂર જોવાનું હોય એટલી ઝીણી આંખ કરીને બોલ્યા, 'પણ મારી જેમ ફાટક બંધ ના હોય તો જ હોં!'

'અરે, મારે તો આગળ જવાનું ફાટક તો સાવ ઉઘાડું ફટાક હતું. ને ઉપર અદશ્ય. અદશ્ય હોં! અદશ્ય બોર્ડ બી મારેલું. વેલકમ. મતલબ? ભલે પધાર્યા.'

કામસદાદા ચિડાયા, 'હું અંગ્રેજી ટાઈપિસ્ટ હતો. વેલકમનો અર્થ જાણું ને એટલું પણ તમારા કરતાં, બચ્ચા, વધારે જાણું કે 'કમ'નો અર્થ એક જ થાય છે કે, 'પધારો', પણ ગુજરાતીમાં 'પધારો'નો અર્થ 'આવો' અને 'જાઓ' એમ બેય રીતનો થાય છે.'

'આલ્લેલે' બચુભાઈ ભોંઠા પડીને બોલ્યા, 'તો મારા માટે આ તમે કો'છો એ બીજો અર્થ સાચો પડ્યો કે જાઓ, જાઓ...જ્યાં છો ત્યાં જ પડ્યા રો.' અહીં રેડિયોમાં સ્ક્રીપ્ટરાઈટર બનવાનું તમારા કપાળે નથી લખ્યું. જાઓ.'

'રેડિયોમાં?'

'મેં કહ્યું ને!' બચુભાઈ બોલ્યા : 'ટીચરમાંથી રેડિયાની લાઈનમાં બી જવાય. મારી તો એમાં જવાની પરમ ઇચ્છા. હું તો કોલેજકાળમાં નાટક....'

'કરતા?'

'ના, લખતો. એટલે રેડિયોમાં જવાનું વધુ અનુકૂળ. રેડિયોમાં એ વખતે સાહેબ પણ મારો ઓળખીતો. મહાન માણસ !'

'મહાન?'

'મહાન એટલે મારા માટે સારો. હું એને મહાન કહું. દેશની ખબર નથી પણ આપણા માટે સવળા હાલે એને 'મહાન' જ કહેવાય. એક વાર છાપામાં રેડિયોની સ્ક્રીપ્ટરાઈટરની 'વોન્ટેડ' આવી. મેં અરજી કરી. મારાવાળા મહાનસાહેબે મારો મૌખિક ઇન્ટરવ્યુ લીધો. મને પાસ બી કર્યો. હવે? બાકીમાં લેખિત એક જ... એમાં એક જ પેપર. કુલ પોસ્ટ બે. ઉમેદવારેય અમે બે જ. મારું તો પાસ થવાનું પાકે પાયે. મતલબ કે 'વેલકમ'નું અદશ્ય પાટિયું મને નજર સામે વંચાય એટલી હદે પાકું, પણ કાસમદાદા તમને તમારી ભૂલો નડી તો મને કોઈક...' બચુભાઈએ બે મણની ભૂંડાબોલી ગાળ કોઈને આપી '...ની ભૂલ નડી.'

'તમે નાપાસ પડો એમાં કોઈની શું ભૂલ?'

'અરે, ભૂલ શું? ગુનાઈત બેદરકારી!'

@Gujaratibookz

બચુભાઈને એ જમાનાનો, એ વખતનો, પચાસ વરસ પહેલાંનો જાલીમ ક્રોધ અત્યારે ફૂટ્યો. ફરી એક ગાળ આપી: 'એની એક નેગ્લીજન્સે મારા ગોલ્ડન ફ્યુચર પર કૂચડો ફેરવી દીધો. માણસને તમારી જેમ પોતાની ગલતી નડે એ પોસાય, પણ કોઈની ગલતીનો ભોગ આપણે બનવાનું? એવાને તો સાલાવને ફાંસીએ લટકાવી દેવા જોઈએ' પછી કહે: 'શું કો'છો?'

'પણ એ કરમચંડાળે કર્યું'તું શું કે તમે આટલા ઊકળી જાઓ છો!'

'કર્યું'તું શું?' બચુભાઈ બોલ્યા, 'પ્રશ્નપત્ર બેય સાઈડે લખેલું. મેં ફક્ત પહેલી સાઈડ જોઈ, ને એના જવાબ લખી નાખ્યા, લખીને ઊભો થઈ ગયો. બીજી સાઈડ પરેય પ્રશ્નો લખેલા છે એની મને થોડી ખબર હોય?'

'કેમ ખબર ના હોય? પાનું ફેરવીને જોવું જોવેને? એ તમે ન જુઓ એમાં બીજો કોઈની શું ગનેગારી?'

'અરે!' બચુભાઈ ખરેખર ગિન્નાયા: 'ટાઈપિસ્ટે સાલાએ પહેલી સાઈડની નીચે પી.ટી.ઓ. (પ્લીઝ ટર્ન ઓવર) લખવું જોઈએ ને! તો જ હું પન્નું પલટાવુંને!'

અચાનક કાસમદાદાના મગજમાં જબરો ઝબકારો થયો. કપાળે કરચલીઓ પડી. ઝડપથી પૂછ્યું, 'એ પેપર ટાઈપ કરેલું હતું?'

'ત્યારે?' બચુભાઈ તાડૂકીને બોલ્યા: 'એ અક્કલમઠ્ઠા ટાઈપિસ્ટને એટલીય કોમનસેન્સ નહીં હોય? કે એની આ નાનકડી ભૂલને કારણે મારી કેરિયરને તાળાં દેવાઈ જશે! ને હું કાયમ ખાતે માસ્તરનો માસ્તર જ રહીશ.'

બચુભાઈ ફરી નવી એક બે ગાળો આપવા જતા હતા ત્યારે કાસમદાદાથી કેમેય સહેવાયું નહીં. દબાયેલા, ફિક્કા, નમાલા, ક્ષીણ, ઢીલા સ્વરે બોલ્યા : 'બહુ ગાળ ન આપવી બચ્ચા. તમે ક્યાં એને આજે મળો તોય ઓળખવાના હતા! હેં? ને...' એમણે પછી લમણે હાથ દઈને કહ્યું, 'એનેય એની ભૂલની સજા મળી ગઈ ને? એય તે ટાઈપિસ્ટનો ટાઈપિસ્ટ જ રહ્યો હશેને?'

તરત 'તમને કોણે કહ્યું?' એમ બચુભાઈ પૂછવા જતા હતા. પણ પછી ના પૂછ્યું. જેનો જવાબ મળી ગયો હોય એવો સવાલ શું પૂછવો?

❑❑❑

અમેરિકાના મૂળ રહેવાસીઓમાં એવી માન્યતા છે કે પતંગિયાને પકડીને એના કાનમાં જો ધીમેથી આપણી ઇચ્છા રજૂ કરીએ તો એ એને મહાન આત્મા સુધી પહોંચાડે છે. પતંગિયાને મુક્ત કરીને પ્રકૃતિના સંતુલન પ્રત્યે આપણે આસ્થા વ્યક્ત કરીએ છીએ તેથી આપણી ઇચ્છા પૂરી થાય છે.



# જાતભાતના ડેઇઝ

@Gujaratibookz

☐ આનંદિતા રૈયાણી

તમે ક્યારેય જાત-જાતના અને ભાતભાતના ડેઇઝ અને એની ઉજવણી વિષે સાંભળ્યું છે? સ્કૂલ-કોલેજમાં ભણતાં ત્યારે અમારું જ્ઞાન સીમિત હતું. અમને લાગતું કે બે પૂંઠાંની વચ્ચે હોય કે પછી છાપાંમાં છપાય એ જ સાચી માહિતી! એ સિવાયની કોઈ માહિતી માહિતી હોય જ નહીં. જાહેર રજા સિવાય પણ કોઈ સ્પેશિયલ દિવસ હોઈ શકે એ વાત તો અમારા માનવામાં પણ ન આવતી! કાળક્રમે અમે મોબાઈલનાં ચક્કરમાં અટવાયાં અને ધીમે- ધીમે સોશિયલ મીડિયાને લીધે અમારા જ્ઞાનમાં નોંધપાત્ર વધારો થયો! એમાં સમયાંતરે જાતજાતના ડેઇઝ અને ભાતભાતનાં સેલિબ્રેશન વિષે અમે જાણ્યું અને અમને ખબર પડી કે...

तुलसी इस संसार में, भाँति-भाँति के दिन...

(સંત શ્રી તુલસીની માફી સાથે)

અમે વાંચ્યું હતું કે જ્ઞાન વહેંચવાથી વધે એટલે ડાયરીમાં તારીખોય ટપકાવી, ખબર નહીં કઈ માહિતી કોને કામ આવી જાય...

મોબાઈલની સ્ક્રીન પર પહેલી વાર 25 જુલાઈના રોજ 'નેશનલ મોસ્કિટો ડે' વાંચીને અમને અમારા અજ્ઞાન પર

ખરેખર શરમ આવી. અમે જેને તુચ્છ સમજતાં હતાં એવાં મચ્છરોનોય દિવસ હતો બોલો! અમને જિજ્ઞાસા થઈ કે આ દિવસની ઉજવણી કઈ રીતે કરવાની? આપણે ત્યાં તો મચ્છરો હાજરાહજૂર હોય જ પણ રખેને આ દિવસે તહેવાર પર વધતી જતી ડિમાન્ડને ન પહોંચી વળાય તો આપણી ઉજવણીની મંશાનું શું? અને જો મચ્છરો સાક્ષાત્ સદેહે હાજર હોય તો આપણે શું કરવાનું એ વિષે કંઈ માહિતી હતી નહીં એટલે લાગ્યું કે ગૂગલે આ વિષયમાં અપડેટ કરવાની જરૂર તો છે હોં!

7 જૂનના દિવસે વરસાદી સવારમાં ટ્વીટર પર ફરતાં ફરતાં વાંચ્યું કે આ દિવસ 'વિશ્વ પૌંઆ દિવસ' તરીકે ઉજવાય છે. સવાલ પણ થયો કે "આ બધું કોણ નક્કી કરતું હશે?" પહેલીવાર તો વાંચીને આંખો પર વિશ્વાસ ન આવ્યો. જે પૌંઆને આપણે ચણા મમરા બરાબર સમજીએ છીએ એનોય સ્પેશિયલ દિવસ! વાંચીને અમે અમારી રીતે તારણ કાઢી લીધું કે આજના દિવસે બધાને ખાલી પૌંઆ જ દેવા... આવડે એવા! એમ તો અમે ઘણી વાર મન વગર પણ પૌંઆ બનાવેલા છે પણ તે દિવસે અમે સાચા દિલથી પૌંઆ બનાવીને ઘરનાંને નાસ્તામાં ખવડાવીને આ દિવસની જરાક જેટલી ઉજવણી કરી. જરાક એટલા માટે કે મન તો અમારું આખો દિવસ ઉજવણી કરવાનું એટલે કે પૌંઆ જ ખવડાવવાનું હતું પણ અફસોસ यह हो न सका!

એ પછી 1 જુલાઈના દિવસે અમે વાંચ્યું કે આજે તો international joke day છે.... આખી દુનિયામાં ઉજવાતા આ તહેવાર વિષે આ વખતે પણ અમારું જ્ઞાન ઝીરો હતું. જ્યારે અમને આ દિવસ વિષે ખબર પડી કે તરત જ અમારી અંદરના જિજ્ઞાસુ જીવને જંપ ન થયો. થયું કે આ દિવસ તો ઉજવવો જ પડશે. નાનપણમાં સાંભળેલા જોક્સ તો યાદ જ હતા પણ તોય અમે નવાની ઘેલછામાં ગૂગલ પરથી એક નવો નકોર જોક ગોત્યો અને ઘરમાં બધાંને કહ્યો પણ અમારા કમનસીબે ઓડિયન્સ મજાનું ન નીકળ્યું! જોઈએ એવું જામ્યું નહીં! પણ અમે રહ્યાં આશાવાદી એટલે અમે જરા પણ નિરાશ થયા વગર એ જ જોક ફેસબુક પર ફટકારી દીધો અને એન્ડ ઓફ ધ ડે જેમ 'ભૂતને પીપળા' મળી જ જાય એમ અમને અને જોકને સમજી શકનાર ઓડિયન્સ પણ મળી ગયું! લાઇક, કમેન્ટસમાં કરવામાં આખો દિવસ ક્યાં પસાર થઈ ગયો એની ખબર જ ન પડી! પહેલીવાર અમે ધાર્યું કરી શક્યાં હતાં, અમારા ખાતે એક નવા નકોર દિવસની ઉજવણી બોલતી હતી એટલે આનંદ આનંદ હતો.

7 એપ્રિલના અમને ખબર પડી કે આજે world prank day છે. અમે અમારી સમજણ પ્રમાણે અર્થ તારવ્યો

@Gujaratibooks

કે આજના દિવસે આપણે આપણી આવડત પ્રમાણે બીજાને ભીડવવાના ધંધા કરવાના હોય. એવું નથી કે આ બધું વિપક્ષ, સરકાર કે સાસુઓને જ આવડે! ઘણીવાર આમાં નવા નિશાળિયા પણ મેદાન મારી જતા હોય છે... નહીં ? નાનપણમાં અમે બાલસભામાં અભિનય કરતાં એટલે અમને હતું કે આ તો આપણાથી થઈ જશે પણ અફસોસ, वक़्त की दीमक ने हमारी ऐक्टिंग को खोखला कर दिया! સ્કૂલમાં અમે ખોટેખોટું પેટમાં દુખવાનું બહાનું કાઢતાં તોય બધા સાચું માની લેતા પણ હવે એજ વાત પર લોકોના પ્રતિભાવો જુદા હતા. અજાણતાં જ અમને યાદ આવ્યું કે

समय बडा बलवान, नहीं मनुष्य बलवान
काबे अर्जुन लूटीयो , वही धनुष वही बाण

ખૂબ મન હોવા છતાં અમે આ દિવસની ધારી ઉજવણી કરવામાં અસફળ રહ્યાં પણ અર્જુન સાથે અમારી પોતાની સરખામણી કરી જાતે જાતે ખુશ થયાં અને મનમાં ગાંઠ પણ વાળી કે હવે પાછી 7 એપ્રિલ આવે એટલે વાત...હવે તો એવી એક્ટિંગ કરવી છે કે આ લોકોના છક્કા છૂટી જાય.

નેશનલ પાર્ક સાંભળ્યું હતું, નેશનલ એવોર્ડ સાંભળ્યું હતું, બર્ડ, એનિમલ્સ અને ફ્લાવર્સનીય ખબર પણ જ્યારે અમે નેશનલ બોયફ્રેન્ડ ડે અને નેશનલ ગર્લફ્રેન્ડ ડે વિષે જાણ્યું તો અમારું મગજ બહેર મારી ગયું! થયું કે હેં... આવું ય હોય! જાણી જોઈને આ દિવસની તારીખ ડાયરીમાં ન ટપકાવી. 'જે ગામ જવું હોય નહિ, તેનો મારગ શા માટે પૂછવો?'

19 ફેબ્રુઆરીના દિવસે lash day વિષે વાંચ્યું. પાંપણનોય દિવસ બોલો! અમને હતું કે આંખો અને પાંપણ પર એકલા કવિઓનો ઇજારો છે પણ નહીં, આમાં તો મેકઅપની મોટી - મોટી કંપનીઓનો ઇજારો નીકળ્યો. કલર કલરની, મોટી - મોટી પાંપણો પર મોટાં - મોટાં ડિસ્કાઉન્ટ હતાં. જિંદગીમાં પહેલીવાર જાત જાતની આંખો વગરની પાંપણો જોઈ! ડર કહો કે પ્રયોગશીલતાનો અભાવ પણ આમાંની એક પણ પાંપણ મગાવવાની હિંમત ન ચાલી! ઊંડે ઊંડે બીક પણ ખરી કે ચોંટાડ્યા પછી ન ઊખડે તો? પાંપણો પર કવિતાઓ લખનારા જો આ બધું જોત તો એમની શું પ્રતિક્રિયા હોત એ વિચારે અમને આખો દિવસ ચકરાવે ચડાવ્યાં!

આપણે જે દિવસ આડેધડ ઉજવીએ છીએ...

અરે ભાઈ! આઇસ્ક્રીમ ડે... એ ખરેખર 19 જુલાઈના જ આવે છે! હે પ્રભુ, હર વખત આને આ જ દિવસ ઉજવવા માટે અમને માફ કરજે. પહેલીવાર કોઈ દિવસની તારીખ વગર પ્રયત્ને યાદ રહી ગઈ. અમે સવળું વિચાર્યું કે આ દિવસે આપણે યાદ કરીને આઇસ્ક્રીમના એક ને બદલે બે સ્કૂપ

@Gujaratibooks

ખાઈને ઉજવણી કરવી! ખાલી કહેવા ખાતર શું ઉજવણી કરવી? કરવું તો સરખું કરવું!

જુલાઈ 7ના વાંચ્યું કે ટેલ ધ ટ્રુથ ડે ય આવે! સાચું બોલવાના કેટલા ઉમદા વિચાર સાથે આ દિવસ ઉજવવાનું શરૂ થયું હશે. ખરેખર લોકો ખોટું બોલે જ નહીં તો કેટલી મજા પડે. કોઈ પૂછે કે ' કેવી લાગું છું?' એને સાચે સાચું કહી દઈએ તો... કેટલી મજા આવે! લોકો કેવા છે એ મોઢેમોઢ કહી શકાય એ તો કલ્પના પણ કેટલી સરસ છે, નહીં? અમને અજાણતાં જ બાપુ યાદ આવી ગયા અને એમને પૂછવાનું મન થઈ ગયું, "હેં બાપુ, તમને ખબર હતી આવા દિવસ વિષે? નહીં જ હોય... ત્યારે જ તમે રોજ સત્યના પ્રયોગો કર્યે રાખ્યા!"

માતૃભાષા દિવસ, હિન્દી દિવસ, ઇન્ટરનેશનલ ટી ડે, કોફી ડે, સાડી ડે, ટ્રેડિશનલ ડે, ફ્રોક ડે, મેચિંગ ડે, ચોકલેટ ડે, રોઝ ડે, ફ્રેન્ડશીપ ડે, વેલેન્ટાઇન ડે જેવા દિવસો સિવાય પણ અમને આ વર્ષે થોડા નવા દિવસો વિષે જાણવા મળ્યું. લાગ્યું હતું કે હવે કોઈ પણ નવીન 'ડે' વાંચીને અમને પહેલા જેટલો આંચકો નહીં લાગે પણ ત્યાં જ અમે

'પોપકોર્ન ડે' વિષે જાણ્યું....

તારીખ નહીં જ આપું...

ગૂગલ મને ગમે છે!

આવી વાત માટે ઘાયલ સાહેબ અમને માફ કરે. સાથે હાશકારોય થયો કે સારું થયું આપણને પરીક્ષામાં ક્યારેય આ બધી તારીખો ન પુછાણી! આના કરતાં તો પ્લાસીની - પાણિપતની લડાઈ, કોન્સ્ટન્ટિનોપલનું પતન યાદ રાખવું સહેલું હતું! થયું કે આવડી મોટી દુનિયામાં આપણે હજી તો કેટલું જાણવા જોવાનું છે, એટલે જ્ઞાની હોવાનો વહેમ વહેલી તકે ખંખેરવો રહ્યો. નવી સમજણ મળી અને થયું કે....

આટલા જ દિવસ છે એમ ન કહેવાય,

એમ કહીએ કે હશે, આપણને આટલી જ ખબર છે!

(કવિ શ્રી રમેશ પારેખની માફી સાથે)

"સાચું ડહાપણ વસ્તુઓને જોવામાં નહીં, વસ્તુઓની આરપાર જોવામાં છે."

**- મેન્લી પી. હોલ**

* * *

"આપણે સરકાર સામે જૂઠું બોલીએ તો એ મહા અપરાધ છે, પણ, સરકાર આપણી સામે ખોટું બોલે તો એ રાજકારણ કહેવાય છે."

**- બિલ મૂરે**

@GujaratiLokz

@Gujaratibookz

# ગમી ગયેલી વાર્તા

☐ શરીફા વીજળીવાળા

## Amok

'Amok' 1922માં 'Neue Freie Presse' નામના વર્તમાનપત્રમાં પ્રકાશિત થઈ હતી. 'letter from an unknown woman' ની જેમ જ 'Amok' પણ -Violet feelingની વાર્તા છે. સ્ત્રીના માની ન શકાય એવા, ઘેલછાની હદે પહોંચી ગયેલા પ્રેમ જેવું જ 'Amok'ના ડોક્ટરનું છે. ત્સ્વાઈક પર સિગ્મંડ ફ્રોઈડનો ઊંડો પ્રભાવ હોવાને કારણે 'Amok'માં મનોવિશ્લેષણાત્મક તત્ત્વો દેખીતી રીતે

જોઈ શકાય છે. આ કૃતિના કેન્દ્રમાં આત્યંતિક ઘેલછા છે. લાલસા, ઘેલછા, આવેગ અને એનાં પરિણામોની આ કથા છે. એકતરફી પ્રેમમાં સ્ત્રી પાછળ ખુવાર થઈ જતા ડોક્ટર પોતાનો જીવ આપીને પણ પેલી સ્ત્રીના ગૌરવને અક્ષુણ્ણ રાખે છે. આ બંને વાર્તાનો 1922માં 'Amok: Tales of the Violent feeling' નામના પુસ્તકમાં પ્રગટ થયેલી આ વાર્તા પરથી 1934, 1945 અને 1993માં ફિલ્મો બની ચૂકી છે.

'Amok' ઇન્ડોનેશિયન મૂળનો શબ્દ જેનો અર્થ થાય ક્રોધાવેશથી આંધળા ગુસ્સામાં વિફરીને દુશ્મનને ખતમ કરવા દોડવું, આવા લોકો એમના રસ્તામાં જે કોઈ અવરોધ ઊભો કરે તેને પણ મારી નાખે છે. જોકે મૂળ જર્મન શીર્ષક મલાયાના શબ્દપ્રયોગ 'Running amok' પરથી લીધેલ છે. ડોક્ટર જ્યારે પેલી સ્ત્રીની પાછળ ઘેલા થઈને દોડ્યા ત્યારે એને રોકનાર છોકરાને મરણતોલ માર મારે છે, છેલ્લે સ્ત્રીના મૃત્યુના પ્રમાણપત્ર માટે પણ બીજા ડોક્ટરને પિસ્તોલની અણીએ લખવા મજબૂર કરે છે એટલે આ શીર્ષકનો અર્થ બિલકુલ બંધ બેસે છે. મને ગુજરાતીમાં 'હડકાયો'ના બદલે 'ભુરાયો' વધારે યોગ્ય લાગેલું. વાર્તામાં 'હડકાયો' શબ્દ બંધ બેસે એવું વર્ણન છે ડોક્ટરનું.

1912માં ઓસેનિયા નામના જહાજ પર સવાર થઈ આ વાર્તાનો કથક ભારતથી યુરોપની મુસાફરી કરી રહ્યો છે. એક રાતે સખત બફારાથી કંટાળીને એ ડેક પર ચાલવા ગયેલો. ત્યાં અંધારા ખૂણામાં દારૂની બાટલી સાથે બેઠેલ એક અતિશય વ્યાકુળ, ભયભીત માણસ એને મળે છે. પોતીકાં કારણોસર એ માણસ તમામ પ્રકારના સામાજિક સંપર્કો ટાળીને પોતાની કેબિનમાં જ પડ્યો રહે છે. માત્ર રાતના અંધારામાં જ અહીં એકલો બેસી રહે છે. બીજી રાતે વાર્તાકથકનું કુતૂહલ ફરીથી એને ડેક પર લઈ જાય છે. પેલો અજાણ્યો માણસ આજેય અંધારામાં બેસીને પી રહ્યો હતો. બેઉ વચ્ચેની સામાન્ય વાતચીતમાંથી અચાનક જ પેલો અજાણ્યો મુસાફર વાર્તાના કથકને પોતાની વાત કહેવા માંડે છે. એ કહે છેઃ પહેલવહેલી વાર મળતી વ્યક્તિને આ બધું કહેવું કેવું તો વિચિત્ર છે... પણ હું... પણ હવે મારી સહનશક્તિની હદ આવી ગઈ છે. હું એવા બિંદુ પર આવી ગયો છું જ્યાં મારે કોઈકની સાથે તો વાત કરવી જ પડશે...' અને એ પોતાના મનમાં ભરી રાખેલી આખીય વાત આ મુસાફરને કહી દે છે. અને એ રીતે વાર્તા આપણા સુધી પહોંચે છે. કથકની જવાબદારી તો આ વાર્તાના શ્રોતા તરીકે અને અંતે જતા ઘટનાઓના અંકોડા જોડવા પૂરતી મર્યાદિત છે.

મૂછનો દોરો માંડ ફૂટ્યો હોય એવા યુવાનના પ્રેમમાં પડી, એ પ્રેમના પરિણામને પેટમાં લઈ ડોક્ટર પાસે

@Gujaratibooks

આવનાર સ્ત્રીનો રાજસી ઠાઠ, એનું અક્કડ વલણ વાંચનારને પણ આકર્ષે છે. યુરોપની જાણીતી ક્લિનિકમાં કામ કરી ચૂકેલ આ ડોક્ટર જાતે વહોરી લીધેલી પરિસ્થિતિને કારણે વિષુવવૃત્તિય પ્રદેશમાં કામ કરવા માટે લાચાર બનેલ છે. અહીંની ગરમીની એકલતાથી, દેશી સ્ત્રીઓથી ત્રસ્ત આ ડોક્ટર યુરોપની ઝંખનામાં અધમુઓ થઈ ગયેલો છે. બસ હવે બે વર્ષ પછી એને પેન્શન મળવાનું હતું, એ યુરોપ પાછા જવાનાં સપનાં જોતો હતો એવી ક્ષણે આ જાજરમાન ગોરી સ્ત્રી અણધારી જ એને ત્યાં જઈ ચડેલી. બેઉની વાતચીતમાંથી એક વાત સ્પષ્ટ થાય છે કે આ સ્ત્રી એક ડચ વેપારીની પત્ની હતી. એનો પતિ છેલ્લા પાંચેક મહિનાથી અમેરિકા ગયો હતો અને હવે બેચાર દિવસમાં આ સ્ત્રીને યુરોપ તેડી જવા માટે એ પાછો ફરવાનો હતો. પણ આ સ્ત્રીની સગર્ભાવસ્થા તો બે કે ત્રણ મહિનાની જ હતી! મોંમાગી રકમ ચૂકવવા તૈયાર આ સ્ત્રી કોઈને ખબર ન પડે એટલા માટે આટલે દૂર જંગલમાં રહેતા આ ડોક્ટર પાસે આવી હતી. દેશી સ્ત્રીઓની સમર્પિત વૃત્તિથી કંટાળી ગયેલા ડોક્ટર સામે વર્ષો પછી કોઈ ગોરી સ્ત્રી આવી ચડી હતી. એય પાછી રૂપ અને અભિમાનની પૂતળી! આ સ્ત્રીનો ઠસ્સો, એનો ગર્વ, અભિમાન, એનો વિરોધ ડોક્ટરની અંદર વસતા શેતાનને જગાડે છે. એના અક્કડ વલણે ડોક્ટરના પુરુષના અહમ્‌ને ઝંઝોડી નાખેલું. આ સ્ત્રી પર કાબૂ મેળવવાની અચાનક જાગી ઊઠેલી ઇચ્છા પાછળ એના રૂપ કરતાંય એનું વર્તન વધારે કારણભૂત છે. પેલી જ નજરે એના જાજરમાન દેહની લાલસામાં પડેલા ડોક્ટરને વહેતી ગંગામાં હાથ બોળી લેવાની ઇચ્છા એટલે થઈ હતી કે પેલી સ્ત્રી કોઈ બીજા પુરુષનો ગર્ભ લઈને એમની પાસે આવી હતી.

ડોક્ટર પેલા મુસાફરને વાત કહેતાં કહેતાં વારેવારે, 'તમે નહીં માની શકો...' કહે છેઃ ક્યારેક એવું પણ કહે છેઃ 'તમે કલ્પના કરો કે એના જેવી સ્ત્રી... બિન્ધાસ્તપણે, મારા જેવા એકલતાથી જીવ પર આવી ગયેલા, વાસના ભૂખ્યા, હતાશ જંગલીના પાંજરામાં સામે ચાલીને આવે તો... તો હું તમને આ જ સમજાવવા ઇચ્છું છું જેથી પછીથી જે કંઈ થયું તેને તમે બરાબર સમજી શકો...' ડોક્ટરની માગણીને ઠોકર મારીને એ સ્ત્રી નીકળી જાય છે. ફ્લોબેર એનો પ્રિય સર્જક હતો એવું એણે ડોક્ટરને કહ્યું હતું પણ એ દિલફેંક હશે એવી ડોક્ટરની ધારણા ખોટી હતી. જો એ દિલફેક હોત તો મરવાને બદલે એણે ડોક્ટરને તાબે થવાનું પસંદ કર્યું હોત. આ સ્ત્રી કેવી તો જાજરમાન હશે, એનો પ્રભાવ કેવો તો પ્રચંડ હશે એ પછીની ઘટનાઓથી પણ કલ્પી શકાય છે.

ડોક્ટરની ભાવસભર અવસ્થાનું પરિણામ પેલી સ્ત્રી પાછળની દોટમાં આવ્યું, પોતે જ પોતાને ભૂરાયો કહેતા ડોક્ટરનો માંહ્યલો તરત જાગે છે પણ

@GujaratiBooks

એટલી વારમાં પેલી સ્ત્રીએ એના પરનો વિશ્વાસ ગુમાવી દીધો હતો... ઘર-બાર, માલમિલકત, નોકરી, પેન્શન અરે અસ્તિત્વ સુધ્ધાં હોડમાં મૂકનાર ડોક્ટરનો પશ્ચાત્તાપ વાચક પ્રમાણી શકે છે. આધ્યાત્મિક કોટિએ પહોંચતા એમના પ્રેમને પણ વાચક પ્રમાણી શકે છે. પરંતુ પેલી સ્ત્રીને તો ડોક્ટર કરતાં મૃત્યુનો ભય ઓછો લાગ્યો. મૃત્યુ પામતાં પહેલાંની ક્ષણોમાં કદાચ તે ડોક્ટરની ઉત્કટ લાગણીને જોઈ શકે છે એટલે જ પોતાના રહસ્યને જાળવવાનો ભાર એ ડોક્ટર પર નાખતી જાય છે. ડોક્ટર એના ગૌરવને જાળવી રાખવાનું વચન આપે છે અને જીવ સાટે પાળે પણ છે. બે દિવસ પહેલાં સ્ત્રી પાછળ ઘેલા થયેલા ડોક્ટર પર હવે એ સ્ત્રીની અંતિમ ઇચ્છાને પૂરી કરવાની ઘેલછા સવાર થાય છે. પિસ્તોલની અણીએ એ સ્ત્રીના મૃત્યુનું ખોટું પ્રમાણપત્ર મેળવતા ડોક્ટર આ સ્ત્રીના મૃત્યુનું ખોટું પ્રમાણપત્ર મેળવવા ડોક્ટર આ સ્ત્રીના કોફિનને જમીનમાં ઉતારી અહીંથી નીકળી જાય એ પહેલાં એ સ્ત્રીનો પતિ આવી પહોંચે છે. અને હવે એ શખ્સ એની પત્નીના મૃત્યુનું કારણ જાણવા કોફિનને લંડન લઈ જઈ રહ્યો છે. આ જહાજના ભંડકિયામાં એ કોફિન પણ છે જેમાં ડોક્ટર સવાર છે. પેલીનો પતિ ડોક્ટરને શોધી રહ્યો છે. ચોરી-છૂપી, નામ બદલીને આ જહાજ પર સવાર થયેલ ડોક્ટર એટલે જ દિવસના અજવાળામાં એના ભંડકિયામાંથી બહાર નથી આવતા. પોતાનું સઘળું છોડીને નીકળી આવેલ ડોક્ટર જાણે છે કે હજીયે એમની ફરજ પૂરી નથી થઈ. અહીં સુધીની કથા સાંભળનારો જોઈ શકે છે કે આમ વાત કહી હળવા થવા બદલ ડોક્ટર શરમ અનુભવતા હતા. પોતાની વાત સાંભળનાર તરફ એ કઠોર, તિરસ્કારભરી નજરે જુએ છે. અને 'આવજો' પણ કહ્યા વગર એ નીચે ચાલ્યો જાય છે. કથક કહે છે કે જો મેં બીજા દિવસે કાળી રેશમી પટ્ટી બાંધેલ મુસાફરને ન જોયો હોત, એની મૃત્યુ પામેલી પત્ની વિશે ન સાંભળ્યું હોત તો રાતની વાત મને સપનું જ લાગી હોત. પછીથી આ કથક આપણને નેપલ્સના બારામાં થયેલ વિચિત્ર અકસ્માત વિશે કહે છે. જેના વિશે કથકે પણ છાપાંઓમાં જ વાંચેલ હતું. એ સમાચાર પ્રમાણે સૂમસામ સમયે ડચ વસાહતની એક ભદ્રવર્ગની સ્ત્રીની શબપેટીને જહાજમાંથી કાઢીને નાનકડી હોડીમાં લઈ જવાતી હતી ત્યારે જ બરાબર તૂતકના ઉપરના ભાગમાંથી કોઈ ભારેખમ પદાર્થ ખાબક્યો અને શબપેટી સમેલ સૌ દરિયામાં ખાબક્યા. બાકીના બધાને પાણીમાંથી બચાવી લેવાયા હતા પણ દરિયાના તળિયે જઈ બેઠેલી શબપેટી લાખ કોશિશે પણ શોધી શકાઈ નો'તી. બીજા કોઈ સમાચારમાં બારામાંથી મળેલી ચાલીસ વર્ષના માણસની કોહવાઈ ગયેલી લાશ વિશે લખ્યું હતું. કથક સિવાય વાંચનાર જ આ બે સમાચારનો તાળો બેસાડી શકે છે.

ધ્યાનથી વાંચનાર જોઈ શકશે કે ડોક્ટરે મરતી સ્ત્રીને આપેલ વચનને કઈ હદે પાળ્યું છે. સાવ અજાણી વ્યક્તિને વાત કરી રહ્યા છે તોય ડોક્ટરે ભૂલમાં પણ કોઈ જગ્યાએ પેલી સ્ત્રીનું નામ નથી લીધું. પોતે જે સ્થળે નોકરી કરતા એ સ્થળનું નામ પણ ટાળ્યું છે. મૃત્યુના પ્રમાણપત્ર પર સહી કરનાર ડોક્ટર સ્ત્રીનું નામ બોલે છે, સ્ત્રીનો પ્રેમી પણ નામ બોલે છે... પણ ડોક્ટર એ નામ એમની વાત સાંભળનાર વાર્તાકથકને નથી કહેતા, લાગણીના ભયાનક તનાવ અને રહસ્યના બોજ તળે અકળાયેલા ડોક્ટર જે ક્ષણે વાત કહીને પોતાની જાતને ઉઘાડી કરી રહ્યા છે ત્યારે હજી પેલીનું રહસ્ય જાળવી રાખવાની શરત અધૂરી જ છે. એના રહસ્ય સમેત એનું શબ જમીનના પેટાળમાં ન ઊતરે ત્યાં સુધી એ કોઈ જોખમ લેવા તૈયાર નથી. અંતે જીવ આપીને પણ તે મૃત્યુના રહસ્ય સમેત પેલીની શબપેટીને દરિયાના પેટાળમાં પહોંચાડે છે.

ડોક્ટરની વાતોમાં કઈ હદે અરાજકતા છે? વાત કરતી વખતે ડોક્ટર ક્યારેક ધ્રુજે છે તો ક્યારેક બરાડી ઊઠે છેઃ 'તમને ખબર છે ખરી? તમને... મારા માટે સાવ અજાણ્યા... અહીં તૂતકની ખુરશીમાં કામ વગર બેસી રહેનાર, આમતેમ ભટકનાર મુસાફર તમને એ ખબર છે ખરી કે કોઈ મરતું હોય ત્યારે કેવું લાગે? તમે કદી પણ મૃત્યુ સમયે હાજર રહ્યા છો ખરા? મૃત્યુને નજીકથી જોયું છે ખરું? શરીર કેવું તો અમળાય અને ઉછળે... હાથ-પગ તરફડિયાં મારતા હોય... ડોક્ટર તરીકે મેં તો વાર કર્યો. મૃત્યુના અનુભવને સરખે ભાગે વહેંચ્યો... એ રાત્રે મેં મૃત્યુમાં ભાગીદારી કરી...' એકની એક વાત ફરી કરવી, વાતને અધૂરી છોડી દેવી, વાતે વાતે આટલું બધું ડોક્ટરના મનની હાલત પ્રગટ કરે છે. લાગણીના જે ઝંઝાવાતોમાંથી ડોક્ટર પસાર થાય છે, એણે એમના મનની અવસ્થાને પણછ ખેંચેલ ધનુષ જેવી તંગ બનાવી દીધી છે. આવી તંગ અવસ્થામાં જાળવી રાખવાના રહસ્યનો બોજ એમના માથે ઓથારની જેમ તોળાઈ રહ્યો છે. આ તંગ મનોસ્થિતિએ એમના વ્યક્તિત્વની જેમ જ એમની વાતોને પણ વેરવિખેર કરી દીધી છે.

કોઈને કદાચ એવો પ્રશ્ન થઈ શકે કે ડોક્ટરે સાવ અજાણ્યા મુસાફરને આ રહસ્ય કહ્યું શા માટે? એક તો ડોક્ટર આ રહસ્યના ભાર તળે કચડાઈ રહ્યા હતા. કોઈને કહી દે તો હળવા થવાય. વળી સાવ અજાણ્યા મુસાફરને કહેવાથી રહસ્ય જળવાઈ રહેવાનું હતું. ત્રીજું આ રીતે વાર્તા લેખકથી વાચક સુધી પહોંચતી હતી આને સાક્ષીકથક કહેવાય. જયંત ખત્રીની 'કાળો મલમ' કે સ્ટેફાન ત્સ્વાઈકની 'મૂન બીમ એલે' આ રીતે કહેવાયેલી વાર્તા છે.

નિરંકુશ આવેગો અને તેનાં પરિણામોની આ વાર્તા પૂરી થયા પછી લાંબા સમય સુધી વાંચનારના મનમાં ચાલતી રહેવાની.

❑❑❑

@gujaratibookz

# દરવાજાની ફ્રેમ

☐ ઉષા શેઠ

**લા**ઘવમાં લાવણ્ય, એવી બાર મિનિટની મરાઠી ફિલ્મ જોઈ - ફ્રેમ (ચૈકટ) ચોકઠું.

નાનું અમથું ઈંટનું, પ્લાસ્ટર વિનાનું ઘર છે. જેમાં એક બારી છે અને એક પ્રવેશદ્વાર, જેને બે બારણાં છે, એક વાસેલું છે, એક ખુલ્લું. અડધા ખુલ્લા દરવાજામાંથી, રસોઈ કરતી એક ગૃહિણી દેખાય છે. આંગણામાં વર્તુળ આકારની મોટી રંગોળી છે. એક ઘરડો માણસ ત્યાં આવી ચઢે છે, અંગ પરનાં કપડાં ફાટેલાં છે. હાથમાં ટેકા માટેની લાકડી છે. 'તાઈ' એ સાદ પાડે છે, ગૃહિણી પાટલા પરથી ઊભી થઈને, દરવાજામાં આવે છે. 'અરે એઈ મારી રંગોળી' એમ બૂમ પાડે છે. વૃદ્ધ હળવેથી પગ ખસેડી લે છે. રંગોળીની સહેજ અમથી કોર જ ભૂંસાઈ છે. જમણા હાથની પાંચે આંગળીઓ હોઠને અડાડી એ ઇશારાથી ખાવાનું માગે છે. પેલી 'તાઈ' અકળાઈને કહે છે. 'હજી મારી રસોઈ થઈ નથી, પૂજાપાઠ બાકી છે' અને પાછી પૂરણપોળી બનાવવામાં ગરકાવ થઈ જાય છે.

થોડીવાર રહીને બારણા બહાર નજર કરે છે તો પેલો માણસ. રંગોળીથી દૂર ઊભડક પગે બેઠો છે. 'તાઈ' એક કાગળમાં એક રોટલો ને એના પર શાક લઈને બહાર આવે છે. 'લે, ખા' જરા ચિડાઈને જ બોલે છે.

દેવપૂજા કરવા એ અંદરના ખંડમાં જ્યાં નાનું અમથું મંદિર છે ત્યાં જાય છે. જતાં, જતાં બારીમાંથી ડોકાઈને જુએ છે તો પેલો માણસ સાવરણા વડે સૂકા પાનથી ભરેલું એનું ફળિયું વાળતો હોય છે. ઘર નાનું છે પણ ફળિયું મોટું છે એ બારણાની ફ્રેમમાં ઊભી રહીને બૂમ પાડે છે. 'અરે એઈ, રહેવા દે, આ

@gujaratibookz

તારું કામ નહીં.' પેલો વાળવાનું ચાલુ જ રાખે છે. 'તને કહ્યું ને કે આ તારું કામ નહીં.' પેલો ગણકારતો નથી એટલે તાઈ મોઢું મચકોડીને દેવપૂજા કરવા ચાલી જાય છે. પ્રસન્ન વદને દેવોની પૂજા કરે છે. દીવીઓ પ્રગટાવે છે અને પછી તુલસી પૂજવા આંગણામાં આવે છે. પ્રદક્ષિણા લેતી સમયે એનું ધ્યાન ફળિયામાં જાય છે અને એ સ્તબ્ધ થઈ જાય છે. ફળિયું એકદમ સ્વચ્છ છે. અને પેલો માણસ વાંકામાંથી સીધો થવાનો પ્રયત્ન કરતો હોય. બે હથેળીઓ ગોઠણ પર ટેકવી એ માંડમાંડ સીધો થાય છે. હસતા ચહેરે આકાશભણી જોઈ, હાથ ઊંચા કરી જાણે કે ભગવાનનો પાડ માને છે. 'મેં ખાધું એટલું વાળી દીધું. તેં મને એમાં સહાય કરી પછી એ ઘર તરફ અને ગૃહિણી તરફ જોઈને બે હથેળી બતાવી જાણે કે કહે છે 'જુઓ, બરાબર કર્યુંને?' આખી ફિલ્મમાં છૂટાં છવાયાં વાક્યો, સંવાદ તો નહિવત્ જ. બે જ પાત્રો, જે મૌખિક સંવાદ સાધવા જેટલાં નજીક આવતાં નથી. પ્રેક્ષકોએ જ એમના ચહેરા પરના ભાવ વાંચી અર્થઘટન કરવાનું.

ગૃહિણીના બદલાતા ભાવ ખૂબ જ સરસ છે પહેલાં સ્તબ્ધતા પછી થોડો મલકાટ અને પછી રંજ, પસ્તાવો, પોતે એ માણસને પારખી ન શકી એનો... આ બધું પ્રેક્ષકોએ જ તારવવાનું.

પેલી પાછી મંદિર પાસે જાય છે, પસ્તાવો વ્યક્ત કરવા કે માફી માગવા, ને એને દેખાય છે ભગવાન સામે પીરસેલો નિવેદનો થાળ, જેમાં પૂરણપોળી ઉપરાંત અનેક વાનગીઓ છે. એ થાળ ઉપાડી લે છે અને બારણામાં આવે છે. સજ્જડ થઈ ગયેલું બારણું આ વખતે એના ધક્કાથી ખૂલી જાય છે. એના દિલ-દિમાગનાં દ્વાર પણ ખૂલી ગયાં છે, દરવાજાની ફ્રેમ વિસ્તારિત થાય છે. 'સ્ત્રી'નું પ્રથાઓથી સંકુચિત થઈ ગયેલું મન મોકળાશ અનુભવે છે.

પેલા માણસ તો ફળિયું વટાવી શેરી તરફ વળ્યો છે. થાળી સાથે પેલી એની પાછળ જાય છે. પાત્રો દેખાતાં નથી, ફક્ત એમના દૂરથી આવતા અવાજ સંભળાય છેઃ

'ઊભો રહે'... 'ઊભો રહેને બાબા, ભરપેટ જમીને જા.'

બાબાનો અવાજ, 'થઈ ગઈ કે તમારી પૂજા?' અને અંતમાં દેખાય છે દરવાજાની ફ્રેમ.

'ફ્રેમ' ફિલ્મ જોઈ અને એક મરાઠી કાવ્ય યાદ આવ્યું. વિષય સરખો પણ પ્રવાહ તદ્દન વિરુદ્ધ દિશાનો. એક ભલી, ભોળી બાળકી છે. જિજ્ઞાસાથી નિર્દોષ ભાવે અનેક પ્રશ્નો પૂછે છેઃ 'આવી પ્રથા શા માટે?' અને ધીમે ધીમે એ પણ રૂઢિઓનાં ચોકઠાંમાં ગોઠવાઈ જાય છે.

ફિલ્મમાં રૂઢિમાંથી મુક્ત થવાની વાત છે, કાવ્યમાં રૂઢિમાં બંધાઈ જવાની. જુઓ પૃ. 120. ❑❑❑

@Gujaratibookz

# ગામની દાદી

☐ આશુતોષ આપટે ☐ અનુ.: ઉષા શેઠ

ગામની દાદી
એની મિઠ્ઠી ગોળમટોળ ગાલવાળી
પૌત્રીના ગાલ તાણતી બોલી,
'નમસ્કાર કર જોઈએ
ગાયના પેટમાં તેંત્રીસ કરોડ દેવ હોય છે....!'
આંગળીઓ પર ત્રણ વાર દસ અને
પાછી ટચલી આંગળી પાસેથી ત્રણ આંગળી
એમ કરીને
એને તેંત્રીસની ગણતરી કરતા આવડી,
પણ પગની આંગળીઓ પકડીને પણ
એને કરોડ કંઈ ગણતા આવડ્યા નહિ....!
એણે પૂછ્યું.
'પણ આ આખું જગત તો
દેવનું જ છે ને?'
દાદીએ તરત જ એના ગાલ ચૂમ્યા
અને કહ્યું
'કેટલી શાણી છે મારી સોનું!'
ખૂબ લાડથી જોશથી ચુંબન કર્યું
દુઃખતા ગાલ પર હાથ રાખીને પૌત્રી બોલી...
'એટલે દેવ
સર્વત્ર હોય છે!'

તરત જ કરચળિયાળી દાદી બોલી
'હા રે સોનુ! આપણને ભલે દેખાય નહિ
પણ એને આપણે દેખાઈએ છીએ હં...
જા તો, જરા પેલી વાડ પાસેનું
જાસૂદનું ફૂલ ચૂંટીને આપ મને
બાપ્પા માટે!'

પૌત્રીએ ફૂલ સામે જોયું
એ લાલચટાક જાસૂદનું ફૂલ
થોડીવાર પહેલાં ચૂમેલા
એના ગોળમટોળ ગાલ જેવું જ દેખાતું હતું...
પણ હવે ચૂંટાશે એટલે એ પર દાદીની
કરચલીઓ પણ એમાં ભેળવાઈ જશે...
પૌત્રીને થયું
મને ચુંબન કર્યું તો
આટલું દુઃખે છે
તો તાજું જ ખીલેલું ફૂલ
તોડીએ તો ઝાડને કેટલું દુઃખતું હશે?
અને એ તોડતી વખતે બાપ્પા તો જોવાના જ!
વળી, ઝાડ પરથી તોડ્યું કે ફૂલ મરી જશે!
પછી બાપ્પાએ એ ફૂલનું શબ ઉપાડવાનું?
એના મગજનો ફ્યુઝ જ ઊડી ગયો...
એણે દાદીને કહ્યું,
'દાદી, દેવ સર્વત્ર હોય છે તો
આ ઝાડ પરનાં ફૂલ પણ દેવ પાસે જ હોય છે ને!
પછી એને શા માટે તોડીને
શા માટે ચઢાવવાનાં?'
દાદીએ કહ્યું
'વાહ રે દોઢડાહ્યલી!
આપણાં ઘરના દેવને નહીં ચઢાવવાનાં?'
ત્યારથી અને બહારના એમ દેવના ભાગલા
પડ્યા.
અને એના દેવ ઘરના મંદિરમાં
સમાય એટલા વામણા બન્યા!
બરાબર છે કે,

@GujaratiBookz

માણસો વધ્યા
એમ ઘર વધ્યાં
દરેકના ઘરમાં જુદા જુદા બાપ્પા!
પછી તેત્રીસ કોટિ જ શું
ઘેરઘેર હજુ વધારે દેવો જોઈશે જ ને!
કાળાનુસાર બાપ્પાની નજર સામે એ મોટી થઈ!
ઉંમરમાં મોટી થઈ
હવે એના ગાલ ગોળમટોળ નહોતા રહ્યા
આંખમાં ફૂલુ પડ્યું હતું...
દાદીની જાસૂદી કરચલીઓ
એના ગાલ પર પણ અંકાઈ હતી.

સવારની એક તો ધમાલની વેળા!
ટેવ પ્રમાણે એણે ઘરનો દરવાજો ઉઘાડ્યો...
ગાયના પેટમાંથી,
હવે પ્લાસ્ટિકની થેલીઓમાં સમાવેલું.
દ્વારેદ્વારે વહેંચણી થયેલું
તેત્રીસ કોટિ એણે
ગેસની મંદ આંચ પર મૂક્યું!
વર્તમાનપત્ર સાથે
વર્તમાનપત્ર સાથે
દરવાજાની કડીમાં ખોંસેલી
ફૂલની પડીમાંથી ફૂલનાં શબ એણે મંદિરમાં મૂક્યાં
અને અંતક્રિયા ચાલુ કરી!
મોગરાની પાર્થિવ અગરબત્તીની સુગંધ
ગરભમાં પ્રસરી
પરંતુ એના સાસરિયાનાં ઘરમાં
એના તેત્રીસ કોટિ વત્તા એક નંબરના
બિચારા દેવ
શહેરની સાંકડી જગામાં
નાના અમથા મંદિરમાં
વધારે જ વામણા બન્યા હતા!

ફરીને થાકેલાં, એટલે બીજી દિશામાં અમારી બસ તરફ વળ્યાં. મારી સાથે છ-સાત વર્ષની એક નાનકી ચાલવા લાગી. પહાડોમાં વસતાં ભૂલકાંનો હોય એવો જ ખીલતા ગુલાબનો રંગ હતો એના ચહેરા પર. એ ભણવા જાય છે કે નહિ, સ્કૂલ ગામથી કેટલી દૂર છે, એવીતેવી વાતો કરતાં અમે જતાં હતાં. ત્યાં એ ટેણકી એકાએક જ બોલી : 'વૈસે તો મેં ભીખ નહિ માંગતી હું, મગર આપ કે પાસ કુછ અલગ સા ખાના હૈ? કિતને દિનો સે મૈંને અલગ સા કુછ ખાયા હી નહિ...'

હું દિગ્મૂઢ બની ગઈ. એક તો નાની અમથી છોકરીની સ્પષ્ટ રજૂઆતથી અને એ રજૂઆતમાં નજરે ચડતા એના સભર આત્મવિશ્વાસથી. એની બાળસુલભ ઇચ્છાનું આવું પ્રાકટ્ય મને બહુ મીઠું લાગ્યું. બચેલો નાસ્તો એને બાંધી આપ્યો ત્યારે એના ચહેરા પર એવો તો આનંદ છલકાયો કે આજેય એ અકબંધ રહ્યો છે સ્મૃતિમાં. કંઈ મેળવવું છે તો એ માટે યુક્તિ-પ્રયુક્તિની કોઈ સહાય નહિ, કશી ઢાંકાઢૂંબી નહિ; હતી વહેતા ઝરણ જેવી પારદર્શક પ્રકૃતિ ને એવો જ કલકલ વહેતો જીવનરસ.

**- હિમાંશી શેલત,**
પ્લેટફોર્મ નંબર ચાર'માંથી સાભાર

@GujaratBookz

**[પૃ. 52થી ચાલુ]**

*પ્રશ્ન: તત્ત્વજ્ઞાનનાં ગૂઢ રહસ્યોને તાગવાની મથામણ આપની ગઝલોમાં છે, હરીન્દ્ર દવેએ આપને 'ગઝલ ઋષિ' કહ્યા છે. આપની ગઝલ 'દશે દિશાઓ'માં પંક્તિ છે 'હું સ્થિર છું, મારામાં રાસ ચાલે છે'- આ સર્જન છે કે અનુભૂતિ?*

બેય. અનુભૂતિ તો હતી જ. મારી જાણ વિના, એક વાર હું અચાનક બેઠો હતો અને આખી ગઝલ, જાણે મને કોઈ સંભળાવતું હોય એમ, જાણે એક વ્યક્તિ બનીને એ સામી આવીને ઊભી રહી ગઈ અને મેં માત્ર એ ગઝલ લખી જ છે. એમાં મારી કોઈ કમાલ નથી. બીજી ગઝલોમાં તો મેં, આપણે વાત કરી તેમ, આયાસ, ગઝલ પૂરી કરવા માટે પ્રયત્નો કરેલા, પોલિશ કરેલું. પણ આ ગઝલમાં મેં કશું જ નથી કર્યું, જેમ આવ્યું એમ લખ્યું. એટલે છંદ, રદીફ, કાફિયા, ભાવ દર્શન- આધ્યાત્મ એમાં જે કહો એ બધું મને મળેલી ભેટ છે. એવી અનેક ગઝલો છે, એક 'રંગ રંગ' ગઝલ છે, બીજી એક ગઝલ છે જેનો હરીન્દ્ર દવેએ 'કવિ અને કવિતા'માં ખૂબ સરસ આસ્વાદ કરાવેલો

'સમયનો બાદશાહ ક્યારે બિનવારસ મરી જાશે,
સવારે ખુલશે દરવાજા ને હું પહેલો મળી જઈશ'.

એમાં બધી લોકવાયકા અને દંતકથાઓના આધારે આવતીકાલ કેટલી સરળતાથી સુંદર થઈ જશે એની વાત છે અને આ કોરોના વાઈરસ સંદર્ભે એ બહુ પ્રસ્તુત ગઝલ છે.

*પ્રશ્ન: અધ્યાત્મ અને યોગસાધના માટે આપે દસ વર્ષ સ્વિત્ઝરલૅન્ડ નિવાસ કર્યો, યુરોપ પ્રવાસ કર્યો. આ નિવાસ અને પ્રવાસે આપને શું આપ્યું?*

મેં કહ્યું એમ મારી સાધના તો બહુ નાનપણથી શરૂ થઈ હતી. ૧૪-૧૫ વર્ષની ઉંમરે હું મારા ભાઈના સસરા બટુકરાય નાણાવટી પાસે વેદાંત શીખવા જતો. શંકરાચાર્યના ગ્રંથો ત્યારે જ વાંચવા શરૂ કરેલા. એ વખતે મને અમુક સમજાતું હતું અને અમુક નહોતું સમજાતું. પણ મને જે એક વળાંક મળ્યો તે બાબા રામદાસ કરીને હાર્વર્ડ યુનિવર્સિટીના મનોવિજ્ઞાનના અધ્યાપક હતા, એમણે મુક્તાનંદ સાથે એક પ્રવચન આપેલું. એ બંનેને મળવા હું વજ્રેશ્વરી ગયેલો. રાત્રે અમે ત્રણેક કલાક વાત કરી અને પછી સવારે હું ત્યાં ગયો અને ૩૦૦-૪૦૦ જણમાંથી અચાનક મને એમણે બોલાવીને મારા માથા પર ટપલી મારીને કહ્યું કે આને મારા બેડરૂમની નીચેની ગુફામાં ધ્યાન કરવા લઈ જાઓ. ત્યાં મને જે અનુભવ થયો એણે મારું આખું જીવન બદલી નાખ્યું. એ કુંડલિની જાગૃતિનો અનુભવ હતો. પહેલાં મને એમ લાગ્યું કે જાણે બધાં રૂંવાડાં એકદમ ઊભાં થઈ ગયાં છે, લાકડાં જેવાં થઈ ગયાં છે, પછી અચાનક પાંચ સેકંડ માટે મને એવું

@Gujaratibookz

લાગ્યું કે મારું હૃદય બંધ થઈ ગયું છે અને એક પ્રકાશની પટ્ટી ફટાક દઈને મારા હૃદય સુધી આવી અને પછી હું સમજ્યો કે આ મારા પૂર્વજન્મની અવસ્થા હતી જ્યાંથી હવે મારે આગળ જવાનું છે. પણ એમણે મને મંત્ર આપેલો એ સંન્યાસનો હતો અને મને બરાબર ખબર હતી કે આ મારો રસ્તો નથી. એટલે હું એમની સાથે સંપર્કમાં હતો પણ એમને અનુસર્યો નહીં.

પછી ૧૯૭૦માં મારી પાસે ઘણો સમય હતો, દક્ષા પણ નહોતી. એ દરમ્યાન મને અનાયાસ મહેશ યોગી પાસે જવાનું થયું. પછી ૧૯૭૩માં દક્ષા પાછી આવી ત્યારે મેં એને કહ્યું કે મારું તો અંદરનું બધું બદલાઈ ગયું છે. અમે લગ્ન કર્યાં અને મને પણ યુ.કે.માં તરત નોકરી મળી ગઈ. આ બધું કંઈક ડિવાઈન હતું. યોગનો માર્ગ એ ચિત્તવૃત્તિનિરોધનો માર્ગ છે અને કૃષ્ણમૂર્તિથી લઈને રજનીશ સુધી કોઈ એ વાતનું ખંડન કરી શક્યું નથી. એમ સમજો કે એક મોજું છે એ સાવ શાંત થઈ જાય ત્યારે એ બેસતાં બેસતાં સમુદ્ર સ્વરૂપ થઈ જાય છે. એ તરંગનું શાંત થવું અને એ જ વખતે સમુદ્ર સાથે એનું એકરૂપ થવું એજ યોગની ક્રિયા છે. પણ આપણી ચેતનાની જે મલિનતાઓ છે એ સાફ કરીને ત્યાં સુધી પહોંચતાં તો વાર લાગે. જ્યારે તમારી ચિત્તવૃત્તિ શાંત થાય છે ત્યારે તમે તમારા સ્વસ્વરૂપમાં સ્થિત થાઓ છો. આ સ્વસ્વરૂપ શું છે? આપણને સારી ઊંઘ આવે અને આપણે ઊઠીને એમ કહીએ કે મને બહુ સારી ઊંઘ આવી, તો પ્રશ્ન એ થાય કે તું તો ઊંઘતો હતો, તને કેવી રીતે ખબર પડી કે સારી ઊંઘ આવી? તો એને જે કહો તે- પુરુષ કહો, ચૈતન્ય કહો, બુદ્ધિ કહો- જે કહો તે. એ જ આપણો આત્મા છે, પરમાત્મા છે અને એ જ બ્રહ્મ છે. મને બૌદ્ધિક રીતે કશું વાંચવાની પણ હવે વૃત્તિ થતી નથી. હું સર્વજ્ઞ છું એવું કહેવા માગતો નથી, હું તો સાવ અજાણ છું. મારી સ્મૃતિ પણ હવે કેટલી બધી વસ્તુ કાઢતી જાય છે. હું ભૂલી જાઉં છું એના કરતાં જે બિનજરૂરી બોજ છે એ બધું નીકળી જઈ રહ્યું છે. જે પરમ સ્વરૂપ છે, જે આખા અસ્તિત્વનો આધાર છે, જેમાંથી આખું બ્રહ્માંડ નીકળ્યું છે, જે આખા બ્રહ્માંડને શક્તિ આપી રહ્યું છે, ચૈતન્ય આપી રહ્યું છે, જે સચ્ચિદાનંદ પરબ્રહ્મ છે એમાં કોઈ શંકા નથી. મારે માટે એ જ સત્ય છે, બીજા માટે ન હોય તો કંઈ નહીં. જ્યારે એની સાથે તમારો સંપર્ક થાય છે ત્યારે ગીતામાં કહ્યું છે એમ દુઃખથી તમારો વિયોગ થાય છે. તમારી ચેતના એટલી મજબૂત થઈ જાય છે કે તમને કોઈ બાહ્ય વસ્તુઓ સ્પર્શ કરતી નથી. મને તકલીફો ઘણી પડી છે, પણ એ તકલીફોનું હવે મારે

@Gujaratibookz

માટે કોઈ અસ્તિત્વ જ નથી. એટલે બધાએ ગ્રંથસ્થ કરવાનો આગ્રહ કર્યો અને ચાળીસ વર્ષ પછી મેં 'તારાપણાના શહેરમાં' પુસ્તક આપ્યું. મારા મિત્રોએ મારી ગેરહાજરીમાં 'જવાહર બહુ અઘરો કવિ છે' એવો પ્રચાર કરેલો છતાં એની પાંચ આવૃત્તિ થઈ. મને એનો કોઈ હરખ-શોક નથી, પણ મૂળ વાત એ છે કે જો તમે તમને વફાદાર હો તો એ ખુદવફાઈ લોકો સુધી પહોંચે છે. મને એવોર્ડની કોઈ પડી નથી, છતાં મેં એવોર્ડ સ્વીકાર્યા છે. જ્યારે મહેશ યોગીથી હું છૂટો પડ્યો ત્યારે એમણે મને અમુક સલાહો આપેલી, એમાં એમણે કહેલું કે કોઈ પ્રેમ કરતું હોય તો એનો અનાદર ન કરવો. મારી કવિતા વિશેષ છે, બધા કવિઓ પોતપોતાની રીતે વિશેષ છે. પણ છસો વર્ષ સુધી કોઈને સૂઝ્યું નહીં કે નરસિંહનું 'નીરખને ગગનમાં' છે એ આખું માંડૂક્ય ઉપનિષદ છે, કે 'જળકમળ છાંડી જા ને બાળા' એ કુંડલિની છે. એવાં અનેક રહસ્યો મેં મારાં સંશોધનમાં મૂક્યાં છે.

*પ્રશ્ન: જી, આપણે એ તરફ જ જઈ રહ્યા છીએ. આટલાં વર્ષે, જીવનના આ તબક્કે નરસિંહ મહેતાની આધ્યાત્મિકતા પર સંશોધન કરવાનો વિચાર કે એ પ્રેરણા ક્યાંથી થઈ? એની ભૂમિકા સમજાવશો?*

મહર્ષિને ત્યાં નિરાકારની ઉપાસના હતી. ત્યાંથી હું છૂટો પડ્યો પછી જૂનાગઢના અંબાજીનું મને ભારે આકર્ષણ રહેતું. મને માતાજીએ પોતે જ ખેંચ્યો અને મેં નવલખ ચંડીની ઉપાસના કરી. એ રીતે સાકારની ઉપાસના મેં શરૂ કરી. એનો એક અદ્‌ભુત આનંદ હોય છે. શ્રી નાથાભાઈ જોશીને હું અનેકવાર મળ્યો હતો અને એમની અનુભૂતિ મને બહુ વિશુદ્ધ લાગતી. મને એમના સત્સંગનો લાભ, એમના આશીર્વાદ અને એમનું માર્ગદર્શન મળ્યું. મેં નવલખ ચંડીનો યજ્ઞ કર્યો, મારી પત્ની સાથે. નરસિંહ મહેતા વિશે અમુક વાતો તો મેં હજી લખી નથી, કારણકે મારા પીએચ.ડીના ગાઈડે એમ કહ્યું કે બધું તર્કબદ્ધ લખવું પડે. પણ આ આખું ભાવજગત છે, કૃષ્ણલીલાના શૃંગારનાં જે પદો છે એ બધાં વિશે મેં લખાય એટલું લખ્યું છે. પણ ઘણું બધું કામ બીજા માટે રાખેલું છે. કોઈક બીજો મારા કરતાં વધારે સારો, વધારે આધ્યાત્મિક અનુભવવાળો એ કામ કરશે તો એને આ એક આધાર મળશે. પણ એ રાધા, એ કૃષ્ણ કોણ, એની લીલા શું? એના સંકેતો શું? મેં મારાં સંશોધનમાં એ સિદ્ધ કર્યું છે કે નરસિંહ એ યોગી હતો, એ વેદાંતી હતો, એ અવધૂત હતો, એ ઋષિ હતો, એક નિપુણ કવિ પણ હતો અને ભક્ત પણ હતો. એટલે એનું આખું સર્જક વ્યક્તિત્વ છે એમાં પાણીમાંથી ફોરાં

@GujaratiBook2

કાઢવાનો કોઈ અર્થ નથી. એ એમ કહે કે 'દેહ દશા ટળી, માંહે રહ્યો ભળી' એનો મતલબ શું થાય એ કેટલા સમજે? અને એ એમ કહે છે કે 'અચેત ચેતન થયો, ભવતણો અઘ ગયો, સૂતી ઊઠી મારી આદ્યવાણી' આ આદ્યવાણી એટલે શરૂઆતમાં હું જે વાત કરતો હતો એ. ઋચા ક્યાં છે? તો એ અક્ષરતત્ત્વમાં છે. અક્ષરતત્ત્વ ક્યાં છે, તો એ આપણી ચેતનાનું જે અતીન્દ્રિય રૂપ છે -જે ભાવાતીત, દ્વન્દ્વાતીત, ત્રિગુણાતીત છે. એટલે કોઈ મર્યાદા ન રાખવી. અને નરસિંહની જે સાકારની અનુભૂતિ હતી એ કોઈ સમજ્યું નથી. એક બાજુ એ 'નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો' અને 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે' કહે છે. 'જાગીને જોઉં તો જગત દીસે નહીં' એ અંતિમ અવસ્થા છે, પણ એ સ્થિતિએ પહોંચ્યા પછી પણ ઈશ્વરનો સાક્ષાત્કાર છે એ તમારો વ્યક્તિગત સંબંધ છે. એટલે સંપ્રદાયો, ધર્મો, સાહિત્યના વાદ-વિવાદો એ બધા આનંદના વિષયો છે. એ બધું પરમાત્માએ જે વૈવિધ્યનું સર્જન કર્યું છે એના ભાગરૂપે છે. દૂરતાની પણ એક મજા છે, દ્વૈત વિના કશો વ્યવહાર સંભવ જ નથી. જે શક્તિથી આ આખું બ્રહ્માંડ વિલસી રહ્યું છે એ સત્ પણ છે, એ ચિત્ પણ છે અને એ જ આનંદ પણ છે. એટલે એને કઈ રીતે

ઓળખવું એ આપણી પોતાની પસંદગી છે. બધું એક સરખું છે. 'બોલવું ન બોલવું એક સરખું લાગવું' એ મારી એક ગઝલ છે.

*પ્રશ્ન: આપે 'જળકમળ છાંડી જા ને બાળા' એ પદનો અગાઉ ઉલ્લેખ કર્યો. પણ એ પદ વિશે થોડી વિગતે વાત કરીએ, એનું આધ્યાત્મિક રહસ્ય અમને સમજાવશો?*

બહુ જાણીતી વાત છે કે કબીર સંપ્રદાયમાં, શ્રીવિદ્યાના સંપ્રદાયમાં, અનેક વિદ્યાઓના સંપ્રદાયોમાં કે યોગમાં કમળ અને નાગણ ભેગાં થાય તો એક જ અર્થ થાય, કે કુંડલિની. હવે 'જળ ગહન છાંડી' નથી લખ્યું, 'જળકમળ છાંડી' લખ્યું છે. બીજું કે આખી જે અસંગતતા છે- ઘડીકમાં કહે છે કે 'જાગશે તને મારશે',

@Gujaratilokz

ઘડીકમાં કહે છે કે 'લાખ સવાનો મારો હાર આપું', તો આ બધું બખડજંતર છે શું? પચીસ વર્ષથી હું આ વિશે બોલું છું અને જેવા ભાવકો એવું બોલું છું. પણ કુંડલિની એટલે ભૌતિક શરીરમાં જે સૂક્ષ્મ શરીર છે અને એમાં એક ઊર્જા છે અને પરમાત્મા સુધી પહોંચવું હોય તો એમાં વચ્ચે અમુક સ્ટેશન છે. જેમ કે નાભિચક્ર છે, એવાં અનેક સ્ટેશન આવે. એનું વર્ણન આમાં છે. બીજું કે આપણા જે ષડશત્રુઓ કહ્યા છે- રાગ, દ્વેષ, કામ, ક્રોધ, મોહ વગેરે. આ જે 'રંગે રૂડો, રૂપે પૂરો, દીસંતો કોડીલો કોડામણો' જે છે એ કામનું છે, એને મણિપુર કહેવાય છે. આ બધું મેં યોગના પ્રમાણિત ગ્રંથોથી પુષ્ટ કર્યું છે. 'જાગશે તને મારશે'માંથી આટલું બધું થયું તો પણ છસો વર્ષમાં ગુજરાતી સાહિત્યમાં કોઈના પેટનું પાણી હાલતું નથી, તમે જુઓ તો ખરા. કામ પછીનું સ્ટેશન તે મોહનું એ હૃદયચક્રનું, લાગણીનું અને ભાવનું ચક્ર છે. આગળ વધે છે તો મોહ આવે છે 'લાખ સવાનો મારો હાર આપું' નાગણ જો નવલખો હાર પહેરે તો એનું ડોકું ન કપાઈ જાય? એટલે આ આખું જે પ્રતીક છે એ એટલું જડબેસલાક છે અને દરેક યોગશાસ્ત્ર સાથે મેળ ખાય છે. આમાં ઘણું બધું છે. કદાચ એને માટે આપણે બીજો વાર્તાલાપ કરવો પડે. એટલે સાધક જ્યારે શિવતત્ત્વને પામે છે એની આખી વાત છે. સ્વામીનું જે બદલવું છે 'જળ કમળ છાંડી જા ને બાળા, સ્વામી અમારો જાગશે' એટલે પહેલી પંક્તિમાં 'સ્વામી' એ કાળીનાગ છે. પછી છેલ્લે કહે છે 'બેઉ કર જોડી વિનવે સ્વામી, મૂકો અમારા કંથને' અહીં 'સ્વામી' એ આઠમી વિભક્તિનું સંબોધન છે. એટલે સ્વામી બદલાઈ ગયો. એનું મહત્ત્વ એ છે કે આ જમુનાનું જળ છે એ આપણા જીવન-જળનું પ્રતિક છે. એનો સ્વામી-કાળીનાગ એટલે કે આ માયાનો મોહપાશ છે ત્યારે પ્રતિક્ષણે તમે મૃત્યુ પામી રહ્યા છો. પણ જ્યારે તમારો સ્વામી કૃષ્ણ થાય છે ત્યારે તમે અનંતતાને પામો છો. તમે શરીર નથી એનું તમને ભાન થાય અને પછી તમે અનંતતત્ત્વ સાથે એકતા પામો ત્યારે આ જીવન-મરણના ચક્કરમાંથી નીકળી જાઓ છો. એ જે અવધૂતીનો આનંદ છે, એ નરસિંહનો હતો.

*પ્રશ્ન: જવાહરભાઈ, નરસિંહના આજે ગવાતાં પદોની આધારભૂતતા વિશે શું કહેશો? જેમ મીરાંના નામે અનેક રચનાઓ પાછળથી લખાઈ, એવું નરસિંહનું પણ થયું?*

ખરી વાત છે. ટૂંકમાં એમ કહું કે નરસિંહના મૃત્યુ પછી લગભગ દોઢસો વર્ષે પહેલી હસ્તપ્રત મળે છે. ત્યાં સુધી એ માત્ર કંઠ પરંપરામાં સચવાયેલો. એ દરમ્યાનમાં જેસલપરાએ ખૂબ મહેનત કરી. લગભગ મૂળ ૧૨૧ હસ્તપ્રતોમાંથી માખણ કાઢીને જે

૮૦૭ પદ કર્યાં એમાં બહુ પુનરાવર્તન છે. અમુક કવિતા નિઃશંક નરસિંહની નથી એમ કહી શકાય એમ છે. તમે નરસિંહનો ઝૂલણા જુઓ 'જાગીને જોઉં તો જગત દીસે નહીં', 'જે ગમે જગતગુરુદેવ જગદીશને તે તણો ખરખરો ફોક કરવો' કે 'નાચતાં નાચતાં નયણે નેણાં મળ્યાં'. 'નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો' કે 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ' ત્યાંથી લઈને 'જાગ ને જાદવા કૃષ્ણ ગોવાળિયા'. તમે એનો છંદ જુઓ, વર્ણાનુપ્રાસ જુઓ. તો બીજા કેટલાંક પદો જોઈએ, એના પ્રાસ જોઈએ તો મને એમાં ચોક્કસ વિશ્વાસ છે કે એ નરસિંહનાં હોય જ નહીં. એમાંથી તો મને આખું માંડૂક્ય ઉપનિષદનું અર્થઘટન મળ્યું. આમાં ઘણું ઊંડાણ છે અને બુદ્ધિથી આ બધું આવતું નથી. હું દુનિયાના વિદ્વાનો સાથે બેસીને ચર્ચા કરવા તૈયાર છું કે આ ત્રીજા નેત્રની પ્રસાદી, જે વાત બળવંતરાય ઠાકોરના શિષ્યો ભૂલી જાય છે કે ક્યારેક ત્રીજા નેત્રની પ્રસાદી જેવી કવિતા પણ હોય છે. એટલે એ ત્રીજા નેત્રની પ્રસાદીથી હું પણ કહી શકું છું કે આ રચના નરસિંહની છે અને આ એની રચના નથી. એટલે મૂળ વાત એ છે કે નરસિંહની રચનાઓનાં અમુક વ્યવાર્તક લક્ષણો છે, એની આખી શૈલી છે, છંદ પરની એની પકડ છે. એનો એક આધાર ભાગવત છે પણ બીજો આધાર જયદેવનું 'ગીતગોવિંદ' પણ છે. બીજું મેં એક આખો વિભાગ કર્યો છે કે અમુક પદો નરસિંહને મળતાં આવે છે પણ એ નરસિંહનાં નથી. જેમ કે 'મથુરામાં ખેલ ખેલી આવ્યા, ઓ કાન ક્યાં રમી આવ્યા?' હવે આ શબ્દો, આ લય નરસિંહના નથી. મારું નરસિંહ વિશેનું આ આખું સંશોધન એ એક દૈવી આદેશ જ હતો, બાકી હું તો બહુ આળસુ માણસ છું. એ પ્રેરણાથી જ આ લખાયું છે, બાકી મારી બુદ્ધિ એટલી નથી કે હું આ પામી શકું.

*પ્રશ્ન: સાધના દ્વારા વિચારાતીત થવું કદાચ શક્ય બને, પણ ભાવાતીત દશા સુધી પહોંચી શકાય ખરું?*

વિચાર અને ભાવ એ બંને ઉપરની સપાટી પર જ હોય છે. જે તરંગની વાત કરી, જે યોગ ચિત્તવૃત્તિનિરોધની વાત કરી, એમાં ભાવ પણ એક જાતની વૃત્તિ જ સમજો, કારણકે એ પ્રમાણ અવસ્થામાં આવતી હોય છે. જે નિર્ગુણ નિરાકાર છે, જે મહામૌન છે, જ્યાં કોઈ સ્પંદન નથી, કોઈ ભાવ નથી, કોઈ શબ્દ નથી, કોઈ વિચાર નથી. જેમ જેમ ઉપર આવતા જાઓ અને પરાવાણીની સ્થિતિ પર પહોંચો તો એ ભાવાતીત છે, એ દ્વન્દ્વાતીત છે, એ વિચારાતીત છે. પતંજલિ એમ કહે છે કે અષ્ટાંગમાંથી આસન-પ્રાણાયામ એ બધું તો બાહ્ય છે. જે અંતરંગ છે એ ધારણા, ધ્યાન અને સમાધિ છે. ધારણામાં તમે કોઈ વિચાર કે ભાવ ઉપર કેન્દ્રિત થાઓ છો. ધીમેધીમે

@Gujaratibooks

તમે એમાં લીન થતા જાઓ. જેમજેમ તમારો રસ વધતો જાય એમ તમે ઊંડા ઊતરતા જાઓ. ધ્યાન કરવાથી તમારા મનની સ્થિતિ સ્થિતપ્રજ્ઞ તરફ અથવા તો પ્રબુદ્ધતા તરફ ગતિ કરે. એ અવસ્થા નિયમિત અભ્યાસથી પ્રાપ્ત થાય છે અને પછી ગુરુકૃપાથી એમાં આગળ વધાય છે. એક સ્તર એવું આવે છે જ્યારે તમારા કોઈપણ પ્રયત્ન કામ નથી આવતા, માત્ર એની કૃપાથી આવે છે. વાંચવાથી કે કથા સાંભળવાથી એ આવતો નથી, બ્રહ્મ જ એની પસંદગી કરે છે. શબ્દ વરેણ્યમ છે, એ વરણી કરે છે કે આની સામે મારે પ્રગટ થવું છે. હું દુનિયામાં અનેક ખંડોમાં જઈ ચૂક્યો છું- ખંડેરો, આદિ સંસ્કૃતિમાં મને રસ છે. એટલે જે અનંત વૈવિધ્ય છે એનો આપણી શક્તિ પ્રમાણે આનંદ માણવો અને પરમાત્માની કૃપાનો હંમેશાં અનુભવ કરવો એમાં સંતૃપ્તિ આવે છે. આજે મને લાગે છે કે મારે જે કરવું હતું તે થઈ ગયું. જે જીવું છું એ બોનસમાં જીવું છું. નરસિંહ કહે છે, 'લટકે મળે નરસૈંનો સ્વામી, હીંડે મોડામોડ રે'. એટલે 'આજની ઘડી તે રળિયામણી' એ બહુ મોટી વાત છે. નરસિંહ કહે છે 'શ્યામ શોભા ઘણી, બુદ્ધિ નવ શકે કળી, અનંતોત્સવમાં પંથ ભૂલી' જિંદગીની વ્યાખ્યા જ એ છે- દરેક ક્ષણ એ પરમનો ઉત્સવ છે. હવે ઉપદેશકો કહે છે કે વર્તમાનમાં જીવો, નરસિંહ તો ક્યારનો કહી ગયો છે કે 'આજની ઘડી તે રળિયામણી.'

*પ્રશ્ન: જવાહરભાઈ, પોતાને કઈ રીતે જોવાનું બને? એક વ્યક્તિ, સર્જક, કે એક સાધક?*

કંઈ નહીં, બસ એક માણસ. બસો ટકા આનંદમાં જીવતો, જે પોતાની જાતને શરીર માનતો નથી, પરમાત્માના અનંતનો અંશ છું. અને એની કૃપાની ધન્યતામાં જીવું છું, બસ.

❑❑❑

**ઘેરબેઠાં 'નવનીત સમર્પણ'**
**મેળવવા ઘેરબેઠાં લવાજમ પણ ભરો**

ઓનલાઈન લવાજમ ભરવાની
એકદમ આસાન સેવાનો લાભ લેવા...

**જસ્ટ ક્લિક:**
http://www.bhavans.info/periodical/pay_online.asp
http://www.navneetsamarpan.com
**રવાનગી વિભાગ : 23530916-23514466**

ડૉ. હર્ષદ પંડિત M.V.Sc. (Medicine)
''ૐ'' 4-કરણપરા, રાજકોટ-360 001. મો. 94282 99637

# વિશ્વમાં પ્રથમવાર રોગ પ્રતિકારશક્તિ ખોરાક દ્વારા માત્ર 15 દિવસમાં વધારતી કીટ

**કીટ :** દેશ-વિદેશ પહોંચેલ કાયાકલ્પ + તુંજ તારો તારણહાર - ભાગ-1, 2, 3 + 20 યુરિન ટેસ્ટ પટ્ટી + ટોનિક ભસ્મ એક માસ માટેની.

જે તમારા શરીરમાં રોગ આવવા દેશે નહીં અને આવ્યો હશે તો દૂર થશે.

શરીરની રોગ પ્રતિરોધક ક્ષમતા વધે નહીં ત્યાં સુધી રોગ મટે નહીં, શરીર જ રોગ મટાડે, દવા તો રોગ મટાડવામાં, આડાં આવતાં પરિબળો દૂર કરે

**રોગ :** (સંધિવા, ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલ, બી.પી. હૃદયની નળીઓ બ્લોક થવી, પેશાબના રોગો, કેન્સર, એઈડસ વગેરેમાં ફાયદો થશે.)

રૂ. 300/- મોકલી તમારું સરનામું (પીનકોડ સાથે) S.M.S. કરો.

SARLA PANDIT, DENA BANK, CANAL ROAD, BRANCH, RAJKOT. A/C No - 019610002161, IFSC-BKDNO310196.

દેશ-વિદેશમાં નિઃશુલ્ક 300 પ્રવચનો કર્યાં છે તેનો લાભ લો. દરેક જિલ્લામાં તંદુરસ્તીના કાર્યકર્તાને આકર્ષક કિંમતે કીટ આપીશું. આવેલ રકમ રાષ્ટ્રીય કાર્યમાં વપરાશે.

તન, મન, ધનથી
રાષ્ટ્રીય આરોગ્યના ભેખધારી,

ડૉ. હર્ષદ પંડિત, મો. 9428299637

Email: drharshadpandit@gmail.com

@Gujaratibookz

वेदोऽखिलो धर्ममूलम् । वेदो नित्यमधीयताम् । वेदः वयं वः शरणं प्रपन्नाः । वेदो ये नः परं धनम् ।

## અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ શ્રી ગોવિંદ દીક્ષિત પુણ્યસ્મૃતિ સ્મરણ સમિતિ (રજિ.)

***"Sri Govinda Deekshita Ghatika Sthanam"***

29-30, East Iyen Street (Entrance at Yagasalai St.), KUMBAKONAM.
Tamil Nadu - 612 001. India
Tel. No. Off : (0435) 2401789, 2425948 Patasala : 2401788, 2422866

E-mail : rajavedapatasala@dataone.in
Website : www.rajavedapatasala.org

### વેદો અને શાસ્ત્રોના, પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ દ્વારા, રક્ષણાર્થે જાહેર નિવેદન

શ્રી રાજા વેદ કાવ્ય પાઠશાળા, કુંભાકોણમની સ્થાપના ૧૫૪૨માં સુવિખ્યાત વહીવટકર્તા-સંચાલક સંત અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ ભગવાન શ્રી ગોવિંદ દીક્ષિતર દ્વારા પવિત્ર નદી કાવેરીના તટે વેદ અને શાસ્ત્રોના પ્રસાર માટે કરવામાં આવી છે. તેઓએ તંજાવુરના નાયક રાજાઓનું સતત ત્રણ પેઢી સુધી પ્રધાનપદ શોભાવ્યું છે. તામિલનાડુમાં જ આ એકમાત્ર પાઠશાળા છે જે પાછલાં ૪૭૧ વર્ષથી અવિતરપણે કાર્ય કરી રહી છે. જ્યાં ઋગ્વેદ, કૃષ્ણ અને શુક્લ યજુર્વેદ અને સામવેદ પ્રાચીન પરંપરાનુસાર અભ્યાસક્રમ શીખવાય છે. વિદ્યાર્થીઓને ૮થી ૧૨ વર્ષની વયથી શીખવાય છે ૬થી ૧૦ વર્ષ પર્યંતના આ અભ્યાસકાળમાં વિદ્યાર્થીના આવાસ, ભોજન તેમ જ વસ્ત્રાદિ તેમ જ યાત્રાભાડુંની વ્યવસ્થા કરવામાં આવે છે. હાલમાં અહીં ૧૫૫ વિદ્યાર્થીઓને ૧૪ અધ્યાપકો કેળવણી શિક્ષા આપે છે.

વૈદિક અભ્યાસ બાદ તેઓને શાસ્ત્રો અને વેદોના ઉચ્ચ અભ્યાસ માટે પાઠશાળાના વિદ્વાન અધ્યાપકો દ્વારા પ્રોત્સાહન અપાય છે.

તા. ૨૧-૬-૨૦૦૪ના રોજ નવી પાઠશાળા શ્રી ગોવિંદ દીક્ષિતર ઘટિકા સ્થાનમ્ (૧૩,૫૦૦ ચો. ફૂટ)ના મકાનનું અર્પણ કાંચી કામકોટી મઠના શંકરાચાર્ય પ.પૂ. શ્રી જયેન્દ્ર સરસ્વતીના શુભહસ્તે થયું.

પાઠશાળાના વધતા જતા ખર્ચને પહોંચી વળવા નીચે પ્રમાણેનાં દાન સ્વીકારાય છે. તમારા પત્ર/ઈમેલમાં સરનામા સાથે ફોન નંબર, STD કોડ અને મોબાઈલ નંબર લખવા વિનંતી. દાનની રકમ આવકવેરાની ૮૦-G કલમાનુસાર કરમુક્ત છે.

| યોજના | દાનની રકમ | સ્થાયી થાપણ (જમા રકમ) |
|---|---|---|
| વિદ્યાર્થી ભોજન સાદું (સભાશયન) | ૩ ૭૦૦/- | ૩. ૯,૦૦૦/- |
| વિશિષ્ટ ભોજન | ૩. ૨,૫૦૦/- | ૩. ૩૦,૦૦૦/- |
| ઘળ-ભાત : (૭૫ કિલો) | ૩. ૧,૬૦૦/- | ૩. ૨૦,૦૦૦/- |
| વેદ અને શાસ્ત્રના અભ્યાસ શિક્ષણ/રક્ષણાર્થે (વિદ્યાર્થી દીઠ) | ૩. ૧૨,૦૦૦/- પ્રતિ વર્ષ | ૧,૫૦,૦૦૦/- |

ક્રોસ ચેક, ડિમાંડ-ડ્રાફ્ટ, A.V.M.S.G.D.P.S. Samithi કુંભાકોણમ્ ખાતે કરી મોકલવા વિનંતી. (પત્રવ્યવહાર ઉપરના સરનામે પ્રમુખ કે ખજાનચી પ્રતિ કરવો.)

# તમારી દૃષ્ટિએ

'નવનીત સમર્પણ' સપ્ટેમ્બર 20ના અંકમાં ભાઈ યજ્ઞેશ દવેનો પરિચયાત્મક લેખ 'એક અમીર ફકીર: અબ્દુલ સત્તાર' બહુ સરસ માહિતી આપે છે. તેમને અભિનંદન, પણ માત્ર એક બાબતે મારે તેમનું અને સૌ વાચકોનું ધ્યાન દોરવાનું થાય છે કે પૃષ્ઠ 88 ઉપર પાકિસ્તાનમાં ભળી ગયેલા પ્રદેશોમાંથી હિજરત કરીને ભારત આવેલા સિંધી પરિવારો માટે 'નિરાશ્રિત' શબ્દ વપરાયો છે જે સાચો નથી. એ એમના ગૌરવનું હનન કરનારો છે. વાસ્તવમાં ખરો અને અધિકૃત શબ્દ 'નિર્વાસિત' છે. જે સરકારી મહોર ધરાવે છે. એ દિવસોમાં હું માત્ર નવ વર્ષનો હતો અને અમારું શહેર જેતપુર એવા નિર્વાસિત સિંધી પરિવારોથી ઉભરાઈ ગયું હતું, પણ સામાન્ય બોલચાલમાં 'નિર્વાસિત' શબ્દ લોકજીભે સહેલાઈથી ન ચડે એટલે સહેલાઈથી સરકીને એ 'નિરાશ્રિત' બની ગયો અને પછી પ્રચલિત પણ થઈ ગયો. પણ મારા પિતા સરકારી અમલદાર હતા એટલે હું જાણું કે કોઈ પણ અરજદાર અરજીમાં પોતે હું 'નિરાશ્રિત' છું એમ લખીને લાવતો તો એ સુધરાવીને 'નિર્વાસિત' કરાવી નાખતા. કારણકે કે સરકારી પરિભાષામાં 'નિરાશ્રિત' શબ્દ દર્જ થયેલો નહોતો.

ગુજરાતીમાં આના માટે અઘરો શબ્દ હતો 'વિસ્થાપિત' (Displaced) અને સહેલો શબ્દ હતો 'હિજરતી' . અંગ્રેજીમાં આના માટે એક શબ્દ 'રેફ્યુજી' (Refugee) પણ છે. લોકબોલી સિવાય 'નિરાશ્રિત' શબ્દ ક્યાંય અસ્તિત્વમાં નથી.

**અમદાવાદ - રજનીકુમાર પંડ્યા**

* * *

શ્રી ભાણદેવજીની વાતનો પ્રતિભાવ.

શ્વાસોચ્છ્વાસની સાચી પદ્ધતિમાં બહુ વિસ્તૃત છણાવટ કરી તે દ્વારા તેનું નિયમન કરીને પ્રકૃતિ પાસેથી વધુ ઓક્સિજન મેળવવાની રીત શ્રી ભાણદેવે દર્શાવી છે જેનું નિયમિત પાલન કરવાથી ઘણા રોગોથી બચી શકાય છે. શરીર માટે પાણી, વાયુ અને ખોરાક (પ્રવાહી, વાયુ અને ઘન રૂપે.) ઓક્સિજનના મુખ્ય સ્રોતો છે તે દ્વારા ચેતાતંત્ર, શ્વસનતંત્ર અને રક્તાભિસરણ તંત્રને સાબૂત રાખી શકાય છે. 24 કલાક દરમિયાન ત્રણથી ચાર લિટર પાણી શરીરમાં જાય તો મસ્તિષ્કની ગ્રહણ શક્તિ દૃઢ બને છે. મસ્તિષ્કને સતત પાણી મળતું રહે તો તેની કાર્યશક્તિ સબળ રહે છે, જે વપરાતાં બિન ઉપયોગી પદાર્થ પેદા થાય છે તે પ્રવાહી મૂત્ર રૂપે, શ્વાસનો કચરો ઉચ્છ્વાસ રૂપે અને ઘન કચરો મળ રૂપે બહાર આવે છે, એ પણ એટલું જ જરૂરી છે. આ લેખનું અનુસરણ કરવાથી ઘણા રોગોથી બચી શકાય છે.

**ગાંધીનગર - ડો. ભાલચન્દ્ર હ. હાથી**

@gujaratibookz

# ભ વ ન્સ - વૃ ત્ત

## ચંડીગઢ કેન્દ્રઃ ચંડીગઢની શ્રેષ્ઠ શાળા

ચંડીગઢની ભવન વિદ્યાલય શાળા સ્કૂન્યૂઝ ઇન્ડિયાના તાજેતર સર્વેમાં શ્રેષ્ઠ કામગીરી માટે શહેરમાં છઠ્ઠી- શ્રેષ્ઠ શાળા જાહેર થઈ છે. શૈક્ષણિક વિભાગ તરફથી ઓનલાઈન પ્રચાર કરતા વિવિધ માધ્યમમંચ અને ટી.વી. પર દર્શાવાતા કાર્યક્રમોમાં સ્કૂન્યૂઝ સર્વોચ્ચ છે. વર્ષોવર્ષ શ્રેષ્ઠ કામગીરી માટે પ્રતિબદ્ધ આપણી શાળાએ હંમેશાં શૈક્ષણિક ઉપલબ્ધિઓ ઉપરાંત મૂલ્યનિષ્ઠ શિક્ષણને અગ્રતા આપી સાતત્ય જાળવવાનો પ્રયત્ન કર્યો છે.

## વિદ્યાર્થીઓએ પોલીસ સાથે સહાનુભૂતિ બતાવી

@Gujaratibookz

ભવન્સની Boss (ભવનના ભૂતપૂર્વ વિદ્યાર્થી સમિતિ)એ 'સંકલ્પ' ચેન્નાઈ સ્થિત એન.જી.ઓ. ના સંયુક્ત ઉપક્રમે ચંડીગઢના ટ્રાફિક પોલીસ લાઈન, સેક્ટર 29 અને વિવિધ ચેકનાકા પર ટ્રાફિક પોલીસો માટે 15,000 ચોકલેટ્સનું વિતરણ કર્યું. બોસના 9 સભ્યોએ તેમના પ્રમુખ શ્રી વિનય કે. અગ્રવાલના હસ્તે ડીએસપી ટ્રાફિક પોલીસ શ્રી જસવિંદર સિંહને આપીને મહામારીના કાળમાં ટ્રાફિક પોલીસ વિભાગ દ્વારા થયેલા અવિરત કાર્ય બદલ ધન્યવાદ આપ્યા.

## પૂના કેન્દ્રઃ એડવોકેટ બી. ઈ. અવહાદને શ્રદ્ધાંજલિ

પૂના કેન્દ્ર કમિટિના સભ્ય એડવોકેટ શ્રી બી. ઈ. અવહાદ covid 19ના સંક્રમણથી શુક્રવાર 24 જુલાઈ 2020ના રોજ અવસાન પામ્યા છે. તેઓ 77 વર્ષના હતા.

વકીલ ભાસ્કરરાવ અવહાદ પ્રખ્યાત કાયદાવિદ્ હતા અને ઘણાં વર્ષો મહારાષ્ટ્ર અને ગોવાના બાર કાઉન્સિલના પ્રમુખ રહી ચૂક્યા હતા. ઓક્ટોબર 2010થી તેઓ પૂના કેન્દ્રના સભ્ય હતા. તેઓ ભવનની કમિટિ મિટિંગમાં અત્યંત સક્રિય હતા અને શાળાના શિક્ષકો, આચાર્યોને શૈક્ષણિક તેમજ અન્ય કાર્યક્રમો અંતર્ગત માર્ગદર્શન આપતા હતા. તેમના પરિવારમાં પત્ની, પુત્ર અને દીકરી છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે.

## પંચકુલા કેન્દ્રઃ ભવનાઈટ ટોપ્સ ટ્રિસીટી ઇન હ્યુમિનિટિઝ

પંચકુલાની ભવન વિદ્યાલયના 12મા ધોરણની CBSE બોર્ડ પરીક્ષામાં 3 વિદ્યાર્થીઓ માનવશાસ્ત્ર શાખામાં શ્રેષ્ઠ ક્રમાંક લાવ્યા, ક્રિશા શેટ્ટી 99 ટકા (ગુણાંક) સાથે રીયા ગુપ્તાએ કોમર્સ વિભાગમાં 98 ટકા

પ્રિયાંશ રોનિયાર 95.4% કાર્તિક શર્મા 98.4%

ક્રિશા શેટ્ટી 99%

રીયા ગુપ્તા 98%

ગુણાંક, પ્રિયાંશ રોનિયારે 95.4 ટકા ગુણાંક મેડિકલ વિભાગમાં, કાર્તિક શર્મા 98.4 ટકા. કુલ 124 વિદ્યાર્થીઓમાંથી 53 વિદ્યાર્થીઓ 95 ટકા અને 89 વિદ્યાર્થીઓ 90 ટકાની ઉપર ગુણાંક લાવ્યા.

@Gujaratibookz

## ધોરણ 10ના વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષામાં

પંચકુલા ભવન વિદ્યાલયના વિદ્યાર્થીઓ દસમા ધોરણની બોર્ડ પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ લાવ્યા. કુલ વિદ્યાર્થીઓ 194માંથી 66 વિદ્યાર્થીઓ 95 ટકાની ઉપર અને 130 વિદ્યાર્થીઓ 90 ટકાની ઉપર ગુણાંક સાથે ઉત્તીર્ણ થયા.

| અસ્મિતા સેનગુપ્તા 99% | ભુવિ કાંસલ 99% | ગરિમા 99% | પર્વ અગ્રવાલ 99% | રસલીન કૌર દુઆ 99% |
|---|---|---|---|---|

**સંસ્કૃત દિવસની ઉજવણી:** ભારતીય વિદ્યા ભવને પાંચમી ઓગસ્ટ 2020ના અંધેરી ભવન કેમ્પસમાં ચંદ્રમૌલિશ્વર મંદિરમાં સંસ્કૃત દિવસની ઉજવણી કરી હતી. ભવનના સ્ટાફે વેદ-સૂક્તનું અને પુરાણ સ્તોત્રનું પઠન કર્યું હતું. અને જ્ઞાન, કળા અને શિક્ષણની દેવી મા સરસ્વતીજીને અર્પણ કર્યું હતું અને પૂજામાં ભાગ લીધો હતો.

**અંધેરી ભવન કેમ્પસના ચંદ્રમૌલિશ્વર મહાદેવ મંદિરમાં રામકૃષ્ણનૂજીને શ્રદ્ધાંજલિ:** ભારતીય વિદ્યા ભવને ભૂતપૂર્વ એક્ઝિક્યુટિવ સેક્રેટરી અને ડાયરેક્ટર જનરલ સ્વ. શ્રી એસ. રામકૃષ્ણનૂજીને 98મા જન્મદિન 22 જુલાઈએ શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ પ્રસંગે ભવનના સ્ટાફે રુદ્રાષ્ટાધ્યાયી અને બ્રહ્માનંદ પુરાણમાંના લલિતા-સહસ્રનામ સ્તોત્રનું પઠન કર્યું હતું. ત્યારબાદ શ્રી રામકૃષ્ણનૂજીને ભવનનાં વિકાસ અને સંવર્ધન માટે દીર્ઘકાલીન સેવા માટે શ્રદ્ધાંજલિ અર્પી હતી.

**ગુરુ પૂર્ણિમા ઉજવણી :** ભારતીય વિદ્યા ભવને અંધેરી ભવન કેમ્પસના ચંદ્રમૌલિશ્વર મંદિરમાં 5 જુલાઈ 2020ના ગુરુ પૂર્ણિમાની ઉજવણી કરી હતી. આ પ્રસંગે ભવનના સ્ટાફે રુદ્રાષ્ટાધ્યાયીનું અને સ્કંદપુરાણમાંથી ગુરુગીતા (શિવ-પાર્વતીના ગુરુની મહાનતા પર થયેલ વાર્તાલાપ)નું પઠન કર્યું હતું. યોગ, કળા અને વિજ્ઞાનના ગુરુ ભગવાન શિવ દક્ષિણેશ્વરને ભક્તિમય સ્તોત્ર ગાઈ સમર્પિત કર્યાં હતાં.

@Gujaratibooks

## બેંગાલુરુ કેન્દ્રઃ શ્રદ્ધાંજલિ ડો. વી. પરમેશ્વર

ભારતીય વિદ્યાભવન સાથે છેલ્લાં સાઠ વર્ષથી સંકળાયેલા બેંગાલુરુ કેન્દ્રના ઉપાધ્યક્ષ ડો. વી. પરમેશ્વરનું 90 વર્ષની ઉંમરે 1 લી મે, 2020ના અવસાન થયું હતું. તેઓ નવી દિલ્હીના સંસ્કૃત પ્રમોશન ફાઉન્ડેશનના સ્થાપક અને ટ્રસ્ટી હતા. તેમણે ભવનમાં ભગવદ્‌ગીતાના અનુસંધાનમાં ઘણા કાર્યક્રમો કર્યા હતા. તેઓએ યુ. કે. માં અભ્યાસ કર્યો હોવા છતાં તેમણે તેમની પ્રેક્ટિસ બેંગાલુરુ આવી શરૂ કરી હતી. લોકહૃદયમાં એક ઉત્તમ દાક્તર તરીકે પ્રસ્થાપિત થયા હતા. અનેક દેશોમાંથી તેમને ડિગ્રીઓ પ્રાપ્ત કરી. તેઓએ ભારતીય ઔષધિના જ્ઞાનકોશ છ ભાગમાં પ્રગટ કર્યા તે તેમની મહાન ઉપલબ્ધિ ગણાય. તેઓ દાન અને પરોપકારી પ્રવૃત્તિમાં રત રહેતા હતા. કેન્દ્રના અધ્યક્ષ એન. રામાનુજને તેમના અવસાનનું દુઃખ વ્યક્ત કરતાં કહ્યું કે તેમના સલાહભર્યાં સૂચનો અમને ભવિષ્યના જીવનમાં પણ મદદરૂપ થશે. આ મહામારીને કારણે આપણે એમને સાથે મળી શ્રદ્ધાંજલિ ન આપી શક્યા તેનું મને દુઃખ છે. તેમના આત્માને ભગવાન શાંતિ આપે.

### કોઈમ્બતુર કેન્દ્ર

કેન્દ્રના રજિસ્ટ્રાર શ્રી કે. વી. સોનપાલજીનું 12 જૂન, 2020ના અવસાન થયું હોવાથી કેન્દ્રે શ્રદ્ધાંજલિ અર્પી હતી.

# આ અંકના લેખકો

**સુભાષ ભટ્ટ:** 'સરાય' સી 1105/6, રામનગર, કાળવીબીડ, ભાવનગર-364 002.

**હેમન્ત દવે:** રામગિરિ, પિજ માર્ગ, નડિયાદ-387002. email: nasatya@gmail.com

**હરીશ મીનાશ્રુ:** ૯ એ , 'સુમિરન', સૌરમ્ય બંગલા, વિનુકાકા માર્ગ, બાકરોલ ૩૮૮૩૧૫ જી: આણંદ મો. : ૯૮૨૪૫ ૧૧૯૬૧

**પારુલ ખખ્ખર:** 'તીર્થ', ૧૫૩-ગુરુકૃપાનગર, ચિત્તલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧, મો. ૯૪૨૯૮૮૯૩૬૬

**વિનોદ જોશી:** 'પ્રયાગ', 32 - શ્વેતકમલ સોસાયટી, વિદ્યાનગર, ભાવનગર 364001. મો.: 9825989737

**વર્ષા દાસ:** 2176 પાર્ક વ્યુ એપાર્ટમેન્ટ, બી-2, વસંત કુંજ, ન્યુ દિલ્હી-110070.

**આશ્લેષ ત્રિવેદી:** A-૫૦૧, અક્ષર પ્રથમ, સિલ્વર સ્ટાર કોમ્પલેક્ષ પાસે, ગોતા રોડ, ચાંદલોડિયા, અમદાવાદ,પીન. ૩૮૨૪૮૧ Mo.7436006736

**મનોહર ત્રિવેદી:** 20, શિવહરિ રો હાઉસ, કનકપુર હાઉસિંગ રોડ, સચિન, સુરત-394 230.

**ધીરુબહેન પટેલ:** ગંગોત્રી બંગલો, સી/8, રાજહંસ સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ-380006.

**પરેશ આર. વૈદ્ય:** ફ્લેટ નં. એફ 11/1/3, સાગર કો. ઓ. સોસાયટી, ગજાનન મહારાજ મંદિરની સામે, સેક્ટર-29, વાશી-400 703. મો. 98920 76955

**મમતા:** એ-5 ઋતુરાજ સોસાયટી, નૂતન વિદ્યાલય પાસે, સમા, વડોદરા-390 024.

**મનસુખ સલ્લા:** સી/403, સુરેલ એપાર્ટમેન્ટ, દેવાશિષ સ્કૂલ સામે, જજીસ બંગલા વિસ્તાર, અમદાવાદ-380 015. મો. 98240 42453

**આરાધના ભટ્ટ:** aradhanabhatt@yahoo.com.au

**પ્રવીણસિંહ ચાવડા:** 212, વૃંદાવન-2, ડી-માર્ટની સામે, સેટેલાઈટ રિંગ રોડ, અમદાવાદ-380 015.

**વર્ષા અડાલજા:** એ-2, ગુલમહોર, મેટ્રો સિનેમા પાછળ, બરેક રોડ, મુંબઈ-400 020. મો. 9823076673

**સુધા ચિંતન ભટ્ટ:** 18/182, વિદ્યાનગર ફ્લેટ્સ, હિંમતલાલ પાર્ક, 132 ફિટ રિંગ રોડ, અમદાવાદ-380 015. મો. 9825600564

**દીપક જોશી :** એ-6, પ્રમુખ જિયોન બંગલોઝ, પ્રમુખનગર રોડ, રોયલ સર્કલ, સર્ગાસન, ગાંધીનગર-382421.

**હસમુખ જોષી:** મુ. ખીચા, તા. ધારી, જી. અમરેલી. મો. 9725862500

**રાધિકા પટેલ:** 402, સ્વસ્તિક એપાર્ટમેન્ટ, બ્રહ્મક્ષત્રિય સોસાયટી, પ્રીતમ નગર, એલિસ બ્રિજ, પાલડી કોસ રોડ, અમદાવાદ-380 007.

**અનિલ જોશી:** joshi.r.anil@gmail.com

**અશોક મશરૂ:** એ-7, આલાપ હેરિટેજ, કાલાવડ રોડ, રાજકોટ-360 005.

**રજનીકુમાર પંડ્યા:** બી-૩/જી એફ-૧૧, આકાંક્ષા ફ્લેટ્સ, જયમાલા ચોક, મણિનગર, ઈસનપુર રોડ, અમદાવાદ-૩૮૦ ૦૫૦. મો. ૯૫૫૮૦ ૬૨૭૧૧.

**આનંદિતા રૈયાણી:** બી-304, ગોલ્ડન નેસ્ટ એપાર્ટ. 1, સિલ્વર ગોલ્ડ રેસિડન્સી, નાના માવા રોડ, રાજકોટ-360 005.

**શરીફા વીજળીવાળા:** બી/402, વૈકુંઠ પાર્ક એપાર્ટમેન્ટ, કોઝ વે રોડ, તાડવાડી, રાંદેલ, સુરત-395009.

**ઉષા શેઠ:** દેવ-ઈન, 7મો માળ, 511, એડનવાલા રોડ, મુંબઈ-400 019.

@Gujaratibookz

# વોટ્સએપ

## ☐ સં. શરીફા વીજળીવાળા

ગુજરાતી ભાષા આમેય મજ્જાની છે... જુઓ - 'જીવવું હોય તો ઘરમાં મરો.'

☺ ☺ ☺

હ વે તો ચા ર અ ક્ષ ર ભે ગા લ ખ તાં ય ડ ર લા ગે છે...

☺ ☺ ☺

@Gujaratibookz

પ્રદૂષણ એટલું તો ઓછું થઈ ગયું છે કે મારું પાસબુકનું તળિયું સાફ દેખાવા લાગ્યું બોલો!

☺ ☺ ☺

હવે ગીત આમ ગવાશેઃ 'તમે કિયા તે ઝોનના ગોરી રાજ અચકો મચકો કારેલી!

☺ ☺ ☺

લોકડાઉન પહેલાં જે વેપારી બોલતા હતા કે ધંધો જ નથી, સાવ મંદી છે, એ જ બે મહિનાના લોકડાઉન પછી બોલી રહ્યા છેઃ લાખોનું નુકસાન થઈ ગયું!

☺ ☺ ☺

કેટલા બધા લોકો એવા હશે જેમને ભણવાનું છોડ્યા પછીના પહેલીવાર ઉનાળુ વેકેશન મળ્યું!

☺ ☺ ☺

પરિસ્થિતિ જોતા એવું લાગે છે કે 2020નું વર્ષ તો નાઈટડ્રેસમાં જ નીકળી જશે... શું કહો છો તમે?

☺ ☺ ☺

# સ્મિત સમાપયેત્

બગીચામાં એક કાકાએ કૂતરાને જોઈ ત્યાં બેઠેલા ભાઈને પૂછ્યું, ''તમારો કૂતરો કરડતો નથીને!''

''ના''

કાકા કૂતરાને પંપાળવા ગયા ત્યાં કૂતરાએ દાંત બેસાડી દીધા.

''તમે કહેતા'તાને કે તમારો કૂતરો કરડતો નથી!''

''હા, પણ આ મારો કૂતરો નથી.''

☺ ☺ ☺

છગન: ''એરંડિયાનું તેલ હર્નિયા, કબજિયાત, ફાટેલી એડી, મૂળમાંથી વાળ ઉગાડવા, હાથ- પગની બળતરામાં રાહત, ચામડીના રોગોમાં રાહત જેવા ૨૫ રોગોમાં ઉપયોગી છે.''

મગન: ''વાહ, એર-ઇંડિયાએ નવો સાઈડ બિઝનેસ ચાલુ કર્યો?''

☺ ☺ ☺

પોલીસ: ''તમે પરણેલા છો?''

છગન: ''હા એક સ્ત્રી સાથે.''

પોલીસ: ''તો એમ જ હોયને! કોઈ પુરુષ સાથે પરણતું હશે?''

છગન: ''હા, મારી બહેને પુરુષ સાથે લગ્ન કર્યાં છે.''

☺ ☺ ☺

હાલની સ્થિતિમાં કોઈને ''ધંધાપાણી કેમ છે?'' એવું પૂછવું આઈપીસી ૪૯૮ તહેત ગુનો ગણવામાં આવશે.

☺ ☺ ☺

''માત્ર સારાં કર્મ કરો,
ફળની ઇચ્છા તો બજારમાં જશો તો પૂરી કરી શકશો.''

@Gujaratibookz

Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.

**Editor : Deepak Doshi**

# BHAVAN'S DIGITAL BOOKS

Now available at all Amazon stores across the world













# BHAVAN'S DIGITAL BOOKS

Now available at all Amazon stores across the world

Total Pages 140
Date of Publication - 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2015-2017 Posted on Mumbai Patrika Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month

www.dostirealty.com

# *Versatile Living... Varied Lifestyle...*

**DOSTI VIHAR**

Pokhran Road No. 1,
**THANE (W)**
**1½, 2, 2½ & 3 BHK Apartments**

**DOSTI IMPERIA**

Ghodbunder Road,
**THANE (W)**
**2 & 3 BHK Apartments**

**DOSTI CENTERIO**

Old Mumbai-Pune Road (NH-4),
**SHIL-JUNCTION THANE**
**1, 1½, 2 & 2½ BHK Apartments**

**DOSTI AMBROSIA**

Dosti Acres, New Uphill Link Road,
off S. M. Road, **New Wadala.**
**Lavish 2 & 3 BHK Apartments**

FRIENDS FOR LIFE

**DOSTI REALTY LTD.**, Established in 1980 | 5 million+ sq. ft. Developed | 27,500+ residents across Mumbai
3.3 million+ sq. ft. under development in Townships, Retails, Commercial & IT Park

**DOSTI REALTY LTD.**, Lawrence & Mayo House, 1st Floor, 276, Dr. D. N. Road, Fort, Mumbai - 400 001.
Contact: 022-2219 8500

@GujratiBookz